Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Parmar, Devyani N., 2012, *"ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા",* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/671

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

Ph.D. Thesis
March-2012

# ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

A STUDY OF CHARACTERISTICS OF INDIAN CULTURE OBTAINED FROM TEXTBOOKS OF GUJARATI SUBJECT OF HIGHER SECONDARY SCHOOLS

Devyani N. Parmar

ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

A STUDY OF CHARACTERISTICS OF INDIAN CULTURE OBTAINED FROM TEXTBOOKS OF GUJARATI SUBJECT OF HIGHER SECONDARY SCHOOLS

Ph.D. Thesis
March-2012

Devyani N. Parmar

# ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

******

# A STUDY OF CHARACTERISTICS OF INDIAN CULTURE OBTAINED FROM TEXTBOOKS OF GUJARATI SUBJECT OF HIGHER SECONDARY SCHOOLS

******

ડૉક્ટર ઓફ ફિલોસોફી(શિક્ષણ)ની ઉપાધિ માટેની જરૂરિયાતના
ભાગરૂપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રસ્તુત

**મહાનિબંધ**

+


**સંશોધક**

**દેવયાની નરેન્દ્રકુમાર પરમાર**

(એમ.એ., એમ.ફિલ., એમ.એડ્.)

**માર્ગદર્શક**

**ડૉ. ભરત રામાનુજ**

(એમ.કોમ., એલએલ.બી., એમ.એડ્., પીએચ.ડી. (શિક્ષણ))



**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ**

માર્ચ–૨૦૧૨

(રજિસ્ટ્રેશન નંબર – ૪૦૩૬)

## STATEMENT UNDER UNIVERSITY Ph.D. RULES ONDINANCE Ph.D.7

I hereby declare that,

(a) The research work embodied in this thesis on *A Study of Characteristics of Indian Culture obtained from Textbooks of Gujarati subject of Higher Secondary Schools* submitted for Ph.D. degree has not been submitted for any other degree of this or any other University on any previous occation.

(b) To the best of my knowledge no work of this type has been reported on the above subject, since I have discovered new relation of facts, this work can be considered to be contributory to the advancement of knowledge on Psychology and Education; and

(c) All the work presented in the thesis is original and wherever references have been made to the work of others it has been clearly indicated as such and the sources of information included in the bibliography.

**Counter Signed by**
**The Guiding Teacher**

Date :

**Signature of the**
**Research Scholar**

Date :

# Certificate of Approval

This thesis, directed and supervised by the candidate's guide, has been accepted by the Department of Education, Saurashtra University, Rajkot in the fulfillment of the requirement for the degree of -

## *Doctor of Philosophy*

*(EDUCATION)*

**Title :**

*"A Study of Characteristics of Indian Culture obtained from Textbooks of Gujarati subject of Higher Secondary Schools "*

Researcher :

**Devayani Narendrakumar Parmar**

***(Dr. Bharat Ramanuj)***
*Guide*

***(Dr. Anil Ambasana)***
*Professor and Head*
*Department of Education,*
*Saurashtra University,*
*Rajkot.*

Date :

Date :

# ઋણ સ્વીકાર

પ્રેરણા અને પુરુષાર્થ એ કોઈપણ કાર્યની સફળતા માટે અનિવાર્ય છે. સંશોધન પ્રેરણા, માર્ગદર્શન અને પુરુષાર્થથી જ શકય બને છે. અન્યોની હૂંફ, સૂચન, સહકાર વિના સંશોધન સંભવી શકતું નથી.

આ સંશોધનમાં પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડનાર મારા માર્ગદર્શક ડૉ. ભરતભાઈ રામાનુજનો હું અંતઃકરણપૂવર્ક આભાર વ્યક્ત કરું છું. શિક્ષણશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. એચ. ઓ. જોશીસાહેબે આ સંશોધનના આરંભથી અંત સુધી સતત માર્ગદર્શન અને સહકાર પૂરો પાડયો છે. તેથી તેઓનો પણ આભાર વ્યક્ત કરું છું. આ કાર્યમાં સહકાર આપનાર શિક્ષણશાસ્ત્ર ભવનના અધ્યક્ષ ડૉ. અનિલ અંબાસણાસાહેબનો ઋણ સ્વીકાર કરું છું.

ડૉ. ડી. એ. ઉચાટસાહેબનું માર્ગદર્શન આ સંશોધનને સફળ બનાવવામાં ઘણું ઉપયોગી સાબિત થયું. ભારતીય સંસ્કૃતિ અને તેની લાક્ષણિકતાઓની સમજ આપનાર ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના પ્રો. ડૉ. આશર સાહેબ તથા આર્ટ્સ-કોમર્સ કોલેજ, કાલાવડના પ્રા. ડૉ. સુનીલ જાદવ પણ આ અભ્યાસમાં મદદરૂપ બન્યા. આ તકે આ તજ્જ્ઞોની પણ આભારી છું.

આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે મદદ કરનાર દરેક વ્યક્તિનો હું ઋણ સ્વીકાર કરું છું.

રાજકોટ **દેવયાની એન. પરમાર**

એપ્રિલ-૨૦૧૨

# અનુક્રમણિકા


| | ક્રમ વિગત | પાના નં. |
|---|---|---|
| | **નામાભિધાન પૃષ્ઠ** | |
| | **સ્વીકૃતિ પ્રમાણપત્ર** | ii |
| | **ઋણસ્વીકાર** | iii |
| | **અનુક્રમણિકા** | v |
| | **સારણી સૂચિ** | ix |
| | **પ્રકરણ–૧<br>સમસ્યાનું નિરૂપણ** | **૧–૧૦** |
| ૧.૧ | પ્રાસ્તાવિક | ૧ |
| ૧.૨ | સમસ્યાકથન | ૨ |
| ૧.૩ | અભ્યાસના હેતુઓ | ૩ |
| ૧.૪ | અભ્યાસના પ્રશ્નો | ૪ |
| ૧.૫ | પદોની વ્યવહારુ વ્યાખ્યાઓ | ૫ |
| ૧.૬ | સંશોધનનું ક્ષેત્ર | ૭ |
| ૧.૭ | સંશોધનનો પ્રકાર | ૮ |
| ૧.૮ | અભ્યાસની અગત્ય | ૯ |
| ૧.૯ | અભ્યાસનો વ્યાપ | ૯ |
| ૧.૧૦ | અભ્યાસની કાર્યરૂપરેખા | ૯ |
| ૧.૧૧ | હવે પછીના પ્રકરણોનું આયોજન | ૧૦ |
| | **પ્રકરણ–૨<br>સંબંધિત સાહિત્યની સમીક્ષા** | **૧૧–૫૨** |
| ૨.૧ | પ્રાસ્તાવિક | ૧૧ |
| ૨.૨ | સૈદ્ધાંતિક સમીક્ષા | ૧૧ |

| | ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|---|
| | ૨.૨.૦ | 'સંસ્કૃતિ'નો અર્થ | ૧૨ |
| | ૨.૨.૧ | 'સંસ્કૃતિ'નો શબ્દકોશીય અર્થ | ૧૨ |
| | ૨.૨.૨ | 'સંસ્કૃતિ' વિશે પાશ્ચાત્ય વિદ્વાનોના મંતવ્યો | ૧૪ |
| | ૨.૨.૩ | 'સંસ્કૃતિ' વિશે ભારતીય વિદ્વાનોના મંતવ્યો | ૧૫ |
| | ૨.૨.૪ | ભારતીય સંસ્કૃતિનો અર્થ | ૧૭ |
| | ૨.૨.૫ | ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૨૦ |
| ૨.૩ | સંબંધિત સંશોધનોની સમીક્ષા | | ૩૭ |
| | ૨.૩.૦ | પૂર્વે થયેલા સંબંધિત સંશોધનના સારાંશો | ૩૮ |
| | ૨.૩.૧ | સંબંધિત સંશોધનોના સારાંશો પરથી સમીક્ષા | ૫૧ |
| | ૨.૩.૨ | પ્રસ્તુત સંશોધન કાર્યની વિશેષતા | ૫૨ |
| | **પ્રકરણ-૩**<br>**સંશોધન યોજના અને તેના આધારો** | | **૫૩-૬૦** |
| ૩.૧ | પ્રાસ્તાવિક | | ૫૩ |
| ૩.૨ | વ્યાપવિશ્વ | | ૫૩ |
| ૩.૩ | નમૂના પસંદગી | | ૫૩ |
| ૩.૪ | સંશોધન પદ્ધતિ | | ૫૪ |
| | ૩.૪.૦ | હેતુઓનું સ્પષ્ટીકરણ | ૫૬ |
| | ૩.૪.૧ | કૃતિનો પૂર્વાભ્યાસ | ૫૬ |
| | ૩.૪.૨ | વિશ્લેષિત એકમોનું વ્યાખ્યાયીકરણ અને ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું નિર્ધારણ | ૫૬ |
| | ૩.૪.૩ | કૃતિ પૃથક્કરણપત્રની રચના | ૫૭ |
| | ૩.૪.૪ | નમૂના પસંદગી | ૫૭ |
| | ૩.૪.૫ | પ્રત્યેક કૃતિનો કાળજીપૂર્વક ઊંડાણથી અભ્યાસ | ૫૭ |
| | ૩.૪.૬ | સંદર્ભોની તારવણી | ૫૭ |
| | ૩.૪.૭ | ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓની તારવણી | ૫૭ |
| ૩.૫ | ઉપકરણ | | ૫૭ |

| ક્રમ | વિગત | પાના નં. |
| --- | --- | --- |
| ૩.૬ | માહિતી એકત્રીકરણ | ૫૮ |
| ૩.૭ | પ્રાપ્ત માહિતી અને તેનું સ્વરૂપ | ૫૯ |
| ૩.૮ | માહિતી પૃથક્કરણ પ્રવિધિ | ૫૯ |
| | **પ્રકરણ–૪**<br>**માહિતીની રજૂઆત, પૃથક્કરણ અને અર્થઘટન** | ૬૧–૨૨૦ |
| ૪.૧ | પ્રાસ્તાવિક | ૬૧ |
| ૪.૨ | ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ કૃતિઓ | ૬૧ |
| | ૪.૨.૦ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ | ૬૧ |
| | ૪.૨.૧ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ | ૬૩ |
| ૪.૩ | પાઠ્યપુસ્તકોના કૃતિ પૃથક્કરણપત્રોની રજૂઆત | ૬૫ |
| ૪.૪ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના કૃતિપૃથક્કરણપત્રોની રજૂઆત | ૬૬ |
| ૪.૫ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૯૧ |
| ૪.૬ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકનાપદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ | ૯૭ |
| ૪.૭ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના કૃતિપૃથક્કરણપત્રોની રજૂઆત | ૧૦૦ |
| ૪.૮ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૧૨૧ |
| ૪.૯ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ | ૧૨૭ |

| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૪.૧૦ | ધોરણ ૧૧ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૧૩૦ |
| ૪.૧૧ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના કૃતિપૃથક્કરણપત્રોની રજૂઆત | ૧૩૩ |
| ૪.૧૨ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૧૭૪ |
| ૪.૧૩ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ | ૧૮૦ |
| ૪.૧૪ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના કૃતિપૃથક્કરણપત્રોની રજૂઆત | ૧૮૩ |
| ૪.૧૫ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગ અને તેનાં સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૨૦૮ |
| ૪.૧૬ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં રહેલ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ | ૨૧૪ |
| ૪.૧૭ | ધોરણ ૧૨ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૨૧૭ |
| | **પ્રકરણ-૫**<br>**સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભલામણો** | **૨૨૧-૨૨૭** |
| ૫.૧ | પ્રાસ્તાવિક | ૨૨૧ |
| ૫.૨ | અભ્યાસનો સાર | ૨૨૧ |
| ૫.૩ | અભ્યાસના તારણો | ૨૨૧ |
| ૫.૪ | શૈક્ષણિક ફલિતાર્થો | ૨૨૬ |
| ૫.૬ | ભાવિ સંશોધનો અંગેની ભલામણો | ૨૨૭ |
| | ★ **સંદર્ભસૂચિ** | ૨૨૮ |
| | ★ **પરિશિષ્ટ-૧ કૃતિપૃથક્કરણપત્ર** | ૨૩૨ |

# સારણીસૂચી


| સારણી | વિગત | પાના નં. |
|---|---|---|
| ૪.૧ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૯૨ |
| ૪.૨ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૯૫ |
| ૪.૩ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ | ૯૮ |
| ૪.૪ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૧૨૨ |
| ૪.૫ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૧૨૫ |
| ૪.૬ | ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ | ૧૨૮ |
| ૪.૭ | ધોરણ ૧૧ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૧૩૧ |
| ૪.૮ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૧૭૫ |
| ૪.૯ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૧૭૮ |
| ૪.૧૦ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ | ૧૮૧ |

| સારણી | વિગત | પાના નં. |
|---|---|---|
| ૪.૧૧ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૨૦૯ |
| ૪.૧૨ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૨૧૨ |
| ૪.૧૩ | ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ | ૨૧૫ |
| ૪.૧૪ | ધોરણ ૧૨ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ | ૨૧૮ |

# પ્રકરણ-૧

# સંશોધન સમસ્યાનું નિરૂપણ

# પ્રકરણ-૧
# સંશોધન સમસ્યાનું નિરૂપણ

## ૧.૧ પ્રાસ્તાવિક

વર્તમાન કમ્પ્યૂટર અને વૈ✓િક યુગમાં વિ✓ જ્યારે દિન-પ્રતિદિન નાનું બનતું જાય છે, કોમ્યુનિકેશન ગેપ ઘટતો જાય છે અને ઈન્ટરનેટના સહારે સારીયે દુનિયાનો સંપર્ક સહેલો થઈ પડયો છે ત્યારે સારાયે વિ✓ને જાણવા નિકળેલો માનવ પોતાની જાતથી અજાણ થતો જાય છે, સ્વની ઓળખ ગુમાવતો જાય છે. માણસ જ્યારે પોતાની જાતને ભૂલતો જાય છે ત્યારે તેના ધર્મ અને સંસ્કૃતિનું અસ્તિત્વ જોખમમાં મુકાય તે સમજી શકાય તેમ છે. આવા સંકટ સમયે માનવજાતને પ્રેરણા અને પ્રોત્સાહન આપનારું, બળ અને બુદ્ધિ વિકસાવનારું, શ્રદ્ધા અને વિ✓ાસ ટકાવનારું જો કોઈ તત્ત્વ હોય તો તે ઈ✓ર છે. આ ઈ✓ર સુધી પહોંચવાનો માર્ગ છે ધર્મ અને સંસ્કૃતિ. આથી ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ થાય એ ખૂબ જ જરૂરી છે.

વિ✓ની પ્રાચીનત્તમ સંસ્કૃતિઓમાં સ્થાન પામેલી ભારતીય સંસ્કૃતિ તેની ભાવ-ભાવનાઓ અને આચાર-વિચારોથી જગત આખામાં પ્રસિદ્ધ છે, પરંતુ વર્તમાન સમયમાં જ્યારે આધુનિકતાના નામે પશ્ચિમના દેશોની સંસ્કૃતિ, ધર્મ, રહેણીકરણી અને વિચારધારાની ઘેલછા ભારતીય પ્રજાના માનસ ઉપર સવાર થતી જાય છે અને ભારતીય પ્રજા તેની ભવ્ય પરંપરા, સંસ્કૃતિ, ઈતિહાસનો વારસો ગુમાવતી જાય છે ત્યારે તેને પવિત્ર અને કલ્યાણકારી ભાવનાને વ્યંજિત કરતા ભારતીયતાના તત્ત્વ પ્રત્યે સજાગ કરવાની અને એ તત્ત્વમાં રહેલા સત્યનો પરિચય કરાવવાની આવશ્યકતા છે.

આ ભારતીય સંસ્કૃતિને સમજવા માટે ભારતીય સમાજ, ભારતીય સાહિત્ય અને ભારતીય શિક્ષણ વ્યવસ્થાનો અભ્યાસ જરૂરી બને છે. સંસ્કૃતિ અને કેળવણી વચ્ચેનો સંબંધ સમજાવતા જોષી (૨૦૦૬) લખે છે કે, "કેળવણી ત્રણ રીતે સંસ્કૃતિને અસર કરે છે. સંસ્કૃતિનું સંરક્ષણ, સંસ્કૃતિનું સંક્રમણ અને સંસ્કૃતિનું સંવર્ધન, બીજા અર્થમાં કહીએ તો સંસ્કૃતિના સંદર્ભમાં કેળવણીના બે કાર્યો છે : સંચયાત્મક કાર્યો અને રચનાત્મક કાર્યો."[૧] આમ શિક્ષણવ્યવસ્થા દ્વારા આપણા સાંસ્કૃતિક વારસાને આપણે સદીઓથી

---

[૧] હરિપ્રસાદ જોષી, **કેળવણીના સામાજિક પાયા.** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, માર્ચ-૨૦૦૬, પૃ.૪૮

જાળવતા આવ્યા છીએ. ત્યારે આ ભવ્ય પરંપરાગત સંસ્કારોનું સિંચન આવનારી પેઢીઓમાં કરી શકાય એવા શુભાશયથી આપણી યુનિવર્સિટીઓ અને શિક્ષણ સંસ્થાઓ પણ સતત પ્રયત્નશીલ રહે છે. આવા પ્રયત્નના એક ભાગરૂપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગે એમ.એ. પાર્ટ-રના અભ્યાસક્રમમાં દસમાં પેપરમાં 'ભારતીય સાહિત્ય' વિષયને સૈદ્ધાંતિક પેપર તરીકે અમલમાં મુકેલ છે. આ ઉપરાંત સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી વિભાગો દ્વારા પણ ભારતીય સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં વિવિધ ભાષાઓના સાહિત્યનો સૈદ્ધાંતિક અને તુલનાત્મક અભ્યાસક્રમ શરૂ કરાયો છે. સ્નાતક કક્ષાએ આપણે ત્યાં 'ભારતીય સંસ્કૃતિ' નામનો આખો વિષય પણ અભ્યાસક્રમમાં છે.

આમ શિક્ષણમાં વિવિધક્ષેત્રે ભારતીય સંસ્કૃતિ વિષય સંદર્ભે થઈ રહેલા કામોમાંથી પ્રેરણા લઈ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ચાલી રહેલા અભ્યાસક્રમોમાં પણ આ દષ્ટિથી કામ થાય એવા ઉમદા ઉદ્દેશ સાથે તેમજ ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ કરવા બાળકને શાળાકક્ષાએથી જ ભારતીય સંસ્કૃતિની સમજ આપવાની અગત્ય સમજીને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોને ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં ચકાસવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

### ૧.૨ સમસ્યાકથન

અભ્યાસકે પોતાના અભ્યાસની સમસ્યાને આ રીતે શબ્દબદ્ધ કરી.

**ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ**

આ અભ્યાસ અંતર્ગત અભ્યાસકે ગુજરાત રાજ્યશાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા રચાયેલ અને ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્રક્રમાંક ઉમશ/1104/731/ગ.1, તા.21-4-2004 (ધોરણ-11) અને ઉમશ/1104/2332-(2)/ગ.1, તા.2-12-2004 (ધોરણ-12)થી મંજૂર થયેલા ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોનો ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસમાં પાઠ્યપુસ્તકોના પદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયો તેમજ ગદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં સમાવિષ્ટ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ અને તેનું પ્રમાણ તારવવામાં આવ્યું હતું. આ

ઉપરાંત પાઠ્યપુસ્તકોની ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં તુલના કરવામાં આવી હતી.

## ૧.૩ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસ માટે પ્રયોજકે આ પ્રમાણે હેતુઓ નક્કી કર્યા.

૧.૩.૧ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોના પદ્યવિભાગોમાં સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓને સ્થાન આપવામાં આવ્યું છે, તે તપાસવું.

૧.૩.૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોના પદ્યવિભાગોના સ્વાધ્યાયોમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ વણાયેલી છે, તે તપાસવું.

૧.૩.૩ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોના પદ્યવિભાગોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ તારવવું.

૧.૩.૪ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોના ગદ્યવિભાગોમાં વણાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તપાસવી.

૧.૩.૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોના ગદ્યવિભાગોના સ્વાધ્યાયોમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તપાસવી.

૧.૩.૬ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોના ગદ્યવિભાગોમાં વણાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ તારવવું.

૧.૩.૭ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તપાસવી.

૧.૩.૮ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકોમાં વણસ્પર્શી રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તપાસવી.

૧.૩.૯ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોની ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં તુલના કરવી.

## ૧.૪ અભ્યાસના પ્રશ્નો

૧.૪.૧ ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ ૧૧ના ગુજરાતી વિષયના પાઠ્ય પુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ વણાયેલી છે ?

૧.૪.૨ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ રહેલી છે ?

૧.૪.૩ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં સૌથી વધુ પ્રમાણ ધરાવતી ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતા છે ?

૧.૪.૪ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ સમાયેલી છે ?

૧.૪.૫ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતાઓ રહેલી છે ?

૧.૪.૬ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં સૌથી વધુ પ્રમાણ ધરાવતી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા કઈ છે ?

૧.૪.૭ ધોરણ ૧૧ના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ વણાયેલી છે ?

૧.૪.૮ ધોરણ ૧૧ના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ વણસ્પર્શી રહેલી છે.

૧.૪.૯ ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ ૧૨ના ગુજરાતી વિષયના પાઠ્ય પુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ આવરાયેલી છે ?

૧.૪.૧૦ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ પ્રતિબિંબિત થાય છે ?

૧.૪.૧૧ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતા સૌથી વધુ પ્રમાણ ધરાવે છે ?

૧.૪.૧૨ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતાઓ જોવા મળે છે ?

૧.૪.૧૩ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતાઓ પ્રતિબિંબિત થાય છે ?

૧.૪.૧૪ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતા સૌથી વધુ પ્રમાણ ધરાવે છે ?

૧.૪.૧૫ ધોરણ ૧૨ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ સમાયેલી છે ?

૧.૪.૧૬ ધોરણ ૧૨ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ વણસ્પર્શી રહેલી છે ?

૧.૪.૧૭ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તક તેમજ ધોરણ ૧૨ના પાઠ્ય પુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ સમાન છે ?

૧.૪.૧૮ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તક અને ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ અસમાન છે ?

## ૧.૫. પદોની વ્યવહારું વ્યાખ્યા

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજાયેલા મહત્વના પદોના વ્યવહારું અર્થ નીચે મુજબ સ્વીકારવામાં આવ્યાં હતાં.

**સંસ્કૃતિ.** ભારતીય સંસ્કૃતિના પાયારૂપ 'સંસ્કૃતિ'ની તજ્જ્ઞો દ્વરા સ્વીકૃત થયેલ વિવિધ વ્યાખ્યાઓ આ પ્રમાણે છે :

'સંસ્કૃતિ' શબ્દનો શબ્દકોશીય અર્થ આ પ્રમાણે છે.

કે. કા. શાસ્ત્રી (૧૯૮૧) સંપાદિત 'બૃહદ્ ગુજરાતી કોશ'માં 'સંસ્કૃતિ' શબ્દનો આ રીતે અર્થ આપેલ છે.

"(૧) ઊંચા સંસ્કાર, સંસ્કારિતા, (૨) વિભિન્ન કલાઓ અને વિભિન્ન શાસ્ત્રોનો થયેલો વિકાસ સૂચવનારી લાક્ષણિકતાઓ (રહેણી કરણી અને સભ્યતાના સંસ્કારોની જેમાં છાપ પડી હોય.)"[૨]

તજ્જ્ઞોએ આપેલી સંસ્કૃતિની વ્યાખ્યાઓ આ પ્રમાણે છે.

"માનવીના પાર્થિવ અને આધ્યાત્મિક જીવનના પરંપરાગત ઊતરી આવેલા તત્ત્વો એટલે સંસ્કૃતિ."[૩]

– સેપીર

"સંસ્કૃતિ એટલે માનવીનું સકલ કાર્ય– All that is artificial જેમાં યંત્રો અને ઓજારો તેમજ જીવનના સર્વવલણો આવી જાય, જે માનવીએ વિકસાવ્યા હોય અને પેઢી દર પેઢી વારસામા ઊતરી આવ્યા હોય."[૪]

પ્રસ્તુત સંશોધનમાં પરમારે આદર્શો, વિશિષ્ટ ખ્યાલો, રૂઢિ, રિવાજ, રહેણીકરણી, પેઢી દર પેઢી ઉતરી આવેલા સંસ્કારો, માન્યતાઓને સંસ્કૃતિના અર્થ તરીકે સ્વીકારેલ હતા.

## ભારતીય સંસ્કૃતિ

આ અભ્યાસ માટે પરમારે એમ.ફિલ.ની પદ્વી માટે કરેલા 'કાકાસાહેબ કાલેલકરના નિબંધો : ભારતીયતાના સંદર્ભે'(૨૦૦૪) તથા એમ.એડ્.ની પદ્વી માટે કરેલા 'ધોરણ દસના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ' (૨૦૦૭) અભ્યાસનો તેમજ જાદવે 'ભારતીયતા : ગુજરાતી નવલકથાના સંદર્ભમાં' (પીએચ.ડી. ૨૦૦૪) શીર્ષક અન્વયે કરેલ અભ્યાસનો ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં આધાર લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિના તજ્જ્ઞો સાથે ચર્ચા કરીને નીચે પ્રમાણે

---

[૨] કે. કા. શાસ્ત્રી, **બૃહદ્ ગુજરાતી કોશ ભાગ-૨.** આવૃત્તિ ૧૯૮૧, પૃ.૨૨૧૪

[૩] ગુજરાતનું સંસ્કૃતિદર્શન (સંસ્કાર, સંસ્કૃતિ અને સંસ્કારિતા – સભ્યતા : પ્રકરણમાંથી)

[૪] એજન્

કેટલીક બાબતોને આ અભ્યાસમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તરીકે સ્વીકારવામાં આવી હતી.

(૧) જ્ઞાનની ઉપાસના / મહિમા, (૨) કર્મનો મહિમા, (૩) કર્મફલત્યાગ, (૪) ચાર પુરુષાર્થ, (૫) ચાર આશ્રમ, (૬) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, (૭) નારી સ્વરૂપ, (૮) અહિંસા, (૯) આતિથ્ય ભાવના, (૧૦) માનવતા, (૧૧) સંયુક્ત કુટુંબપ્રથા, (૧૨) વસુધૈવકુટુંબકમ્, (૧૩) આદર્શોનું મહત્વ, (૧૪) સોળ સંસ્કાર, (૧૫) ભારતીય કલાઓ, (૧૬) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૧૭) મૂર્તિપૂજા, (૧૮) મૃત્યુનો મહિમા, (૧૯) પ્રતીક, (૨૦) ભારતીય કલાઓ, (૨૧) ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ, (૨૨) સાધુસંતો, (૨૩) સામાજિક સમાનતા અને સમભાવ, (૨૪) સંયમ, (૨૫) ગુરુ-શિષ્ય સંબંધ, (૨૬) ચાર વર્ણ, (૨૭) ધ્યેયોની પરાકાષ્ઠા, (૨૮) જીવનમૂલ્યોનું અનુસરણ, (૨૯) તીર્થસ્થાનો, (૩૦) આધ્યાત્મિકતા, (૩૧) પરંપરાગતતા, (૩૨) વિશાળતા-ઉદારતા, (૩૩) તિતિક્ષાવૃત્તિ, (૩૪) અવતાર કલ્પના, (૩૫) વિ✓બંધુત્વ, (૩૬) લગ્નસંસ્થા, (૩૭) જ્ઞાતિ વ્યવસ્થા.

## ૧.૬ સંશોધનનું ક્ષેત્ર

Fifth Survey of Research in Education Vol.I (1997) પ્રમાણે શિક્ષણમાં સંશોધનના કુલ ૩૭ ક્ષેત્રો રજૂ કરવામાં આવ્યાં છે, જેની યાદી આ પ્રમાણે છે.

(૧) શૈક્ષણિક તત્ત્વજ્ઞાન, (૨) શૈક્ષણિક ઈતિહાસ, (૩) શૈક્ષણિક સમાજશાસ્ત્ર, (૪) શૈક્ષણિક અર્થશાસ્ત્ર, (૫) શૈક્ષણિક મનોવિજ્ઞાન, (૬) માનસિક સ્વાસ્થ્ય, (૭) બોધાત્મક પ્રક્રિયા, (૮) સામાજિક પ્રક્રિયા, (૯) પ્રેરણા, (૧૦) સર્જનાત્મકતા, (૧૧) માર્ગદર્શન, (૧૨) અભ્યાસક્રમ વિકાસ, (૧૩) પૂર્વ પ્રાથમિક શિક્ષણ, (૧૪) પ્રાથમિક શિક્ષણ, (૧૫) માધ્યમિક શિક્ષણ, (૧૬) ઉચ્ચ શિક્ષણ, (૧૭) સામાજિક વિજ્ઞાન શિક્ષણ, (૧૮) વિજ્ઞાન શિક્ષણ, (૧૯) ગણિત શિક્ષણ, (૨૦) શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ, (૨૧) નીતિ, કળા અને સૌંદર્યનું શિક્ષણ, (૨૨) શૈક્ષણિક ટેક્નોલોજિ, (૨૩) અધ્યાપનની પ્રયુક્તિઓ, (૨૪) પૂર્વસેવાકાલીન અને સેવાકાલીન શિક્ષણ પ્રશિક્ષણ, (૨૫) વ્યાવસાયિક અને તક્નિકી શિક્ષણ, (૨૬) વિશેષ શિક્ષણ, (૨૭) મુક્ત અને દૂરવર્તી શિક્ષણ, (૨૮) પ્રૌઢ, નિરંતર અને અવૈદ્યાનિક શિક્ષણ,

(૨૯) અનુસૂચિત  જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતીનું શિક્ષણ, (૩૦) કન્યા અને સ્ત્રી કેળવણી, (૩૧) અભ્યાસક્રમ અને વસ્તીશિક્ષણ, (૩૨) શિક્ષણમાં જૈવિક અને પર્યાવરણનો અભ્યાસ, (૩૩) તુલનાત્મક શિક્ષણ, (૩૪) શૈક્ષણિક પરીક્ષણ અને મૂલ્યાંકન, (૩૫) શિક્ષણમાં આયોજન અને સંશોધન, (૩૬) શિક્ષણનું સંગઠન, આયોજન અને વ્યવસ્થાપન, (૩૭) સિદ્ધિ સાથેના સંબંધો.

તત્ત્વજ્ઞાન એ એક શાસ્ત્ર છે. આ સૃષ્ટિ પરના સઘળાં અસ્તિત્વમાં અસલ સ્વરૂપ  અંગેનું સારદોહન તત્ત્વજ્ઞાનનું વિષયવસ્તુ છે. આ દષ્ટિએ તત્ત્વજ્ઞાનનો વ્યાપ ખૂબ જ વિશાળ છે. સઘળાં ચિંતનાત્મક પ્રશ્નોના ઉત્તર આધારિત વિષયવસ્તુ તત્ત્વજ્ઞાનનું વિષયવસ્તુ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણનું તત્ત્વજ્ઞાન ક્ષેત્રના સંશોધનની વિસ્તરતી જતી ક્ષિતિજોના સંદર્ભમાં મુખ્યત્વે આ પ્રકારના ઉપક્ષેત્રો નક્કી કરવામાં આવ્યાં છે.

(૧) નીતિ, (૨) મૂલ્ય, (૩) સૌંદર્ય, (૪) આધ્યાત્મિકતા, (૪) યોગ, (૬) સંસ્કૃતિ, (૭) ધર્મ, (૮) સામાજિકતા.

પ્રસ્તુત અભ્યાસ ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં હોય આ અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું તત્ત્વજ્ઞાન હતું.

## ૧.૭ સંશોધનનો પ્રકાર

આ સંશોધનમાં પ્રયોજકે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાંથી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવી હતી, જે શિક્ષકોને અધ્યાપનકાર્ય દરમિયાન તાત્કાલિક ઉપયોગી નીવડશે. આ સંશોધનના પરિણામોનો પાઠ્યપુસ્તક મંડળ પાઠ્યપુસ્તકમાં ફેરફાર કે નિર્માણ કરવા માટે ઉપયોગ કરી શકે. આથી સંશોધનના મૂળગત, વ્યાવહારિક અને ક્રિયાત્મક સંશોધન પ્રકાર પૈકી આ સંશોધન વ્યાવહારિક સંશોધન હતું.

આ સંશોધનમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પાઠ્ય પુસ્તકોના વિષયવસ્તુ (ગદ્ય-પદ્ય વિભાગો તેમજ સ્વાધ્યાયો)ને માહિતી તરીકે સ્વીકારવામાં આવી. પ્રયોજકે આ પસંદિત વિષયવસ્તુનું ગુણાત્મક પૃથક્કરણ કરીને પ્રાપ્ત પરિણામોને વર્ણનાત્મક સ્વરૂપમાં રજૂ કર્યા. આમ સંખ્યાત્મક અને ગુણાત્મક સંશોધન પ્રકાર પૈકી આ સંશોધન ગુણાત્મક સંશોધન હતું.

## ૧.૮ અભ્યાસની અગત્ય

પ્રસ્તુત અભ્યાસની અગત્ય આ પ્રમાણે છે.

૧.૮.૧ શિક્ષકોને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ અંગેની જાણકારી પ્રાપ્ત થશે. શિક્ષકો આ જાણકારીનો ઉપયોગ તેઓના અધ્યાપનકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનો પરિચય આપવાનાં સંદર્ભમાં કરી શકશે. જેના પરિણામે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિની સમજ કેળવી શકાશે.

૧.૮.૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકમાં વણસ્પર્શી રહી ગયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં પાઠ્યપુસ્તકમાં ફેરફાર કરવા કે પાઠ્ય પુસ્તકનું નિર્માણ કરવામાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને મદદરૂપ થશે.

૧.૮.૩ ભાવિ સંશોધકોને ભવિષ્યમાં ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં સંશોધન કરવા માટે મદદરૂપ થશે.

## ૧.૯ અભ્યાસનો વ્યાપ

પ્રસ્તુત અભ્યાસનો વ્યાપ નીચે મુજબ હતો.

આ સંશોધન ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્ય પુસ્તકો પૂરતું સિમિત હતું.

આ સંશોધનમાં ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ગુજરાતી વિષયના પ્રવર્તમાન પાઠ્યપુસ્તકોનો ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

## ૧.૧૦ અભ્યાસની કાર્યરૂપરેખા

પ્રસ્તુત અભ્યાસની કાર્યરૂપરેખા પ્રયોજકે આ પ્રમાણે નક્કી કરી.

ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓની સૂચિ અન્ય સંશોધનમાંથી મેળવવામાં આવી. તજ્જ્ઞીય અભિપ્રાયો લઈને નવી સૂચિ તૈયાર કરવામાં આવી.

આ અભ્યાસ સાથે સંબંધિત હોય તેવા પૂર્વે હાથ ધરાયેલા સંશોધનોની સમીક્ષા કરવામાં આવી.

પાઠ્યપુસ્તકોની પદ્ય તેમજ ગદ્ય કૃતિઓ અને તેના સ્વાધ્યાયોનું પ્રાથમિક વાચન કરવામાં આવ્યું.

પાઠ્યપુસ્તકોની પદ્ય તેમજ ગદ્ય કૃતિઓ અને તેના સ્વાધ્યાયોમાંથી માહિતી એકત્ર કરવા માટે કૃતિપૃથક્કરણપત્રની રચના કરવામાં આવી.

પાઠ્યપુસ્તકોની પદ્ય તેમજ ગદ્ય કૃતિઓ અને તેના સ્વાધ્યાયોમાંથી હેતુઓના આધારે કૃતિપૃથક્કરણપત્ર મુજબ માહિતી એકત્ર કરવામાં આવી.

એકત્ર કરેલી મામહિતી અંગે તજ્જ્ઞીય અભિપ્રાય મેળવવામાં આવ્યો.

તજ્જ્ઞીય અભિપ્રાયના આધારે એકત્રિત માહિતીમાં ફેરફાર કરવામાં આવ્યાં.

એકત્રિત માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું.

અર્થઘટન પરથી અભ્યાસના તારણો તારવવામાં આવ્યાં.

## ૧.૧૧ હવે પછીના પ્રકરણોનું આયોજન

પ્રસ્તુત અભ્યાસનો સંપૂર્ણ અહેવાલ પાંચ પ્રકરણમાં વિભાજિત કરવામાં આવ્યો છે. હવે પછીના પ્રકરણમાં આ અભ્યાસનું સૈદ્ધાંતિક પાસું ભારતીય સંસ્કૃતિ અને તેની લાક્ષણિકતાઓ તથા પૂર્વે થયેલા સંબંધિત સંશોધનોની સમીક્ષા દર્શાવવામાં આવી છે. ત્રીજા પ્રકરણમાં આ અભ્યાસની યોજના અને તેના આધારોની રજૂઆત કરી છે. ચોથા પ્રકરણમાં આ અભ્યાસ માટે જરૂરી એકત્રિત કરેલી માહિતીની રજૂઆત, તેનું પૃથક્કરણ અને અર્થઘટન રજૂ કરવામાં આવ્યું છે. અંતમાં અભ્યાસનો સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભલામણોની રજૂઆત થઈ છે.

# પ્રકરણ–૨
# સંબંધિત સાહિત્યની સમીક્ષા

# પ્રકરણ-૨
# સંબંધિત સાહિત્યની સમીક્ષા

## ૨.૧ પ્રાસ્તાવિક

સંશોધકે સંશોધનકાર્યની શરૂઆત કરતા પહેલા સંબંધિત સાહિત્યની સમીક્ષા કરવી આવશ્યક છે. સંબંધિત સાહિત્યની સમીક્ષા બે બાબતોના સંદર્ભમાં કરવામાં આવે છે. (૧) સૈદ્ધાંતિક સમીક્ષા અને (૨) સંબંધિત સંશોધનોની સમીક્ષા.

સંશોધક સમસ્યા અંગે અભ્યાસ હાથ ધરે એ પહેલા તે પોતાની સમસ્યા સાથે સંકળાયેલ વિષયવસ્તુની સમજ ધરાવતો હોવો જોઈએ. વિષયવસ્તુની વિગત મેળ વવા માટે સંશોધકે ગ્રંથાલય કાર્ય કરવું પડે છે. એટલું જ નહીં વિષયવસ્તુની વિગતની રજૂઆત પોતાના સંશોધન અહેવાલમાં પણ કરવાની હોય છે, કારણ કે તેથી વાચક પણ સંશોધન પાછળના સૈદ્ધાંતિક માળખાને જાણી શકે. સંબંધિત સંશોધનોના અભ્યાસથી પ્રયોજકને સમસ્યા અંગે માર્ગદર્શન મળે છે. તેમજ પોતાના સંશોધનને અગાઉના સંશોધનોની મર્યાદામાંથી મુક્ત રાખી શકે છે અને કશુંક નવું ઉમેરી શકે છે.

પ્રસ્તુત પ્રકરણમાં સમસ્યાના વિષયવસ્તુની સૈદ્ધાંતિક સમીક્ષા અને સંબંધિત સંશોધનોની સમીક્ષા રજૂ કરવામાં આવી છે.

## ૨.૨ સૈદ્ધાંતિક સમીક્ષા

પ્રસ્તુત સંશોધનનું વિષયવસ્તુ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ હતી. આ વિષયવસ્તુની સમજ મેળવતા પહેલા તેના પાયામાં રહેલી 'સંસ્કૃતિ'નો અર્થ અને 'ભારતીય સંસ્કૃતિ'નો અર્થ પણ સમજવો પડે. આથી પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસની સૈદ્ધાંતિક સમીક્ષા કરવા માટે નીચે મુજબ પ્રશ્નો નક્કી કરીને તેના સંદર્ભમાં ગ્રંથાલયકાર્ય કર્યું.

- સંસ્કૃતિ એટલે શું ?
- ભારતીય સંસ્કૃતિ એટલે શું ?
- ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ શી છે ?

ઉપર્યુક્ત પ્રશ્નોના સંદર્ભમાં અહીં સૈદ્ધાંતિક સમીક્ષા કરવામાં આવી છે.

### ૨.૨.૦ સંસ્કૃતિનો અર્થ

'સંસ્કૃતિ' શબ્દનો શબ્દકોશીય અર્થ, પાશ્ચાત્ય વિદ્વાનોએ આપેલા મંતવ્યો તથા ભારતીય વિદ્વાનોએ આપેલા મંતવ્યો અહીં રજૂ કરવામાં આવ્યા છે.

### ૨.૨.૧ 'સંસ્કૃતિ'નો શબ્દકોશીય અર્થ

કે. કા. શાસ્ત્રી સંપાદિત 'બૃહદ્ ગુજરાતી કોશ'માં 'સંસ્કૃતિ' શબ્દનો અર્થ આ રીતે આપેલો છે.

"(૧) ઊંચા સંસ્કાર, સંસ્કારિતા

(૨) વિભિન્ન કલાઓ અને વિભિન્ન શાસ્ત્રોનો થયેલો વિકાસ સૂચવનારી લાક્ષણિકતાઓ (રહેણીકરણી અને સભ્યતાના સંસ્કારોની જેમાં છાપ પડી હોય છે.)"[૧]

સાર્થ ગુજરાતી જોડણીકોશમાં સંસ્કૃતિનો અર્થ નીચે મુજબ આપેલ છે.

"સંસ્કૃતિ : સામાજિક પ્રગતિ, સભ્યતા, સુધારો."[૨]

'ભગવદ્ગોમંડલ'માં 'સંસ્કૃતિ'ના વિવિધ અર્થો આપેલા છે, જે નીચે મુજબ છે.

"(૧) અભિમંત્રણ

(૨) અમુક વિશિષ્ટ સંસ્કારોનો સમુદાય

સાહિત્ય એટલે જગતની સંસ્કૃતિનું સંગ્રહસ્થાન - ખબરદાર

(૩) ઊંચા સંસ્કાર, સંસ્કારિતા

હિંદની સંસ્કૃતિ તો કોઈ નિરાળી ચીજ છે. - ગાંધીજી

(૪) કેળવણી

(૫) ચોખ્ખાઈ, શુદ્ધિ

(૬) ચોવીસની સંખ્યા બતાવનારી એક સંજ્ઞા

---

[૧] કે. કા. શાસ્ત્રી, **'બૃહદ્ ગુજરાતી કોશ' ભાગ-૨'**. આવૃત્તિ : ૧૯૮૧, પૃ.૨૨૧૪

[૨] **સાર્થ ગુજરાતી જોડણીકોશ**, નવજીવન પ્રકાશન - અમદાવાદ, આવૃત્તિ ૧૯૪૯, પૃ.૧૧૪૦

(૭) જીવન વિદ્યા

(૮) રહેણીકરણી, રીતરિવાજ

(૯) વસ્તુની ચાર માહેની એક અવસ્થા

(૧૦) (પિંગળ) વૃત્ત કે અક્ષરમેળ છંદની એક જાત. આ જાતના છંદના દરેક ચરણમાં ૨૪ અક્ષર હોય છે. આ છંદના ૧,૬,૭૭,૨૧૬ ભેદ છે. તજવી, કિરીટ, વૈકુંઠ, દેવ, વૈકુંઠ ધામા, દુમિલા, સુખદા વિષ્ણુ, સુરે✓ર અને નેહપાલ એ જાતના પ્રસિદ્ધ છંદ છે.

(૧૧) વૈદિક ૨૧ માહેનો એક છંદ. તેમાં ૯૬ અક્ષર આવે છે.

(૧૨) સભ્યતા, સંસ્કાર પામેલા હોવાની સ્થિતિ.

મારી સમજણ પ્રમાણે નગર, વન અને ગ્રામ એ ત્રિવેણી આપણી સંસ્કૃતિનું મૂળ છે. આપણા વિચારો જેમ તપોવનમાં થાય છે તેમ રાજમહેલમાં અને પરિવારમાં પણ થાય છે. – આનંદ શંકર ધ્રુવ

(૧૩) સામાજિક પ્રગતિ, સુધારો, સિવિલેશન. શ્રી આનંદશંકર ધ્રુવ લખે છે કે હર્ષ પછીનો આપણો ઈતિહાસ સમજવા જેવો છે. સાતમા સૈકાથી અગિયારમાં સૈકા સુધીના આપણા દેશના ઈતિહાસનું અન્વેષણ ઊંડાણથી કરવાની જરૂર છે. એ સમયે જેમ શંકરાચાર્ય અને ભાગવતકાર શુકદેવના ગ્રંથો પ્રકાશમાં આવ્યા તે આપણો અતિ સંસ્કૃતિનો ઈતિહાસ છે. જેમ અસંસ્કૃતિ કે ઓછી સંસ્કૃતિ હાનિકારક છે તેમ અતિ સંસ્કૃતિનું પણ સમજવું. 'હરિજનબંધુ'માં શ્રી કિશોરલાલ મશરૂવાળા લખે છે કે, પેઢી દર પેઢી ભારતવર્ષની અને તેની સંસ્કૃતિની એકતાની પરંપરા આપણે ત્યાં જમાનાઓથી ઊતરી આવી છે. એ એકતા કાળના વહેવાની સાથે પાકી થઈ નીવડી ચુકેલી છે. અને આપણે ત્યાં અનેક બોલીઓનો વપરાશ ચાલુ હોવા છતાં બહારથી અને અંદરથી પહોંચેલી અનેક જાતની તાણ છતાં તૂટી નથી. એ ગૌરવભર્યા વારસાને વિસ્તારી મૂકી આજે હવે આપણે ભાષાને ધોરણે અડગા પડવાની વાતો શા સારું કરીએ ? એકતા એ જ સામર્થ્યનો પાયો છે અને સત્ય તેમજ અહિંસા

બન્ને આદર્શો આપણને તેને સાચવી રાખવાનો આદેશ આપે છે. કાકા કાલેલકર કહે છે કે, જૂના જમાનામાં જીવનનો કબજો ધર્મે લીધો હતો. આજે એની જગ્યા સંસ્કૃતિને આપવામાં આવી છે. ધર્મનો હેતુ સૌથી પહેલા જીવનશુદ્ધિનો હતો. સંસ્કૃતિનો હેતુ જીવન સમૃદ્ધિનો છે. સંસ્કૃતિનું વાયુમંડળ, એની આબોહવા તદ્દન ખુલ્લી હોય છે. સંસ્કૃતિમાં સંકુચિતતાને સ્થાન નથી હોતું પણ જે લોકો માને છે કે સંસ્કૃતિ એટલે ગાનતાન, નાચ તમાશા અને કવિઓના મુશાયરા. તેઓ એશઆરામના આશક બને છે અને પુરુષાર્થ ખોઈ બેસે છે. ધર્મમાં જે તેજ હતું તે સંસ્કૃતિમાં હજી પ્રગટ નથી થયું. જો માણસજાતનો આપણે ઉદ્ધાર ચાહતા હોઈએ તો ધર્મનું તેજ, માનવતાની સંસ્કારિતા, ચારિત્ર્યનિષ્ઠાની વારતા અને મહેનત મજૂરીની નિષ્પાપતા એ બધી વસ્તુઓનો આપણે સમન્વય સાધવો જોઈએ. પ્રેમ અને તેજસ્વિતા, ત્યાગ અને ઉદ્યોગિતા એ સૌથી મોટી વસ્તુઓ છે.

આ આદ્યક્ષેત્ર વિદ્યાના ગર્ભને પારણું વળી
ગર્ભ સંસ્કૃતિ આજે હો આયા સંસ્કૃતિ કાલની.

– ગાંધીગીતા.

(૧૪)સારાપણું

(૧૫)સારા કામ : સંગીતકામ : વિચારપૂર્વક કામ

(૧૬) સુધારણા : ઉત્કર્ષ, ઉન્નતિ

(૧૭)સ્વભાવ.''[૩]

## ૨.૨.૨. સંસ્કૃતિ વિશે પાશ્ચાત્ય વિદ્વાનોના મંતવ્યો

સંસ્કૃતિ વિશે પાશ્ચાત્ય વિદ્વાનોએ જે મંતવ્યો રજૂ કર્યા છે તે આ પ્રમાણે છે.

[૩] ભગવતસિંહજી **'ભગવદ્ગોમંડલ' ભાગ-૭'**. આવૃત્તિ : ૧૯૪૮, પૃ.૬૬૭૯

"સમાજના સભ્ય તરીકે જે સંકુલ વિશિષ્ટતાઓનું એકમ સર્જે છે એનું નામ સંસ્કૃતિ. જેમાં આખુ સામાજિક જ્ઞાન, માન્યતાઓ, કલા, નૈતિક ભાવનાઓ, કાયદો, રૂઢિ, વિશિષ્ટ શક્તિઓ અને દેવભાવનાનો સમાવેશ થાય છે."[૪] – ટેઈલર

"માનવીના પાર્થિવ અને આધ્યાત્મિક જીવનના પરંપરાગત ઉતરી આવેલા તત્ત્વો એટલે સંસ્કૃતિ."[૫] – સેપીર

"આપણા આદર્શો, પ્રવૃત્તિઓ અને પાર્થિવ સિદ્ધિઓનો સરવાળો એનું નામ સંસ્કૃતિ."[૬] – વોલીસ

### ૨.૨.૩ સંસ્કૃતિ વિશે ભારતીય વિદ્વાનોના મંતવ્યો.

સંસ્કૃતિ  વિશે ભારતીય વિદ્વાનોએ જે મંતવ્યો રજૂ કર્યા તે આ પ્રમાણે છે.

'ભારતીય સંસ્કૃતિની ઝલક' નામના ગ્રંથમાં થોમસ પરમાર 'સંસ્કૃતિ' શબ્દનો અર્થ આપતા જણાવે છે કે,

"સંસ્કૃતિ શબ્દ સંસ્કૃત ધાતુ સમ્+કૃ સાથે સંબંધ ધરાવે છે અને તે ઉપરથી મનુષ્યની બધા પ્રકારની ક્રિયાઓનો તેમાં સમાવેશ થાય છે. સંસ્કૃતિ એ માનવસમાજની પેદાશ છે. સમાજના એકમ તરીકે પોતાના જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે મનુષ્ય જે કંઈ બૌદ્ધિક કે ભૌતિક ખેડાણ કરે છે તેનો સમાવેશ સંસ્કૃતિમાં થાય છે."[૭]

"જીવનને શુદ્ધ, સમૃદ્ધ, સફળ અને સમર્થ બનાવવાના પ્રયત્નને અંતે જીવન પદ્ધતિ અને જીવન વિસ્તાર કેળવાય છે તે આપણી સંસ્કૃતિ છે. સંસ્કૃતિનો સ્વભાવ સમન્વયકારી છે. જીવનની પરિપૂર્ણતા તે સંસ્કૃતિ."[૮] – કાકા કાલેલકર

---

[૪] મનહરભાઈ જે. ઠાકર અને જીવરાજભાઈ પી. મૈયાણી, **શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓ'**, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૦

[૫] એસ. કે. જાદવ, **'ભારતીયતા : ગુજરાતી નવલકથાના સંદર્ભમાં'** પીએચ.ડી. મહાશોધ નિબંધ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૪, પૃ.૨૨

[૬] એજન્. પૃ.૨૨

૭ થોમસ પરમાર, **'ભારતીય સંસ્કૃતિની ઝળક'**, આવૃત્તિ ૧૯૮૨, પૃ.૧

૮ સં. ભોળાભાઈ પટેલ, **'જીવનનું કાવ્ય'** (કાકાસાહેબના ઉત્તમ નિબંધો), આવૃત્તિ ૧૯૮૨, પૃ.૩૭૬

"સંસ્કૃતિ એટલે સામાજિક વારસો, માનવક્રિયાઓનું ખેડાણ, આચારવિચારની પરંપરા, સમાજની લાક્ષણિક જીવનપ્રણાલિ, સામાજિક સિદ્ધિઓ, કોઈપણ સમાજમાં રહેવાની રીત, જીવન જીવવાની કળા."[૯] – જોષી

'भारतीय संस्कृति' નામના હિન્દી ગ્રંથમાં ડૉ. બલદેવપ્રસાદ મિશ્ર 'સંસ્કૃતિ' વિશે કહે છે કે,

"वह क्रिया अथवा वह अवस्था, जो समुचे मानव जीवन को अपवित्रता की ओर से हटाकर पवित्रता की ओर तथा अशुद्धि की ओर से हटाकर शुद्धि की ओर ले जाय । संस्कृति है – आचार, विचार, उच्चार का संशुद्धिकरण । संस्कृति मानवजीवन की वह क्रिया तथा वह स्थिति है जिससे समुचा जीवन सज उठता है ।"[१०]

આ રીતે 'સંસ્કૃતિ' : સંજ્ઞા અને સ્વરૂપ વિશે વૈ✓િક સ્તરના અનેક ભારતીય અને પા✓ાત્ય વિદ્વાનોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. સામાન્ય રીતે આપણે 'સંસ્કાર' શબ્દને 'સંસ્કૃતિ'ની નજીક ગણીએ છીએ. 'સંસ્કૃતિ'માં 'સમ્'નો અર્થ થાય છે 'સારી રીતે' અને 'કૃતિ' એટલે 'કરવું'. આમ 'સંસ્કૃતિ' શબ્દનો સામાન્ય અર્થ થાય છે સંસ્કરણ, પરિષ્કરણ, પરિમાર્જન. માનવીજયારે સામુદાયિક રીતે અલગ રહે છે ત્યારે તેના પરિણામે એક એવું તત્ત્વ તેના સમૂહમાં અન્ય પશુઓથી અલગ-અનોખું-નિરાળું પડી ઓળખાઈ આવે છે, જેને આપણે સંસ્કૃતિના નામે ઓળખીએ છીએ.

આદિકાળમાં માનવીની જીવનવિધિથી સંસ્કૃતિનો ઉદ્‌ભવ થયો. તે પછી જેમ જેમ માનવનો વિકાસ થતો ગયો; માન્યતાઓ, આસ્થાઓ, પ્રયાસો અને પરંપરાઓ સ્થાપિત થવા લાગી. આ બધાં પણ સંસ્કૃતિના આધારભૂત અંગ બની ગયા. જીવનસંબંધિ પ્રત્યેક વિષયોનો સમાવેશ સંસ્કૃતિ અંતર્ગત આવે છે. જે દષ્ટિએ સંસ્કૃતિનો એક નિશ્ચિત વિસ્તાર બતાવવાનું કામ કપરું છે. આમ છતાં કહી શકાય કે સંસ્કૃતિનું ક્ષેત્ર સમાજ હોય છે. સંસ્કૃતિનો સીધો સંબંધ એક દેશ, જાતિ યા કોઈ વિશિષ્ટ સમુદાયમાં પ્રચલિત ધાર્મિક આસ્થાઓ, પ્રવૃત્તિઓ, વિચારધારાઓ, રુચિઓ, વ્યવહારો, સ્વભાવ, રીત-રિવાજ અને રહેવાની ઢબ સાથે હોય છે.

---

[૯] હરિપ્રસાદ ઓ. જોષી, **'કેળવણીના સામાજિક પાયા'**, આવૃત્તિ ૨૦૦૬, પૃ.૪૫
[१०] बलदेवप्रसाद मिश्र, **'भारतीय संस्कृति'** आवृत्ति १९५२, पृ.३–४

સંસ્કૃતિના વર્તુળમાં ત્યાંની દાર્શનિક, સામાજિક, સાહિત્યિક અને કલાત્મક માન્યતાઓનાં તત્ત્વ આવી જાય છે.

આ રીતે સંસ્કૃતિ માનવીના સુસંસ્કૃત સંસ્કારો, આદર્શ વિચારો અને કમનીય કળાઓની અભિવ્યક્તિ છે. તે માનવજીવનના એ બધાં તત્ત્વોનાં સમૂહનું નામ છે જે ધર્મ અને દર્શનથી શરૂ થઈ કલા-કૌશલ, સમાજ અને વ્યવહાર વગેરેમાં પૂર્ણ થાય છે. સંસ્કૃતિ અંતર્ગત માનવીના વ્યક્તિગત જીવનથી માંડી, સમાજમાં તેના સમસ્ત કાર્ય-કલાપો અને આચરણની ગતિવિધિઓ આવી જાય છે.

### ૨.૨.૪ ભારતીય સંસ્કૃતિનો અર્થ

'ભારતીય સંસ્કૃતિ' નામના ગ્રંથમાં સાને ગુરુજી ભારતીય સંસ્કૃતિ વિશે પ્રસ્તાવનામાં વાત કરતા કહે છે કે,

"ભારતીય સંસ્કૃતિ હૃદય અને બુદ્ધિની પૂજા કરનારી સંસ્કૃતિ છે. ઉદાર ભાવના અને નિર્મળ જ્ઞાનના સંયોગથી જીવનમાં સુંદરતા લાવનારી આ સંસ્કૃતિ છે. જ્ઞાન-વિજ્ઞાનને સહૃદયતા સાથે જોડીને સંસારમાં મધુરતા પ્રસરાવવાનો પ્રયત્ન કરનારી આ સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિ એટલે કર્મ-જ્ઞાન-ભક્તિનો જીવંત મહિમા. શરીર, બુદ્ધિ અને હૃદયને સતત સેવામાં ઘસી નાખવાનો મહિમા.

ભારતીય સંસ્કૃતિ એટલે સહાનુભૂતિ, ભારતીય સંસ્કૃતિ એટલે વિશાળતા, ભારતીય સંસ્કૃતિ એટલે સત્યના પ્રયોગો. ભારતીય સંસ્કૃતિ એટલે સ્થગિત થયા વિના જ્ઞાનની ભાળ મેળવતા સતત આગળ વધવું. જગતમાં જે કાંઈ સુંદર, શિવ અને સત્ય દેખાય તેને લઈને વિકાસ પામનારી આ સંસ્કૃતિ છે. એ દુનિયાના બધા ઋષિમુનિઓને પુજશે, દુનિયાના બધા સંતોને વંદન કરશે, જગતના બધા ધર્મસ્થાપકોને એ આદર આપશે. જયાં કયાંય મોટાઈ દેખાશે તેની ભારતીય સંસ્કૃતિ પૂજા કરશે, આદર અને આનંદથી એનો સંગ્રહ કરશે.હ"[11]

ડૉ. કિશોરીલાલ વ્યાસ 'ભારતીય સંસ્કૃતિ' વિશે જણાવે છે કે,

"सारे जगत के प्राणियों में एक ही चेतना लो अनुस्यूत देखना, अपने – पराये, ऊँच-नीच, काले-गोरे, स्पर्श्य-अस्पर्श्य, पुरूष-नारी आदि से उपर उठ जाना ही

[11] સંજય શ્રીપાદ ભાવે, **'ભારતીય સંસ્કૃતિ સાને ગુરુજી'**, અનુવાદ, આવૃત્તિ ૨૦૦૦, પૃ.૧૦-૧૧

संस्कृति है । भारतीय संस्कृति का यही मूल मंत्र है । त्याग के साथ भोग तथा भोग के साथ त्याग यही हमारा केन्द्रस्थ भाव है ।"[१२]

**ભારતીય સંસ્કૃતિ વિશે પ્રકાશ પાડતા ડૉ. નરેશ વેદ કહે છે કે,**

**"ભૌતિકતા કરતાં અંતરની પવિત્રતાને પ્રગટ કરતી આધ્યાત્મિકતા, આચાર-વિચાર-વિહાર અને વ્યવહારમાં પરંપરાગતતા; જીવન અને કાળને અંશ કે ખંડમાં વિભાજિત કરીને જોવાને બદલે જન્મજન્માંતરના અને અખંડ કાળના ખ્યાલોને પુરસ્કારતી નિરંતરતા, અકળતા અને વિરોધોમાં વિ✓ાસ રાખતી  રહસ્યમયતા, મનુષ્યને પાપનું સંતાન નહીં પણ 'અમૃત'નું સંતાન માની જીવન અને જગતને શોકનું નહીં પણ આનંદોલ્લાસનું અધિષ્ઠાન માની પ્રત્યેક દિવસને તહેવારમાં ફેરવી લોકોને ઉત્સવરત રાખતી આનંદમયતા ભારતીયતાના દ્યોતક લક્ષણો છે."**[૧૩]

**ડૉ. શકુન્તલા દવેએ** 'चिरन्तन भारतीय संस्कृति' **નામની પુસ્તિકામાં ભારતીય સંસ્કૃતિ વિશે નોંધતા જણાવ્યું છે કે,**

"भारतीय संस्कृति में 'स्व' के निराकरण और 'पर' के विस्तरण को प्रधानता दी गई है । ऐसे 'स्व' के निराकरण और 'पर' के विस्तरण के बीच जितने कुछ विषय आते है वे संपूर्ण विषय भारतीय संस्कृति में समाहित है । यही कारण है कि उसके ऐ अनेकानेक तत्त्व है जो उसकी चिरन्तनता, उसकी अनादिता, अनन्तता इन सब को अपनी अंदर समेट हुए है । यह एक शाश्वत संस्कृति है ।"[१४]

**ડૉ. બળવંત જાની 'ગુજરાતી નિબંધમાં રાષ્ટ્રભાવના અને સંસ્કૃતિની ઝલક' નામના લેખમાં ભારતીય સંસ્કૃતિ વિશે કહે છે કે,**

**"ભારતીય સંસ્કૃતિની અર્થચ્છાયા ઘણી બૃહદ છે. એમાં ઉદાત્ત કહી શકાય એવાં સત્યો કે તત્ત્વો પણ અમાપ છે. એમાનું એક તત્ત્વ છે ભારતીય તત્ત્વદર્શન ચિંતન, ભારતનો અધ્યાત્મ વારસો, ચિંતનપુટ અને જીવનમૂલ્યો ભારતીય સંસ્કૃતિને ઉદાત્ત કરવા માટે ખપમાં લાગે એવાં પરિબળ છે. સર્જક-ચિંતક આ ભાવવિ✓થી**

---

[१२] डॉ. किशोरीलाल व्यास 'निलकंठ', 'भारतीय संस्कृति और पर्यावरण संरक्षण', आवृत्ति १९९९, पृ.६

[૧૩] **ડૉ. નરેશ વેદ, 'ભારતીય સાહિત્યની વિભાવના'** લેખ

[१४] डॉ. शकुन्तला दवे, **'चिरन्तन भारतीय संस्कृति'**, आवृत्ति १९९९, पृ.१९९६

અનુપ્રાણિત હોય એટલે સ્વાભાવિક રીતે જ એમના ભારતીય સંસ્કૃતિ વિચારધારાને અભિવ્યક્તિ સાંપડે. ભારતીય દર્શન-ચિંતન પણ ભારતીય સંસ્કૃતિનું એક ઘટક છે. જે કોઈ સર્જક આવા સર્જનાત્મક વારસાને પોતાની રીતે પ્રગટાવે - અભિવ્યક્તિ અર્પે એમાંથી એમની રાષ્ટ્રપ્રીતિ અને ભારતીય સંસ્કૃતિની અભિજ્ઞતા પ્રગટતી હોય છે.''[૧૫]

શ્રી અરવિંદ કહે છે કે,

''ભારતીય સંસ્કૃતિ માત્ર એક મહાન સાંસ્કૃતિક પ્રણાલિકા ન હતી, પણ માનવ આત્માનો એક સુવિશાળ ધાર્મિક પ્રયાસ હતો.''[૧૬]

ભારતીય સંસ્કૃતિ વિશે વિવિધ વિદ્વાનોના મંતવ્યો જાણ્યા પછી નિષ્કર્ષરૂપે એટલું કહી શકાય કે, ભારતીય સંસ્કૃતિ એ વિ✓ની અજોડ અને અદ્વિતીય સંસ્કૃતિ છે.

ભારતીય સંસ્કૃતિ એ પ્રેમની પૂજા કરનારી સંસ્કૃતિ છે. માનવ માનવ વચ્ચે પ્રેમસંબંધ પ્રસ્થાપિત થાય, વેરભાવ શમે અને સમગ્ર વિ✓ બંધુત્વના તાંતણે બંધાય એવું ભારતીય સંસ્કૃતિ શીખવે છે. હૃદય અને બુદ્ધિની પૂજા કરનારી અને ઉદાર ભાવના તથા નિર્મળ જ્ઞાનના સંયોગથી જીવનમાં સુંદરતા પ્રસરાવતી આ સંસ્કૃતિ છે. વિભિન્નતામાં એકતા, વિશાળતા, પરપીડાને પોતાની કરવાની ભાવના, આધ્યાત્મિકતા દ્વારા જીવનને ઊર્ધ્વગામી દિશા તરફ લઈ જનારી દષ્ટિએ વિકાસ, શીલ વિષયક અને સૌંદર્ય વિષયક સત્યોનું દર્શન, કવિઓ, કલાકારો, વિદ્વાનો અને વૈજ્ઞાનિકોના સર્જનો-સંશોધનો દ્વારા દિવ્ય દષ્ટિ આપનારી આ સંસ્કૃતિ સભ્યતા અને સંસ્કારની કેળવણી આપે છે. આથી જ જર્મન વિદ્વાન ફ્રેડરિક મેકસમૂલર ભારતીય સંસ્કૃતિનો મહિમા વર્ણવતા કહે છે કે,

''જયાં કુદરતે પોતાની અખૂટ સમૃદ્ધિ, સામર્થ્ય અને સૌંદર્ય છૂટે હાથે વેર્યા હોય એવો દેશ પૃથ્વીના પડ પર ખોળવો હોય, કેટલાક ભાગોમાં જાણે અવની પરનું સ્વર્ગ ઊતર્યું હોય તો મારે હિંદ તરફ જ આંગળી ચીંધવી રહી.'[૧૭]

---

[૧૫] ડૉ. બળવંત જાની, **'ગુજરાતી નિબંધમાં રાષ્ટ્રભાવના અને સંસ્કૃતિની ઝલક'** (લેખ), 'શબ્દસૃષ્ટિ' સ્વાતંત્ર્ય સુવર્ણજયંતી વિશેષાંક વર્ષ-૧૫, ઓગસ્ટ-સપ્ટેમ્બર ૧૯૯૮, પૃ.૧૨૫.
[૧૬] મહર્ષિ અરવિંદ, **'ભારતીય સંસ્કૃતિના પાયા'**, આવૃત્તિ ૧૯૭૨, પૃ.૨૧
૧૭ થોમસ પરમાર, 'ભારતીય સંસ્કૃતિની ઝલક', આવૃત્તિ ૧૯૮૨, પૃ.૨

રોમા રોલાં ભારતની પ્રશંસા કરતા નોંધે છે કે,

"માનવીજીવનના સ્વપ્નાનો આરંભ થયો તે પ્રાચીનકાળથી આ ધરતીના પડ પર જીવતા માણસોના બધાં યે સ્વપ્નાઓને જો કયાંય સ્થાન મળ્યું હોય તો તે હિંદમાં જ મળ્યું છે."[૧૮]

ભારતની ભૌગોલિક પરિસ્થિતિ, ઐતિહાસિક પ્રાચીનતા, આધ્યાત્મિકતા છતાં ભૌતિકવાદી દષ્ટિકોણ અને વિભિન્નતામાં એકતા જેવા ભારતીય સંસ્કૃતિના પાયા સ્વરૂપ લક્ષણો વિ✓ને સત્યમ્, શિવમ્, સુન્દરમ્નો નવો રાહ ચીંધે છે. નિરંતરતા, સહિષ્ણુતા, સ્વતંત્રતા, સમન્વય, ગ્રહણશીલતા જેવાં લક્ષણો ઉપર ટકેલી આ સંસ્કૃતિ અદ્વિતીય અને અલૌકિક છે.

આમ, ભારતીય સંસ્કૃતિએ સમગ્ર વિ✓ને પ્રેરણા, પ્રોત્સાહન અને જીવવાનું બળ પૂરું પાડનારી શક્તિ આપનાર સંસ્કૃતિ છે.

### ૨.૨.૫ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

પ્રસ્તુત સંશોધનમાં સમાવવામાં આવેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ આ પ્રમાણે છે.

### (૧) જ્ઞાનની ઉપાસના

ભારતીય સંસ્કૃતિ એક મહાન અને વિશેષ ઘટના છે. અભેદમાં ભેદ અને ભેદમાં અભેદ એ ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ છે.

"ભારતીય સંસ્કૃતિમાં અંધશ્રદ્ધાને સ્થાન નથી. બધે જ વિચારોના મહિમાનું જ્ઞાન કરવામાં આવ્યું છે. વેદને ભારતીય સંસ્કૃતિનો પાયો ગણવામાં આવે છે. પરંતુ વેદ એટલે શું ? વેદ શબ્દનો અર્થ જ્ઞાન એવો થાય છે. જ્ઞાન ભારતીય સંસ્કૃતિનો આધાર છે. જ્ઞાન પર ઊભી થયેલી આ ભવ્ય સંસ્કૃતિ છે."[૧૯]

બીજા શબ્દોમાં કહીએ તો ભારતીય સંસ્કૃતિ જ્ઞાનના પાયા પર ટકી રહી છે. કાળની જેમ જ્ઞાન પણ અનંત છે. નવું નવું જ્ઞાન ઉદય પામશે અને ભારતીય સંસ્કૃતિ જ્ઞાનનો સાક્ષાત્કાર કરવા સૌથી પહેલી ઊભી રહેશે. ભારતીયો આવા

[૧૮] થોમસ પરમાર, **'ભારતીય સંસ્કૃતિની ઝલક'**, આવૃત્તિ ૧૯૮૨, પૃ.૨

[૧૯] સંજય શ્રીપાદ ભાવે, **'ભારતીય સંસ્કૃતિ સાને ગુરુજી'** અનુવાદ, આવૃત્તિ ૨૦૦૦, પૃ.૨૩

પવિત્ર જ્ઞાનને પરમાત્માનું સ્વરૂપ ગણે છે અને એ જ્ઞાનના ઉપાસકોને ઋષિ માની તેના પ્રત્યે પૂજ્યભાવ રાખે છે.

ભારતીય સંસ્કૃતિને માત્ર જ્ઞાન પ્રત્યે જ નહીં પરંતુ જ્ઞાનના સાચા ઉપાસકો માટે પણ અત્યંત આદર છે. રવીન્દ્રનાથ ટાગોરે વિ✓ભારતી વિદ્યાપીઠ સ્થાપીને બતાવી આપ્યું છે કે ભારત દુનિયાના ઋષિઓનું આત્મીયતાથી પૂજન કરે છે. તેઓ જગતના મહાન આચાર્યોને બોલાવીને તેનું સન્માન કરતા. રવીન્દ્રનાથ ભારતીય સંસ્કૃતિના આત્માને ઓળખતા હતા. આ રીતે ભારતીય સંસ્કૃતિ કેવળ જ્ઞાનને જ નહીં જ્ઞાનોપાસકો પ્રત્યે પણ આદર ધરાવે છે.

## (૨) કર્મનો મહિમા

ભારતીય સંસ્કૃતિમાં કર્મનો વિશેષ મહિમા ગવાયો છે. "ભારતીય સંસ્કૃતિ કર્મમય છે. તે કર્મને પ્રાધાન્ય આપે છે. આ સંસ્કૃતિને આળસ ખપતી નથી. આ સંસ્કૃતિ માટે કોઈપણ સેવાકર્મ તુચ્છ નથી. ભારતીય સંસ્કૃતિમાં કર્મનો ખૂબ જ મહિમા કરાયો છે. કર્મના સાધનો પણ આપણે પવિત્ર ગણ્યાં છે. જો સાધન પવિત્ર ગણતા હોઈએ તો કર્મ કેટલું પવિત્ર ગણાય ?"[૨૦]

કલમ હોય કે તલવાર, ત્રાજવું હોય કે હળ હોય, ચૂલો હોય કે ઝાડુ હોય, આ બધા સાધનોને ભારતીય સંસ્કૃતિ પવિત્ર માને છે. મનુષ્ય કર્મ વિના જીવી જ શકતો નથી. દરેકે કર્મ કરવું જ જોઈએ. દરેકને શરીર, હૃદય અને બુદ્ધિ છે. શરીરે કર્મ કરવાનું, એ કર્મમાં હૈયાની હૂંફ રેડવાની અને તેની સાથે કર્મ કરતી વખતે બુદ્ધિનો ઉપયોગ કરવાનો. આ રીતે દરેક વ્યક્તિએ શરીર, હૃદય અને બુદ્ધિ દ્વારા સમાજ માટે કર્મ, શ્રમ કરવાનો, એવું ભારતીય સંસ્કૃતિ માને છે. આ કર્મ પણ રસ મુજબ હોવું જોઈએ. કોઈપણ સેવાકર્મ તુચ્છ નથી, શ્રેષ્ઠ કે કનિષ્ઠ નથી. સેવાના બધા કર્મોની કિંમત સરખી હોય છે, એવું કહેનારી ભારતીય સંસ્કૃતિ કર્મ દ્વારા સમાજદેવની પૂજા કરવાનું સૂચવે છે.

## (૩) કર્મફલત્યાગ

ભારતીયતામાં જેટલું કર્મને મહત્ત્વ આપવામાં આવ્યું છે, એટલું જ કર્મફળના ત્યાગને પણ આપવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિ કર્મ કરવામાં જ માને છે.

---

[૨૦] સંજય શ્રીપાદ ભાવે, **'ભારતીય સંસ્કૃતિ સાને ગુરુજી'** અનુવાદ, આવૃત્તિ ૨૦૦૦, પૃ.૪૩

કર્મના ફળ કે પરિણામની તેને આશા નથી. ભારતીય સંસ્કૃતિ જય-પરાજય, સિદ્ધિ-અસિદ્ધિ, સફળતા-નિષ્ફળતા, યશ-અપયશ જેવાં કર્મના પરિણામોમાં રસ ધરાવતી નથી કે તેના તરફ ધ્યાન આપતી નથી. ફળનો જ સતત વિચાર કરવામાં મશગુલ થવા કરતાં જે મનુષ્ય કર્મ કરવામાં જ તલ્લીન રહે છે તેને વધુ મોટું ફળ મળે છે. કારણ કે સતત ફળનું જ ચિંતન કરનારાનો મોટાભાગનો સમય ચિંતનમાં જ જાય છે અને કર્મ ઉત્તમ રીતે થઈ શકતું નથી. શ્રી ભગવદ્દગીતાએ પણ કર્મફળ ત્યાગની શિખામણ આપી છે. કર્મફલત્યાગી મનુષ્ય કયારેય નિરાશ થતો નથી. કર્મફલત્યાગની ભાવના માત્ર ભારતીય સંસ્કૃતિમાં જ હોઈ શકે.

## (૪) ચાર પુરુષાર્થ

ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરવાની વાત પર ભાર મૂકાયો છે. માનવીએ પોતાના જીવનમાં આ ચાર વસ્તુઓ પ્રાપ્ત કરવાની હોય છે. ભારતીયતા આ ચારેય પુરુષાર્થોને સમાન મહત્ત્વ આપે છે. ચાર પુરુષાર્થમાં ધર્મનું સ્થાન સૌથી પહેલું છે. નાનપણથી જ ધર્મ પ્રમાણે મનુષ્યે જીવન વિતાવવું જોઈએ. ધર્મના આચરણથી જ મનુષ્ય આત્માને ઓળખશે અને ઈ✓રમાં લીન થશે.

ભારતીય સંસ્કૃતિમાં અર્થ એ પુરુષાર્થની વાત છે. તે પૈસાને વમનવત ગણતી નથી. આ સંસ્કૃતિ સંપત્તિને પચાવનારી છે. જીવન ચલાવવા માટે પૈસાની પણ જરૂર હોય છે. યોગ્ય માર્ગે અર્થોપાર્જન કરીને તેનો સદુપયોગ કરવો એ ભારતીય સંસ્કૃતિનું લક્ષણ છે.

ભારતીય સંસ્કૃતિમાં કામને પણ માનવંતુ સ્થાન છે. કામનો અર્થ માત્ર રતિસુખ એટલો જ નથી. કામ એટલે ઉપભોગ, સુખોપભોગ. કામ એટલે વિષયસુખ, પંચેન્દ્રિયોનું સુખ, પંચ વિષયોનું સેવન. 'કામ' શબ્દને આવા વ્યાપક અર્થમાં જોવામાં આવે છે. અધ્યાત્મમાં પણ યોગ અને ભોગનું મહત્વ સ્વીકારાયું છે.

ભારતીય સંસ્કૃતિમાં મોક્ષને અંતિમ લક્ષ્ય બતાવાયું છે. આ મોક્ષને પામવા વૈરાગ્ય, ત્યાગ, કર્મત્યાગ, સત્યનિષ્ઠા, તપ વગેરે પાયાના સાધનો ગણાવાયાં છે. માનવીની મથામણ મોક્ષ લેવા માટે છે.

## (૫) ચાર આશ્રમ

ભારતીય જીવનપદ્ધતિ ચાર આશ્રમ પ્રમાણે વિભાજિત થયેલી છે - બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. આ ચાર આશ્રમોની વ્યવસ્થા જાણે ચાર પુરુષાર્થોને અનુરૂપ જ થઈ હોય એવું લાગે છે.

બ્રહ્મચર્ય એટલે બ્રહ્મપ્રાપ્તિનું આચરણ. "બ્રહ્મચર્યાશ્રમમાં મુખ્યત્વે જ્ઞાનની ઉપાસના કરવાની હોય છે. ઉપનયન થાય ત્યારથી બ્રહ્મચર્યનો પ્રારંભ થાય છે. બ્રહ્મચર્ય કોઈક ધ્યેય માટે હોય છે. ધ્યેયહીન બ્રહ્મચર્ય નિરર્થક છે."[૨૧] આ આશ્રમમાં બાળકે બ્રહ્મચર્ય પાળી વિદ્યાભ્યાસ કરવાનો, જ્ઞાન પ્રાપ્ત કરવાનું અને ધર્મ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું એ દ્વારા ધર્મનો પુરુષાર્થ સિદ્ધ થાય છે.

ગૃહસ્થાશ્રમનો હેતુ લગ્ન અને સંતતિ ઉત્પન્ન કરવાનો છે. આ સમયમાં ગૃહસંસાર ભોગવી સાંસારિક ફરજો બજાવવાની હોય છે, જેમાં અર્થ અને કામ બન્ને પુરુષાર્થ સિદ્ધ થાય છે.

વાનપ્રસ્થાશ્રમ જીવનનો ત્રીજો તબક્કો છે. વાનપ્રસ્થાશ્રમમાં વ્યક્તિએ સર્વપ્રકારની માયાજાળ છોડીને ઈ✓રના ધ્યાન માટે વનમાં પ્રસ્થાન કરવું, એમ સૂચવાયું છે.

સંન્યાસાશ્રમમાં સંન્યાસ લઈને વિચરતા રહેવું.

"સંન્યાસ એટલે નિર્વાણ. સ્વ-ને સંપૂર્ણ બુઝાવી દેવાનો. મારું કુટુંબ, મારો સમાજ, મારો ધર્મ, મારું મન, મારું ખાવાનું, મારો પૈસો એવી કોઈ વાત નહીં. એમાંથી કંઈ જ મહત્ત્વનું નહીં."[૨૨]

આ તબક્કામાં મોક્ષ પ્રાપ્તિનો હેતુ હોય છે. આમ ભારતીય સંસ્કૃતિમાં માનવજીવન ચાર તબક્કાઓમાં વહેંચાયેલું જોવા મળે છે.

## (૬) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ

ભારતીય સંસ્કૃતિમાં પશુપક્ષી, વૃક્ષ-વનસ્પતિ સાથે સ્નેહના સંબંધો બાંધવામાં આવ્યાં છે. ગાયને માતા ગણી તેની પૂજા કરવી એમાં ભારતીયતા વ્યક્ત થાય છે.

---

[૨૧] ડૉ. સુનીલ જાદવ, **'ભારતીયતા'**, આવૃત્તિ : ૧૭મે, ૨૦૦૯, પૃ.૫૬

[૨૨] એજન, પૃ.૫૮

ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓ વાસ કરે છે એવી શ્રદ્ધા સાથે તેની રક્ષા કરવા માટે આત્મબલિદાન આપવામાં પણ ભારતીયો ખચકાતા નથી. ભારત ખેતીપ્રધાન દેશ હોવાથી બળદ પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે.

ગાય-બળદની જેમ ભારતીય સંસ્કૃતિમાં પક્ષીઓ તથા વનસ્પતિઓ સાથેનો માનવનો આત્મીય નાતો નોંધપાત્ર છે. શ્રાદ્ધ સમયે કાગડાને કોળિયા નાખવા, ચકલી,કબૂતરને દાણા નાખવાનો ક્રમ ભારતીયોએ જાળવી રાખ્યો છે. તુલસીને 'માતા' તરીકે સંબોધવામાં આવે છે. ભારતમાં તુલસીની પૂજા કરવામાં આવે છે અને તુલસીલગ્ન પણ થાય છે. આપણે વડ અને પીપળાને પણ પૂજીએ છીએ.

ભારતીય સંસ્કૃતિમાં નદીઓનો પણ વિશેષ મહિમા છે. નદીને પણ માતાનું સ્થાન અપાયું છે. ભારતવર્ષમાં ગંગા, યમુના, સરસ્વતી વગેરે નદીઓ અત્યંત પવિત્ર ગણાય છે. ભારતીયો સ્નાન કરતી વખતે 'गंगेच यमुनेचैव....' શ્લોક બોલીને સ્થાનિક જળમાં પણ આવી પવિત્ર નદીઓને જાણે આવકારે છે.

આપણા પર ઉપકાર કરનારા પર્વતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પણ આપણે ભૂલ્યા નથી. ભારતીયો ઉદાર અને ક્ષમાશીલ પૃથ્વીમાતાને કેમ ભૂલી શકે ? તો વળી ભારતીયો સુરજને 'દાદા', ચંદ્રને 'મામા' તરીકે સંબોધી તેના પ્રત્યે કુટુંબીજન જેવો ભાવ અનુભવી તેને પૂજે છે. આથી જ તો ભારતીય પ્રજા પ્રકૃતિપ્રેમી, પશુપ્રેમી ગણાય છે.

## (૭) નારીસ્વરૂપ

ભારતમાં પ્રાચીનકાળથી નારીને એક શક્તિ તરીકે પૂજવામાં આવી છે. નારીને 'નારાયણી' તરીકે બિરદાવવામાં આવી છે. વિવિધ દેવોમાં શ્રદ્ધા ધરાવતી ભારતીય પ્રજા નારી પ્રત્યે પણ માન-સન્માન ધરાવે છે. 'यत्र नार्यस्तु पूजयन्ते रमन्ते तत्र देवता:' એવું ભારતીય સંસ્કૃતિ જ કહી શકે. ભારતીય સ્ત્રીઓ ત્યાગ અને સેવાની સાક્ષાત મૂર્તિ છે. ભારતીય સંસ્કૃતિ બહેન, માતા, પત્ની જેવા સ્ત્રીના દરેક સ્વરૂપને પૂજે છે, સન્માને છે. ભારતીયતામાં માનો અપાર મહિમા છે. દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે. એવું વિધાન ભારતીય સંસ્કૃતિમાં જ સંભવી શકે. આમ, ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન માન-મોભાવાળું છે.

## (૮) અહિંસા

ભારત એ અહિંસાની ભૂમિ છે. વેદકાળથી માંડી છેક અત્યાર સુધીનું ભારતનું સોનેરી સૂત્ર 'अहिंसा परमो धर्मः' રહ્યું છે. ભારતમાંની રાજકીય, સામાજિક ચળવળો આ સૂત્ર સાથે સંકળાયેલી છે. ભારતવર્ષનો ઈતિહાસ એટલે એક અર્થમાં અહિંસાના પ્રયોગોનો ઈતિહાસ. 'અહિંસા' શબ્દનો વ્યાપક અર્થ વિચાર દ્વારા, આચાર દ્વારા, વાણી દ્વારા પણ કોઈનું અકલ્યાણ ન કરવું એવો થાય છે. પ્રાચીનકાળથી ભક્ષણ માટે, રક્ષણ માટે અને યજ્ઞમાં બલિ ચડાવવા માટે થતી હિંસાને ભગવાન બુદ્ધ જેવા અહિંસાના પૂજારીઓએ બંધ કરાવી, પ્રાચીન સમયમાં આશ્રમો એવા સ્થળોએ હતા કે જયાં અહિંસાનો વધુમાં વધુ પ્રયોગ થતો હોય. ભારતીય સંસ્કૃતિમાં એવા ઘણા ઉદાહરણો છે કે જયાં હિંસક પશુ-પક્ષીઓ સાથે રહેતા હોય. સાપ અને નોળિયો, હરણ અને સિંહ બધા એક જ જગ્યાએ પ્રેમથી રહેતા. અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજીએ અહિંસાના માર્ગે ચાલીને ભારતને આઝાદી અપાવી એ એક જ ઉદાહરણ ભારતીય સંસ્કૃતિમાં અહિંસાના ઉચ્ચત્તમ સ્થાનની સાક્ષી પૂરે છે. ભારતીય જૈનો આજે પણ અહિંસા માટે વિ✓ભરમાં પ્રખ્યાત છે. આમ, ભારતીય સંસ્કૃતિમાં અહિંસાને અને અહિંસાને વૈ✓િક ફલક પર વિસ્તૃત રીતે ફેલાવનાર બુદ્ધ, મહાવીર, મહાત્માજી જેવા પવિત્ર આત્માઓને પૂજ્યભાવે જોવામાં આવે છે.

## (૯) આતિથ્ય ભાવના

ભારતીય સંસ્કૃતિને ગરીમા બક્ષતા તત્ત્વોમાં આતિથ્ય ભાવના પણ રહેલી છે. 'अतिथि देवो भवः' એવું કહેનાર ભારતીય લોકો અતિથિમાં દેવ જુએ છે. પોતાને આંગણે આવનાર અતિથિને મીઠો આવકાર આપવાની પરંપરા ભારતમાં છે. આંગણે આવેલા અતિથિને પોતે ભૂખ્યા રહીને પણ પ્રેમપૂર્વક જમાડવો, તેને પ્રેમથી ઝાંપા સુધી વળાવવા જવું વગેરે સંસ્કારો ભારતીય પ્રજા ધરાવે છે. પોતાને આંગણે કોઈ ભીખ માંગનાર આવે તો એને પણ ખાલી હાથે જવા દેવામાં આવતો નથી. ભારતીયો અતિથિને આવકારવા માટે હંમેશા આતુર હોય છે. એટલું જ નહીં મુશ્કેલીમાં મુકાયેલા અતિથિનું રક્ષણ કરવા પોતાના પ્રાણ આપતા પણ ખચકાતા નથી. ભારતમાં આતિથ્યની ભાવના ભગવાનને પણ મહેમાન બનીને આવવાનું મન થાય એવી ઉચ્ચ છે.

## (૧૦) માનવતા

ભારતીય સંસ્કૃતિમાં માનવતાની સુગંધ રહેલી છે. માનવતાના મહાન ગુણ પર તો આ સંસ્કૃતિ ટકી રહી છે. કુદરતી આફત, અકસ્માત કે મુશ્કેલીના પ્રસંગોમાં માનવતાની મહેક જોવા મળે છે. કપરા સમયમાં માનવજાત વેર-ઝેર બધું ભૂલી જઈને મદદ કરવા હંમેશા તૈયાર કરે છે. 'માનવસેવા એ જ પ્રભુસેવા'નો મંત્ર ભારતીયોએ તેના જીવનમાં, લોહીમાં વણી લીધો છે.

## (૧૧) સંયુક્ત કુટુંબપ્રથા

સંયુક્ત કુટુંબની પ્રથા ભારતીય સંસ્કૃતિમાં આજે પણ જળવાઈ રહી છે. સંયુક્ત કુટુંબમાં ઘરની જવાબદારી પિતા, દાદા જેવા વડીલોની હોય છે. આવા કુટુંબમાં ઘરના નાના-મોટા બધા સભ્યોને માન-સન્માન આપવામાં આવે છે. બધા સભ્યો સાથે મળીને ભોજન કરે છે. ઘરના બધા સભ્યો એકબીજાને અનુકૂળ થઈને રહે છે છતાં કોઈ પ્રશ્ન હોય તો સાથે મળીને તેનો ઉકેલ લાવે છે. ઘરના વડીલો જેમ દાદા, દાદી બાળકોને રમાડતા, અનુભવની વાતો કરતા સંસ્કાર સિંચન કરે છે. બધા સભ્યો વાદવિવાદ વિના એકબીજાના કામમાં મદદરૂપ થાય છે. સંયુક્ત કુટુંબપ્રથા એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ બની રહે છે.

## (૧૨) વસુધૈવકુટુંબકમ્

ભારતીય સંસ્કૃતિ માને છે કે પૃથ્વીના સમસ્ત જીવોનો પિતા એક જ છે, એ પરમે✓ર છે. આપણે સહુ એક જ પિતાના સંતાનો છીએ. આથી પૃથ્વી એ આપણું કુટુંબ છે. સમસ્ત વિ✓ને કુટુંબ માનવાની ભાવના ભારતીય સંસ્કૃતિમાં જ હોઈ શકે. વિ✓ની દરેક વ્યક્તિ પોતાના કુટુંબની વ્યક્તિ છે, સભ્ય છે એવી ભાવના ભારતીયો ધરાવે છે. પછી તે વ્યક્તિ દુનિયાના કોઈપણ દેશની હોય, ગમે તે નાત, જાત, કુળ, ધર્મની હોય, છતાં પણ તેને એક જ કુટુંબની ભાવનાથી અપનાવાય છે. 'વ્યક્તિ મટી બનુ હું વિ✓માનવી' એ પંક્તિ વસુધૈવકુટુંબકમ્‌ની ભાવનાને વ્યક્ત કરે છે. સમસ્ત વિ✓ના માનવી બની આખા વિ✓ને એક જ કુટુંબમાં સમાવી લેવાની ભારતીય સંસ્કૃતિની ભવ્યોદાત્ત ભાવના ખરેખર અદ્દભૂત છે.

## (૧૩) આદર્શોનું મહત્ત્વ

ભારતીય સંસ્કૃતિ એક નહીં પણ અનેક આદર્શોને પુરસ્કારનારી સંસ્કૃતિ છે. પ્રેમ, મમતા, ત્યાગ, દયા, શૌર્ય, વૈરાગ્ય, સમર્પણ, દાન જેવા આદર્શો બાળકને નાનપણથી જ ગળથૂંથીમાં મળે છે. પવિત્રતા, સત્ય, અહિંસાના પ્રયોગો ગાંધીજી જેવા ભારતવાસી જ કરી શકે. દીન-દુ:ખિયાને આશરો આપવો, ભૂખ્યાને ભોજન આપવું, અશરણને શરણ આપવું, સ્ત્રી અને ગાયનું જીવના જોખમે પણ રક્ષણ કરવું, માતૃભૂમિ ખાતર પોતાનું તન-મન-ધન લૂંટાવી દેવું, મનુષ્યને સંયમ અને ધીરજ જેવા આદર્શો શીખવનારી ભારતીય સંસ્કૃતિ મહાન છે.

## (૧૪) સોળ સંસ્કાર

સંસ્કાર એ ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વપૂર્ણ અંગ છે. સંસ્કાર જીવનના વિભિન્ન પ્રસંગોને મહત્ત્વ અને પવિત્રતાનું પ્રદાન કરે છે. 'સંસ્કાર' શબ્દનો અર્થ શુદ્ધ કરવું, પવિત્ર કરવું, સંસ્કરણ કરવું એવો થાય છે. ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ સોળ સંસ્કાર - (૧) ગર્ભાધાન સંસ્કાર, (૨) પુસંવન સંસ્કાર, (૩) સિમંતોન્નયન સંસ્કાર (૪) જાત- કર્મ સંસ્કાર, (૫) નામકરણ સંસ્કાર, (૬) નિષ્ક્રમણ સંસ્કાર, (૭) અન્નપ્રાશન સંસ્કાર, (૮) ચૂડાકરણ સંસ્કાર, (૯) કર્ણવેધ સંસ્કાર, (૧૦) વિદ્યારંભ સંસ્કાર, (૧૧) ઉપનયન સંસ્કાર, (૧૨) વેદારંભ સંસ્કાર, (૧૩) કેશાંત કે ગોદાન તથા સમાવર્તન સંસ્કાર, (૧૪) વિવાહ સંસ્કાર, (૧૫) વાનપ્રસ્થ કે સંન્યાસ સંસ્કાર, (૧૬) અંત્યેષ્ટિ સંસ્કાર છે. આમ, માણસ ગર્ભાધાનથી માંડીને મૃત્યુ સુધીમાં સોળ સંસ્કારોની વિધિમાંથી પસાર થાય છે.

## (૧૫) બિનસાંપ્રદાયિકતા/સાંસ્કૃતિક એકતા

આખા જગતમાં ભારત જ એક એવો દેશ છે કે જેણે બિનસાંપ્રદાયિકતા સ્વીકારી હોય. ભારતમાં જગતમાં જોવા મળતા બારેય ધર્મો તથા અનેક સંપ્રદાયોને આશરો મળ્યો છે. છતાં ભારતીયો માટે કોઈ ધર્મ ઊંચો નથી, કોઈ ધર્મ નીચો નથી. ભારતમાં બધા ધર્મના લોકો સમાન હક્કો ધરાવે છે. અહીં કોઈ એક ધર્મ કે સંપ્રદાયને, નાત-જાતને સ્થાન આપવામાં આવ્યું નથી. ભારતીય પ્રજાને આવા નાત-જાત, ધર્મના ભેદભાવ કે સંકુચિત વાડામાં રસ નથી. ભારતીયો સર્વધર્મો પ્રત્યે

સમભાવ ધરાવે છે. જયાં બિનસાંપ્રદાયિકતા હોય ત્યાં જ 'વસુધૈવકુટુંબકમ્'ની ભાવના સંભવી શકે. આવી ઉદાત્ત ભાવનાવાળી સંસ્કૃતિને આથી જ તો સમગ્ર વિ✓ સન્માને છે.

## (૧૬) કેટલાક વિશિષ્ટ ખ્યાલો

ભારતીય લોકોના જીવનમાં કેટલાક વિશિષ્ટ ખ્યાલો વ્યાપેલા જોવા મળે છે. જેમાં જન્મ-પુનર્જન્મ, પ્રારબ્ધ-નસીબ, કર્મફળ, પાપ-પુણ્ય, નીત-અનીતિ, તપ-ત્યાગ, શીલ-સદાચાર, કુળ-ગોત્ર, વંશ-કુટુંબ, શાંતિપ્રિયતા, સમન્વયશીલતા, સહિષ્ણુતા, વતનપ્રેમ, તિતિક્ષા આ બધાથી ભારતીય પ્રજાનું આગવું વ્યક્તિત્વ ખીલી ઊઠયું છે. સ્નાન કરતી વખતે ગંગા-યમુનાનું સ્મરણ કરવું, ભોજન કરતા પહેલા ગૌગ્રાસ આપવું, ગૃહપ્રવેશ પૂર્વે વાસ્તુપૂજન કરવું, ઈષ્ટદેવની માનતાબાધા રાખવી, મરતી વખતે મોંમાં ગંગાજળ મૂકવું, પવિત્ર નદીઓના સંગમસ્થળે પિતૃતર્પણ કરવું, શ્રાદ્ધના દિવસોમાં કાગવાસ નાખવી. આવા તો અનેક પરંપરાગત ખ્યાલો ભારતીય પ્રજાના માનસમાં દ્રઢ થઈ ચૂકયા છે.

## (૧૭) મૂર્તિપૂજા

ભારતીય સંસ્કૃતિમાં મૂર્તિપૂજા એ ખૂબ મહાન અને મધુર સંકલ્પના છે. આપણે જુદા જુદા દેવદેવીઓની પૂજા કરીએ છીએ. કોઈપણ મૂર્તિમાં સ્થાન પામનાર તત્ત્વ અનેક સ્વરૂપે માનવજીવનમાં વિહરતું જોવા મળે છે. આ મૂર્તિપૂજા વિ✓પૂજા છે. મનુષ્યનો જન્મ થયો ત્યારથી મૂર્તિપૂજા શરૂ થઈ. મંદિરમાં મૂર્તિ સામે આપણે પ્રેમભક્તિથી, કૃતજ્ઞતાથી જોઈએ છીએ, કાંઈક આપીએ છીએ, કાંઈક માગીએ છીએ. મૂર્તિપૂજા કરતી વખતે આપણે સોના, ચાંદી, આરસ જેવા મૂર્તિના પદાર્થતત્ત્વને પૂજતા નથી પણ એ મૂર્તિની અંદર આપણી શ્રદ્ધા દ્વારા રોપેલા ભગવાનની પૂજા કરીએ છીએ. ભારતીય સંસ્કૃતિ મૂર્તિમાં પરમાત્માનો સાક્ષાત્કાર અનુભવે છે.

## (૧૮) લગ્નસંસ્થા

ભારતીય સમાજ વ્યવસ્થામાં લગ્નને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. સોળ સંસ્કારોમાં પણ વિવાહને સંસ્કાર ગણવામાં આવ્યો છે. લગ્ન માનવસમાજને સ્થિરતા અને મજબૂતી પૂરી પાડે છે. "ભારતીય સંસ્કૃતિમાં લગ્નનું બંધન પતિ-પત્ની બન્ને માટે અનેક રીતે ગૌરવપૂર્ણ સાબિત થાય છે. પતિ-પત્ની એ સંસાર રથના બે પૈડાં

છે, સાચા સાથી છે. લગ્ન દ્વારા જોડાઈને પતિ-પત્ની બન્ને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થોની પ્રાપ્તિ માટે સંયુક્ત પ્રયત્ન કરે છે. આમ ભારતીયતાની દષ્ટિએ લગ્નસંબંધ એક અતૂટ બંધન છે. અખૂટ, અતૂટ વિ✓ાસનો સંબંધ છે.''[૨૩]

## (૧૯) જ્ઞાતિ વ્યવસ્થા

ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાતિ વ્યવસ્થા અસ્તિત્વ ધરાવે છે. પ્રાચીન સમયમાં સમાજને સુદઢ અને સુવ્યવસ્થિત રીતે ચલાવવા માટે સમાજને તેની કામગીરી પ્રમાણે ચાર વર્ણના વહેંચવામાં આવ્યો હતો – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. આ વ્યવસ્થા ફકત કામની વહેંચણીની ભાગરૂપે જ કરવામાં આવેલી, પરંતુ સમય જતા આ વ્યવસ્થા એટલી જડ બની ગઈ કે તેણે વિવિધ જ્ઞાતિઓનું રૂઢિચુસ્ત રૂપ ધારણ કર્યું, જે સમાજના વિભાજનનું નિમિત્ત બન્યું. અલબત્ જ્ઞાતિ વ્યવસ્થાની ઘણી બધી મર્યાદાઓ પણ છે. આમ છતાં જ્ઞાતિ વ્યવસ્થા જે તે જ્ઞાતિ સમૂહોને એકતાંતણે બાંધી રાખે છે. લગ્ન જેવા પ્રસંગોમાં આ જ્ઞાતિના જ સભ્યો સાથ આપી પ્રસંગો ઉકેલી આપે છે તો મૃત્યુ કે દુઃખના પ્રસંગો વખતે જ્ઞાતિજનો કુટુંબને એકલતાનો અહેસાસ થવા ન દેતા હૂંફ અને આ✓ાસન આપવાનું કામ કરે છે. જ્ઞાતિના સર્વજનોની પ્રસંગોમાં હાજરી એ મોભારૂપ ગણાય છે. જે – તે જ્ઞાતિસમાજ પોતાના વિકાસ માટે એકરૂપ થઈ સંઘર્ષ કરે છે, એક આખા સમૂહને કેન્દ્રમાં રાખી હિતના કાર્યો કરે છે.

## (૨૦) મૃત્યુ પ્રત્યેનો અભિગમ

ભારતીય સંસ્કૃતિ મૃત્યુને પણ આવકારે છે. મૃત્યુ એ ઈ✓રનું જ એક સ્વરૂપ છે. જીવન અને મૃત્યુ બંને પરમ મંગલ ભાવ છે. જન્મ એનું મૃત્યુ; નામ એનો નાશ નિશ્ચિત છે.

''મૃત્યુ એટલે મહાયાત્રા, મૃત્યુ એટલે મહાપ્રસ્થાન, મૃત્યુ એટલે મહાનિંદ્રા, દરરોજની વિટંબણાઓ, આપત્તિઓ, મથામણો પછી આપણે સૂઈ જઈએ છીએ. આ ઊંઘ એટલે મરણ. આખા જીવનની દોડધામ પછી આપણે ચિરનિંદ્રામાં પોઢી જઈએ છીએ.''[૨૪]

[૨૩] એસ. કે. જાદવ, **'ભારતીયતા'** : ગુજરાતી નવલકથાના સંદર્ભમાં' પીએચ.ડી. મહાશોધ નિબંધ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ૨૦૦૪, પૃ.નં.૮૦

[૨૪] સંજય શ્રીપાદ ભાવે, **'ભારતીય સંસ્કૃતિ સાને ગુરુજી'** અનુવાદ આવૃત્તિ ૨૦૦૦, પૃ.૨૧૪

મરણ ન હોત તો આ દુનિયા ભયંકર દેખાઈ હોત. મરણને કારણે સંસારમાં રમણીયતા છે, પ્રેમ છે. મૃત્યુ એટલે જીવ-શિવની ગોઠડી. જીવાત્મા પરમાત્મા સાથે એકરૂપ થાય છે. 'જો કાલ આવતું હોય તો આજ આવે ઘાયલ, એવા મરણની પરવા મારી બલા કરે છે.' એવું કહેનાર ભારતીય પ્રજાને મૃત્યુનો ડર નથી. એ તો મૃત્યુને પણ પરમ સખા, મિત્ર માને છે. અહીં મરણને પણ અમર આશાવાદ ગણાવ્યો છે. મૃત્યુ પછી ફરીથી જન્મવાનો આશાવાદ. આમ, ભારતીય સંસ્કૃતિ મૃત્યુને પણ પવિત્ર, મંગલકારી ગણી પ્રણામ કરે છે.

## (૨૧) પ્રતીક

ભારતીય સંસ્કૃતિમાં સેંકડો પ્રતીકો છે. ફળમાં જેમ વૃક્ષનો વિસ્તાર સમાયેલો હોય છે એમ પ્રતીકમાં અનંત અર્થ સમાયેલો હોય છે. આપણે ત્યાં સૂત્રગ્રંથોની રચના જાણીતી છે. દરેક શાસ્ત્રના સૂત્રગ્રંથો છે. સૂત્રોમાં તે શાસ્ત્રના સિદ્ધાંતો સૂત્રો દ્વારા ટૂંકમાં વર્ણવેલા હોય છે. સંસ્કૃતિના સૂત્રો એટલે પ્રતીકો. ભારતીય સંસ્કૃતિમાં મુખ્યત્વે સ્વસ્તિક, ૐ, શંખ, ચક્ર, ગદા, કમળ, બીલીપત્ર, કળશ, ગાય, નાળિયેર, રુદ્રાક્ષ, ધ્વજ, આસોપાલવ, આરતી, તિલક, જનોઈ, દુર્વા, યજ્ઞ, છત્ર, નમસ્કાર વગેરે પ્રતીકો જોવા મળે છે.

આમાંથી કમળ મુખ્ય પ્રતીક છે. કમળ પ્રકાશ જોતાં જ ખીલે છે. ભારતીય સંસ્કૃતિ પણ પ્રકાશની ઉપાસક છે. ભગવાનને ચડાવવામાં આવતું ફૂલ ખરેખર તો આપણા હૃદયનું પ્રતીક છે. ફૂલરૂપે આપણે આપણું હૃદયપુષ્પ જ ભગવાનને ચડાવતા હોઈએ છીએ. ઉપનયન તથા લગ્ન સંસ્કાર વગેરેમાં તો દરેક વિધિમાં પ્રતીકો અચૂક હોય છે. મૃત્યુ બાદ અંતિમક્રિયા વખતે રાખવામાં આવતી દોણી મૃણ્મય શરીરનું પ્રતીક છે. સ્વસ્તિકનું પ્રતીક કલ્યાણની ભાવના દર્શાવે છે. આપણા તહેવારોમાં પણ પ્રતીકોની હાજરી હોય છે. ઉત્તરાયણ વખતે અપાતા લાડુ, હુતાશની વખતે પ્રગટાવવામાં આવતી હોળી, દિવાળી વખતેના દીવડાઓ તથા રંગોળી પ્રતીકો જ છે. ભગવાનની પૂજા માટેની સામગ્રી, શંકર ભગવાનના મંદિરનો ઘંટ, કાચબો, નંદી - આવા તો કેટકેટલા પ્રતીકો સમાયેલા છે. મૂર્તિપૂજા પણ પ્રતીક છે. અરે નામ પણ એક મહાન પ્રતીક છે. આમ, ભારતીય સંસ્કૃતિના અંતરંગને સ્પર્શવું હોય, એના સાચા સ્વરૂપને પામવું હોય તો પ્રતીકોમાં છૂપાયેલી ગહનતા સમજવી જરૂરી છે.

## (૨૨) ભારતીય કલાઓ

ભારતીય સંસ્કૃતિ કલાપૂજક છે, એ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આદિકાળ થી દરેક કલામાં આગવી પ્રતિભા ધરાવનારાઓમાં ભારતીયો જ મોખરે રહ્યા છે. શિલ્પ, ચિત્ર, સ્થાપત્ય, સંગીત, સાહિત્ય આદિ લલિત તથા લલિતેત્તર કલાઓના અનમોલ નમૂનાઓ ભારતમાં જ આવેલા છે. વિ✓ની સાત અજાયબીમાંની એક અજાયબી તાજમહાલ ભારતમાં જ છે. તો વળી પ્રાચીન જૈન-જૈનેત્તર મંદિરો, મહેલો, અજન્તા, ઈલોરાની ગુફાઓ પણ સ્થાપત્યના ઉત્તમ નમૂના છે. ભારતીય સંગીતને વિ✓ભરમાં પ્રખ્યાત કરનાર તાનસેન જેવા અનેક કલાકારોએ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી છે. રામાયણ, મહાભારત જેવા જગવિખ્યાત મહાકાવ્યો ભારતીયોની જ દેન છે. આવી તો અનેક કલાઓ માટે ભારત વિ✓ભરમાં પ્રસિદ્ધ છે. ભારતીય સંસ્કૃતિ કલાને પૂજનારી છે.

## (૨૩) ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ

ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. તેથી વિવિધ ધર્મના વિવિધ તહેવારો અહીં આગવી રીતથી ઉજવાય છે. દુનિયાની કોઈ પ્રજાને ઉત્સવો વિના ચાલ્યું નથી. કેમ કે, માનવી મૂળથી જ ઉત્સવપ્રિય છે. ઉત્સવ એને કહેવાય જે શુભ પ્રણાલિકાઓથી ધર્મને રક્ષે, ભાવનાનું પોષણ કરે, સમાજને સંગઠિત કરે અને અંતરને પ્રસન્ન કરે. ભારતની સાંસ્કૃતિક એકતામાં આવા ઉત્સવોનું પ્રદાન અમૂલ્ય છે. યંત્રવત્ જીવનનો થાક ઉતારી ઉત્સવો માનવીને હળવાશ આપે છે.

તહેવારો જે તે દિવસના ઐતિહાસિક – પૌરાણિક સંદર્ભો સાથે જોડી માનવીને અસ્મિતા અને ગૌરવની લાગણી દઢ કરાવે છે. દિવાળી, હોળી, જન્માષ્ટમી, રામનવમી, રક્ષાબંધન, ગણેશચતુર્થી, નવરાત્રી, વિજયાદશમી, ગુરુપુર્ણિમા વગેરે આપણા મુખ્ય તહેવારો છે.

આપણા મેળાઓ પણ આપણી સંસ્કૃતિનો જ એક ભાગ છે. ભારતનો સૌથી મોટો આધ્યાત્મિક મેળો એટલે કુંભમેળો. આ મેળો ભારતમાં વારાફરતી ચાર સ્થળોએ જ ભરાય છે. તે રીતે એક સ્થળે દર બાર વર્ષે મેળો ભરાય છે. શિવરાત્રીના દિવસે ગિરનારની તળેટીએ ભરાતો મેળો પણ સાધુસંતો માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. તેવી જ રીતે શ્રાવણ માસના તહેવારોમાં પણ જુદા-જુદા ધાર્મિક સ્થળોએ મેળાવડાઓ ભરાય છે.

## (૨૪) ઋષિઓ, સાધુસંતો, ભક્તો

"પ્રાચીન સમયમાં બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્કય, મહર્ષિ કપિલમુનિ, ત્યાગમૂર્તિ દધિચી, વિ✓ામિત્ર, વશિષ્ઠ, વાલ્મિકી, દ્રૌણ, સાંદિપની, પરશુરામ, નારદમુનિ, મુનિ વેદવ્યાસ વગેરે ઋષિમુનિઓએ પોતાનાં સત્કાર્યો, જ્ઞાન અને તપ દ્વારા ભારતીય સમાજ ઘડતરમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. આમ, ઋષિમુનિઓની પરંપરા એ ભારતીય જીવન વ્યવસ્થાનો અમૂલ્ય વારસો છે."[૨૫]

ભારતની ભૂમિ સાધુસંતોની ભૂમિ તરીકે વિ✓ભરમાં પ્રખ્યાત છે. સંસાર પ્રત્યેની વિરક્તિ કે અધ્યાત્મમાં ઊંડો રસ જેવા કારણોને લીધે આપણા દેશના અસંખ્ય શિક્ષિત તેમજ અશિક્ષિત યુવાનો પણ ગૃહસંસાર છોડી વિદ્વાન ગુરુની ખોજ કરી શાસ્ત્રાર્થ કરે છે. સાધુઓના મોટા-મોટા અખાડાઓમાં રોજ સાંજે અધ્યાત્મને લગતી નવી નવી દલીલો થાય. કુંભનો મેળો આવે ત્યારે આવા નવા ઉમેરાનો વિનિમય થાય અને શાસ્ત્રાર્થમાં રસ વધે. આ રીતે આપણા સાધુઓએ આપણું અધ્યાત્મશાસ્ત્ર જીવતું, જાગતું અને ગાજતું રાખ્યું છે.

ભારતીય સંતો-મહંતો તથા પ્રભુભક્તો પોતાના જીવનને ત્યાગ, તપ, સેવા, દયા, મમતા, આદિ ભાવોથી છલકાવી પ્રજાને સન્માર્ગ ચીંધે છે. ભારતીય સંસ્કૃતિના આગવા મૂલ્યો જીવનમાં ઉતારવાની પ્રેરણા આપે છે. પશુપ્રેમ, અન્નદાન, અહિંસા, નારી પ્રત્યે સન્માન કરવાનું શીખવે છે. આવા સંતો ધૂપસળીની જેમ જાતે બળીને બીજાના જીવનમાં સુવાસ ફેલાવવાનું ઉત્તમ કાર્ય કરી ભારતીય સંસ્કૃતિને ગરીમા બક્ષે છે.

## (૨૫) સામાજિક સમાનતા અને સમભાવ

ટોલ્સટોય કહેતા, 'બીજા શાસ્ત્રોનો અભ્યાસ પહેલા બંધ કરો. સમાજમાં પરસ્પર કેમ વર્તવું એ પહેલા શીખી લો.' બધા શાસ્ત્રોનું મુખ્ય શાસ્ત્ર સમાજશાસ્ત્ર છે. એટલે જ ભારતીય સંસ્કૃતિ અદ્વૈતનું શાસ્ત્ર આગળ ધરીને પ્રગતિ કરવાની વાત આગળ ધરે છે. સમાજમાં સહુને સુખ મળે, સહુને પેટ ભરીને ખાવા મળે, પહેરવા કપડા મળે, બધાના વિકાસ માટે તક ઊભી થાય, કોઈ કોઈનું હીણું ન પાડે, સબળો

---

[૨૫] ડૉ. સુનીલ જાદવ, **'ભારતીયતા'**, પ્રથમ આવૃત્તિ : ૧૭મે, ૨૦૦૯, પૃ.૭૭

દુબળાને નીચોવે નહીં, બીજાને ગુલામ ન બનાવે, આપણે જીવવા માટે બીજાને ન મરાય. આવો સિદ્ધાંત અપનાવનારી ભારતીય સંસ્કૃતિ સુમેળ સાધનારી સંપૂર્ણ સંસ્કૃતિ છે.

## (૨૬) સંયમ

સંયમ ભારતીય સંસ્કૃતિનો આત્મા છે. એમ કહી શકાય કે ભારતીય સંસ્કૃતિ સંયમ પર રચાયેલી છે. જીવનમાં સંયમ જોઈએ. સંયમ વિના આપણા હાથે ઉત્તમ કાર્ય થશે નહીં. સંયમ સમાજના હિત માટે છે. દુનિયાના બધા મહાપુરુષો સંયમી હતા. આહાર-વિહારના સંયમ ઉપરાંત સમાજમાં આનંદ વસે એટલા માટે પાળવામાં આવતા સંયમની મહત્તાના જેટલા ગુણ ગાઈએ એટલા ઓછા છે. આપણા દેશમાં પ્રાચીનકાળથી સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ચાલી આવે છે, તે સંયમના કારણે જ ટકી રહી છે. સંયમ એટલે શરણાગતિ કે આજ્ઞાકારી બનવું એમ નહીં, સંયમ એટલે સામર્થ્ય. સંયમ એ સાર્વભૌમ બાબત છે.

## (૨૭) ગુરુ-શિષ્ય સંબંધ

ભારતીય સંસ્કૃતિમાં ગુરુભક્તિને મહત્ત્વનું સ્થાન છે. ગુરુ એટલે શિક્ષક નહીં, કેવળ આચાર્ય જ નહીં, શિક્ષક આપણને જ્ઞાનના આંગણે લાવે છે જયારે ગુરુ આપણને જ્ઞાનના ગર્ભાગારમાં લઈ જાય છે. જ્ઞાન સાથે ગુરુ આપણને એકરૂપ કરી દે છે. ગુરુ પોતાનું બધું જ્ઞાન શિષ્યને આપે છે. એનાથી કશું છુપાવી રાખતો નથી. પોતાનું મહત્ત્વ ઘટી ન જાય એ માટે પોતાના જ્ઞાનની પૂંજી ન આપનાર અહ્‌મભાવીને ગુરુ ન કહેવાય. એક દિવસ શ્રી રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદને કહ્યું, "હું મારું બધું તને આપી દઉં. મારી બધી સાધના આજે તારામાં રેડી દઉં છું." ભારતીય સંસ્કૃતિ દ્રોણાચાર્ય, વશિષ્ઠ, સાંદીપની, વિ✓ામિત્ર જેવા ગુરુઓથી દૈદિપ્યમાન રહી છે.

'भारतीय शिक्षा युगे युगे' નામના ગ્રંથમાં વૈદિકકાળના ગુરુ શિષ્યના સંબંધને દર્શાવ્યા છે.

"वैदिक शिक्षा गुरु-शिष्य परंपरा से प्राप्त होती थी । गुरु कहता जाता है, शिष्य सुनता जाता है । गुरु द्वारा छात्रों को सस्वर पाठ के लिए प्रेरित किया जाता है, मातृदेवो भव, पितृ देवो भव, आचार्य देवो भव एवं अतिथि देवो भव और आगे जीवन

में सभी निर्देशो को सतर्कतापूर्वक सम्मान करने का अभ्यास कराया जाता है । गुरु शिष्य का मित्र, दार्शनिक एवं पथ प्रदर्शक होता था ।"[२६]

## (૨૮) ચાર વર્ણ

ભારતીય સમાજ વ્યવસ્થાને સુદઢ રીતે ચલાવવા માટે સમાજને ચાર વર્ણોમાં વહેંચવામાં આવ્યો. આ ચાર વર્ણોમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ દરેક વર્ણને યોગ્યતા મુજબના કામ સોંપવામાં આવ્યા. આ કામની વહેંચણી માટે આ વર્ણવ્યવસ્થા અમલમાં આવી હતી. સમય જતા આ વર્ણવ્યવસ્થાએ રૂઢીચુસ્ત જ્ઞાતિઓનું રૂપ ધારણ કરી લીધું. બ્રાહ્મણોને વિદ્યાભ્યાસ, ધાર્મિક ક્રિયાકાંડો કરવાની, ક્ષત્રિયોને રાજ્ય ચલાવવાની, પ્રજાનું રક્ષણ કરવાની, વૈશ્યને વેપાર કરવાની અને શુદ્રોને ઉપરના ત્રણે વર્ગોની સેવા કરવાની જવાબદારી સોંપવામાં આવી. પરિણામે ઊંચનીચના ભેદભાવ અમલમાં આવ્યા. આમ, વર્ણવ્યવસ્થાથી ફાયદા ઓછા અને નુકસાન વધુ થયું. છતાં ચાર વર્ણો એ ભારતીય સંસ્કૃતિની એક વિશિષ્ટ લાક્ષણિકતા છે.

## (૨૯) ધ્યેયોની પરાકાષ્ઠા

એકેક સદ્દ્ગુણ માટે, એકેક ધ્યેય માટે સર્વસ્વનું સર્મપણ કરનારી મહાન વિભૂતિઓ આપણને ભારતીય સંસ્કૃતિમાં જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિ એટલે વિભૂતિઓનો ઈતિહાસ. ભગવાન રામે ધ્યેય પ્રાપ્તિ માટે – પિતાના વચન પાલન માટે ચૌદ વર્ષ વનવાસ ખેડેલો, સીતા ત્યાગ કર્યો, લક્ષ્મણે ખુદ રામ સાથે જઈ ધ્યેય પ્રાપ્તિ કરી.

એ જ રીતે હનુમાન, ધ્રુવ, પ્રહલાદ, હરિશ્ચંદ્ર, મહારથી કર્ણ, બલિરાજા, સતી સાવિત્રી, ગાંધારી, ભગવાન બુદ્ધ, રાજા અશોક, છત્રપતિ શિવાજી, અહલ્યાબાઈ, રાણી લક્ષ્મીબાઈ, શ્રી અરવિંદ, વિવેકાનંદ, વિનોબાજી, ગાંધીજી આવી વિશાળ ધ્યેય પૂજા ભારતીય સંસ્કૃતિમાં છે, જેણે ધ્યેય પ્રાપ્તિ માટે પોતાની જાત ખપાવી દીધી. આવું ચારિત્ર્ય જયાં સુધી જીવશે ત્યાં સુધી ભારતીય સંસ્કૃતિ જીવશે.

---

[२६] डॉ. सरोज अग्रवाल, **'भारतीय शिक्षा युगे युगे'**, आवृत्ति–२०००, पृ.१४

## (૩૦) તીર્થસ્થાનો

ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલી બાબતોની ચર્ચા કરીએ ત્યારે સ્વાભાવિક રીતે જ તીર્થસ્થાનો જે ભારતીયતાની આધ્યાત્મિક-ધાર્મિક બાબતોની ધરોહર છે, તેની નોંધ લેવા પ્રેરાઈએ છીએ.

ભારતમાં યાત્રાનું ખૂબ મહત્ત્વ છે. યાત્રાધામો પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે. હરદ્વાર, ઋષિકેશ, બદરીનાથ, કેદારનાથ, અયોધ્યા, મથુરા, ગોકુળ, વૃંદાવન, સોમનાથ, દ્વારકા, કૈલાસ માનસરોવર, અમરનાથ, પ્રયાગરાજ, જગન્નાથપુરી, ઉજ્જૈન, પુષ્કર, તિરૂપતિ બાલાજી, શ્રી રામે✓ર આ યાત્રાધામો હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિની ઓળખસમા બની રહ્યા છે. બાર જ્યોતિર્લિંગ તથા ચારધામની યાત્રા કરી પુણ્ય કમાવાની ભાવના તથા માન્યતા ભારતીય સમાજમાં પ્રચલિત છે.

## (૩૧) આધ્યાત્મિકતા

ભારતીય સંસ્કૃતિના પાયા સમાન ગણાતી આધ્યાત્મિકતા એ ભારતીયતાનું મૂળભૂત અગત્યનું લક્ષણ છે. આધ્યાત્મિકતા ભારતમાં હિંદુધર્મ સાથે જોડાયેલી બાબત છે. ધર્મચિંતન અથવા તો અધ્યાત્મ દ્વારા લોકશિક્ષણ ફેલાવી ભારતીયતા પ્રજ્વલિત રાખી શકાય છે. આત્માની અમરતા, જીવ અને શિવનો સંબંધ, દેહની નાશવંતતા જેવી આધ્યાત્મિક બાબતો દ્વારા હિન્દુધર્મ અને ભારતીય સંસ્કૃતિનો ઊંડાણથી અભ્યાસ થઈ શકે. આમ, આધ્યાત્મિકતા એ ભારતીય સંસ્કૃતિનું પાયાનું લક્ષણ છે જે ભારતીયોના અંતરની પવિત્રતાને પ્રગટ કરે છે.

## (૩૨) પરંપરાગતતા

પરંપરા એટલે મૂળભૂત મૂલ્યોની જાળવણી. આપણા વિવિધ વિધિ-વિધાનો, રીત-રિવાજોમાં પરંપરા જોવા મળે છે. પરંપરા મુજબ આપણે આપણા ધાર્મિક તહેવારો-ઉત્સવો ઉજવીએ છીએ. આપણા આચાર-વિચાર - વિહાર અને વ્યવહારમાં પરંપરાગતા જળવાય એ જરૂરી છે, તો જ ભારતીય સંસ્કૃતિનું રક્ષણ થશે. પરંપરા દ્વારા આપણા અમૂલ્ય સાંસ્કૃતિક વારસાને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડી શકીએ છીએ. આમ, પરંપરા દ્વારા સમયાંતરે આવતા પરિવર્તનો સામે પણ ભારતીય સંસ્કૃતિ ટકી શકશે.

## (૩૩) વિશાળતા – ઉદારતા

ભારતીય સંસ્કૃતિ વિશાળ અને ઉદાર છે. ભારતીય લોકોના હૃદયની વિશાળતા અને ઉદારતા જગવિખ્યાત છે. આપણી આ ઉદારતા અને વિશાળતાને લીધે જ વિ✓ની અનેક પ્રજાઓ અહીં આવી અને દૂધમાં સાકર ભળે તેમ આપણામાં મળી ગઈ. આમ, હૃદયની વિશાળતા અને ઉદારતા જેવા ઊંચા જીવન મૂલ્યોરૂપી લક્ષણો પણ ભારતીયતાના અગત્યના લક્ષણો છે.

## (૩૪) તિતિક્ષાવૃત્તિ

તિતિક્ષા એટલે સહનશીલતા. સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વો સહન કરવાની વૃત્તિ એટલે તિતિક્ષાવૃત્તિ. ભારતીય સંસ્કૃતિ તિતિક્ષુ રહી છે. અનેક વિદેશી અને વિધર્મી આક્રમણો આ સંસ્કૃતિએ સહન કર્યા છે, છતાં આજે પણ આ સંસ્કૃતિ એવી ને એવી અડીખમ ઊભી છે અને સારાયે વિ✓ને તિતિક્ષાનો સંદેશો આપી રહી છે. સંસારમાં મનુષ્ય એક યા બીજા સ્વરૂપમાં સુખ-દુઃખનો અનુભવ કરે છે. સુખ-દુઃખમાં મનની સમતા જાળવવી એટલે કે સુખમાં છકી ન જવું અને દુઃખમાં બહુ આર્દ્ર ન બનવું એવો ભાવ તિતિક્ષાવૃત્તિમાં રહેલો છે. આને લીધે જ ભારતીય સંસ્કૃતિ દીર્ઘકાલ સુધી ટકી શકી છે.

## (૩૫) વિ✓બંધુત્વ

ભારત બિનસાંપ્રદાયિક દેશ છે. આ બિનસાંપ્રદાયિકતા દ્વારા વિ✓બંધુત્વની ભાવના ફેલાય છે. કોઈ પ્રાંત કે દેશ-પ્રદેશના સીમાડામાં સીમિત રહેવા કરતાં વિ✓ના કોઈપણ ખૂણામાં ભારતીય જઈ શકે છે અને વિ✓નો કોઈપણ માણસ ભારતમાં આવીને સ્વતંત્ર જીવન જીવી શકે છે. આમ, વિ✓બંધુત્વની ભાવના ભારતમાં જોવા મળે છે જે વિ✓ને પ્રેરનારી છે. આ ખ્યાલ દ્વારા ભારતીય સંસ્કૃતિ સમગ્ર વિ✓ના કલ્યાણની કામના કરનારી સાબિત થઈ છે.

## (૩૬) અવતાર કલ્પના

ભારતીય સંસ્કૃતિમાં અવતારવાદને મહત્ત્વ આપવામાં આવ્યું છે. અવતારવાદ એટલે પારાવાર પ્રયત્નવાદ, અવિરત કર્મ, અનંત અખંડ ઉદ્યમ, મનમાં કોઈક ખ્યાલ હોય છે પણ તે સ્પષ્ટ હોતો નથી. આ અસ્પષ્ટ ધ્યેયને સ્પષ્ટ બનાવવા

અવતારની જરૂર પડે. એ આવે જ છે. અવતાર સામાજિક જરૂરિયાત છે. તે અકસ્માતે આવતો નથી, સૃષ્ટિના નિયમો અનુસાર જ ઉત્પન્ન થાય છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, બુદ્ધ, મહાવીર આમ આદમી સ્વરૂપે જન્મી ઈશ્વરી રૂપ ધારણ કરે છે તેથી તે અવતારી મહાપુરુષો ગણાયા. ઈશ્વરનો મહિમા આવી વિભૂતિઓ દ્વારા જ પ્રગટ થાય છે. ભારતીય સંસ્કૃતિ એટલે પ્રયત્નોની પરાકાષ્ઠા, અમર આશાવાદ, કરોડો લોકોનું સાહચર્ય - આ બધી બાબતોનું ચોખ્ખું પ્રતિબિંબ અવતારી સંકલ્પનામાં ઝીલાયું છે.

### (૩૭) જીવનમૂલ્યો

મૂલ્યોનું મહત્ત્વ ભારતમાં આદિકાળથી રહ્યું છે. ભારતીયો વિવિધ મૂલ્યોને આવકારતા જ નથી, પરંતુ આત્મસાત પણ કરે છે. પ્રેમ, શ્રદ્ધા, સંપ, પ્રામાણિકતા, નૈતિક હિંમત, આનંદ, જુસ્સો, સ્વ-શિસ્ત, બ્રહ્મચર્ય, લોકસેવા, ક્ષમા, કર્તવ્ય-પરાયણતા, તપશ્ચર્યા, સ્વાતંત્ર્ય જેવા અનેક મૂલ્યો ભારતીયોના લોહીમાં વણાયેલાં છે. આવા જીવનમૂલ્યોના અનુસરણથી જ ભારતીયો અન્ય સંસ્કૃતિઓની પ્રજાઓથી અલગ તરી આવે છે.

## ૨.૩ સંબંધિત સંશોધનોની સમીક્ષા

સંદર્ભ સાહિત્યની સમીક્ષાની અગત્ય વિશે દેસાઈ (૧૯૯૭) જણાવે છે કે, "સમસ્યા વિકાસ માટે અને સંશોધન યોજનાની સૂઝ માટે સાહિત્યની સમીક્ષા અત્યંત જરૂરી છે. સાહિત્યની સમીક્ષા વિશદ્ હોવી જોઈએ. અહીં માત્ર થયેલા સંશોધનોની નોંધ લેવાની નથી, પરંતુ અભ્યાસનું મૂલ્યાંકન પણ રજૂ થયું હોવું જોઈએ. આમ, પૂર્વે હાથ ધરાયેલા સંશોધનોમાંથી માર્ગદર્શન મેળવી પોતાના અભ્યાસને વધુ વ્યવસ્થિત અને સફળ બનાવી શકાય છે."[૨૭]

અહીં પૂર્વે હાથ ધરાયેલા સંબંધિત સંશોધનોના સારાંશો, તેની સમીક્ષા અને અભ્યાસની વિશેષતા રજૂ કરવામાં આવી છે.

---

[૨૭] એચ. જી. દેસાઈ, **'સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ'**, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત : ૧૯૭૯

## ૨.૩.૦ પૂર્વે થયેલા સંબંધિત સંશોધનોના સારાંશો

પ્રયોજકે શિક્ષણશાસ્ત્ર વિષયના એમ.એડ્. તથા પીએચ.ડી. કક્ષાના તેમજ ગુજરાતી વિષયના એમ.ફિલ. તથા પીએચ.ડી.કક્ષા અન્વયે સંબંધિત સંશોધનોનો અભ્યાસ કર્યો. પ્રયોજકે પ્રત્યેક સંશોધનનો સારાંશ આ મુદ્દાઓના સંદર્ભમાં તૈયાર કર્યો. (૧) પ્રયોજકનું નામ, (૨) સંશોધન વર્ષ, (૩) સંશોધન શીર્ષક, (૪) અભ્યાસકક્ષા, (૫) સંશોધન હેતુઓ, (૬) વ્યાપવિ✓, (૭) નમૂનાઓ અને (૮) તારણો.

રાવળે (૧૯૭૯)[૨૮] ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકોમાં તેના થયેલા ઉપયોજનનો એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલો.

અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) ભારતીય સંસ્કૃતિના કેટલાક મહત્ત્વના મૂલ્યોની સૂચિ તૈયાર કરી તે મૂલ્યોનો માધ્યમિક શાળાના ધોરણ ૮, ૯ અને ૧૦ના ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકોમાં કેટલે અંશે ઉપયોગ થયો છે તેનો અભ્યાસ કરવો. (૨) પાઠ્યપુસ્તકોમાં કયા કયા મૂલ્યોને કઈ રીતે અને કેટલા પ્રમાણમાં સ્થાન આપવામાં આવ્યું છે, તે તપાસવું. (૩) શિક્ષણના એક હેતુ તરીકે મૂલ્યના શિક્ષણને પાઠ્યપુસ્તકોમાં કેટલા અંશે સ્વીકારવામાં આવ્યું છે, તે તપાસવું. (૪) ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકોમાં વણાયેલા મૂલ્યોના પ્રકાર અને પ્રમાણની તુલના કરવી. (૫) ભારતીય મૂલ્યને અભ્યાસક્રમમાં કેવું સ્થાન આપવામાં આવે છે, તેનાથી શિક્ષણજગતને જ્ઞાત કરવું. (૬) મૂલ્યના શિક્ષણને પાઠ્યપુસ્તકમાં સ્થાન આપવા અંગે જરૂરી સૂચનો કરવાં.

ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં ૧૯૭૭-૭૯ના વર્ષ દરમ્યાન ચલાવવામાં આવેલ ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકો પસંદ કરવામાં આવ્યા હતાં.

અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) વિવિધ રીતે સૌથી વધુ પ્રતિનિધિત્વ મેળવી ત્રણેય ધોરણોના પાઠ્યપુસ્તકોમાં મૂલ્ય તરીકે ચરિત્ર સર્વોચ્ચ સ્થાને હતું. (૨) નિષ્ઠા, ફરજ, સામાજિક ન્યાય અને સમભાવના એ મૂલ્યોને ધો.૮ અને ૧૦માં

---

[૨૮] એચ. આર. રાવલ, **'ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને ગુજરાત રાજયની માધ્યમિક શાળાઓના ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકોમાં તેના થયેલા ઉપયોજન'**, એમ.એડ્. (અપ્રકાશિત) શોધનિબંધ, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૧૯૭૯.

તથા માનવહક્કના મૂલ્યને ધોરણ ૯ અને ૧૦માં એક સરખું સ્થાન પ્રાપ્ત થયું હતું. (૩) આહાર, ઉત્પાદકતા, સ્વરક્ષણ અને માનવીય દષ્ટિ એ મૂલ્યોને એકંદરે સૌથી ઓછુ અને નહિવત્ પ્રતિનિધિત્વ મળ્યું. (૪) સ્વાસ્થ્ય, આહાર અને લોકશાહીના મૂલ્યોને ધોરણ-૮ના પાઠ્યપુસ્તકમાં કોઈ જ સ્થાન પ્રાપ્ત થયું નથી. (૫) ઉત્પાદકતા, સ્વરક્ષણ, વિ✓બંધુત્વ અને માનવીય દષ્ટિના મૂલ્યોને ધોરણ-૧૦ના પાઠ્યપુસ્તકમાં બિલકુલ પ્રતિનિધિત્વ પ્રાપ્ત થયું ન હતું. (૭) અભ્યાસ હેઠળના બધા જ મૂલ્યોને કોઈને કોઈ ધોરણમાં બિલકુલ સ્થાન મળ્યું ન હોય તેવું બન્યું ન હતું.

રાવલે (૧૯૮૫)[૨૯] બૌદ્ધ ધર્મમાં સંગ્રહાયેલ શૈક્ષણિક આદર્શોનો પીએચ.ડી. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલો હતો.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) બૌદ્ધધર્મની તત્ત્વમીમાંસા, જ્ઞાનશાસ્ત્ર અને મૂલ્યશાસ્ત્રની તાત્ત્વિક માન્યતાઓનો અભ્યાસ કરવો અને તેનો શિક્ષણ સાથે સંબંધ તપાસવો. (૨) ભગવાન બુદ્ધે પ્રબોધેલા વિવિધ શૈક્ષણિક આદર્શોનો અભ્યાસ કરવો. (૩) બૌદ્ધધર્મમાંથી શૈક્ષણિક આદર્શો તારવવા.

પ્રાથમિક સ્રોતો અંતર્ગત બૌદ્ધદર્શનનું અસલ સાહિત્ય કે જે ભગવાન બુદ્ધના અનુયાયીઓ દ્વારા સંપાદિત થયેલા પાલિ, સંસ્કૃત, અંગ્રેજી તથા ભારતીય ભાષાઓમાં ભાષાંતર થયેલા ભગવાન બુદ્ધના જીવનચરિત્રો, સામયિકો અને અહેવાલમાં છે તેનો સમાવેશ કર્યો હતો. અન્ય કે દ્વિતીય સ્રોતમાં ભગવાન બુદ્ધના ઉપદેશો, તત્ત્વદર્શન પર લખાયેલ પુસ્તકો અને સામયિકોનો સમાવેશ કર્યો હતો.

અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) જે મૂલ્યો તારવવામાં આવ્યાં હતાં, તેમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યની સંખ્યા સૌથી વધુ મળી હતી. (૨) મૂલ્યોનો અગ્રતાક્રમ આ પ્રમાણે આપવામાં આવ્યો હતો. આધ્યાત્મિક, નૈતિક, શારીરિક, સામાજિક, શૈક્ષણિક, બૌદ્ધિક, આર્થિક, રાજકીય, જૈવિક, સાંસ્કૃતિક અને સૌંદર્યાત્મક મૂલ્ય. (૩) બૌદ્ધદર્શનના સારા જીવનના ખ્યાલમાં નૈતિક મૂલ્યોનો સમાવેશ થાય છે.

---

[૨૯] H. H. Raval, **'A study of Educational Ideals as Depicated in Buddhistic Philosophy'**, in M. B. Buch, Third Survey of Research in Education, New Delhi : NCERT, 1985, P.69

પટેલે (૧૯૮૬-૮૭)[30] ધોરણ ૧૨ના ગુજરાતીના પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ એમ.એડ્. કક્ષાએ હાથ ધર્યો હતો.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) અભ્યાસક્રમને લક્ષમાં રાખીને પાઠ્યપુસ્તકની રચના થઈ છે કે કેમ તે તપાસવું. (૨) પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની વયકક્ષાને અનુરૂપ છે કે નહીં તે તપાસવું. (૩) પાઠ્ય પુસ્તકની પસંદગીપાત્ર-કૃત્તિઓમાં પ્રવર્તમાન પ્રવાહોનું પ્રતિબિંબ પડે છે કે નહીં તે જોવું. (૪) પ્રત્યેક કૃતિ અંગે રજૂ કરેલ સ્વાધ્યાય કૃતિના મૂલ્યાંકનના સંદર્ભમાં ઉચિત છે કે નહીં તે તપાસવું. (૫) પાઠ્યપુસ્તકની કાર્યક્ષમતા ગુણવત્તા વધારવા માટે વિવેચનાત્મક અભ્યાસ દ્વારા પાઠ્યપુસ્તકોના લક્ષણો તપાસીને યોગ્ય તારણો અને સૂચનો રજૂ કરવા.

પ્રસ્તુત સંશોધન માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે પ્રકાશિત કરેલ ધોરણ ૧૨ (૧૯૮૫ની આવૃત્તિ ઉચ્ચસ્તરીય)ના ગુજરાતીના પાઠ્યપુસ્તકને પસંદ કરવામાં આવ્યું હતું.

આ અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) ઉ.મા.શિ.બોર્ડના નિર્ધારિત અભ્યાસક્રમનું ઔચિત્ય જાળવ્યું છે. (૨) પાઠ્યપુસ્તકના વિષયવસ્તુમાં વૈવિધ્ય જાળવ્યું છે. (૩) કૃતિ અંગેનું સંદર્ભસાહિત્ય, સ્વાધ્યાય અને ટીપ્પણી વગેરે રજૂ કરીને પૂર્વ કૃતિની ક્ષતિ દૂર કરી છે. (૪) માતૃભાષાનું પાઠ્યપુસ્તક હોય જોડણી દોષ રહિત હોવી જોઈએ, પરંતુ અહીં તે તરફ દુર્લક્ષ સેવ્યું છે. (૫) પાઠ્યપુસ્તકના અક્ષરોનું કદ પ્રમાણસરનું છે. (૬) કર્તાની છબિ કે રેખાચિત્ર કૃતિની સાથે રજૂ કર્યા નથી. (૭) પાઠ્યપુસ્તકની કિંમત થોડી વધારે છે. (૮) સઘન પદ્યવિભાગમાં ઊર્મિકાવ્યોનું પ્રમાણ વધારે છે. (૯) પાઠ્યપુસ્તકની ભાષાશૈલી વિદ્યાર્થીની વયકક્ષા મુજબની છે. (૧૦) પાઠ્યપુસ્તકના સ્વાધ્યાય પ્રશ્નોમાં વૈવિધ્ય નથી.

આ અભ્યાસના સૂચનો આ મુજબ હતાં. (૧) પાઠ્યપુસ્તકમાં વ્યાકરણના એકમ અંગે સ્પષ્ટતા થવી જોઈએ. (૨) પાઠ્યપુસ્તકમાં વપરાતા અન્ય ભાષાના શબ્દો કે અવતરણો અનુવાદ વગેરે મુકાય તે ઉચિત નથી. (૩) પાઠ્યપુસ્તકમાં

[30] બી. આર. પટેલ, **'ધોરણ ૧૨ના ગુજરાતીના પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ'**, ૧૯૮૬-૮૭, પી. કે. ફણસે વિદ્યાલય, આકરૂન્દ, તા.બાયડ, વી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન, એમ.એડ્. (અપ્રકાશિત) શોધનિબંધ.

સાહિત્યકારોની પસંદગી બાબતમાં તટસ્થતા જાળવવી જોઈએ. (૪) દેશની વિકાસ યોજનાઓ, સંતોના પ્રેરક પ્રસંગો વગેરેને લગતી કૃતિઓ પસંદ થવી જોઈએ. (૫) અભ્યાસક્રમ લાંબો હોવાથી ટૂંકો કરવાની જરૂર જણાય છે.

તલાપાત્ર (૧૯૯૫)[૩૧] એ કબીરની સાખીઓમાં વણાયેલાં મૂલ્યોનો એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલ.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા. (૧) મૂલ્યોનું વર્ગીકરણ સ્પષ્ટ કરવું. (૨) મૂલ્યોના વર્ગીકરણના સંદર્ભમાં કબીરની સાખીઓમાં વણાયેલાં મૂલ્યોનું પ્રમાણ તારવવું. (૩) કબીર રચિત સાખીઓમાં મૂલ્યનાં સંદર્ભમાં કબીરની માન્યતાઓનો અભ્યાસ કરવો.

પ્રસ્તુત સંશોધન અંગેની અપેક્ષિત માહિતી મેળવવા માટે બે પુસ્તકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

(૧) નાગેરી પ્રચારિણી સભા, કાશીનું ૧૦મું સંસ્કરણ 'કબીર વચનાવલી'

(૨) 'કબીર વચનાવલી'નું ગુજરાતી રૂપાંતરણ - પિનાકીન ત્રિવેદી અને રણધીર ઉપાધ્યાય અનુવાદિત.

અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) પ્રસ્તુત અભ્યાસ માટે 'કબીર વચનાવલી' સાહિત્યમાંથી જે મૂલ્યો અને જે પ્રકારના મૂલ્યોનો નિર્દેશ પ્રાપ્ત થયેલો છે, તેમાં મુખ્યત્વે આધ્યાત્મિક, નૈતિક, સામાજિક અને જૈવિક મૂલ્યોના વિભાગમાં મૂલ્યોનો નિર્દેશ પ્રાપ્ત થયેલો છે. (૨) આ અભ્યાસ દરમિયાન બીજું મહત્ત્વનું તારણ એ મળ્યું છે કે સૌથી વધુ પ્રતિનિધિત્વ આધ્યાત્મિક મૂલ્યોને પ્રાપ્ત થયું છે. (૩) કબીરના સાહિત્યમાં આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક કે વૈશ્વિક મૂલ્યોને કોઈ સ્થાન પ્રાપ્ત થયું નથી. (૪) અભ્યાસના તારણોમાં એ પણ જોવા મળે છે કે, જૈવિક પ્રકારના મૂલ્યોને સૌથી ઓછું અને નહિવત્ પ્રતિનિધિત્વ પ્રાપ્ત થયેલું છે. આની આવૃત્તિ માત્ર એક જ છે.

---

[૩૧] એલ. એસ. તલાપાત્ર, **'કબીરની સાખીઓમાં પ્રતિબિંબિત થતા મૂલ્યોનો અભ્યાસ'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્રભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૧૯૯૫.

ચાવડા (૧૯૯૫)[૩૨] એ ગિજુભાઈ બધેકા રચિત બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં ગુણ એ વિષય પર એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલો હતો.

અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) ગિજુભાઈની પ્રત્યેક બાળવાર્તામાં કયા કયા ગુણ નિષ્પન્ન થાય છે તે તપાસવું. (૨) ગિજુભાઈની બાળવાર્તાઓમાંથી એક કરતા વધુ ગુણ નિષ્પન્ન કરતી બાળવાર્તાઓ અલગ તારવવી. (૩) બાળકોમાં ખીલવી શકાય તેવા પ્રત્યેક ગુણ માટે આ બાળવાર્તાઓ પૈકી કઈ કઈ બાળવાર્તા ઉપયોગી બનશે તે તપાસવું. (૪) તજ્જ્ઞોના મતે બાળવાર્તાઓ દ્વારા બાળકોમાં ખીલવી શકાય તેવા ગુણોની યાદી સાથે આ બાળવાર્તાઓમાંથી નિષ્પન્ન થયેલા ગુણોની તુલના કરવી.

ગિજુભાઈ બધેકા રચિત બાળવાર્તાઓ ભાગ ૧ થી ૧૦નો આ અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) ગિજુભાઈ બધેકા રચિત બાળ વાર્તાઓમાંથી બાળકોના સંદર્ભમાં કુલ ૨૪ ગુણ નિષ્પન્ન થતા જોવા મળ્યા. જેમાં પ્રેમ, નમ્રતા, સંપ, સેવા, શ્રમ, વફાદારી, શ્રદ્ધા, સંતોષ વગેરે હતા. (૨) ગિજુભાઈ બધેકા રચિત કુલ ૯૭ વાર્તાઓ પૈકી એક કરતા વધુ ગુણ નિષ્પન્ન કરતી વાર્તાઓ કુલ ૪૭ હતી. (૩) બાળકોમાં ખીલવી શકાય તેવા ગુણોની સંખ્યા ૨૪ જોવા મળી હતી. (૪) એક કરતા વધુ બાળવાર્તાઓમાં પ્રદર્શિત થતા ગુણોની સંખ્યા કુલ ૧૨ હતી. (૫) બાળકોમાં તજ્જ્ઞોએ સૂચવેલ બાળવાર્તાઓ દ્વારા ખીલવી શકાય તેવા ૨૦ ગુણો હતા.

સોલંકી (૧૯૯૫)[૩૩]એ દર્શકની નવલકથાઓમાં શિક્ષણદર્શન પર એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલ હતો.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) નવલકથાઓમાં વ્યક્ત થયેલાં શિક્ષણનાં ધ્યેયો, શિક્ષણના કાર્યો, વિદ્યાર્થીઓના કાર્યો, ગુરુ-શિષ્ય સંબંધ,

[૩૨] આર. કે. ચાવડા, **'ગિજુભાઈ બધેકા રચિત બાળવાર્તાઓમાં નિષ્પન્ન થતાં ગુણ'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૧૯૯૫.

[૩૩] ટી. એમ. સોલંકી, **'દર્શકની નવલકથાઓમાં શિક્ષણદર્શન.'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૧૯૯૫.

અભ્યાસક્રમ, અધ્યયન - અધ્યાપન પ્રયુક્તિ, સંચાલન અને વહીવટ, પરીક્ષા તથા અન્ય બાબતો અંગે નિર્દેશ તારવવા. (૨) દર્શકની નવલકથાઓમાંના શિક્ષણ અંગેના વિવિધ નિર્દેશો ઉપરથી નિષ્પન્ન થતું તેમનું શિક્ષણદર્શન તારવવું. (૩) દર્શકનું શિક્ષણદર્શન શૈક્ષણિક તત્ત્વજ્ઞાનના કયા વાદ સાથે સંબંધ ધરાવે છે તે તપાસવું.

પ્રસ્તુત સંશોધન અંગેની આવશ્યક માહિતી મેળવવા દર્શક રચિત આઠ નવલકથાઓમાંથી સાત નવલકથાઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

આ અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) વિદ્યાર્થીનું આર્થિક, સામાજિક સ્તર ઊંચુ લાવવા તેને પરિશ્રમી બનાવવો, તેમનામાં સ્વતંત્ર વિચારશક્તિ અને સમાન દષ્ટિ વિકસે એ શિક્ષણનો હેતુ હોય. (૨) શિક્ષક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને પ્રેરણા આપે, સંસ્થા પ્રત્યે વફાદારી રાખે, પોતાના જ્ઞાનનો લાભ ગરીબ અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને આપે. (૩) વિદ્યાર્થીનું જીવન સાદું, આજ્ઞાંકિત, અભ્યાસનિષ્ઠા અને આદર્શ વ્યક્તિત્વની ઉપાસનાને વરેલું હોવું જોઈએ. (૪) શિષ્યને કર્મવાદ અને કર્મફળનો યોગ્ય અર્થ સમજાવી કેળવણી દ્વારા મુક્તિ અપાવવી. (૫) ગુરુઋણ અદા કરવાની વૃત્તિ હંમેશા હોય. (૬) શાળામાં શિષ્યને શિસ્તની તાલીમ આપવી. (૭) ગુરુ-શિષ્યે પરસ્પર સન્માનની ભાવના, સુખ-દુઃખમાં સહભાગી થવાની ભાવના રાખવી. (૮) અભ્યાસક્રમ દ્વારા સર્વાંગી વિકાસ તરફ ધ્યાન આપવું. (૯) વ્યાવહારિક ઉદાહરણો દ્વારા શિક્ષણકાર્ય, તેમાં રમતગમત અને તંદુરસ્ત હરિફાઈને મહત્ત્વ આપવું જોઈએ. (૧૦) વિદ્યાલયોના ધ્યેયો સ્પષ્ટ હોવા જોઈએ.

ખાણિયા (૧૯૯૯)[૩૪] એ પંચતંત્રની વાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો અંગે એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલ હતો.

અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) પંડિત વિષ્ણુ શર્મા રચિત પંચતંત્રની વાર્તાઓમાંથી કયા કયા મૂલ્યો નિષ્પન્ન થાય છે તે તપાસવું. (૨) પંડિત વિષ્ણુ શર્મા રચિત પંચતંત્રની વાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોના પેટા પ્રકાર જાણવા. (૩) વિદ્યાર્થીઓમાં ખીલવી શકાય તેવાં અને ઉપયોગી બને એવાં મૂલ્યનિર્દેશો

---

[૩૪] કે. ડી. ખાણિયા, **'પંચતંત્રની વાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો.'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૧૯૯૯.

પંડિત વિષ્ણુશર્મા રચિત પંચતંત્રની વાર્તાઓમાંથી તારવવા. (૪) પંડિત વિષ્ણુશર્મા રચિત વાર્તાઓના મૂલ્યનિર્દેશની વાર્તાઓના વિષયવસ્તુ સાથે સુસંગતતા તપાસવી.

સંશોધકે સંસ્કૃત સાહિત્યના વિદ્વાન અને વાર્તાકાર પંડિત વિષ્ણુશર્મા રચિત પંચતંત્રની કુલ ૪૦ વાર્તાઓનો અભ્યાસ કરી માહિતી પ્રાપ્ત કરી હતી.

અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) વિદ્યાર્થી હંમેશા બળ કરતાં બુદ્ધિને વધુ મહત્ત્વ આપતો હોવો જોઈએ. (૨) વિદ્યાર્થીને આપત્તિના સમયે કે મુશ્કેલીમાં અન્યને મદદરૂપ થવું જોઈએ. (૩) વિદ્યાર્થીએ શરીર, ઈન્દ્રિય અને મનને કાબુમાં રાખીને લાલચ વગર જીવન વ્યવહાર કરવો જોઈએ. (૪) વિદ્યાર્થીએ અન્ય વ્યક્તિ પ્રત્યેની સદ્ભાવના અને તેમના પર પ્રેમભાવ રાખવો જોઈએ. (૫) વિદ્યાર્થીએ જીવનમાં ભૌતિક બાબતોનો ત્યાગ કરી આધ્યાત્મિક બનવું જોઈએ.

કનેરિયા (૨૦૦૦)[૩૫] એ ભર્તૃહરિકૃત નીતિશતકમાં વ્યક્ત થતાં મૂલ્યોનો એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલો હતો.

અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) ભર્તૃહરિના નીતિશતકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનું વર્ગીકરણ સ્પષ્ટ કરવું. (૨) ભર્તૃહરિકૃત નીતિશતકમાં મૂલ્યના સંદર્ભમાં ભર્તૃહરિની માન્યતાઓનો અભ્યાસ કરવો. (૩) મૂલ્યોના વર્ગીકરણના સંદર્ભમાં ભર્તૃહરિના નીતિશતકમાં વણાયેલાં મૂલ્યોનાં વર્ગીકરણનો નિર્દેશ કરવો.

ભર્તૃહરિકૃત નીતિશતકમાં સમાવિષ્ટ બધા (૧૧૦) શ્લોકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) પ્રસ્તુત અભ્યાસ માટે ભર્તૃહરિકૃત નીતિશતકમાં જે મૂલ્યો અને પેટામૂલ્યોનો નિર્દેશ જોવા મળેલ છે તેમાં મુખ્યત્વે આધ્યાત્મિક, વ્યક્તિગત, સામાજિક, નૈતિક, સાંસ્કૃતિક અને આર્થિક મૂલ્યો હતાં. (૨) આધ્યાત્મિક મૂલ્ય તરીકે ઈ√ર ભક્તિ, જ્ઞાન મહિમા, પારભૌતિક સામર્થ્ય, આધ્યાત્મિક ડહાપણ, સત્સંગ, મૃત્યુ પરત્વેની નીડરતા વગેરે પેટામૂલ્યો જોવા મળ્યા. તેમાં ૧૪ પેટામૂલ્યો અને ૪૯ શ્લોકોનો સમાવેશ થાય છે. (૩) બીજા ક્રમે

---

[૩૫] એન. એમ. કનેરિયા,, **'ભર્તૃહરિકૃત નીતિશતકમાં વ્યક્ત થતાં મૂલ્યોનો અભ્યાસ'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૨૦૦૦.

વ્યક્તિગત મૂલ્ય છે. તેમાં ૧૪ પેટામૂલ્યો અને ૩૭ શ્લોકોનો સમાવેશ થાય છે. પેટામૂલ્યોમાં સવિશેષ સ્થાન ઈન્દ્રિય પર કાબુ મૂલ્યને પ્રાપ્ત થયેલું હતું. (૪) ત્રીજા ક્રમે નૈતિક મૂલ્ય છે. જેમાં ૧૦ પેટામૂલ્યો અને ૧૭ શ્લોકોનો સમાવેશ થયો હતો. પેટામૂલ્યોમાં નીતિમય વ્યવહાર અને વિવેકબુદ્ધિને સમાન સ્થાન પ્રાપ્ત થયું હતું. (૫) ચોથા ક્રમે સામાજિક મૂલ્ય છે. ૩ પેટામૂલ્યો અને ૯ શ્લોકોનો સમાવેશ થયેલો હતો. પેટામૂલ્યોમાં લોકસેવા મૂલ્યને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. (૬) પાંચમા ક્રમે સાંસ્કૃતિક મૂલ્ય આવેલું છે. તેમાં ૩ શ્લોકોનો સમાવેશ થયેલો હતો. પેટામૂલ્યોનું શ્લોકની દષ્ટિએ સમાન સ્થાન રહેલું હતું. (૭) છઠ્ઠા ક્રમે રાષ્ટ્રીય મૂલ્ય રહેલું હતું. જેમાં ૨ પેટામૂલ્યોમાં રાષ્ટ્રીયતાને મહત્ત્વ આપેલું હતું. (૮) છેલ્લા ક્રમે આર્થિક મૂલ્ય રહેલું હતું. ૧ પેટામૂલ્ય અને ૨ શ્લોકોનો સમાવેશ થયો હતો.

અગ્રાવતે (૨૦૦૦)[૩૬] હિતોપદેશની વાર્તાઓમાં આવરાયેલા મૂલ્યોનો એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલ હતો.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) હિતોપદેશની પ્રત્યેક વાર્તામાં આવરાયેલા મૂલ્યો અને તેના પ્રકાર ઓળખવા તેમજ વર્ગીકરણ સ્પષ્ટ કરવું. (૨) આ વાર્તામાં આવરાયેલો બોધ-સંદેશ અને રજૂ થયેલા પાત્રો સાથે જોડાયેલાં ગુણ લક્ષણો તારવવા.

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે પંડિત નારાયણ ભટ્ટ રચિત હિતોપદેશની તેતાલીસ (૪૩) વાર્તાઓ પસંદ કરી હતી.

આ અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) હિતોપદેશની વાર્તાઓમાંથી મુખ્ય છ પ્રકારના મૂલ્યો પ્રાપ્ત થયાં હતાં. ૧. વ્યક્તિગત મૂલ્ય, ૨. સામાજિક મૂલ્ય ૩. સાંસ્કૃતિક મૂલ્ય, ૪. નૈતિક મૂલ્ય ૫. રાષ્ટ્રીય મૂલ્ય, ૬. આધ્યાત્મિક મૂલ્ય. (૨) કાગડાને મિત્રતા, સહકાર, ચતુરાઈ, લુચ્ચાઈ જેવાં ગુણલક્ષણોયુક્ત દર્શાવવામાં આવ્યો હતો. રાજાને ન્યાયપ્રિય, પોતાની પ્રજા પ્રત્યે પ્રેમ-મમતા ધરાવનાર વગેરે જેવા ગુણ લક્ષણોયુક્ત દર્શાવવામાં આવેલો હતો.

---

[૩૬] કે. બી. અગ્રાવત, **'હિતોપદેશની વાર્તાઓમાં આવરાયેલા મૂલ્યો'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૨૦૦૦.

જોષી (૨૦૦૨)[૩૭]એ માધ્યમિક શાળાઓના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં મૂલ્યનિર્દેશ અને તેમની કૃતિઓના અધ્યાપન માટે મૂલ્ય પરખ મોડેલની અસરકારકતા અંગે પીએચ.ડી. કક્ષાએ અભ્યાસ હાથ ધરેલ હતો.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) ધોરણ ૮, ૯ અને ૧૦ ગુજરાતી પાઠ્યપુસ્તકના પાઠ્યક્રમમાં થયેલાં વિવિધ મૂલ્યોનાં નિર્દેશનો અભ્યાસ કરવો. (૨) પસંદિત પાંચ મૂલ્યો માનવતા, રાષ્ટ્રીયતા, જુસ્સો, પ્રકૃતિપ્રેમ અને અન્યની લાગણીનો સ્વીકારના સંદર્ભમાં મૂલ્ય ઓળખ અને મૂલ્ય નિર્ણય વિકસાવવા પરંપરાગત શિક્ષણ મોડેલ દ્વારા મૂલ્યોના શિક્ષણ માટે કાર્યક્રમની સંરચના કરવી. (૩) પસંદિત પાંચ મૂલ્યો માનવતા, રાષ્ટ્રીયતા, જુસ્સો, પ્રકૃતિપ્રેમ અને અન્યની લાગણીનો સ્વીકારના સંદર્ભમાં મૂલ્ય ઓળખ અને મૂલ્ય નિર્ણય વિકસાવવા મૂલ્ય પરખ મોડેલ દ્વારા મૂલ્યોના શિક્ષણ માટે કાર્યક્રમની સંરચના કરવી. (૪) પસંદિત પાંચ મૂલ્યો માનવતા, રાષ્ટ્રીયતા, જુસ્સો, પ્રકૃતિપ્રેમ અને અન્યની લાગણીનો સ્વીકારના સંદર્ભમાં મૂલ્ય ઓળખ અને મૂલ્ય નિર્ણય માટે મૂલ્ય પરખ મોડેલ અને પરંપરાગત શિક્ષણ મોડેલની અસરકારકતા તપાસવી.

અભ્યાસ માટે ધોરણ ૮, ૯ અને ૧૦ના ગુજરાતી પાઠ્યપુસ્તકો પસંદ કરવામાં આવ્યાં હતાં.

અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) ધોરણ ૮ના પાઠ્યપુસ્તકના વિષયવસ્તુ માટે મૂલ્યનિર્દેશ અંગે તજ્જ્ઞીય અભિપ્રાય મેળવ્યા. ૫૪ કૃતિઓમાં ૧૫ મૂલ્યનિર્દેશ તજ્જ્ઞોએ ઓળખી બતાવ્યા. (૨) ધોરણ ૯ના પાઠ્યપુસ્તકના વિષયવસ્તુની ૫૬ કૃતિઓ ૧૬ મૂલ્યનિર્દેશ મળેલ. (૩) ધોરણ ૧૦ના પાઠ્ય પુસ્તકના વિષયવસ્તુની ૬૫ કૃતિઓ માટે ૧૭ મૂલ્યનિર્દેશ મળેલ.

આ મૂલ્યો આ પ્રમાણે હતાં. (૧) માનવતા, (૨) પ્રભુપ્રેમ, (૩) અન્યની લાગણીનો સ્વીકાર, (૪) પ્રકૃતિપ્રેમ, (૫) સત્ય, (૬) સ્વાતંત્ર્ય, (૭) રાષ્ટ્રીયતા, (૮) ન્યાય, (૯) વૈજ્ઞાનિક દષ્ટિબિંદુ (૧૦) જુસ્સો (૧૧) સખત મહેનત (૧૨)

---

[૩૭] ડી. એચ. જોષી, **'માધ્યમિક શાળાના ગુજરાતીના પાઠ્યપુસ્તકોમાં નિર્દેશ અને તેની કૃત્તિઓના અધ્યાપન માટે મૂલ્યપરખ મોડેલની અસરકારકતા'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૨૦૦૨.

અહિંસા, (૧૩) બિનસાંપ્રદાયિકતા (૧૪) સ્વચ્છતા, (૧૫) સહકાર, (૧૬) લોકસેવા, (૧૭) બાહ્ય આડંબર.

પસંદિત મૂલ્યોની ઓળખ અને મૂલ્યપરખ વિકસાવવા માટે કેટલાક મૂલ્યોની બાબતમાં પરંતરાગત મોડેલ કરતા મૂલ્યપરખ મોડેલ વધુ અસરકારક સાબિત થયું. બન્ને મોડેલ શિક્ષણ માટે વધુ યોગ્ય સાબિત થયા.

તડવી (૨૦૦૪)[૩૮] એ માધ્યમિક શાળાના અભ્યાસક્રમના સંસ્કૃતના સુભાષિતોના મૂલ્યોની ઓળખ અને વર્ગીકરણ એ વિષય પર એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધર્યો હતો.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) ધોરણ ૮, ૯ અને ૧૦ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં રજૂ થયેલા સુભાષિતોમાં પ્રતિબિંબિત મૂલ્યોને ઓળખવા (૨) ધોરણ ૮, ૯ અને ૧૦ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં રજૂ થયેલા સુભાષિતોમાં પ્રતિબિંબિત મૂલ્યોનો પ્રકાર જાણવો. (૩) ધોરણ ૮, ૯ અને ૧૦ના સંસ્કૃત પાઠ્યપુસ્તકમાં રજૂ થયેલા સુભાષિતોમાં પ્રતિબિંબિત સંદેશ (ઉપદેશ) તારવવો.

આ અભ્યાસમાં નમૂના તરીકે ધોરણ ૮, ૯ અને ૧૦ના સંસ્કૃત પાઠ્ય પુસ્તકો પસંદ કરવામાં આવ્યાં હતાં.

આ અભ્યાસના તારણો નીચે મુજબ હતાં. (૧) માધ્યમિક શાળાના સંસ્કૃતના પાઠ્યપુસ્તકમાં સુભાષિતોમાં જે મૂલ્ય અને પેટામૂલ્ય જોવા મળેલ તેમાં મુખ્યત્વે વ્યક્તિગત, આધ્યાત્મિક, નૈતિક, સાંસ્કૃતિક, સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યો હતાં. (૨) ધોરણ ૮માં પ્રથમ સ્થાને વ્યક્તિગત મૂલ્ય, બીજા સ્થાને આધ્યાત્મિક મૂલ્ય, ત્રીજા સ્થાને સાંસ્કૃતિક મૂલ્ય, ચોથા સ્થાને રાષ્ટ્રીય મૂલ્ય, પાંચમાં સ્થાને સામાજિક મૂલ્ય પ્રાપ્ત થયેલ. જેમાં પેટામૂલ્યો ૧૬ અને સુભાષિતો ૧૭ હતાં (૩) ધોરણ ૯માં પ્રથમ સ્થાને વ્યક્તિગત મૂલ્ય, બીજા સ્થાને આધ્યાત્મિક મૂલ્ય, ત્રીજા સ્થાને નૈતિક મૂલ્ય, ચોથા સ્થાને સામાજિક મૂલ્ય અને પાંચમાં સ્થાને રાષ્ટ્રીય મૂલ્ય પ્રાપ્ત થયેલ જેમાં પેટામૂલ્ય ૧૯ અને

---

[૩૮] આર. પી. તડવી, **'માધ્યમિક શાળાના અભ્યાસક્રમના સંસ્કૃતના સુભાષિતોના મૂલ્યોની ઓળખ અને વર્ગીકરણ'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૨૦૦૪.

સુભાષિતો ૨૫ હતા. (૪) ધોરણ ૧૦માં પ્રથમ સ્થાને વ્યક્તિગત મૂલ્ય, બીજા સ્થાને આધ્યાત્મિક અને ત્રીજા સ્થાને નૈતિક મૂલ્ય પ્રાપ્ત થયેલ. જેમા પેટામૂલ્ય ૧૫ અને સુભાષિતો ૧૮ હતાં.

ચૌધરી (૨૦૦૬)[૩૯] એ ધોરણ સાતના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં મૂલ્યનિર્દેશ અને તેમની કૃતિઓના અધ્યાપન માટે મૂલ્ય સ્પષ્ટીકરણ કાર્યક્રમની અસરકારકતા અંગે એમ.એડ્. કક્ષાએ અભ્યાસ હાથ ધર્યો હતો.

આ અભ્યાસના હેતુઓ આ મુજબ હતાં. (૧) ધોરણ સાતના ગુજરાતી પાઠ્યપુસ્તકના પાઠ્યક્રમમાં વિવિધ મૂલ્યોના નિર્દેશનો અભ્યાસ કરવો. (૨) પસંદ કરેલા મૂલ્યો અંગેની વિદ્યાર્થીઓની મૂલ્ય ઓળખ જાણવી. (૩) પસંદ કરેલા મૂલ્યોની મૂલ્ય ઓળખ વિકસાવવા મૂલ્ય સ્પષ્ટીકરણ કાર્યક્રમથી પરિચિત થવું. (૪) પસંદ કરેલા મૂલ્યોની મૂલ્યઓળખ વિકસાવવાની શિક્ષણ કાર્યક્રમની અસરકારકતા તપાસવી.

સંશોધકે આ અભ્યાસ માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે પ્રકાશિત કરેલ ધોરણ સાતના ગુજરાતી પાઠ્યપુસ્તકને નમૂના તરીકે પસંદ કર્યું હતું.

અભ્યાસના તારણો આ પ્રમાણે હતાં. (૧) ધોરણ સાતના પાઠ્યપુસ્તકના વિષયવસ્તુ માટે મૂલ્યનિર્દેશ અંગે તજ્જ્ઞીય અભિપ્રાય મેળવ્યા. કુલ ૧૯ કૃતિઓ માટે ૧૧ મૂલ્યનિર્દેશ મળ્યા. ૧. ઈ✓રપ્રેમ, ૨. સહનશક્તિ, ૩. સત્ય, ૪. રાષ્ટ્રીયતા, ૫. પ્રકૃતિપ્રેમ, ૬. માતૃપ્રેમ, ૭. માનવતા, ૮. લોકસેવા, ૯. વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ, ૧૦. સખત મહેનત ને ૧૧. ક્ષમા, (૨) બે મૂલ્યો – માનવતા અને પ્રકૃતિપ્રેમની ઓળખશક્તિ પર ધોરણ સાતના વિદ્યાર્થીઓને પસંદ કરી મૂલ્યપરખ મોડેલની અસરકારકતા તપાસવામાં આવી. ધોરણ સાતના વિદ્યાર્થીઓને મોડેલ દ્વારા અધ્યાપનકાર્ય બાદ માનવતા અને પ્રકૃતિપ્રેમ એ બે મૂલ્યોને વિદ્યાર્થીઓએ વધુ પસંદ કર્યા હતાં.

---

[૩૯] કે. એ. ચૌધરી, **'ધોરણ સાતના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં મૂલ્યનિર્દેશ અને તેમની કૃતિઓના અધ્યાપન માટે મૂલ્ય સ્પષ્ટીકરણ કાર્યક્રમની અસરકારકતા'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૨૦૦૬.

પરમારે (૨૦૦૪)[૪૦] 'કાકાસાહેબ કાલેલકરના નિબંધો : ભારતીયતાના સંદર્ભે' એ શીર્ષક હેઠળ એમ.ફિલ. કક્ષાએ અભ્યાસ હાથ ધર્યો હતો.

આ અભ્યાસનો મુખ્ય હેતુ કાકાસાહેબ કાલેલકરના નિબંધોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવાનો હતો.

કાકાસાહેબ કાલેલકર રચિત નિબંધસંગ્રહો પૈકી 'હિમાલયનો પ્રવાસ', 'જીવનનો આનંદ', 'પરમસખા મૃત્યુ', 'જીવનલીલા' અને 'જીવન સંસ્કૃતિ' - પાંચ નિબંધસંગ્રહોનો પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસ પરથી એમ કહી શકાય કે 'હિમાલયનો પ્રવાસ' નિબંધસંગ્રહમાં તીર્થસ્થાન, વિશિષ્ટ ખ્યાલો અને માન્યતાઓ, પશુપ્રેમ, નારી પ્રતિષ્ઠા, ભારતીય તહેવારો - ઉત્સવો - મેળાઓ, વિવિધ કલાઓ, પ્રતીક અને સાધુસંતો એમ ભારતીય સંસ્કૃતિની કુલ આઠ લાક્ષણિકતાઓ વણાયેલી છે.

'જીવનનો આનંદ' નિબંધસંગ્રહમાં માનવેત્તર સૃષ્ટિ સાથે પ્રેમસંબંધ, આધ્યાત્મિકતા, સમભાવ, પર્વ, પ્રકૃતિપ્રેમ તથા 'પરમસખા મૃત્યુ' નિબંધસંગ્રહમાં મૃત્યુ, પુનર્જન્મનો ખ્યાલની ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવામાં આવી હતી.

'જીવનલીલા' નિબંધસંગ્રહમાં ભારતીય સંસ્કૃતિની જે લાક્ષણિકતાઓ જોવા મળે છે તેમાં નદી સાથે આત્મીય સંબંધ, કૃતજ્ઞતા, તીર્થસ્થાન, વિધિ-સંસ્કાર, વિશિષ્ટ ખ્યાલ, નદી પ્રત્યેની ભક્તિનો સમાવેશ થાય છે.

'જીવન સંસ્કૃતિ' નિબંધસંગ્રહમાં જોવા મળતી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ આ પ્રમાણે હતી. પશુપ્રેમ-પ્રકૃતિપ્રેમ, તિતિક્ષાવૃત્તિ, બિનસાંપ્રદાયિક્તા, ક્ષમા અને હિન્દુધર્મના સિદ્ધાંતો.

જાદવે (૨૦૦૪)[૪૧] 'ભારતીયતા : ગુજરાતી નવલકથાના સંદર્ભમાં' એ વિષય અંતર્ગત પીએચ.ડી.કક્ષાએ અભ્યાસ હાથ ધર્યો હતો.

---

[૪૦] ડી. એન. પરમાર, **'કાકાસાહેબ કાલેલકરના નિબંધો : ભારતીયતાના સંદર્ભે'**, એમ.ફિલ. (અપ્રકાશિત), ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૨૦૦૬.

[૪૧] એસ. કે. જાદવ, **'ભારતીયતા : ગુજરાતી નવલકથાના સંદર્ભમાં'**, પીએચ.ડી. (અપ્રકાશિત) શોધનિબંધ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૨૦૦૪.

આ અભ્યાસનો મુખ્ય હેતુ ગુજરાતી નવલકથાઓમાં વ્યક્ત થયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવાનો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં ગોવર્ધનરામ ત્રિપાઠી (૧ નવલકથા), ક. મા. મુનશી (૧૦ નવલકથાઓ), ઝવેરચંદ મેઘાણી (૪ નવલકથાઓ), દર્શક (૫ નવલકથાઓ) અને ભગવતીકુમાર શર્મા (૩ નવલકથાઓ)ની કુલ ૨૮ નવલકથાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ નવલકથામાં સામાજિક, ઐતિહાસિક કે પૌરાણિક નવલકથા પૈકીની કોઈ એક હતી.

પરમારે (૨૦૦૭)[૪૨] ધોરણ દસના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ પર એમ.એડ્. કક્ષાએ સંશોધન હાથ ધર્યું હતું.

આ અભ્યાસના હેતુઓ આ મુજબ હતાં. (૧) ધોરણ દસના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના પદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ સમાયેલી છે તે તપાસવું. (૨) ધોરણ દસના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ તારવવું. (૩) ધોરણ દસના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં ગદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં ભારતીય સંસ્કૃતિની કઈ-કઈ લાક્ષણિકતાઓ સમાવિષ્ટ છે તે તપાસવું. (૪) ધોરણ દસના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ તારવવું. (૫) ધોરણ દસના ગુજરાતી વિષયના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ આવરાયેલી છે, તેમજ કઈ કઈ લાક્ષણિકતાઓ વણસ્પર્શી રહી છે તે તપાસવું.

સંશોધકે પ્રસ્તુત અભ્યાસ માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ દસ (જૂન ૨૦૦૬થી અમલી બનેલ)ના પાઠ્યપુસ્તકને નમૂના તરીકે પસંદ કરી માહિતી મેળવી હતી.

આ અભ્યાસ પરથી મળેલ તારણો આ પ્રમાણે હતાં. (૧) ધોરણ દસના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાંથી ભારતીય સંસ્કૃતિની આઠ લાક્ષણિકતાઓ – ૧. જ્ઞાનની ઉપાસના / મહિમા, ૨. નારીસ્વરૂપ, ૩. આદર્શોનું મહત્ત્વ, ૪.

[૪૨] ડી. એન. પરમાર, **'ધોરણ દસના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ'**, એમ.એડ્. (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ : ૨૦૦૭.

મૃત્યુનો મહિમા, ૫. સાધુસંતો, ૬. ગુરુ-શિષ્ય સંબંધ, ૭. જીવનમૂલ્યોનું અનુસરણ અને આધ્યાત્મિકતાનો સમાવેશ થયો હતો. (૨) પદ્યવિભાગના સ્વાધ્યાયોમાં મૃત્યુનો મહિમા સિવાયની ઉપરોકત સાત લાક્ષણિકતાઓ જોવા મળી. (૩) પદ્યવિભાગમાં સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતા આધ્યાત્મિકતા હતી, જેની સંખ્યા છ(૬) હતી. (૪) પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની ૧. જ્ઞાનની ઉપાસના/મહિમા, ૨. માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, ૩. નારી સ્વરૂપ ૪. આદર્શોનું મહત્ત્વ ૫. બિનસાંપ્રદાયિક્તા ૬. સામાજિક સમાનતા અને સમભાવ, ૭. આધ્યાત્મિકતા, ૮. કેટલાક વિશિષ્ટ ખ્યાલો, ૯. અવતાર કલ્પના, ૧૦. માનવતા – દસ લાક્ષણિકતાઓનો સમાવેશ થયો હતો. (૫) ગદ્યવિભાગના સ્વાધ્યાયમાં ઉપરોકત (ગદ્યવિભાગમાં રહેલી, કેટલાક વિશિષ્ટ ખ્યાલો, અવતાર કલ્પના અને માનવતાં સિવાયની) સાત લક્ષણિકતાઓ હતી. (૬) પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતાઓ માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ અને આધ્યાત્મિકતા હતી, જેની સંખ્યા ૮ હતી. (૭) સમગ્ર પાઠ્ય પુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કુલ ચૌદ લાક્ષણિકતાઓ પ્રાત થઈ હતી અને (૮) આ અભ્યાસમાં નક્કી કરવામાં આવેલી ૩૫ લાક્ષણિકતાઓ પૈકી ૨૧ લાક્ષણિકતાઓ પાઠ્યપુસ્તકને વણસ્પર્શી રહી હતી.

## ૨.૩.૧ સંબંધિત સંશોધનોના સારાંશો પરથી સમીક્ષા

સમીક્ષા કરવા માટે પસંદ કરાયેલા ઉપર્યુક્ત ૧૫ સંબંધિત સંશોધનો પૈકી (૧૧) એમ.એડ્. કક્ષાના, ત્રણ (૩) પીએચ.ડી. કક્ષાના તથા એક (૧) એમ.ફિલ. કક્ષાનાં સંશોધનો હતાં. આ સંશોધનો ૧૯૭૯થી ૨૦૦૭ના સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવ્યાં હતાં.

પ્રસ્તુત સંશોધન સારાંશોમાં દસ (૧૦) સંશોધનો મૂલ્ય સાથે સંબંધિત (રાવળ -૧૯૭૯, રાવલ-૧૯૮૫, તલાપાત્ર-૧૯૯૫, ચાવડા-૧૯૯૫, ખાણિયા-૧૯૯૯, કનેરિયા-૨૦૦૦, અગ્રાવત-૨૦૦૦, જોષી-૨૦૦૨, તડવી-૨૦૦૪ અને ચૌધરી-૨૦૦૬); એક (૧) સંશોધન શિક્ષણદર્શન સાથે સંબંધિત (સોલંકી-૨૦૦૫), એક (૧) સંશોધન વિવેચન સંબંધિત (પટેલ-૧૯૮૭) અને ત્રણ (૩) સંશોધનો ભારતીય સંસ્કૃતિ સાથે સંબંધિત (પરમાર-૨૦૦૪, જાદવ-૨૦૦૪, પરમાર-૨૦૦૭) હતાં.

મૂલ્ય સાથે સંબંધિત સંશોધનોમાં જે પુસ્તકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો, તેમાં પાઠ્યપુસ્તકો (રાવળ-૧૯૭૯), (રાવલ-૧૯૮૫), કબીરની સાખીઓ (તલાપાત્ર-૧૯૯૫), ગિજુભાઈની બાળવાર્તાઓ (ચાવડા-૧૯૯૫), પંચતંત્રની બાળ વાર્તાઓ (ખાણિયા-૧૯૯૯), ભર્તૃહરિકૃત નીતિશતક (કનેરિયા-૨૦૦૦), હિતોપદેશની વાર્તાઓ (અગ્રાવત-૨૦૦૦) અને સંસ્કૃતના સુભાષિતો (તડવી-૨૦૦૪)નો સમાવેશ થયેલો હતો. વિવેચન સંબંધિત સંશોધનમાં પાઠ્ય પુસ્તક (પટેલ-૧૯૮૬-૮૭)નો અભ્યાસ કરવામાં આવ્યો હતો. શિક્ષણદર્શન સંબંધિત સંશોધનમાં દર્શકની નવલકથાઓ (સોલંકી-૧૯૯૫)નો તથા ભારતીય સંસ્કૃતિ અંગેના સંશોધનોમાં કાકાસાહેબ કાલેલકરના નિબંધો (પરમાર-૨૦૦૪), ગુજરાતી નવલકથાઓ (જાદવ-૨૦૦૪) અને પાઠ્યપુસ્તક (પરમાર-૨૦૦૭)નો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

અભ્યાસ કરવામાં આવેલ સંબંધિત સંશોધનો પૈકી બધા સંશોધનોમાં ગુણાત્મક સંશોધન પદ્ધતિથી અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બે સંશોધનોમાં ગુણાત્મક તથા પ્રાયોગિક સંશોધન પદ્ધતિ (જોષી-૨૦૦૨ અને ચૌધરી-૨૦૦૬) પણ ઉપયોગમાં લેવામાં આવી હતી.

## ૨.૩.૨ પ્રસ્તુત સંશોધન કાર્યની વિશેષતા

પૂર્વે થયેલા અભ્યાસોમાં મૂલ્યશિક્ષણ અંગે મોટાભાગના સંશોધનો હાથ ધરાયા હતાં. મૂલ્ય એ ભારતીય સંસ્કૃતિની વિવિધ લાક્ષણિકતાઓ પૈકીની એક લાક્ષણિકતા છે. પરંતુ શિક્ષણશાસ્ત્રમાં પીએચ.ડી. કક્ષાએ હજુ સુધી સમગ્ર ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં સંશોધન બિલકુલ હાથ ધરાયું જ નથી. આથી પીએચ.ડી. કક્ષાએ વણસ્પર્શ્યા રહેલા આ સંશોધનકાર્યનું મહત્ત્વ સમજી પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

ભૂતકાળમાં થયેલા સંશોધનોમાં પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ વિષયવસ્તુ અંગે જ અભ્યાસો થયા હતાં, જયારે પ્રસ્તુત અભ્યાસમાં પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ વિષયવસ્તુ ઉપરાંત સ્વાધ્યાયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

પીએચ.ડી. કક્ષાએ ગુણાત્મક સંશોધનોનું પ્રમાણ ઓછું હતું. આથી પ્રસ્તુત અભ્યાસમાં વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ અજમાવી ગુણાત્મક સંશોધન હાથ ધર્યું હતું.

# પ્રકરણ-૩

# સંશોધન યોજના અને તેના આધારો

# પ્રકરણ-૩
# સંશોધન યોજના અને તેના આધારો

## ૩.૧ પ્રાસ્તાવિક

અભ્યાસકે પોતાનું સંશોધનકાર્ય શી રીતે હાથ ધર્યું એ અંગેની વિસ્તૃત વિગત રજૂ કરવાની હોય છે, જેથી ભાવિ સંશોધકોને દિશાસૂચન મળી રહે. પ્રસ્તુત પ્રકરણમાં પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ માટે હાથ ધરેલ કાર્યયોજનાની વિગતપૂર્ણ રજૂઆત કરેલ છે. જેમાં અભ્યાસનું વ્યાપવિ✓, વ્યાપવિ✓માંથી કરેલી નમૂના પસંદગી, સંશોધન પદ્ધતિ, માહિતી મેળવવા માટે ઉપકરણ, ઉપકરણ દ્વારા કરેલું માહિતી એકત્રીકરણ, પ્રાપ્ત થયેલી મહિતી અને તેનું સ્વરૂપ અને માહિતી પૃથક્કરણ પ્રવિધિનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૩.૨ વ્યાપવિ✓

પ્રયોગ જે નમૂના પર કરવામાં આવે છે તે એકમના મૂળભૂત સમૂહને વ્યાપવિ✓ કહેવાય. પ્રયોજક વ્યાપવિ✓ને સારી રીતે વ્યાખ્યાયિત કરે તો તે પોતાના સંશોધન માટે કયા, કેવા અને કેટલા એકમ પસંદ કરવા તે નક્કી કરી શકે. તેના પરથી વ્યાપવિ✓ના લક્ષણોને પ્રતિબિંબિત કરતો નમૂનો પસંદ કરી શકાય.

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિ✓ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા રચાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના (ધોરણ ૧૧ તેમજ ૧૨ના) ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકો હતા.

## ૩.૩ નમૂના પસંદગી

નમૂનો એટલે વ્યાપવિ✓માંથી પસંદ કરેલા એકમોનું જૂથ કે જે વ્યાપવિ✓નું પ્રતિનિધિત્વ કરતું હોય. પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર વ્યાપવિ✓ને જ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યું. ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-૧૧ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકની કુલ કૃતિઓ જેમાં પદ્યવિભાગના ૨૩ કાવ્યો અને ગદ્યવિભાગના કુલ ૧૯ પાઠો તથા તે દરેક સ્વાધ્યાય તેમજ ધોરણ ૧૨ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકની કુલ ૪૦ કૃતિઓ જેમાં પદ્યવિભાગના કુલ ૨૧ કાવ્યો તથા

ગદ્યવિભાગના કુલ ૧૯ પાઠો અને દરેકના સ્વાધ્યાયને આ સંશોધનમાં નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં.

## ૩.૪ સંશોધન પદ્ધતિ

સંશોધકે પોતાના અભ્યાસની ઉત્કલ્પનાઓ ચકાસવા કે અભ્યાસના પ્રશ્નોના જવાબ મેળવવા પોતાના સંશોધનને અનુરૂપ એક કે એકથી વધુ સંશોધન પદ્ધતિઓનો ઉપયોગ કરવાનો હોય છે.

ઉચાટ તેમના પુસ્તક 'સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ'માં સંશોધન પદ્ધતિનો અર્થ આ પ્રમાણે આપે છે.

"સંશોધન સમસ્યાનું ચોક્કસાઈપૂર્વક સ્પષ્ટીકરણ થઈ ગયા બાદ સંશોધક અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી મેળવવાના સંદર્ભમાં વિશિષ્ટ કાર્યો કરે છે, જેને સંશોધન પદ્ધતિ કહી શકાય."[1]

સંશોધન પદ્ધતિના મુખ્ય ત્રણ પ્રકારો છે. ઐતિહાસિક સંશોધન પદ્ધતિ, વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અને પ્રાયોગિક સંશોધન પદ્ધતિ.

જો સંશોધન ભૂતકાળમાં બનેલી ઘટનાઓના સંદર્ભમાં હોય તો સંશોધક ઐતિહાસિક પદ્ધતિનો ઉપયોગ કરે છે. સંશોધનનો હેતુ વર્તમાન સમયમાં અસ્તિત્વમાં હોય તેવા બનાવો માટે વર્ણન અને અર્થઘટન કરવા માટેનો હોય તો સંશોધક વર્ણનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરે છે. વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓના વિભાગમાં એકથી વધુ પદ્ધતિઓ છે. જેનું વિસ્તૃત વર્ગીકરણ આ પ્રમાણે સૂચવી શકાય.

**વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓ**

- સર્વેક્ષણ પદ્ધતિ
- વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ
- સંબંધાત્મક પદ્ધતિઓ
  - વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ
  - કારણ-તુલનાત્મક પદ્ધતિ
  - સહસંબંધલક્ષી પદ્ધતિ
- વિકાસાત્મક પદ્ધતિઓ
  - સળંગાત્મક પદ્ધતિ
  - આડછેદી પદ્ધતિ

---

[1] ડી. એ. ઉચાટ, **'સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ'**, પ્રથમ આવૃત્તિ – માર્ચ ૨૦૦૦, પૃ.૧૦

જો સંશોધકનો હેતુ નિયંત્રિત પરિસ્થિતિ હેઠળ ચોકસાઈપૂર્વક તૈયાર કરાયેલ માવજત લગાડવાથી તેની શી અસર થાય છે તે તપાસવાનો હોય તો સંશોધક પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કરે છે.

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકનો હેતુ ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોનો ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. અભ્યાસનો હેતુ અને વ્યાપના સંદર્ભમાં પ્રસ્તુત સંશોધનમાં સંશોધન પદ્ધતિ તરીકે વર્ણનાત્મક સંશોધનના પેટાપ્રકાર વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિ નામની ગુણાત્ત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ થયો હતો.

## વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિ

વિષયવસ્તુ પૃથક્કરણ કે વિશ્લેષણ પદ્ધતિ એ વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓના જૂથો પૈકીની એક અગત્યની પદ્ધતિ છે. પ્રત્યાયનના કેટલાંક વિશિષ્ટ લક્ષણો નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉચાટ(૨૦૦૦)ના પુસ્તકમાં રજૂ થયેલી બેરલસને આપેલી વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિની વ્યાખ્યા આ પ્રમાણે છે.

"વિષયવસ્તુ વિશ્લેષણ એ પ્રત્યાયનમાં આવરાયેલી વિગતનું અનાત્મલક્ષી, પદ્ધતિસર અને સંખ્યાત્મક વર્ણન કરવાની એક સંશોધન પ્રયુક્તિ છે."[૨]

વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિ એ લેખિત, મૌખિક કે દશ્ય સ્વરૂપની માહિતીમાં રજૂ થયેલી વિગતનું અનાત્મલક્ષી અને ગુણાત્મક વર્ણન કરવાની પ્રયુક્તિ છે. માહિતી અર્થપૂર્ણ તેમજ વધારે સહેલાઈથી સમજી શકાય એ માટે તેને વર્ગીકૃત કરવા વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ ઉપયોગી છે. સંશોધનની આ પદ્ધતિમાં આંકડા કે સંખ્યારૂપે માહિતી મેળવીને તેનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવાનું હોતું નથી, પરંતુ શબ્દો દ્વારા રજૂ થયેલી માહિતીમાંથી અભ્યાસના હેતુઓને અનુરૂપ અર્થ તારવવામાં આવે છે. આથી આ ગુણાત્મક પદ્ધતિ છે.

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે પ્રથમ હેતુઓ અનુસાર માહિતી મેળવવા માટે ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોનું ભારતીય સંસ્કૃતિની

---

[૨] ડી. એ. ઉચાટ, **'સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ'**, પ્રથમ આવૃત્તિ - માર્ચ ૨૦૦૦, પૃ.૪૦

લાક્ષણિકતાઓના સંદર્ભમાં પૃથક્કરણ કર્યું. ત્યારબાદ પ્રાપ્ત વિગતોનું સંયોજન કરીને તેમાંથી અર્થઘટનો તારવવામાં આવ્યાં. અહીં કોઈ અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કર્યા વિના તર્કશુદ્ધ ગુણાત્મક રીતે પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ અને સંયોજન કરવામાં આવ્યું. આમ, આ અભ્યાસમાં વિશ્લેષણ સંયોજન ગુણાત્મક અભિગમ ઉપયોગમાં લેવામાં આવ્યો.

પ્રસ્તુત અભ્યાસમાં વિષયવસ્તુ પૃથક્કરણ માટે નીચેના સોપાનો અનુસરવામાં આવ્યાં હતાં.

### ૩.૪.૦ હેતુઓનું સ્પષ્ટીકરણ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતાં. (૧) ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોના પદ્યવિભાગો અને તેના સ્વાધ્યાયોમાંથી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવી. (૨) પાઠ્યપુસ્તકોના ગદ્યવિભાગો અને તેના સ્વાધ્યાયોમાંથી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તપાસવી. (૩) પાઠ્યપુસ્તકોના પદ્યવિભાગો અને ગદ્યવિભાગોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ તારવવું. (૪) પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી તેમજ વણસ્પર્શી રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવી. (૫) પાઠ્યપુસ્તકોની ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં તુલના કરવી.

### ૩.૪.૧ કૃતિનો પૂર્વાભ્યાસ

પ્રયોજકે પાઠ્યપુસ્તકોની પ્રત્યેક કૃતિ (કાવ્ય/પાઠ) તથા તેના સ્વાધ્યાયનો પૂર્વાભ્યાસ કર્યો.

### ૩.૪.૨ વિશ્લેષિત એકમોનું વ્યાખ્યાયીકરણ અને ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું નિર્ધારણ

આ સોપાનમાં પ્રયોજકે પાઠ્યપુસ્તકમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું વિશ્લેષણ કરવા માટે ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું નિર્ધારણ કર્યું હતું. આ માટે જાદવના (૨૦૦૪) 'ભારતીયતા : ગુજરાતી નવલકથાના સંદર્ભમાં પીએચ.ડી. કક્ષાના અભ્યાસનો તેમજ પરમારના (૨૦૦૭) 'ધોરણ દસના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ'

એમ.એડ્.ના અભ્યાસનો આધાર લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત તજ્જ્ઞોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિની ૩૭ લાક્ષણિકતાઓનું નિર્ધારણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નિર્ધારિત કરેલી લાક્ષણિકતાઓની વ્યવહારું વ્યાખ્યા કરવામાં આવી હતી. વ્યવહારુ વ્યાખ્યાઓની ચર્ચા પ્રકરણ-૨માં કરવામાં આવી છે.

### ૩.૪.૩ કૃતિ પૃથક્કરણપત્રની રચના

પ્રસ્તુત અભ્યાસમાં પાઠ્યપુસ્તકોમાંથી માહિતી એકત્ર કરવા માટે પ્રયોજકે કૃતિ પૃથક્કરણપત્રની રચના કરી હતી. આ માટે તજ્જ્ઞીય અભિપ્રાયને અનુસરવામાં આવ્યો હતો.

### ૩.૪.૪ નમૂના પસંદગી

આ અભ્યાસમાં સમગ્ર વ્યાપવિ✓ને જ નમૂના તરીકે સ્વીકારવામાં આવ્યું હતું. પાઠ્યપુસ્તકોના પદ્યવિભાગોની તેમજ ગદ્યવિભાગોની સમગ્ર કૃતિઓ અને તે દરેકના સ્વાધ્યાયનો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ૩.૪.૫ પ્રત્યેક કૃતિનો કાળજીપૂર્વક ઊંડાણથી અભ્યાસ

પ્રયોજકે પાઠ્યપુસ્તકોની પ્રત્યેક કૃતિ (કાવ્ય/પાઠ)ના વિષયવસ્તુ અને સ્વાધ્યાયનો અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને કાળજીપૂર્વક ઊંડાણથી અભ્યાસ કર્યો હતો.

### ૩.૪.૬ સંદર્ભોની તારવણી

પાઠ્યપુસ્તકોની પ્રત્યેક કૃતિના વિષયવસ્તુ અને સ્વાધ્યાયના ઊંડાણપૂર્વકના અભ્યાસને અંતે પ્રયોજકે પ્રત્યેક કૃતિ (કાવ્ય/પાઠ)ના વિષયવસ્તુ અને સ્વાધ્યાયમાંથી અભ્યાસમાં સમાવાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ દર્શાવતા સંદર્ભો અલગ તારવ્યાં હતાં. કાવ્યોમાં સંદર્ભો પંકિતના રૂપમાં, પાઠોમાં સંદર્ભો ગદ્યખંડ કે વાકયના રૂપમાં અને સ્વાધ્યાયોમાં પ્રશ્નોના રૂપમાં સંદર્ભો તારવ્યાં હતાં.

### ૩.૪.૭ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓની તારવણી

પ્રયોજકે તારવેલા સંદર્ભોનું યોગ્ય વિશ્લેષણ કરી તેમાંથી ભારતીય સંસ્કૃતિની યોગ્ય લાક્ષણિકતાઓ તારવી હતી. પાઠ્યપુસ્તકોમાંથી તારવેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ અંગે તજ્જ્ઞીય અભિપ્રાય મેળવી જરૂરી ફેરફાર કરવામાં આવ્યાં હતાં.

## ૩.૫ ઉપકરણ

ગુણાત્મક સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે મુલાકાત, રૂપકો, સંવાદ, નોંધપત્રકો જેવા ઉપકરણો પસંદ કરવામાં આવે છે. અભ્યાસ હેઠળના પાઠ્ય પુસ્તકોમાંથી માહિતી એકત્ર કરવા માટે પ્રયોજકે કૃતિ પૃથક્કરણપત્રની રચના કરી હતી. કૃતિ પૃથક્કરણપત્રમાં તજ્જ્ઞીય અભિપ્રાયને આધારે નીચેના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(૧) કૃતિક્રમ

(૨) કૃતિ શીર્ષક

(૩) રચયિતા

(૪) સાહિત્ય સ્વરૂપ

(૫) કૃતિનો કેન્દ્રવર્તી વિચાર

(૬) કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

(અ) સંદર્ભ

(બ) સંદર્ભનું અર્થઘટન

(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

(૭) કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

(અ) સંદર્ભ

(બ) સંદર્ભનું અર્થઘટન

(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

## ૩.૬ માહિતી એકત્રીકરણ

માહિતી એકત્ર કરવા માટે નમૂનામાં પસંદ કરાયેલા પાઠ્યપુસ્તકોના પદ્યવિભાગો, ગદ્યવિભાગો અને તે દરેકના સ્વાધ્યાયનો અભ્યાસ કર્યો હતો.

આ અંગે સંશોધકે સૌ પ્રથમ ધોરણ ૧૧ના પાઠ્યપુસ્તકની કુલ ૪૨ કૃતિઓ તથા ધોરણ ૧૨ના પાઠ્યપુસ્તકની કુલ ૪૦ કૃતિઓનો અભ્યાસ કરી માહિતી

મેળવી હતી. ત્યારબાદ એકત્ર કરેલી માહિતીનું સંશ્લેષણ કરવામાં આવ્યું હતું.

માહિતી એકત્ર કરવા માટે (૧) વિષયવસ્તુ અભ્યાસ, (૨) વિષયવસ્તુ પૃથક્કરણ, (૩) તજ્જ્ઞીય અભિપ્રાય અને (૪) વિષયવસ્તુ સંશ્લેષણ સોપાનો હાથ ધર્યા હતાં.

## ૩.૭ પ્રાપ્ત માહિતી અને તેનું સ્વરૂપ

સંશોધન બાદ માહિતી બે સ્વરૂપે મળે છે. ગુણાત્મક અને સંખ્યાત્મક. પ્રસ્તુત અભ્યાસમાં માહિતી શાબ્દિક એટલે કે ગુણાત્મક સ્વરૂપમાં મેળવવામાં આવી હતી.

ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં કુલ ૨૩ કાવ્યોમાંથી ક્રમ-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૧૫, ૨૦, ૨૧ અને ૨૩ એમ કુલ દસ (૧૦) કાવ્યોના વિષયવસ્તુ અને સ્વાધ્યાયોમાંથી માહિતી મળી હતી. પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં કુલ ઓગણીસ (૧૯) પાઠોમાંથી ક્રમ - ૧, ૨, ૩, ૫, ૧૩ અને ૧૬ એમ છ(૬) પાઠોના વિષયવસ્તુ અને સ્વાધ્યાયોમાંથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

આમ, ધોરણ ૧૧ની કુલ ૪૨ કૃતિઓમાંથી સોળ (૧૬) કૃતિઓમાંથી ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં માહિતી મેળવી શકાઈ હતી.

ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં કુલ એકવીસ (૨૧) કાવ્યોમાંથી ક્રમ ૧, ૨, ૪, ૫, ૯, ૧૦, ૧૩, ૧૭, ૧૮ એમ નવ (૯) કાવ્યોના વિષયવસ્તુ અને સ્વાધ્યાયોમાંથી માહિતી મળી હતી. પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં કુલ ઓગણીસ (૧૯) પાઠોમાંથી ક્રમ - ૪, ૫, ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૮ અને ૧૯ આઠ પાઠોના વિષયવસ્તુમાંથી તેમજ ક્રમ-૧૧ના પાઠ સિવાયના ઉપરોક્ત બધા સાત પાઠોના સ્વાધ્યાયોમાંથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

આમ, ધોરણ ૧૨ની કુલ ચાલીસ (૪૦) કૃતિઓમાંથી સત્તર (૧૭) કૃતિઓમાંથી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ વિષયક માહિતી એકત્ર થઈ હતી.

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી સંખ્યાત્મક સ્વરૂપમાં પણ મેળવવામાં આવી હતી. પાઠ્યપુસ્તકોના પદ્યવિભાગ અને ગદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ સંખ્યાના સ્વરૂપમાં મેળવ્યું હતું.

## ૩.૮ માહિતી પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક હતું. પાઠ્યપુસ્તકની કૃતિઓમાંથી માહિતી શાબ્દિક તેમજ સંખ્યાના સ્વરૂપમાં મળી હતી. પ્રત્યેક કૃતિનું પૃથક્કરણ નીચે મુજબ તબક્કાઓમાં કરવામાં આવ્યું.

૧. પાઠ્યપુસ્તકોની દરેક કૃતિ (પદ્યવિભાગો તથા ગદ્યવિભાગો) અને તેના સ્વાધ્યાયમાંથી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો તારવવામાં આવ્યાં.

૨. સંદર્ભોનું અર્થઘટન કરવામાં આવ્યું.

૩. દરેક સંદર્ભનું વિશ્લેષણ કરીને તેમાંથી ભારતીય સંસ્કૃતિની યોગ્ય લાક્ષણિકતા તારવવામાં આવી.

૪. કૃતિઓમાં રજૂ થયેલી ભારતીય સંસ્કૃતિની પ્રત્યેક લાક્ષણિકતાનું પ્રમાણ તારવવામાં આવ્યું.

૫. પાઠ્યપુસ્તકોના દરેક પદ્યવિભાગમાં સૌથી વધુ પ્રમાણ ધરાવતી તેમજ દરેક ગદ્યવિભાગમાં સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતા તારવવામાં આવી.

૬. ધોરણ ૧૧ના તેમજ ધોરણ ૧૨ના સમગ્ર પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવામાં આવી.

૭. પાઠ્યપુસ્તકોમાં વણસ્પર્શી રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવામાં આવી.

૮. પાઠ્યપુસ્તકોની ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં તુલના કરવામાં આવી.

# પ્રકરણ–૪

# માહિતીની રજૂઆત, પૃથક્કરણ અને અર્થઘટન

# પ્રકરણ-૪
# માહિતીની રજૂઆત, પૃથક્કરણ અને અર્થઘટન

## ૪.૧ પ્રાસ્તાવિક

ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોની કૃતિઓ (પદ્યવિભાગો, ગદ્યવિભાગો)નું વિષયવસ્તુ પૃથક્કરણ કરીને કૃતિઓ અને તેના સ્વાધ્યાયોમાં વ્યક્ત થયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ નક્કી કરવામાં આવી. પ્રસ્તુત પ્રકરણમાં પાઠ્યપુસ્તકોના પદ્યવિભાગો, ગદ્યવિભાગો અને તેના સ્વાધ્યાયોમાંથી માહિતી એકત્ર કરવા માટે તૈયાર કરવામાં આવેલા કૃતિ પૃથક્કરણપત્રોની રજૂઆત કરવામાં આવી છે. ત્યારબાદ પ્રયોજકે અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન રજૂ કર્યું છે. આ માટે સારણીઓ રજૂ કરવામાં આવી છે.

## ૪.૨ ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ કૃતિઓ.

ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના કુલ ત્રેવીસ (૨૩) કાવ્યો અને ગદ્યવિભાગના કુલ ઓગણીસ (૧૯) પાઠ એમ કુલ ૪૨ કૃતિઓ તેમજ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના કુલ એકવીસ (૨૧) કાવ્યો અને ગદ્યવિભાગના કુલ ઓગણીસ (૧૯) પાઠો એમ કુલ ચાવીસ (૪૦) કૃતિઓનું વિષયવસ્તુ પૃથક્કરણ કરવામાં આવ્યું. આ કૃતિઓ નીચે પ્રમાણે હતી.

### ૪.૨.૦ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ

### પદ્ય વિભાગ

૧. કેમ પૂજા કરું ?

૨. શું કરવું છે મારે ?

૩. એમ ઉગાર્યો ચંદ્રહાસ

૪. જે કોઈ પ્રેમઅંશ અવતરે

૫. આજ રે સપનામાં

૬. અવસાન - સંદેશ

૭. મૃગતૃષ્ણા

૮. એક આગિયાને

૯. તાજમહેલ

૧૦. ઘણ ઉઠાવ

૧૧. ઘેરૈયા

૧૨. શ્રાવણી મધ્યાહન

૧૩. નયણાં

૧૪. ઘરથી કબર સુધી

૧૫. વ્હાણું વાય

૧૬. અનુભૂતિ

૧૭. વરસાદ પછી

૧૮. નદીની રેતમાં

૧૯. એટલામાં રાજી

૨૦. ઊગી જવાના

૨૧. દુહા - મુક્તક - હાઈકુ

૨૨. જીવન જયારે જાય સુકાઈ

૨૩. સદ્ભાવ રાખ

## ગદ્ય વિભાગ

૧. વ્યવહાર અને પરમાર્થ

૨. જાતમહેનત

૩. ઉભયાન્વયી નર્મદા

૪. મુકુન્દરાય

૫. રામ અને કૃષ્ણ

૬. બદમાશ

૭. પ્રવાસની પરાકાષ્ઠા

૮. સોયદોરો

૯. હવેલી

૧૦. ભૂખી ભૂતાવળ !

૧૧. એક અપુત્ર માણસનો પ્રબંધ

૧૨. કાંચનજંઘા અર્થાત્ 'ગુડ લક'

૧૩. બાબુ વીજળી

૧૪. પોર્ટ્રેટ

૧૫. ચંદ્રવદન ચી. મહેતા

૧૬. તપસ્વી સારસ્વત

૧૭. અકબંધ

૧૮. ઝેની

૧૯. સાહિત્યમાં મિષ્ટાન્ન અને પકવાન

**૪.૨.૧ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ**

**પદ્યવિભાગ**

૧. વૈષ્ણવજન

૨. ગોવિંદના ગુણ ગાશું

૩. છપ્પા

૪. ....પણ કન્યા નળની વાટ જોય

૫. સત્ય મોટું સહુ કો થકી

૬. રંગી મોરલી

૭. વર્ષાની એક સુંદર સાંજ

૮. રેવાતટે મધ્યાહન - સંધ્યા

૯. કસુંબીનો રંગ

૧૦. આવો !

૧૧. ઘડીક સંગ

૧૨. દુનિયા અમારી

૧૩. આંખે કંકુના સૂરજ આથમ્યા

૧૪. ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યા

૧૫. કૂંચી આપો બાઈજી !

૧૬. દુર્દશાનો એટલો આભાર

૧૭. હજો હાથ કરતાલ

૧૮. ચિત્રવિલોપન

૧૯. આશંકા

૨૦. દુહા-મુક્તક-હાઈકુ

૨૧. તું થાકીપાકી જયારે આવે છે.

**ગદ્યવિભાગ**

૧. અડવાનો વેશ

૨. ભરતગોત્રના લજ્જાચીર

૩. ડીમલાઈટ

૪. માનચતુર અને ધર્મલક્ષ્મી

૫. પાણીની દીવાલ

૬. વિનિપાત

૭. માતાનું સ્મારક

૮. મારો અસબાબ

૯. ઈંટોના સાત રંગ

૧૦. શહેરની શેરી

૧૧. મારું બાળપણનું વન

૧૨. ક્રિકેટના કામણ

૧૩. ભેડાઘાટ : માર્બલ-રોકસ અને ધુંઆધાર

૧૪. ઝાકળ જેવા અણદીઠ

૧૫. ભવાન ભગત

૧૬. મોહન અને મહાદેવ

૧૭. ઝવેરબાપા

૧૮. લોકશાહી અને ધર્મસહિષ્ણુતા

૧૯. બે મા

## ૪.૩ પાઠ્યપુસ્તકોના કૃતિ પૃથક્કરણપત્રોની રજૂઆત

ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાંથી માહિતી એકત્ર કરવા માટે પ્રયોજકે કૃતિ પૃથક્કરણપત્રની રચના કરી. આ કૃતિપૃથક્કરણપત્ર મુજબ નીચેના મુદ્દાઓના સંદર્ભમાં માહિતી એકત્ર કરવામાં આવી.

૧. કૃતિક્રમ

૨. કૃતિ શીર્ષક

૩. રચયિતા

૪. સાહિત્ય - સ્વરૂપ

૫. કૃતિનો કેન્દ્રવર્તી વિચાર

૬. કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

(અ) સંદર્ભ

(બ) સંદર્ભનું અર્થઘટન

(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

૭. કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

(અ) સંદર્ભ

(બ) સંદર્ભનું અર્થઘટન

(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

## ૪.૪ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના કૃતિ પૃથક્કરણપત્રોની રજૂઆત.

પ્રયોજકે ધોરણ ૧૧ના પદ્યવિભાગમાંથી કૃતિપૃથક્કરણપત્ર દ્વારા માહિતી એકત્ર કરી. પદ્યવિભાગના કુલ ત્રેવીસ (૨૩) કાવ્યો પૈકી કુલ નવ કાવ્યોમાંથી અભ્યાસના સંદર્ભમાં માહિતી મળી હતી, જેના કૃતિપૃથક્કરણપત્રો નીચે રજૂ કરવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| **૧.૦ કૃતિક્રમ** | : | ૧ |
| **૨.૦ કૃતિ શીર્ષક** | : | કેમ પૂજા કરું ? |
| **૩.૦ રચયિતા** | : | નરસિંહ મહેતા |
| **૪.૦ સાહિત્ય-સ્વરૂપ** | : | પદ્ય (પદ) |

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચારઃ**

કવિના હૈયામાં પરમાત્માની પ્રાપ્તિનો અવર્ણનીય આનંદ છે, પરંતુ પરમાત્માની પૂજા શેનાથી કરવી એની વિમાસણ પણ છે, કારણ કે પરમાત્મા એ જ સર્વસૃષ્ટિનું નિર્માણ કર્યું છે. પરમાત્મા સૃષ્ટિના કણકણમાં વ્યાપેલા છે. આપણે એમની પાસે પામર છીએ, તુચ્છ છીએ. એને કયા પદાર્થની રીઝવીએ ? તેમ છતાં કવિને વિ✓ાસ

છે કે જો ભક્ત ખરા હૃદયથી ભક્તિ કરે તો એને ફરી જન્મ લેવો ન પડે. કવિએ કાવ્યના અંતે એવો મર્મ પ્રગટ કર્યો છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

## સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

'(તારી)' કેમ પૂજા કરું, કૃષ્ણ કરૂણાનિધિ ?....

..... (તે) પુનરપિ માતને ગર્ભ ના'વે.'

(સમગ્ર કાવ્ય, પૃષ્ઠ નં.૧)

### (બ) સંદર્ભનું અર્થઘટન

આ પદમાં કવિ કહે છે કે હે કરૂણાનિધિ, કૃષ્ણ તારી શેના વડે પૂજા કરું ? અકળ આનંદ વર્ણવી શકાય તેમ નથી. જે પરમાત્મા સૃષ્ટિના જડ અને ચેતનમાં વ્યાપી રહ્યા છે એ કેશવ કરંડિયામાં કેવી રીતે સમાય ? જેણે બારેમેઘ વરસતા વરસાદમાં સ્નાન કર્યું હોય તે શંખની ધારથી કેમ પ્રસન્ન થાય ? ઓગણપચાસ પ્રકારના વાયુઓ તને પંખા ઢાળી રહ્યા છે ત્યારે એમાં હું ચમર ઢાળું એ તને કયાંથી ગમે ?

તે સૂરજરૂપે ત્રણે ભુવનને તપાવ્યાં અને ચંદ્રરૂપે શીતળતા અર્પી. તે મેઘરૂપે વરસાદ વરસાવ્યો અને વાયુરૂપે ચારેબાજુ પવન ફેલાવ્યો. રાતદિવસ અઢાર પ્રકારની વનસ્પતિ સુગંધ ફેલાવે છે એમાં માળી ફૂલોનું પડીકું લાવીને શું કરે ? અમે તને અત્તર-તેલ-ચંદનથી પૂજીએ પણ તારા અંગેઅંગમાં વ્યાપેલી મહેકને તોલે એ કયાંથી આવે ? કમળા રોજ તને નવાંનવાં નૈવેદ્ય ધરે છે. એમાં અમારા સૂક્ષ્મ નૈવેદ્ય એની તોલે કયાંથી આવે ? જેણે કૃષ્ણરસ ચાખ્યો છે એને ફરીથી માતાના ગર્ભમાં આવવું પડતું નથી. એટલે કે ફરી વખત જન્મ લેવો પડતો નથી.

આ પદમાં નરસિંહ મહેતાએ સમગ્ર સૃષ્ટિમાં વ્યાપેલા પરમાત્માની વિરાટ શક્તિઓનું દર્શન કરાવ્યું છે. અંતમાં ભારતીય સંસ્કૃતિનો પાયો ગણાતી ભક્તિનો મહિમા પણ ગાયો છે. ભારતીય સંસ્કૃતિના ચાર પુરુષાર્થ પૈકી મુક્તિ-મોક્ષની વાત પણ અહીં વણી લીધી છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, ચાર પુરુષાર્થ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતાં સંદર્ભો

સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : 'તારી કેમ પૂજા કરું ?' કાવ્યમાં ભક્ત શી શી મૂંઝવણો અનુભવે છે ?

### (બ) સંદર્ભનું અર્થઘટન

ભક્ત જાણે છે કે પરમાત્મા વિ✓ના કણકણમાં - મેઘ, વાયુ, વનસ્પતિ, સૂર્ય, ચંદ્ર વગેરેમાં વ્યાપી રહ્યા છે. આ વિ✓વ્યાપી પરમાત્મા આગળ ભક્ત પામર જીવ છે. જે વિ✓વ્યાપી હોય તે કરંડિયામાં કયાંથી સમાય ? જે બારેમેઘ વરસતા વરસાદથી સ્નાન કરતા હોય એ ભક્તના શંખની ધારી થી કયાંથી પ્રસન્ન થાય ? જેને ઓગણપચાસ પ્રકારના વાયુઓ પવન નાખતા હોય એને ભક્ત ચામર ઢાળે એ કયાંથી ગમે ? સૃષ્ટિની તમામ વનસ્પતિમાં સુગંધ મૂકનાર પરમાત્માને માળીરૂપી ભક્ત ફૂલો ચડાવતા સંકોચ અનુભવે છે. જેની મહેકથી આખું વિ✓ મઘમઘી રહ્યું હોય એની પૂજા અત્તર-ચંદનથી કઈ રીતે કરે ? કમળા તો રોજ નવા નવા નૈવેદ્ય કૃષ્ણને ધરાવે છે ત્યાં ભક્તનું થોડું નૈવેદ્ય એની તોલે કયાંથી આવે ?

આ પદમાં વિ✓વ્યાપી પરમાત્માની વિરાટ શક્તિના દર્શન ભક્ત કવિએ કરાવ્યા છે. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ...' પદ ગાનાર આવાં સંતો-ભક્તોએ જ આધ્યાત્મશાસ્ત્રને જીવતું, જાગતું, ગાજતું રાખ્યું છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા

## સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : આ કાવ્યમાં પરમાત્માની સર્વવ્યાપકતા શી રીતે સૂચવવામાં આવી છે ?

### (બ) સંદર્ભનું અર્થઘટન

પરમાત્મા સ્થાવર-જંગમ વિ✓માં વ્યાપી રહ્યા છે. તે સૂરજરૂપે ત્રણે ભુવનમાં તેજ ફેલાવે છે અને ચંદ્રરૂપે શીતળતા અર્પે છે. એ મેઘરૂપે પૃથ્વી પર વરસાદ વરસાવીને પૃથ્વી પર પાણી પૂરું પાડે છે. વાયુરૂપે ચારેબાજુ પવન ફેલાવે છે. એ અનેક પ્રકારની વનસ્પતિમાં અને અત્તર-ચંદનમાં સુગંધરૂપે રહ્યાં છે.

આ કાવ્યમાં કવિએ વિ✓વ્યાપી પરમ પરમાત્માની આપણને ઝાંખી કરાવી છે. ભારતીય અધ્યાત્મદર્શન નરસિંહ મહેતાએ અહીં રજૂ કર્યું છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

આધ્યાત્મિકતા/ ભક્તિનો મહિમા

## સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : કૃષ્ણરસ ચાખનારને મુક્તિ કેમ મળે છે ?

### (બ) સંદર્ભનું અર્થઘટન

કૃષ્ણરસ ચાખનાર ભક્તને ફરીથી માતાના ગર્ભમાં આવવું પડતું નથી. આમ, ભક્તને જન્મ-મરણના ચકરાવામાંથી મુક્તિ મળે છે.

આ સંદર્ભમાં કવિએ ભક્તિનો મહિમા રજૂ કર્યો છે તો સાથે-સાથે ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા ગણાતા ચાર પુરુષાર્થો પૈકી મોક્ષ-મુક્તિની વાત પણ વણી લીધી છે. માનવીની સઘળી મથામણ મોક્ષ માટે હોય છે, અને કૃષ્ણભક્તિ ત્યાં સુધી પહોંચવા માટેનો ઉત્તમોત્તમ માર્ગ છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, ચાર પુરુષાર્થ

**૧.૦ કૃતિક્રમ** : ૨

**૨.૦ કૃતિ શીર્ષક** : શું કરવું છે મારે ?

**૩.૦ રચયિતા** : મીરાંબાઈ

૪.૦ **સાહિત્ય-સ્વરૂપ :** પદ્ય (પદ)

### ૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર

આ પદમાં મીરાંબાઈએ શ્રીકૃષ્ણની ભક્તિનો મર્મ સમજાવ્યો છે. મીરાંને મન ભૌતિક સંપત્તિ કશી જ કામની નથી. એને તો તુલસીની માળા, ભગવાં, જીર્ણ વસ્ત્રો અને જંગલમાં રહેવાની ઝૂંપડી - આટલું બસ છે. મીરાં કહે છે, સાંસારિક પતિ તો મૃત્યુ પામે છે પણ મારી અખંડ ભક્તિ શ્રીકૃષ્ણ સાથે છે. આથી મારો ચૂડલો - સૌભાગ્ય અખંડ છે. આમ, મીરાંબાઈની શ્રીકૃષ્ણ પ્રત્યેની અજોડ ભક્તિ તથા એમનો દઢ વૈરાગ્ય આ પદમાં વ્યક્ત થયાં છે.

### ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતાં સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"શું કરવું છે મારે, શું રે કરવું છે ?...

.... અમર ચૂડલો લઈને મારે ફરવું છે રે."

(સમગ્ર કાવ્ય, પૃષ્ઠ નં.૩)

### (બ) સંદર્ભનું અર્થઘટન

મીરાંબાઈ આ પદમાં કહે છે કે મારે હીરા-માણેક, રેશમી વસ્ત્રો, મહેલો વગેરે ભૌતિક સંપત્તિને શું કરવા છે ? આ બધી ભૌતિક સંપત્તિ મારે કશા કામની નથી. મારે તો તુલસીની માળા, ભગવા જીર્ણ વસ્ત્રો અને જંગલમાં રહેવાની ઝૂંપડી આટલું બસ છે. વળી સાંસારિક પતિ તો મૃત્યુ પામે છે, પરંતુ મારી અખંડ ભક્તિ શ્રીકૃષ્ણ સાથે છે; આથી જ મારો ચૂડલો અખંડ છે.

આમ, આ કાવ્યમાં મીરાંબાઈની શ્રીકૃષ્ણ પ્રત્યેની અખંડ ભક્તિ અને દઢ વૈરાગ્યના દર્શન અહીં થાય છે. ભારતીય સંસ્કૃતિમાં ભક્તિનો મહિમા અપાર છે. તેથી જ તો ભારતભૂમિ સંતો-ભક્તોની ભૂમિ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : મીરાંબાઈને મન કયા કયા ઘરેણાં તુચ્છ છે ? શા માટે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મીરાંબાઈને મન હીરા-માણેકથી જડિત ઘરેણાં તથા મોતીની માળા તુચ્છ છે. કારણ કે મીરાંબાઈને શ્રીકૃષ્ણની ભક્તિ કરવી છે. શ્રીકૃષ્ણને પણ હીરા-માણેક કે મોતીના ઘરેણાં નહીં પણ તુલસીની માળા પ્રિય છે. તેથી મીરાંને મન પણ આવાં ઘરેણાં તુચ્છ છે.

પ્રસ્તુત સંદર્ભમાં મીરાંબાઈ શ્રીકૃષ્ણની ભક્તિના રંગે એટલી રંગાઈ જાય છે કે તે શ્રીકૃષ્ણને પ્રિય તુલસીની માળા પોતે ધારણ કરી શ્રીકૃષ્ણને રીઝવવા પ્રયત્ન કરે છે. અહીં મીરાંની શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા,**

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'મહેલ' અને 'માળા' દ્વારા મીરાંબાઈ શું કહેવા માગે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'મહેલ' અને 'માળા' દ્વારા મીરાંબાઈ  કહે છે કે આવી ભૌતિક સંપત્તિ એના કશા કામની નથી. કારણ કે મહેલોનું વૈભવશાળી જીવન શ્રીકૃષ્ણ પ્રત્યેની અખંડ

ભક્તિ કરવામાં વિઘ્નરૂપ બને છે. શ્રીકૃષ્ણની ભક્તિમાં લીન બનવા માટે મીરાંબાઈ મહેલો છોડીને જંગલમાં ઝુંપડી બાંધી એકાન્તમાં વસવાનું પસંદ કરે છે.

અહીં મીરાંબાઈની શ્રીકૃષ્ણ પ્રત્યેની અજોડ ભક્તિ અને દઢ વૈરાગ્ય જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિ આવી ભક્તિ અને ભક્તોથી જ મહાન છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા

**૧.૦ કૃતિક્રમ** : ૩

**૨.૦ કૃતિ શીર્ષક** : એમ ઉગાર્યો ચંદ્રહાસ

**૩.૦ રચયિતા** : પ્રેમાનંદ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : પદ્ય (આખ્યાનખંડ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ કડવું પ્રેમાનંદ રચિત 'ચંદ્રહાસાખ્યાન'માંથી લીધું છે. ચન્દ્રહાસ ભાગ્યશાળી છે. એને મારી નાખવાના બધા જ પ્રયાસોમાંથી એ બચી જાય છે. જેને રામ રાખે તેને કોણ ચાખે ! - એ બાબત અહી સાચી પડી છે. 'વિષ'ને બદલે 'વિષયા'ને પામતો ચન્દ્રહાસ હજી રાજાને તો ખટકે જ છે. એ જમાઈ થયેલા ચન્દ્રહાસને મરાવી નાખવાની યોજના કરે છે. મધરાતે એને મંદિરે પૂજા કરવા જવા માટે પ્રેરે છે. ચન્દ્રહાસ તો સસરાની આજ્ઞા માનીને ઊપડે છે. એને કપટ-કાવતરાની ખબર નથી; પણ રસ્તામાં મદન-એનો સાળો જ એને મળે છે ને પૂજા કરવા એ પોતે જાય છે. આમ, ચન્દ્રહાસ પૂજાસ્થળે એની કતલ થવાની હતી તેમાંથી બચી જાય છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

'ચંદ્રહાસ કહે : 'પિતા તમારે મુજને આજ્ઞા આપી જી;

✓સુર તે પિતાને થાનક, વચન લોપે તે મહાપાપી જી.
તેણે કહ્યું : કુળદેવી પૂજે, જે થાય તેવો પૂજનીક જી;
મધરાત્રે કાલિકા જાઓ, કોની ન ધરશો બીક જી.'

(પૃષ્ઠ નં.૬-૭)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

માર્ગમાં મદન સામો મળતા ચંદ્રહાસ કહે છે, 'તમારા પિતાએ મને આજ્ઞા કરી છે ✓સુર તો પિતાને સ્થાન ગણાય. એની આજ્ઞા લોપે એ મહાપાપી ગણાય.' તેણે કહ્યું, 'જે કુળદેવીનું પૂજન કરે છે એ પૂજનીય બને છે મધરાતે કાલિકાના મંદિરે જાઓ. મનમાં કોઈની બીક રાખશો નહીં.'

આ સંદર્ભમાં ચંદ્રહાસ કાલિકા માતાની પૂજા કરવા જાય છે, એ વાત કરવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિમાં મૂર્તિપૂજા એ ખૂબ મહાન અને મધુર સંકલ્પના છે. ભારતીયો જુદા જુદા દેવ-દેવીઓની મૂર્તિપૂજા કરે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

મૂર્તિપૂજા

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

'મદનને મારગમાં જાતાં મંડાયા માન-શુકન જી;
વામાંગ તે ફરકવા લાગ્યું, ફરકે વામા-લોચન જી.'

(પૃષ્ઠ નં.૭)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મારગમાં ચાલતાં મદનને અપશુકન થવા માંડયા. ડાબું અંગ ફરકવા લાગ્યું, ડાબી આંખ પણ ફરકવા લાગી.

ભારતીય પ્રજા શુકન-અપશુકન જેવા વિશિષ્ટ ખ્યાલો ધરાવે છે. અહીં પણ પ્રેમાનંદે અપશુકનના સંદર્ભ દ્વારા ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાનો પરિચય આપ્યો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

કેટલાંક વિશિષ્ટ ખ્યાલો

**૩.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : ચંદ્રહાસ કયાં જતો હતો ? તેને શી આજ્ઞા હતી ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ચંદ્રહાસ કુળદેવીની પૂજા કરવા કાલિકાના મંદિરે જતો હતો. ચંદ્રહાસને તેના સસરાએ આજ્ઞા કરી હતી કે જે કુળદેવીનું પૂજન કરે છે તે પૂજનીય બને છે. એટલે ચંદ્રહાસે કોઈ વાતની બીક રાખ્યા વગર મધરાતે કાલિકાના મંદિરમાં પૂજા કરવા જવું.

ભારતીય સંસ્કૃતિ મૂર્તિમાં ભગવાનનો સાક્ષાત્કાર અનુભવે છે અને મૂર્તિપૂજા કરે છે. આ સંદર્ભમાં પણ ચન્દ્રહાસને કુળદેવીની પૂજા કરવા માટે આજ્ઞા કરવામાં આવી છે, તેમાં ભારતીયતા જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

મૂર્તિપૂજા

**૧.૦ કૃતિક્રમ** : ૪

**૨.૦ કૃતિશીર્ષક** : જે કોઈ પ્રેમઅંશ અવતરે

**૩.૦ રચયિતા** : દયારામ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : પદ્ય (પદ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

ભક્તકવિ દયારામે આ પદમાં પ્રેમનો મહિમા ગાયો છે. જેના અંતરમાં પ્રેમ હોય અને એ પ્રેમ દ્વારા પરમાત્માને પામવાનો પ્રયત્ન કરે તો નક્કી એ પરમાત્માને

પામી શકે છે. પ્રેમ એ જીવનનું ઉત્તમ તત્ત્વ છે. પરંતુ એ અધિકાર વિના મળતું નથી. એ વાત કવિએ અનેકવિધ દૃષ્ટાંતો દ્વારા સમજાવી છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

## સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"જે કોઈ પ્રેમઅંશ અવતરે....
..... પ્રેમભક્તિયે વરે."

(સમગ્ર કાવ્ય પૃષ્ઠ નં.૯)

### (બ) સંદર્ભનું અર્થઘટન

જે વ્યક્તિ પ્રેમનો થોડો ઘણો અંશ લઈને જન્મે છે. તેના હૃદયમાં જ પ્રેમરસ ઠરી શકે છે. સિંહણનુ દૂધ સિંહણનો પુત્ર જ પચાવી શકે અથવા સોનાના પાત્રમાં જ ટકી શકે. સક્કરખોર સાકર પર જીવે છે પણ ગધેડો સાકર જ ખાધા કરે તો એના પ્રાણ જાય ! ખારા સમુદ્રનું માછલું ખારા જળમાં જ જીવે છે. એને મીઠા જળમાં મૂકો તો એ મૃત્યુ પામે છે.

સોમવેલીનું રસપાન કેવળ શુદ્ધ બ્રાહ્મણ જ કરી શકે છે. વર્ણશંકર પ્રજા એનું રસપાન કરે તો એને તરત ઊલટી થઈ જાય એક વેદવાણી કહે છે. ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળી જાય તો એનાથી કોઈ અર્થ સરતો નથી. જેમ માછલાં ખાનારો બગલો મોતી જોઈને તેને ચાંચમાં લેતો નથી.

એમ કરોડો સાધના કરો પણ એમાં પ્રેમનો અંશ ન હોય તો પુરુષોત્તમ (પરમાત્મા)ની પ્રાપ્તિ થતી નથી. કવિ દયારામ કહે છે કે શ્રી ગોવર્ધનધારી કૃષ્ણ તો પ્રેમલક્ષણા ભક્તિથી પ્રાપ્ત થાય છે.

અહીં કવિએ પ્રેમલક્ષણાભક્તિ જ પરમાત્મા સુધી પહોંચવાનો એકમાત્ર માર્ગ છે, એમ વિવિધ દૃષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યું છે. ભારતીય પ્રજા ભક્તિના રંગે રંગાયેલી છે. ભક્તિ એ ભારતીયોના લોહીમાં વણાયેલી શક્તિ છે, જેનાંથી પરમાત્મા સુધી પહોંચી શકાય છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

ભક્તિ / આધ્યાત્મિકતા

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ–૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : પુરુષોત્તમ ભગવાન કયા સાધનથી પ્રાપ્ત થાય છે ?

### (બ) સંદર્ભનું અર્થઘટન

પુરુષોત્તમ ભગવાન (પરમાત્મા) જપ, તપ, યજ્ઞ, યોગ આદિ દ્વારા નહી પણ કેવળ હૃદયની સાચી પ્રેમભક્તિથી જ પ્રાપ્ત થાય છે.

આ સંદર્ભમાં ભારતીય ભક્તોને વહાલી એવી પ્રેમલક્ષણાભક્તિનો મહિમા ગાવામાં આવ્યો છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

ભક્તિ/ આધ્યાત્મિકતા

### સંદર્ભ–૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પંક્તિ સમજાવો : જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.

### (બ) સંદર્ભનું અર્થઘટન

પરમાત્માને પ્રાપ્ત કરવાનું પ્રેમભક્તિ સિવાય બીજું કોઈ ઉત્તમ સાધન નથી. આથી આ પૃથ્વી પર જે કોઈ વ્યક્તિ જન્મે છે તેના અંતરમાં થોડી ઘણી પ્રેમભક્તિ હશે તો જ તેના હૃદયમાં પ્રેમરસ ઠરશે અને તે પ્રેમભક્તિ દ્વારા પરમાત્માને પ્રાપ્ત કરી શકશે.

ભારતીય સંસ્કૃતિ ભક્તિરસથી તરબોળ છે. તેથી ભારતીય ભક્ત કવિ દયારામે પણ પોતાના પદમાં આ પંક્તિ દ્વારા પ્રેમલક્ષણાભક્તિને જ મહત્ત્વ આપ્યું છે.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

ભક્તિ / આધ્યાત્મિકતા

**૧.૦ કૃતિક્રમ** : ૫

**૨.૦ કૃતિશીર્ષક** : આજ રે સપનામાં

**૩.૦ રચયિતા** : --

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : પદ્ય (લોકગીત)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ લોકગીતમાં લગ્ન માટે થનગની રહેલી યુવતીઓ સ્વપ્નામાં લગ્નજીવનનો લહાવો લીધો છે. યુવતી સ્વપ્નામાં જુદાજુદા પદાર્થોમાં પોતાના સાસરી પક્ષનાં સગાંને જ જુએ છે. આથી તે આનંદવિભોર થઈ જાય છે. યુવતી આ લોકગીત દ્વારા પોતાની સહેલી પાસે પોતાની લાગણી વ્યક્ત કરે છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

## સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"આજ રે સપનામાં મેં તો ડોલતો...

.... ફોર્યું સાહેલી મારી ચુંદડીમાં રે."

(સમગ્ર કાવ્ય, પૃષ્ઠ નં.૧૧)

### (બ) સંદર્ભનું અર્થઘટન

નાયિકા સખીને કહે છે કે, આજે મેં મારા સ્વપ્નામાં ડોલતો ડુંગર અને ખળખળતી નદીઓ જોઈ. સ્વપ્નામાં મે ઘમ્મરવલોણું, દહીંદૂધ ભરેલા વાટકા, લવિંગલાકડી, ઢીંગલા અને પોતિયાં, જટાળો જોગી તથા સોનાની થાળી, પારસપીપળો તથા તુલસીનો કયારો, ગુલાબના ફૂલનો ગોટો જોયા અને ફૂલોની ફોરમ માણી.

ડોલતો ડુંગર એ મારા સસરા હતા અને ખળખળતી નદીમાં મારા સાસુ નહાતાં હતાં. ઘમ્મરવલોણું એ મારા જેઠ હતા અને સ્વપ્નામાં મારાં જેઠાણી દહીંદૂધ જમતા હતાં. મારો દિયર લવિંગલાકડી જેવો (વરણાગી) હતો અને સ્વપ્નામાં મારાં દેરાણી ઢીંગલા-પોતિયાંથી રમતાં હતાં. જટાળો જોગી એ મારો નણદોઈ હતો અને સ્વપનામાં મારાં નણંદ સોનાની થાળીમાં જમતાંહતાં. પારસપીપળો એ અમારા સાસરીના ગોર હતા અને સ્વપ્નામાં ગોરાણી તુલસીકયારાની પૂજા કરતાં હતાં. ગુલાબના ફૂલનો ગોટોએ મારો પરણ્યો(પતિ) હતો અને મારી ચૂંદડી ફૂલોની ફોરમથી મઘમઘતી હતી.

આ લોકગીતમાં નાયિકા પોતાના સ્વપ્નામાં લગ્ન બાદના સંયુક્ત કુટુંબની કલ્પના કરે છે. સંયુક્ત કુટુંબપ્રથા એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. ભારતીય નાયિકા જ સંયુકત કુટુંબની કલ્પના કરી શકે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

સંયુકત કુટુંબપ્રથા

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : સંયુકત કુટુંબની ભાવના આ લોકગીતમાં કઈ રીતે વ્યકત થઈ છે ?

### (બ) સંદર્ભનું અર્થઘટન

આ લોકગીતની નાયિકાને સ્વપ્નું આવે છે. એ પોતાના સ્વપ્નની વાત સાહેલી પાસે રજૂ કરે છે. એમાં સંયુક્ત કુટુંબની ભાવનાનો પડઘો સંભળાય છે. સંયુકત કુટુંબમા ડોલતા ડુંગર જેવા મોભી સસરા  અને ખળખળતી નદી સમા સાસુની છત્રછાત્રા છે. સમૃદ્ધિના પ્રતીક સમા ઘમ્મરવલોણા જેવા જેઠ છે. એટલે અહી દૂધદહીંની રેલમછેલ છે. એનો આસ્વાદ જેઠાણી લઈ રહ્યાં છે. અહીં લવિંગલાકડી જેવો વરણાગી દિયર છે અને નાનકડી દેરાણીને ઢીંગલા-પોતિયાં સાથે રમવાની છૂટ હશે. એ દેરાણીની રમવાની ક્રિયામાંથી સૂચવાયું છે. નણદોઈને જટાળો જોગી

કહ્યો છે પણ નણંદ પિયરમાં સોનાની થાળીમાં જમે છે. કુટુંબમાં ગોર પારસપીપળા જેવા છે અને તુલસીકયારાની પૂજા કરતાં ગોરાણી એક પવિત્ર નારી છે. આ સૌમાં ફૂલગુલાબી ગોટા જેવો નાયિકાનો પતિ છે અને એ નાયિકાએ ફૂલડાંની ફોરમથી મઘમઘતી ચૂંદડી પહેરીને એમાં એનાં અરમાન ગૂંથાયાં છે.

આમ વૈભવશાળી, સુખસમૃદ્ધિથી છલકાતા અને અરસપરસ સાથે તંતુથી બંધાયેલા સંયુક્ત કુટુંબની ભાવના આ લોકગીતમાં ઝિલાઈ છે. સંયુકત કુટુંબપ્રથા એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

સંયુકત કુટુંબપ્રથા

**૧.૦ કૃતિક્રમ** : ૬

**૨.૦ કૃતિશીર્ષક** : અવસાન-સંદેશ

**૩.૦ રચયિતા** : નર્મદ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : પદ્ય (ઊર્મિકાવ્ય)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

કવિ નર્મદે મૃત્યુ સંદર્ભે કેટલીક ભાવોર્મિઓને આ કાવ્યમાં રજૂ કરી છે. પોતાના મૃત્યુ પછી પ્રિયજનોને શોક ન કરવા વિશે સમજાવતાં કવિ કેટલાંક કારણો આપે છે. પોતે હેતપૂર્ણ અને પ્રામાણિકપણે જીવ્યા છે. સમાજને જે આપવા ચાહ્યું તેમાંથી ઘણું આપી શકાયું છે. પોતે ટેક, હિંમત, વીરતા અને પ્રેમ દાખવ્યા છે; છતાં કેટલાંક વાંકાદેખાઓને તો ટીકા કરવાનું જ ગમશે. તો ભલે, તે તેમ કરે. પણ રસિકજનો તમે રડશો નહી. હું મારા કાર્યોના બળે જીવ્યો છું. જન્મ-મરણ તો આ જગતનો નિયમ છે. મૃત્યુ તો દરેકને માટે નિશ્ચિત છે પણ માણસ એનાં જીવનકાર્યોથી જીવતો રહે છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

'યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી.' (પૃષ્ઠ નં.૧૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિ નર્મદ આ પંક્તિમાં કહે છે કે મેં સૌને યથાશકિત (સાહિત્ય)નું રસપાન કરાવ્યું છે અને સમાજની બને એટલી સેવા કરી છે.

સમાજ સુધારણા માટે નર્મદ આજીવન ઝઝુમ્યો હતો. ભારતીયોને છાજે એવી સમાજ સેવાપરાયણતાના દર્શન નર્મદમાં થાય છે. લોકસેવા એ ભારતીયોને મન જીવનમૂલ્ય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

'વીરસત્ય ને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી.' (પૃષ્ઠ નં.૧૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નર્મદ કહે છે કે, 'વીરતા, સત્ય, રસિકતા અને ટેક જેવા મારા ગુણોની પ્રશંસા મારા શત્રુ પણ દિલથી કરશે.

વીરતા, સત્ય જેવા આદર્શો અપનાવનાર નર્મદ ભારતીય સંસ્કૃતિ સન્માને છે. ભારતીય સંસ્કૃતિમાં રહેલા આવા આદર્શો તેને વિશ્વની અન્ય સંસ્કૃતિઓથી ઊંચુંસ્થાન આપે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

'મૂઓ હું તમે વળી મરશો, મુક્ત થાશો જગતમથી.' (પૃષ્ઠ નં.૧૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ પંક્તિમાં નર્મદ કહે છે કે હું જેમ મૃત્યુ પામ્યો તેમ તમે સૌ પણ મૃત્યુ પામશો, અને જગતરૂપી અંધકારમાંથી મુક્ત થશો.

આ સંદર્ભમાં નર્મદનું મૃત્યુ વિશેનું દર્શન રજુ થયું છે. મૃત્યું એટલે દિવ્યત્તમ પ્રકાશ. મૃત્યુ થકી જ જગતરૂપી અંધકારમાંથી મુક્તિ મળે એવું ભારતીયદર્શન અહીં વ્યક્ત થયું છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

મૃત્યુ

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

'જગતનીમ છે જનમ મરણનો, દઢ રહેજો હિંમતથી
મને વિચારી રામ સમરજો, સુખી થાશો એ લતથી.'
(પૃષ્ઠ નં.૧૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

જન્મ-મરણ એ તો જગતનો નિયમ છે, માટે હિંમતથી દ્રઢતા કેળવજો. મને યાદ કરવાને બદલે પ્રભુનું સ્મરણ કરશો તો સુખી થાશો.

પ્રસ્તુત સંદર્ભમાં જગતનું સનાતન સત્ય જન્મ એનું મૃત્યુ, નામ એનો નાશ નિશ્ચિત છે, એ જોવા મળે છે. ભારતીયો મૃત્યુને પણ પરમસખા ગણી આવકારે છે, એ વાત નર્મદનું 'અવસાન સંદેશ' કાવ્ય પ્રતિપાદિત કરે છે. અહીં નર્મદ સ્નેહીજનોને પોતાના મૃત્યુ બાદ તેને યાદ કરવાને બદલે પ્રભુનું સ્મરણ કરવાનું કહે છે એમાં તેના પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને વિનમ્રતા જેવા મૂલ્યો વ્યક્ત થયાં છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

મૃત્યુ, જીવનમૂલ્યોનું અનુસરણ

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કવિ પોતાના ભાવકો અને સ્નેહીજનોને શો અવસાન-સંદેશ આપે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિ પોતાના ભાવકો અને સ્નેહીજનોને પોતાના મૃત્યુ પછી શોક ન કરવા સંદેશો આપે છે. તે કહે છે કે જન્મ-મરણ તો જગતનો નિયમ છે, માટે હિંમતથી મૃત્યુના દુઃખને સહન કરવું જોઈએ. આવે વખતે શોક કરવાને બદલે પ્રભુસ્મરણ કરશો તો સુખી થાશો.

જન્મ-મરણને જગતનો નિયમ ગણતા કવિ મૃત્યુને પણ સહજતાથી જુએ છે, તેમાં ભારતીયતા રહેલી છે. વળી સ્નેહીજનોને પ્રભુમાં શ્રદ્ધા રાખી સ્મરણ કરવાના સંદેશમાં કવિની ઈ✓ર પ્રત્યેની શ્રદ્ધાનું મૂલ્ય રહેલું છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

મૃત્યુ, જીવનમૂલ્યોનું અનુસરણ

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : નર્મદ પોતાના કયા ગુણોનો ઉલ્લેખ આ કાવ્યમાં કરે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નર્મદ આ કાવ્યમાં વીરતા, સત્ય, રસિકતા અને ટેક જેવા પોતાના ગુણોનો ઉલ્લેખ કરે છે.

સત્ય, વીરતા જેવા આદર્શો ભારતીયોએ આત્મસાત કર્યા છે, તેથી જ તો ભારતીય સંસ્કૃતિ અજોડ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નર્મદ પોતે સમાજની અને સાહિત્યની યથાશક્તિ સેવા કરી શકયા એમાં આત્મસંતોષ અને લોકસેવાની ભાવના છે. કવિએ મૃત્યુને સહર્ષ સ્વીકાર્યું છે, પણ

કવિ જાણે કે એના મૃત્યુનો સ્નેહીજનોને આઘાત લાગશે. આથી તેઓને મૃત્યુનો શોક ન કરવા સંદેશ આપે છે. કવિ કહે છે કે જન્મ-મરણ એ જગતનો નિયમ છે, તેથી મૃત્યુને હિંમતથી સ્વીકારવું. રડવાથી નહીં પણ પ્રભુ સ્મરણ કરવાથી મૃત્યુનો શોક દૂર થશે. જીવનમાં મૃત્યુ નિશ્ચિત છે. પણ માણસ પોતાના સત્કાર્યોથી જીવતો રહે છે. નર્મદના આ વિચારોમાં મૃત્યુ અંગેનું જીવનદર્શન જોવા મળે છે.

નર્મદને ખાતરી છે કે પોતાના મૃત્યુથી એના શત્રુઓ હરખાશે પણ વીરતા, સત્ય, રસિકતા અને ટેક જેવા એમના ગુણોની પ્રશંસા શત્રુઓ પણ દિલથી કરશે.

અહીં નર્મદના લોકસેવા, આત્મસંતોષ જેવા જીવનમૂલ્યો, વીરતા, સત્ય જેવા આદર્શો તથા મૃત્યુ અંગેનું આગવું જીવનદર્શન જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવન મૂલ્યોનું અનુસરણ, આદર્શોનું મહત્ત્વ, મૃત્યુ.

**૧.૦ કૃતિક્રમ** : ૧૫

**૨.૦ કૃતિશીર્ષક** : વ્હાણું વાય

**૩.૦ રચયિતા** : પ્રિયકાન્ત મણિયાર

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : પદ્ય (ગીતકાવ્ય)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

વ્હાણું વાતા સૃષ્ટિમાં જે સંચાર થાય છે અને વાતાવરણ કેવું ધબકી ઊઠે છે તેનું મનોરમ વર્ણન એક પછી એક થતાં કાર્યો દ્વારા કર્યું છે. કાર્યોનો ક્રમ આકાશથી શરૂ થઈને વહેલી સવારમાં ગવાતાં કૃષ્ણનાં પ્રભાતિયાં સુધી ચાલે છે. સૃષ્ટિની પરોઢે થતી આવી ગતિવિધિઓને કવિ એવા વિલક્ષણ ક્રમમાં વર્ણવીને સવારની જાગૃતિવેળાનું એક કલ્પનામધુર વ્યાપક સૃષ્ટિચિત્ર સરસ લયગતિમાં ઉપસાવી આપે છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતાં સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

''પ્હેલાં તે જાગ્યા કાનજી ને પછી જશોદામાય;
પ્હેલાં તે જાગ્યાં પ્રભાતિયાં ને પછીથી વ્હાણુ વાય.' (પૃષ્ઠ નં.૩૫)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પહેલાં શ્રીકૃષ્ણ જાગે છે. પછી જશોદા જાગે છે. પહેલાં ભગવાનના પ્રભાતિયાં ગવાય છે અને પછી જ વ્હાણું વાય છે.

પ્રસ્તુત પંક્તિમાં શ્રીકૃષ્ણની વાત કરવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રીરામ, શ્રીકૃષ્ણ, મહાવીર વગેરે આમ આદમીરૂપે જન્મી ઈશ્વરી રૂપ ધારણ કર્યું હોવાથી તે અવતારી મહાપુરુષો ગણાયા છે. ઈશ્વરનો મહિમા પણ આવી વિભૂતિઓ દ્વારા પ્રગટ થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

અવતાર કલ્પના

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કૃષ્ણ સાથે સંકળાયેલી કઈ-કઈ વાતો કવિ યાદ કરે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કૃષ્ણ ગાયો ચરાવવા જતા, યશોદા ગાય દોહતાં હોય ત્યારે તેમની પાસે દૂધ માટે વાટકી લઈને ઊભા રહેતા, ગોરસ વલોવ્યા પછી માખણ ખાવા માટે તૈયાર થતાં, વૃંદાવનમાં વાંસળી વગાડતા, વાંસળીના સૂરે ગોપીઓને ઘેલી કરી મૂકતા, વહેલી સવારે ગવાતાં પ્રભાતિયાં જેવી કૃષ્ણ સાથે સંકળાયેલી અનેક લીલાઓને કવિ યાદ કરે છે.

ભારતીય સંસ્કૃતિના મહાન અવતારી મહાપુરૂષ શ્રીકૃષ્ણની બાળલીલાઓનું કવિએ અહીં મનોરમ્ય વર્ણન કર્યું છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

અવતાર કલ્પના

**૧.૦ કૃતિક્રમ** : ૨૦

**૨.૦ કૃતિ શીર્ષક** : ઊગી જવાના

**૩.૦ રચયિતા** : હર્ષ બ્રહ્મભટ્ટ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : પદ્ય (ગઝલ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

જીવનમાં વિષમ પરિસ્થિતિ આવે તો તેને વેઠી, તેનો સામનો કરીને અણનમતાથી ટકી રહેવાનો સંકલ્પ આ ગઝલમાં રજૂ થયો છે. સૂરજના ભારે તાપ વચ્ચેય જેમ સમુદ્રનું પાણી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે; તેમ વિષમ સંજોગોમાંયે પોતાનું ખમીર દાખવવાની અને બતાવવાની તત્પરતા અત્રે બુલંદ રહી છે. અહીં તરી જવાની તો ખરી જ, સાથે-સાથે તારી જવાનીયે ભાવના છે. આકાશને આંબી જવા માટેનાં હિમ્મત અને ઉત્સાહ સાથે પંખીને (ઉચ્ચ ધ્યેય) પ્રાપ્ત કરવાની આશા અહીં સરસ રીતે વ્યક્ત થઈ છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"અમે રાખમાંથીયે બેઠા થવાના...
....અમે પંખી એકે ન ચૂકી જવાના !"
(સમગ્ર કાવ્ય, પૃષ્ઠ નં.૪૪)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિ કહે છે કે, અમે બળીને નષ્ટ થઈ જઈશું તો પણ એ રાખમાંથી પણ નવજીવન પામશું. તમે અમને સળગાવી મૂકશો તો પણ અમે નક્કી જીવી જવાના.

તમે પાણી નહીં રેડો તો પણ અમે ભીંત તોડીને એમાંથી ઊગીને બહાર નીકળી જઈશું.

તમારે ભલે સૂર્યની જેમ જેટલું તપવું હોય તેટલું તપો પણ એથી કાંઈ સમુદ્રના પાણી ખૂટી જવાના નથી. સહેજ પણ ડર્યા વગર તમારો હાથ અમને સોંપી દો. અમે વિષમ પરિસ્થિતિમાંથી તરી જઈશું અને એમાંથી તમને પણ ઉગારી લઈશું.

અમે જાળ પાથરીને એમાં આખું આકાશ ઝાલ્યું છે. એમાંથી એકપણ ધ્યેય છટકી શકવાનું નથી.

સમગ્ર કાવ્યમાંથી ભારતીય સંસ્કૃતિમાં રહેલા શ્રદ્ધા, પરોપકાર, પ્રેમ, હિંમત, જુસ્સો અને આત્મવિ✓ાસ જેવા જીવનમૂલ્યો જોવા મળે છે.

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'ઊગી જવાના' કાવ્યનો કેન્દ્રસ્થ ભાવ ટૂંકમાં લખો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

જીવનમાં ગમે તેવી કપરી પરિસ્થિતિ આવે ત્યારે લાચાર બનીને ચૂપચાપ બેસી રહેવું ન જોઈએ. મનમાં દઢ સંકલ્પ સાથે એ વિકટ પરિસ્થિતિનો હિંમતથી સામનો કરવો જોઈએ એ આ ગઝલનો કેન્દ્રસ્થ ભાવ છે.

આ ગઝલમાં કવિના શ્રદ્ધા, હિંમત, જુસ્સો, આત્મવિ✓ાસ જેવા જીવનમૂલ્યોનું દર્શન થાય છે, જે ભારતીય સંસ્કૃતિમાં સમાવિષ્ટ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'સૂર્ય' અને 'સમંદર' દ્વારા કવિ શું સૂચવે છે ?

### (બ) સંદર્ભનું અર્થઘટન

કવિ 'સૂર્ય' અને 'સમંદર' દ્વારા સૂચવે છે કે જેમ સૂર્ય ગમે તેટલો ધોમ ધખતો હોય પણ એના તાપથી સમુદ્રના પાણી સુકાતાં નથી કે ખૂટી જતાં નથી એમ જીવનમાં ગમે તેટલી કપરી પરિસ્થિતિ આવે પણ મનુષ્યનાં મનોબળ, શ્રદ્ધા, હિંમત, ઉત્સાહ અને આત્મવિશ્વાસ ખૂટી જવા ન જોઈએ.

આ સંદર્ભમાં ભારતીય સંસ્કૃતિમાં વિદ્યમાન જીવનમૂલ્યો જેવા કે શ્રદ્ધા, હિંમત, ઉત્સાહ, આત્મવિશ્વાસ વગેરેની ઝાંખી થાય છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

જીવનમૂલ્યોનું અનુસરણ

## સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : શુદ્ધ-નિર્વ્યાજ સ્નેહમાં 'તારી જવાની' અને 'તરી જવાની' વાતને સમજાવો.

### (બ) સંદર્ભનું અર્થઘટન

હૃદયમાં શુદ્ધ અને નિર્મળ સ્નેહ હોય તો વ્યક્તિ ગમે તેવા કપરા સંજોગોમાં પૂરા ઉત્સાહ અને ખમીર સાથે ટટ્ટાર ઊભી રહી શકે છે અને એમાંથી હેમખેમ બહાર નીકળી જાય છે. આથી શુદ્ધ અને નિર્મળ સ્નેહમાં 'તરી જવાની' અને 'તારી જવાની' વાતને એટલે કે પોતાને અને બીજાને પણ ઉગારી લેવાની તાકાત છે.

કવિનો ઉત્સાહ, હિંમત, પ્રેમ, પરોપકારની ભાવના દ્રષ્ટિગોચર થાય છે. ભારતીય સંસ્કૃતિમાં આવા જીવનમૂલ્યોનું અદકેરું મહત્ત્વ છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

જીવનમૂલ્યોનું અનુસરણ

## સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પંક્તિઓ સમજાવો : 'ભલે જળ ન સીંચો તમે તે છતાંયે;
અમે ભીંત ફાડીને ઊગી જવાના.'

**(બ) સંદર્ભનું અર્થઘટન**

જેમ આગ લાગે અને એને કોઈ પાણી રેડીને ઠારે નહીં તેમ જીવનના કપરા કાળમાં કોઈ આ✓ાસન ન આપે, મદદરૂપ ન થાય કે હૂંફ ન આપે તો પણ કવિને એની કાંઈ પરવા નથી. કવિને પૂરો વિ✓ાસ છે કે કોઈનીય મદદ વિના ભીંત ફાડીને તેઓ આપબળે એમાંથી બહાર નીકળી જશે.

પ્રસ્તુત પંક્તિઓમાં કવિનો આત્મવિ✓ાસ ભારોભાર છલકાતો જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'ઊગી જવાના' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'ઊગી જવાના' શબ્દોમાં કવિનો આશા, શ્રદ્ધા અને આત્મવિ✓ાસનો સૂર સંભળાય છે. આ ગઝલના એક એક શેરમાં વિષમ સંજોગો સામે લડી લેવાની કવિની ભાવના વ્યક્ત થઈ છે. કોઈની મદદ કે હૂંફની આશા રાખ્યા વિના એમાંથી માર્ગ કાઢવાની કવિની તત્પરતા, ખુમારી, હિંમત અને ઉત્સાહ જોતાં ગઝલનું આ શીર્ષક 'ઊગી જવાના' સાર્થક છે.

પ્રસ્તુત સંદર્ભમાં ભારતીય સંસ્કૃતિના જીવનમૂલ્યો - શ્રદ્ધા, આત્મવિ✓ાસ, હિંમત, જુસ્સો વગેરેનો સૂર સંભળાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

**૧.૦ કૃતિક્રમ : ૨૩**

**૨.૦ કૃતિ શીર્ષક : સદ્ભાવ રાખ**

**૩.૦ રચયિતા : સુબ્રમણ્ય ભારતી**

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ : પદ્ય (ગીત-કાવ્ય)**

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ કાવ્યમાં કવિ પોતાના હૃદયને સદ્ભાવ જાળવી રાખવાનું કહે છે. કવિના મતે દુશ્મનો પ્રત્યે વેર રાખવાથી શાંતિ મળતી નથી, તેથી દુશ્મનો સાથે પણ પ્રેમભર્યો વ્યવહાર કરવો. 'વેરથી વેર શમતું નથી, પ્રેમથી જ વેર શમે છે' - ગૌતમ બુદ્ધના આ સંદેશની અસર કવિના વિચારોમાં જણાય છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"હે હૃદય, દુશ્મન પ્રત્યે સદ્ભાવ રાખ...
.... આવી રહી પરાશક્તિ વ્યાઘ્રરૂપ, તું વંદજે."
(સમગ્ર કાવ્ય, પૃષ્ઠ નં.૫૦)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ કાવ્યમાં કવિ પોતાના હૃદયને કહે છે કે, હે હૃદય ! તું દુશ્મન સાથે સદ્ભાવપૂર્ણ વ્યવહાર કર. જેમ ધુમાડામાં અગ્નિ રહેલો હોય છે તેમ દુશ્મનીમાં પણ પ્રેમદેવતા છુપાયેલા હોય છે. શું તું નથી જાણતો કે સાચું મોતી સુંદર છીપમાં તૈયાર થાય છે અને સુંદર વૃક્ષો, વેલ, ફળ વગેરે માટીમાંથી જ પેદા થાય છે ? મનમાં ખરાબ વિચારો આવવાથી શાંતિ રહેતી નથી, જેમ મધમાં જરા જેટલું ઝેર ભળે તો મધ ઝેરી બની જાય. વાઘ તારી સામે ધસમસતો આવે તો પણ તારે એના શરીરે વહાલથી હાથ ફેરવવો. એ વાઘ નથી પરંતુ વાઘરૂપે પરાશક્તિ તારી પાસે આવી રહી છે એમ સમજી તું એને પ્રણામ કરજે.

આ કાવ્યમાં કવિ સદ્ભાવ રાખવા પ્રેરે છે. અહીં કવિએ પ્રેમને પણ દેવતા ગણવામાં આવ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં રહેલા જીવનમૂલ્યો સદ્ભાવના અને પ્રેમના મૂલ્યોને કવિએ અહીં રજૂ કર્યો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતાં સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કવિ શા માટે દુશ્મન પ્રત્યે સદ્ભાવ રાખવા કહે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિ જાણે છે કે દુશ્મનો પ્રત્યે વેર રાખવાથી વેર શમતું નથી. વેર તો પ્રેમથી જ શમે છે. દુશ્મનમાં પણ પ્રેમદેવતાનો વાસ હોય છે. આથી કવિ દુશ્મન પ્રત્યે સદ્ભાવ રાખવાનું કહે છે.

અહીં કવિએ ભારતીય સંસ્કૃતિમાં વિદ્યમાન જીવનમૂલ્યો સદ્ભાવ અને પ્રેમનો મહિમા વ્યક્ત કર્યો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કાવ્યમાં વ્યક્ત થતો સદ્ભાવ સંદેશ દર્શાવો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ કાવ્યમાં દરેક વ્યક્તિ પ્રત્યે સદ્ભાવ રાખવાનું કવિ કહે છે. પોતાના પ્રિયજન સાથે તો સૌ પ્રેમથી વર્તે, પરંતુ દુશ્મન સાથે પણ પ્રેમથી વર્તીએ તો જ દુશ્મની ઓછી થાય. આપણા મનમાં દુશ્મનોનું વેર લેવાના ખરાબ વિચારો આપણને સુખશાંતિથી નહીં

રહેવા દે. દુશ્મનોમાં પણ પ્રેમનો વાસ હોય છે એમ સમજીને એની સાથે સદ્‌ભાવ રાખવો એ જ આ કાવ્યનો સંદેશ છે.

અહીં કવિએ અન્યો પ્રત્યે સદ્‌ભાવના અને પ્રેમ જેવા ભારતીય જીવનમૂલ્યો અપનાવવાનો સંદેશ આપ્યો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

## ૪.૫ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

ધોરણ ૧૧ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના પદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં સમાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓની રજૂઆત અનુક્રમે સારણી ૪.૧ અને સારણી ૪.૨માં કરવામાં આવી છે.

પ્રસ્તુત સારણી ૪.૧ અને ૪.૨માં ઊભી હરોળમાં અભ્યાસમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ (કાવ્યક્રમ) દર્શાવ્યો છે. પ્રસ્તુત સારણીઓમાં કૃતિક્રમ સામે જે તે કૃતિક્રમ પ્રતિબિંબિત થયેલી ભારતીય સંસ્કૃતિની ચોક્કસ લાક્ષણિકતાને તેને અનુરૂપ ખાનામાં ખરા (✓) નિશાની વડે દર્શાવેલ છે. અંતમાં પ્રત્યેક કૃતિમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓની કુલ સંખ્યા અને પદ્યવિભાગની સમગ્ર કૃતિઓના સંદર્ભમાં પ્રત્યેક લાક્ષણિકતાની કુલ સંખ્યા રજૂ કરવામાં આવી છે.

સારણી ૪.૧માં ધોરણ ૧૧ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકના પદ્યવિભાગમાં  ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરવામાં આવી છે. પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કુલ ૯ લાક્ષણિકતાઓ જોવા મળી હતી. જેમાં ચાર પુરુષાર્થ, સંયુક્ત કુટુંબપ્રથા, આદર્શોનું મહત્ત્વ, કેટલાક વિશિષ્ટ ખ્યાલો, મૂર્તિપૂજા, મૃત્યુ પ્રત્યેનો અભિગમ, આધ્યાત્મિકતા/ભક્તિનો મહિમા, અવતાર કલ્પના અને જીવનમૂલ્યોનો સમાવેશ થાય છે.

પદ્યવિભાગની કૃતિઓ (પદ્ય) ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૧૫, ૨૦ અને ૨૩માં જ ભારતીય સંસ્કૃતિની એક કે તેથી વધુ લાક્ષણિકતાઓ જોવા મળેલી. આ સિવાયની કૃતિઓમાં અભ્યાસ પૈકીની કોઈ લાક્ષણિકતા જોવા મળી નથી.

સારણી ૪.૨માં ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના સ્વાધ્યાયોમાંથી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવામાં આવી. આ લાક્ષણિકતાઓમાં ચાર પુરુષાર્થ, સંયુક્ત કુટુંબપ્રથા, આદર્શોનું મહત્ત્વ, મૂર્તિપૂજા, મૃત્યુ પ્રત્યેનો અભિગમ, આધ્યાત્મિક્તા/ભક્તિનો મહિમા, અવતાર કલ્પના અને જીવનમૂલ્યો એમ કુલ આઠ (૮)નો સમાવેશ થયો હતો.

પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં કાવ્ય ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૧૫, ૨૦ અને ૨૩માં ભારતીય સંસ્કૃતિની એક કે તેથી વધુ લાક્ષણિક્તાઓ જોવા મળી હતી.

## ૪.૬ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓનું પ્રમાણ

ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં પ્રતિબિંબિત થયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ સારણી ૪.૩માં રજૂ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત સારણી ૪.૩માં ઊભી હરોળમાં અભ્યાસમાં સમાવાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ દર્શાવવામાં આવ્યો છે. રજૂ કરેલી સારણીમાં કૃતિક્રમ સામે જે તે કૃતિમાં જોવા મળેલી ભારતીય સંસ્કૃતિની ચોક્કસ લાક્ષણિકતાનું પ્રમાણ તેને અનુરૂપ ખાનામાં (સંદર્ભોની) સંખ્યાના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. અંતમાં પ્રત્યેક લાક્ષણિકતાની કુલ સંખ્યા દર્શાવવામાં આવી છે.

CE

સારણી ૪.૩નું અવલોકન દર્શાવે છે કે ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્ય પુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતા જીવનમૂલ્યો હતી. આ લાક્ષણિકતાનું પ્રમાણ ૪ જોવા મળ્યું.

જીવનમૂલ્યોની આ લાક્ષણિકતા ત્રણ (૩) કાવ્યોમાં જોવા મળી.

## ૪.૭ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના કૃતિ પૃથક્કરણપત્રોની રજૂઆત

કૃતિ પૃથક્કરણપત્રો દ્વારા ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાંથી માહિતી એકત્ર કરવામાં આવી. ગદ્યવિભાગની કુલ ઓગણીસ (૧૯) કૃતિઓ પૈકી પાંચ (૫) કૃતિઓમાં લાક્ષણિકતાઓ જોવા મળી હતી. આ કૃતિપૃથક્કરણપત્રો અહીં રજૂ કરવામાં આવ્યા છે.

**૧.૦ કૃતિક્રમ** : ૧

**૨.૦ કૃતિ શીર્ષક** : વ્યવહાર અને પરમાર્થ

**૩.૦ રચયિતા** : આનંદશંકર ધ્રુવ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : ગદ્ય (ચિંતનાત્મક નિબંધ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

'વ્યવહાર અને પરમાર્થ' એ ઉચ્ચ કોટિનો ચિંતનાત્મક નિબંધ છે. આ જીવન અને જગતમાં પ્રભુભક્તિ સાથે વ્યવહાર અને પરમાર્થ જાળવવાનો પ્રશ્ન આ નિબંધ દ્વારા ઉકેલવાનો પ્રયત્ન લેખકે કર્યો છે. આ અંગે બુટ-ચંપલ સીવતા મોચીનું ઉદાહરણ પુરાવારૂપ લાગે. પરમાર્થ વિનાનો વ્યવહાર સ્વાર્થયુક્ત અને કપટખોરી જેવો લાગે છે. પરમાર્થ વિનાની ભક્તિ કદાચ સાચી ભક્તિ ન હોઈ શકે. એવી ભક્તિ કે પ્રાર્થના પ્રભુ સુધી પહોંચતી નથી.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"બે પુરુષાર્થ કરતાં ધર્મની વિશિષ્ટતા એ છે કે ઉત્તરાવસ્થામાં જયારે એ બે પુરુષાર્થો ગૌણતાને યોગ્ય થાય છે ત્યારે ધર્મ આગળ પડી સવિશેષ આદરને પાત્ર બને છે. તેમાં ઉત્તરાવસ્થાનો ધર્મ જ ઉત્તરાવસ્થામાં પરિપાકદશાને પામે છે અને મૃગશિરનો વા વાતાં જેમ કેરી મીઠી બને છે, તેમ પ્રભુના દ્વાર સમીપ આવતાં ધર્મ કોઈક અનેરી મીઠાશ ધારણ કરે છે એ અવસ્થામાં અર્થ અને કામ સાથેનો એનો સંબંધ ક્ષીણ થઈ એ શુદ્ધરૂપે પ્રકાશે છે અને તે વખતે એ 'સંન્યાસ'ને નામે ઓળખાય છે."

### (બ) સંદર્ભનું અર્થઘટન

પ્રસ્તુત સંદર્ભમાં ભારતીય સંસ્કૃતિમાં રહેલા ચાર પુરુષાર્થો વિશે વાત કરવામાં આવી છે. એમાંય ખાસ કરીને ધર્મના પુરુષાર્થને લેખકે ખાસ મહત્ત્વ આપ્યું છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

ચાર પુરુષાર્થ

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"પેલા માણસે છોકરાઓને કહ્યું : 'આપણે દુનિયામાં શું કરવું છે ? મહેનત કરવી, પેટ ભરવું અને ગુપચુપ બેસી રહેવું' આ શબ્દો સાંભળીને હું બોલ્યો : 'ભાઈ ! આ છોકરાઓને દુનિયાનો આવો હલકો ખ્યાલ કેમ આપો છો ? મહેનત કરવી અને પેટ ભરવું તે સિવાય શું બીજું કાંઈ જ કરવાનું નથી ? એણે ઉત્તર દીધો : 'ભગવાનનું સ્મરણ કરવું એ તો ખરું જ તો.' પછી પેલી બાઈ મારી સાથે વાતમાં ભળી અને કહ્યું : 'ભાઈ, ઠીક કહો છો : નહિ તો પરમેશ્વર આપણને અન્ન કેમ આપે ?' મેં કહ્યું : 'પણ ભગવાનનું ફક્ત સ્મરણ કરીશું તેથી એ અન્ન કેમ આપશે ?' પેલી બાઈએ તુરત જવાબ આપ્યો : 'ભગવાનનું સ્મરણ કરશો તો તમે ચોરી નહિ કરો, જૂઠું નહિ બોલો અને આળસુ પડી નહિ રહો." (પૃષ્ઠ નં.૫૧)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પ્રસ્તુત ગદ્યાંશમાં લેખકે વ્યવહાર સાથે પરમાર્થ એટલે કે ઉચ્ચ પુરુષાર્થ (ધર્મ)નો સંબંધ દર્શાવ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં ચાર પુરુષાર્થનું ખુબ મહત્ત્વ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ચાર પુરુષાર્થ

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"ખરી વાત એ છે કે ધર્મનો અન્ય પુરુષાર્થ સાથે કેવી જાતનો સંબંધ છે એ ન સમજવાથી જ ધર્મની સર્વ વિડમ્બના થાય છે. સિપાઈના પહેરા બદલાય છે તેમ ધર્મ, અર્થ અને કામના પહેરા નથી કે અર્થ અને કામના સમય ઉપરાંત ધર્મનો સમય હોવો જોઈએ. અર્થ અને કામનો સમય તે જ ધર્મનો : માત્ર ધર્મના અંતઃપ્રવેશથી અર્થ અને કામ સપ્રયોજન અને પવિત્ર બને છે. એટલું જ : અંતઃપ્રવેશ, બાહ્ય સહચાર નહી અન્ય પુરુષાર્થ સાથે ધર્મનો બાહ્ય સહચાર એ નિરર્થક દંભ છે." (પૃષ્ઠ નં.પર)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પ્રસ્તુત ગદ્યાંશમાં કહેવામાં આવ્યું છે કે જીવનના દરેક પુરુષાર્થમાં, પછી એ અર્થ હોય કે કામ પરંતુ એમાં ધર્મનો પ્રવેશ હોય તો માણસ ધર્મના નીતિનિયમોને ધ્યાનમાં રાખીને વ્યવહાર કરે. તો જ અર્થ અને કામ પવિત્ર બને. ધર્મનો અંતઃપ્રવેશ કેવળ દેખાવ પૂરતો હોય તો તે દંભ છે. અહીં દરેક પુરુષાર્થ સાથેનો ધર્મનો સંબંધ સ્થાપિત કરી લેખકે ધર્મના પુરુષાર્થને સવિશેષ પ્રાધાન્ય આપ્યું છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ચાર પુરુષાર્થ

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"પ્રભુની ઓળખ જેવી નિત્ય વ્યવહારમાં થાય છે તેવી સમાધિમાં પણ થતી નથી. અર્થ અને કામથી દૂર રહ્યે ધર્મ આવડતો નથી. ધર્મની શિક્ષાશાળા તે આ વ્યવહારનું જગત છે. પાણીમાં પડયા વિના માત્ર હાથ હલાવવાની વાત

જાણવાથી તરતાં આવડતું નથી; વહાણે ચઢયા વિના વહાણ હંકારતાં આવડતું નથી; યુદ્ધના શાસ્ત્ર પર ગમે તેટલું શીખો પણ રણભૂમિ ઉપર હિંમત, શાન્તિ, સમયસૂચકતા વગેરે ગુણો તમે કેટલા રાખી શકો છો તે જ તમારા જય પરાજયનો આધાર છે. આ જ પ્રમાણે ધર્મની ચાર વાતો અરણ્યની ગુફામાં બેસીને કરવાથી ધર્મ આવડતો નથી. અરણ્યની ગુફાઓ એ પ્રાચીન રૂઢિનો દાખલો લીધો, પણ વર્તમાન સમયની ગુફાઓ થોડી નથી : યુનિવર્સિટી, પુસ્તકશાળા, પ્રાર્થનામંદિર વગેરે આ જાતની ગુફાઓ જ છે. એમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન જયાં સુધી વ્યવહારની કસોટીએ ચઢતું નથી ત્યાં સુધી એ સિદ્ધ અને સંસ્કારી બનતું નથી.'' (પૃષ્ઠ નં.૫૭)

### (બ) સંદર્ભનું અર્થઘટન

પ્રસ્તુત ગદ્યાંશની શરૂઆતમાં જ લેખકે ધર્મ અર્થ અને કામના પુરુષાર્થો વચ્ચે સંબંધને સમર્થન આપ્યું છે. એ સાથે ધર્મનું જ્ઞાન માત્ર ધરાવવાથી નહીં પણ વ્યવહારમાં મૂકવાથી જ એ જ્ઞાન સંસ્કારી બને છે, એ વાત વિવિધ ઉદાહરણો દ્વારા રજૂ કરી છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

ચાર પુરુષાર્થ

### સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

ધર્મશિક્ષણ એ દેશના પ્રાથમિક, મધ્યમ તેમ જ ઉચ્ચ સામાન્ય શિક્ષણનો ભાગ હોઈ એની ઉપેક્ષા થઈ શકતી નથી.'' (પૃષ્ઠ નં.૫૪)

### (બ) સંદર્ભનું અર્થઘટન

પ્રસ્તુત સંદર્ભમાં લેખકે શિક્ષણમાં પણ ધર્મના પુરુષાર્થને મહત્ત્વ આપવાની હિમાયત કરી છે, કારણ કે ભારતીય સંસ્કૃતિમાં ધર્મને સૌથી ઉચ્ચ પુરુષાર્થ માનવામાં આવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ચાર પુરુષાર્થ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'વ્યવહાર' અને 'પરમાર્થ' એ બંનેનો સમન્વય શી રીતે સાધી શકાય ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'વ્યવહાર' અને 'પુરુષાર્થ' એ બંને વચ્ચે સમન્વય સાધવા માટે માણસે પોતાના દરેક વ્યવહાર અને પરમાર્થમાં ધર્મને મહત્ત્વ આપવું જોઈએ. ધર્મથી જ વ્યવહાર અને પરમાર્થ બંનેના પ્રયોજન શુદ્ધ અને પવિત્ર બને છે. ધર્મનો બાહ્ય આચાર એ કેવળ દંભ છે. વ્યવહાર અને પરમાર્થનો સમન્વય ધર્મના અંતઃપ્રવેશથી જ સધાય છે.

પ્રસ્તુત સંદર્ભમાં ધર્મના પુરુષાર્થને મહત્ત્વ આપવામાં આવ્યું છે, જે ભારતીય તત્ત્વચિંતનમાં પણ ઉચ્ચ સ્થાન ધરાવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ચાર પુરુષાર્થ

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : ખરો ધર્મ એટલે શું ? તે શી રીતે વ્યવહારમાં ઉતારી શકાય ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ખરો ધર્મ એટલે અર્થ અને કામને અર્થાત્ વ્યવહારને પવિત્ર બનાવવો, ધર્મની શિક્ષાશાળા એ વ્યવહારનું જગત છે. ધર્મને વ્યવહારમાં ઉતારવા કેવળ પુસ્તકિયું જ્ઞાન ન ચાલે. જેમ પાણીમાં પડયા વિના માત્ર હાથ હલાવવાથી તરતાં આવડે નહિ, વહાણે ચડયા વિના વહાણ હંકારતા આવડે નહિ, યુદ્ધનું શસ્ત્ર ગમે તેટલું શીખ્યા હોઈએ પણ જયપરાજયનો આધાર રણભૂમિ પર હિંમત, શાંતિ, સમયસૂચકતા વગેરે ગુણો રાખીને કેવી રીતે લડીએ છીએ એના પર રહેલો છે. આ દ્રષ્ટાંતો સૂચવે છે કે જીવનમાં

સરળ અને કપરી બંને પરિસ્થિતિમાં સમતા રાખીને, ધર્મનું આચરણ કરીને આપણે આપણા વ્યવહારને પવિત્ર રાખી શકીએ.

પ્રસ્તુત સંદર્ભમાં અર્થ અને કામની પવિત્રતા એ જ ખરો ધર્મ – એમ ત્રણેયનો સંબંધ વ્યક્ત થયો છે. ભારતીય સંસ્કૃતિના આ પુરુષાર્થો એકમેક સાથે જોડાયેલા છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ચાર પુરુષાર્થ

**સંદર્ભ–૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્નઃ શિક્ષણમાં ધર્મને મહત્વ આપવાની લેખક શા માટે હિમાયત કરે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ધર્મશિક્ષણ એ દેશના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનો જ એક ભાગ છે. ધર્મમાં જીવ હશે તો જ અર્થ અને કામમાં જીવ આવશે. – કૂવામાં પાણી નહિ હોય તો હવાડો કયાં સુધી પાણીથી ભરેલો રહેવાનો ? આપણો કૂવો પાતાળકૂવો છે અને એમાં પાણી કદી ખૂટવાનું નથી એમ વિશ્વાસમાં રહીએ પણ એની યોગ્ય સંભાળ નહિ લઈએ તો એમાં ગંદકી ફેલાશે. અર્થ અને કામની પ્રવૃત્તિને શુદ્ધ અને પવિત્ર રાખવા માટે શિક્ષણમાં ધર્મને મહત્ત્વ આપવાની જરૂર છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ચાર પુરુષાર્થ

**૧.૦ કૃતિક્રમ** : ૩

**૨.૦ કૃતિ શીર્ષક** : ઉભયાન્વયી નર્મદા

**૩.૦ રચયિતા** : કાકા કાલેલકર

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : ગદ્ય (નિબંધ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

'ઉભયાન્વયી નર્મદા' પ્રકૃતિવર્ણનનો નિબંધ છે. એમા નર્મદા નદીનો મહિમા દર્શાવાયો છે. નર્મદા એટલે આનંદ આપનારી નદી એમ કહી શકાય. નર્મદાનો સાંસ્કૃતિક અને ધાર્મિક પરિચય આપીને લેખકે પ્રાકૃતિક સૌંદર્યનું દર્શન કરાવ્યું છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"જે નદીને ઉત્તરે અને દક્ષિણે બે પહાડ ઊભેલા છે એ નદીનું પાણી નહેર ખોદી દૂર સુધી ક્યાંથી લઈ જવાય ? એટલે નર્મદા નદી જેમ વહાણવટાને માટે બહુ કામની નથી તેમ જ ખેતરોની સિંચાઈ માટે પણ વિશેષ કામની નથી. છતાં એ નદીની સેવા બીજી રીતે ઓછી નથી. એના પાણીમાં વિચરતા મગરો અને માછલાંઓ, એને કિનારે ચરતાં ઢોરો અને ખેડૂતો અને બીજાં જાતજાતનાં પશુઓ અને એના આકાશમાં કલરવ કરતાં પક્ષીઓ - બધાંની એ માતા છે.

ભારતવાસીઓએ પોતાની બધી ભક્તિ ભલે ગંગા ઉપર ઠાલવી હોય, પણ આપણા લોકોએ નર્મદા નદીને કિનારે ડગલે અને પગલે જેટલાં મંદિરો બાંધ્યા છે એટલાં બીજા કોઈ નદીને કિનારે નહીં હોય.

ગંગા, યમુના, ગોદાવરી, કાવેરી, ગોમતી, સરસ્વતી વગેરે નદીઓનાં સ્નાનપાનનું અને એમને કિનારે કરેલાં દાનનું માહાત્મ્ય પુરાણકારોએ ભલે ગમે તેટલું વર્ણવેલું હોય, પણ કોઈ ભક્તે એ નદીઓની પ્રદક્ષિણા કરવાનું વિચાર્યું નથી. જ્યારે નર્મદાના ભક્તોએ, કવિઓને સૂઝે એવા નિયમો કરી, આખી નર્મદાની પરિક્રમા અથવા 'પરિક્કમા' કરવાનું ગોઠવ્યું છે. (પૃષ્ઠ નં.૫૮)

### (બ) સંદર્ભનું અર્થઘટન

પ્રસ્તુત સંદર્ભમાં નર્મદા નદીને માતા ગણવામાં આવી છે. નર્મદામાતાના ભક્તો નર્મદાની પરિક્રમા કરી તેના પ્રત્યે ભક્તિ વ્યક્ત કરે છે. ભારતીય સંસ્કૃતિ પ્રકૃતિના વિવિધ તત્ત્વો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

## (અ) સંદર્ભ

"મોજમજા અને એશઆરામ છોડીને તપસ્યાપૂર્વક એક જ નદીનું ધ્યાન કરવાનું, એને કિનારે આવેલાં મંદિરોનાં દર્શન કરવાં, આસપાસ રહેતા સંતો-મહાત્માઓનાં વચનો સાંભળવાં અને કુદરતની શોભા અને ભવ્યતાનું સેવન કરતાં જિંદગીનાં ત્રણ વરસો પસાર કરવાં, એ કાંઈ જેવી તેવી પ્રવૃત્તિ નથી. એમાં ખડતલપણું છે, તપસ્યા છે, બહાદુરી છે, અંતર્મુખ થઈને કરવાનું આત્મચિંતન, ગરીબો સાથે એકરૂપ થવાની લાગણી છે. કુદરતમય થવાની દીક્ષા છે અને કુદરત મારફતે કુદરતમાં વિરાજતા ભગવાનનાં દર્શન કરવાની સાધના છે." (પૃષ્ઠ નં.૫૮-૫૯)

## (બ) સંદર્ભનું અર્થઘટન

કુદરતનું તત્ત્વ નદીમાં ભગવાનના દર્શન કરવા, તેની પરિક્રમા કરી તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી. આ વાતમાં ભારતીય સંસ્કૃતિનો માનવેત્તર સૃષ્ટિ પ્રત્યેનો પ્રેમસંબંધ વ્યક્ત થાય છે.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ

## સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત

"નર્મદાને કિનારે શિવજીનું કે વિષ્ણુનું રામચંદ્રનું કે કૃષ્ણચંદ્રનું, જગત્પતિનું કે જગદંબાનું સ્તોત્ર શરૂ કરતા પહેલાં નર્મદાષ્ટકથી પ્રારંભ કરવાનો હોય છે. – सबिंदुसिंधु सुस्खलत् तरंगभंगरंजितम् । આવી રીતે પંચચામરના લઘુગુરુ અક્ષરો જયારે નર્મદાના પ્રવાહનું અનુકરણ કરે છે ત્યારે ભક્તો મસ્તીમાં આવીને કહે છે કે, "માતા ! તારા પવિત્ર જળનું દૂરથી દર્શન થયું કે તરત આ દુનિયાની સમસ્ત બાધા દૂર થઈ જ ગઈ – गतं तदैव में भयं त्वदम्बु वीक्षितं यदा । અને અંતે ભક્તિમાં લીન થઈ એ નમસ્કાર કરે છે – त्वदीय पाद – पंकज नमामि देवि नर्मदे ।" (પૃષ્ઠ નં.૫૯)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પ્રસ્તુત સંદર્ભમાં નર્મદા નદીની પ્રદક્ષિણા કરી વખતે નર્મદાષ્ટક ગાઈને નર્મદા મૈયા પ્રત્યે ભક્તિ વહાવવાની વાત કરવામાં આવી છે. ભારતીયો નદી પ્રત્યે પણ કેટલો પૂજ્યભાવ – ભક્તિભાવ ધરાવે છે, તે બાબત અહીં ધ્યાન ખેંચે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ.

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"આપણે એ ન ભૂલવું જોઈએ કે જેમ નર્મદા આપણી અને આપણી પ્રાચીન સંસ્કૃતિની માતા છે તેમ જ તે આપણાં ભાઈભાંડુ આદિમજાતિનાં લોકોની પણ માતા છે. એ લોકોએ નર્મદાને બન્ને કિનારે હજારો વર્ષ સુધી રાજય કર્યું હતું, કેટલાક કિલ્લાઓ પણ બાંધ્યા હતા અને પોતાની એક વિશાળ આરણ્યક સંસ્કૃતિ ખીલવી હતી." (પૃષ્ઠ નં.૫૯)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ સંદર્ભમાં લેખકે નર્મદાને આપણી જ નહીં પણ આપણી પ્રાચીન સંસ્કૃતિની પણ માતા ગણાવી છે. ભારતીયોનો નદીઓ પ્રત્યેનો પૂજ્યભાવ અહીં વ્યક્ત થયો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"એમાંયે નર્મદા નદી એ ભારતીય સંસ્કૃતિના બે મુખ્ય વિભાગની સીમારેખા ગણાતી. રેવાને ઉત્તરે પંચગૌડોની વિચારપ્રધાન સંસ્કૃતિ અને રેવાની દક્ષિણે દ્રાવિડોની આચારપ્રધાન સંસ્કૃતિ મુખ્ય ગણાતી. વિક્રમ સંવતની કાળગણના અને शालि-वाहन શકની કાળગણના બંને નર્મદાને કિનારે સંભળાય છે અને બદલાય છે." (પૃષ્ઠ નં.૫૯)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નર્મદા નદી પ્રત્યક્ષ રીતે પણ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલી છે, તેથી તેના તરફનો પૂજ્યભાવ ઓર વધી જાય છે. એ બાબતની પ્રતીતિ આ સંદર્ભમાં થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

સમજાવો : પરિક્રમા એ કાંઈ જેવી તેવી પ્રવૃત્તિ નથી.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નર્મદા નદીની પરિક્રમા પૂરી કરતાં ત્રણ વરસ લાગે છે. આ સમય દરમિયાન યાત્રાળુઓએ નર્મદા નદીનું જ સતત ધ્યાન કરવાનું, એને કિનારે જેટલા મંદિરો આવેલાં હોય ત્યાં દર્શન કરવાનાં, આસપાસનાં સંત - મહંતોનાં પ્રવચન સાંભળવાનાં તથા કુદરતનાં સૌંદર્ય અને તેની ભવ્યતાને માણવાની છે. કુદરતમાં લીન થઈ કુદરતમાં વિરાજતા ભગવાનના દર્શન કરવાનાં છે. આ બધી અસામાન્ય પ્રવૃત્તિઓ કરવા માટે યાત્રાળુઓએ એશઆરામને ભૂલી જવા પડે. શરીર ખડતલ હોય, ધીરજ હોય, અંતરમાં ભક્તિભાવ તેમજ તપશ્ચર્યાની ભાવના હોય તો જ નર્મદાની પરિક્રમાનું કાર્ય સફળ થાય.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

સમજાવો : પરિક્રમા એ કાંઈ જેવી તેવી પ્રવૃત્તિ નથી.

## (બ) સંદર્ભનું અર્થઘટન

નર્મદા નદીની પરિક્રમા પૂરી કરતાં ત્રણ વરસ લાગે છે. આ સમય દરમિયાન યાત્રાળુઓએ નર્મદા નદીનું જ સતત ધ્યાન કરવાનું, એને કિનારે જેટલા મંદિરો આવેલાં હોય ત્યાં દર્શન કરવાનાં, આસપાસનાં સંત-મહંતોનાં પ્રવચન સાંભળવાનાં તથા કુદરતનાં સૌંદર્ય અને તેની ભવ્યતાને માણવાની છે. કુદરતમાં લીન થઈ કુદરતમાં વિરાજતા ભગવાનના દર્શન કરવાનાં છે. આ બધી અસામાન્ય પ્રવૃત્તિઓ કરવા માટે યાત્રાળુઓએ એશઆરામને ભૂલી જવા પડે. શરીર ખડતલ હોય, ધીરજ હોય, અંતરમાં ભક્તિભાવ તેમજ તપશ્ચર્યાની ભાવના હોય તો જ નર્મદાની પરિક્રમાનું કાર્ય સફળ થાય.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ

**૧.૦ કૃતિક્રમ** : ૫

**૨.૦ કૃતિશીર્ષક** : રામ અને કૃષ્ણ

**૩.૦ રચયિતા** : કિશોરલાલ મશરૂવાળા

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : ગદ્ય (ચરિત્રખંડ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

'રામ અને કૃષ્ણ' ચરિત્રગ્રંથનો આ ગદ્યખંડ છે. રામ અને કૃષ્ણ એ હિન્દુઓના બે ઉપાસ્ય દેવોમાં કયા કયા જીવનઆદર્શો પ્રગટ થાય છે તેની ચર્ચા કરીને ઈ✓રના અવતાર અંગે લેખકે અહીં પોતાનું મૌલિક દષ્ટિબિંદુ રજૂ કર્યું છે. બન્ને વિભૂતિઓના ગુણલક્ષણો દર્શાવ્યા પછી ઉપાસનાના હેતુ વિશે ચર્ચા કરીને ઉપાસનાના બન્ને માર્ગોની વિશેષતા લેખકે વર્ણવી છે. વિચારોની તર્કબદ્ધતા ઉપરાંત જીવનવિકાસ માટેની તેમની અભીપ્સા આ ગદ્યખંડમાં ધ્યાનાકર્ષક બની રહે છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

"પુરુષોત્તમ : શ્રીરામ અને શ્રીકૃષ્ણ એ.. શીઘ્ર આપણને શુદ્ધ અને શાંત કરી મૂકશે." સમગ્ર પાઠ (પૃષ્ઠ નં.૬૯-૭૦)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ લેખમાં લેખકે હિન્દુ ધર્મના ઉપાસ્ય દેવ રામ અને કૃષ્ણ વિશે પોતાના તર્કબદ્ધ વિચારો રજૂ કર્યા છે. લેખકે આ બંને પૂજનીય દેવોના જીવનની કેટલીક લાક્ષણિકતાઓ તથા તેમના આદર્શો રજૂ કર્યા છે. આ બંને સ્વરૂપોની જીવનશૈલી અને કાર્યશૈલીમાં રહેલી ભિન્નતા અહીં દર્શાવાઈ છે. એ બંનેનાં નયનરમ્ય સ્વરૂપોની સત્યનિષ્ઠા, ધર્મપ્રિયતા અને કર્તવ્યનિષ્ઠા વગેરે ઉમદા ગુણોને કારણે તેઓ સમાજમાં સૌનાં પૂજનીય બન્યા છે.

ભારતીય સંસ્કૃતિના બે મહાન અવતારોના ચરિત્રો અહીં બખૂબી વર્ણવાયા છે, જે ભારતીય સંસ્કૃતિની ધરોહર છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

અવતાર કલ્પના

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : રામના જીવનમાંથી શો બોધ પ્રાપ્ત થાય છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

રામના જીવનમાંથી એ બોધ પ્રાપ્ત થાય છે કે જીવનને રમતગમતનો અખાડો ન બનાવી દેવો જોઈએ. સ્નેહીજનો પ્રત્યે પ્રેમ રાખવો પણ પ્રેમને વશ થઈ જઈ કર્તવ્ય અને સત્વરક્ષાને ભૂલી જ જવા જોઈએ. જીવન એક મહાન અને કઠિન વ્રત છે. એમાં પોતાની અભિલાષાઓને સંયમમાં રાખી, પોતાનાં મનમાં દુઃખોને મનમાં સમાવી દઈ દિવસ-રાત નિષ્ઠાપૂર્વક જીવનની ફરજો બજાવવા માટે પોતાનું સર્વસ્વ હોમી દેવા માટે તૈયાર રહેવું જોઈએ.

પ્રસ્તુત સંદર્ભમાં ભારતીય સંસ્કૃતિના અવતારી પુરુષ રામના ચરિત્રની લાક્ષણિકતાઓ જણાઈ આવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

અવતાર કલ્પના

**સંદર્ભ–૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કૃષ્ણનાં વ્યક્તિત્વનાં કયા વિશિષ્ટ લક્ષણો લેખક જણાવે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કૃષ્ણ પરાક્રમી પુરુષ છે. કૃષ્ણની પિતૃભકિત, ગુરુભકિત, એમનાં દામ્પત્યપ્રેમ, કુટુમ્બપ્રેમ, માનવપ્રેમ અને મિત્રપ્રેમ અજોડ છે. તેઓ જીવનમાં સત્યનિષ્ઠા, ધર્મપ્રિયતા તથા જીવનની પવિત્રતાને વિશેષ મહત્ત્વના ગણે છે. કૃષ્ણની દ્રષ્ટિએ જીવનવ્રત એ કઠિન વ્રત નથી પણ મંગલોત્સવ છે. કૃષ્ણ ભક્તિ રસિક, અસુરોના સંહારક, ભક્તોના ભાવના ભૂખ્યા એવા પવિત્ર પુરુષ છે.

ભારતવર્ષના મહાન અવતારી પુરુષ ગણાતા શ્રીકૃષ્ણના વ્યક્તિત્વમાં ભારતીય સંસ્કૃતિના દર્શન થાય છે.

**(ક) ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

અવતાર કલ્પના

**સંદર્ભ–૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કૃષ્ણચરિત્રનું શું મહત્ત્વ છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કૃષ્ણનું જીવન એક મંગલોત્સવ છે. એ આપણને સુખમાં સ્વાસ્થ્યનો આનંદ મેળવવાની અને અનિષ્ટ તત્ત્વોને હંફાવવાની પ્રેરણા આપે છે. કૃષ્ણ આપણાં ભક્તિભાવના ભૂખ્યા છે. જો આપણે એમની સાથે અનન્યપણે પ્રેમથી જોડાઈએ તો એ આપણી ખામીઓ નહીં જુએ. એ આપણને નિભાવી લેશે, સુધારી લેશે અને આપણને પવિત્ર અને શાંત કરી દેશે. કૃષ્ણ સૌને એમની પવિત્રતા અને અપવિત્રતા

સાથે સ્વીકારી લેવાની અને સૌથી સાથે મિત્રભાવે મોકળે મને વર્તવાની દિશા આપે છે. એ દ્રષ્ટિએ કૃષ્ણનું જીવનચરિત્ર મહત્ત્વનું છે.

પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ છે.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

અવતાર કલ્પના

## સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત

## (અ) સંદર્ભ

પ્રશ્ન : રામ અને કૃષ્ણના વ્યક્તિત્ત્વમાં રહેલી ભિન્નતા સમજાવો.

## (બ) સંદર્ભનું અર્થઘટન

શ્રી રામ મર્યાદાપુરુષ છે. આથી રામના દરબારમાં જવું હોય તો આપણે દરબારીની રીતભાત જાણવી પડે. જયારે કૃષ્ણ તો આપણો સંકોચ દૂર કરે. રામને 'આપ' કહીને સંબોધવા પડે પણ કૃષ્ણ સાથે તો 'તું' થી વાત કરી શકાય. કૃષ્ણ સાથે એક જ ભાણે જમી શકાય. ટૂંકમાં કૃષ્ણ ભક્તનો સંકોચ દૂર કરે પણ રામ પાસે શિષ્ટાચાર જાળવવો પડે. એ સૌથી સમાનતાનો હક્ક આપે. એની આસપાસ તમે ગોળ કુંડાળું કરીને બેસી શકો. એની પાસે તત્ત્વજ્ઞાન સિવાયની વાતો પણ કરી શકો.

રામને સારથિ બનાવવાની સુગ્રીવ કે વિભીષણની હિંમત નથી, પણ કૃષ્ણ અર્જુનના સારથિ બની શકે. રામ એમના જીવનમાં કર્તવ્ય અને સત્વરક્ષાને વિશેષ પ્રાધાન્ય આપતા હોય એવું લાગે. રામના અગાધ પ્રેમની ખાતરી તો અનેક વર્ષો સુધી એમની નિકટ રહો ત્યારે જ થાય. રામ પોતાના આતિજનોના ન્યાયી મનોરથોને પુરા કરીને તથા એમનાં સર્વ વિઘ્નોને દૂર કરીને જ પોતાના પ્રેમની ખાતરી આપે. કૃષ્ણ આપણા ભક્તિભાવથી વશ થાય. એમની સાથે અનન્ય પ્રેમથી બંધાઓ તો એ આપણી ખામીઓને નહીં જૂએ. એ આપણી ત્રુટિઓને નિભાવી લેશે, સુધારી લેશે અને આપણને પવિત્ર અને શાંત કરી દેશે.

બીજાને રામ નિષ્પક્ષપાતી, ન્યાયી, ધર્મપ્રિય, આંખને આંજી નાખે તેવા તેજસ્વી અને કડક શાસક જ લાગે, તેમ કૃષ્ણના અગાધ જ્ઞાનના ગામ્ભીર્યનો પરિચય તમે એમની નિકટ રહો તો જ થાય, નહિતર સંસારીજનો તો કૃષ્ણને પોતાના જેવા જ જાણે. આમ, રામ મર્યાદાપુરુષ છે અને કૃષ્ણ પૂર્ણપુરુષ છે.

રામ અને કૃષ્ણના વિભિન્ન છતાં મહાન ચરિત્રો ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

અવતાર કલ્પના

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : શ્રીકૃષ્ણને જીવનયજ્ઞ એ કઠણ વ્રત નથી, પણ વ્રતોત્સવ છે. : સમજાવો

**(બ) સંદર્ભનું અર્થઘટન**

શ્રીકૃષ્ણ સુખમાં સ્વાસ્થ્યનો આનંદ લેવામાં માને છે. તેમને મન જરાસંઘને હંફાવવો એક લહાવો છે. તેઓ દ્વારિકામાં વૈભવીજીવન પણ જીવી જાણે છે તો ગોકુળમાં ગોપોની સાથે રમતો પણ રમે છે. તેઓ કુરુક્ષેત્રમાં થયેલા કૌરવોના નાશને અસુરોનો સંહાર થયો એમ માને છે. આમ, કૃષ્ણ જીવનને કેવળ મર્યાદામાં બાંધી દેતા નથી. તેમને માટે જીવન કઠણવ્રત નથી, પણ વ્રતોત્સવ છે.

કૃષ્ણ એ ભારતીય સંસ્કૃતિના યુગપુરુષ - અવતારી પુરુષ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

અવતાર કલ્પના

**૧.૦ કૃતિક્રમ** : ૧૩

**૨.૦ કૃતિ શીર્ષક** : બાબુ વીજળી

**૩.૦ રચયિતા** : અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : ગદ્ય(રેખાચિત્ર)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ રેખાચિત્રમાં લેખકે પોતાના બાળમિત્ર બાબુ વીજળીનું સરસ મજાનું રેખાચિત્ર આલેખ્યું છે. 'વીજળી' તરીકે ઓળખાતા બાબુની લાક્ષણિકતાનાં અનેક પાસાં લેખકે અહીં ઉપસાવ્યાં છે. બાબુ વીજળીના અનેક ગુણો અને તેની ખાસિયતોનું પ્રસંગોચિત્ત આલેખન વાચકના હૃદયને સ્પર્શી જાય તેવું છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓને રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

#### (અ) સંદર્ભ

"બાબુને પહેલેથી કૂતરાં વહાલાં. આખા મહોલ્લાનાં કૂતરાંની ખાસિયતો એ જાણે. બપોરે એ નવરો બેઠો હોય ત્યારે કૂતરાં એના ઘરનાં પગથિયાં પાસે ભેગાં થાય. બાબુ કૂતરાંના શરીર પરથી ઈતરડી વીણે. કોઈ કૂતરી વિયાણી હોય તો બાબુ મહોલ્લામાં લોટ, ગોળ, ઘી ઉઘરાવવા નીકળે અને શીરો કરી કૂતરીને ખવડાવે." (પૃષ્ઠ નં.૧૧૩)

#### (બ) સંદર્ભનું અર્થઘટન

બાબુનો કૂતરાં પ્રત્યેનો પરોપકાર આ સંદર્ભમાં જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં પરોપકારને જીવનમૂલ્ય તરીકે અપનાવવામાં આવ્યું છે.

#### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

જીવનમૂલ્યોનું અનુસરણ

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

#### (અ) સંદર્ભ

"ભાભીને બાબુ ખોટનો દીકરો હતો; એટલે એને માતાજીના સ્થાનકે રમતો મૂકલો અને બોલેલો : 'મારી મા, તમારો છે ને તમે જાળવજો.' એવી માનતા પણ રાખેલી કે દર વર્ષે નવરાત્રિમાં માતાજીની માંડવી બંધાય ત્યારે બાબુ માતાજીના ચોકમાં ખેલાતી ભવાઈમાં ખેલ કરે અને સ્ત્રીનો પાઠ ભજવે." (પૃષ્ઠ નં.૧૧૩)

#### (બ) સંદર્ભનું અર્થઘટન

ભારતીયો કોઈ કાર્યની કે ઈચ્છાની પૂર્તિ અર્થે ઈષ્ટદેવની માનતા-બાધા રાખવાનો વિશિષ્ટ ખ્યાલ ધરાવે છે. અહીં પણ બાબુની મા માનતા રાખે છે તેમાં ભારતીય સંસ્કૃતિનો આ વિશિષ્ટ ખ્યાલ જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

કેટલાંક વિશિષ્ટ ખ્યાલો

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"કોઈ રસ્તો પૂછે તો એ તરત બારણું પકડીને પગથિયા ઉપર ઊભો થઈ જાય ને કહે : "હેંડો બતાડું.' ખાડા ટેકરાવાળા ધૂળિયા બતાવી 'હેંકુટ' ખાધાના આનંદ સાથે રાત્રે અંધારામાં ઘરે પાછો આવે." (પૃષ્ઠ નં.૧૧૪)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

અન્યોને મદદ કરવાની વૃત્તિમાં બાબુની પરોપકારની ભાવના જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં પરોપકારને મૂલ્ય તરીકે ભારતીયોએ સ્વીકાર્યું છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"કૂવા પર કન્યાઓ અને વહેવારુઓ પાણી ભરે, બાબુ જેવા થોડાક છોકરાય ખરા, કૂવાથી થોડે દૂર પડેલા પથ્થરો પર લોક કપડાં ધુએ. બાબુ પહોંચ્યો એની સાથે જ અવાજો સંભળાયા : 'બાબ્ભૈ, આટલો ઘડો ભરી આલો ભૈ ! ને 'ભૈ' કૂવામાંથી ડોલ ખેંચીખેંચીને સૌને પાણી ભરી આપે !"

**(બ) સંદર્ભનું અર્થઘટન**

બાબુ બીજાને મદદ કરવા હંમેશા તત્પર રહેતો આ સંદર્ભ પણ બાબુના પરોપકારના ગુણને જ સમર્થન આપે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમલ્યોનું અનુસરણ

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : બાબુ વીજળી એક પરોપકારી જીવ હતો એવું તમને કયા કયા પ્રસંગો પરથી લાગે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

બાબુ કૂતરાંના શરીર પરથી ઈતરડી વીણતો. કૂતરી વિયાય તો બાબુ મહોલ્લામાં ફરીને લોટ, ગોળ, ઘી ઉઘરાવી લાવતો અને તેનો શીરો બનાવીને કૂતરીને ખવડાવતો. બાબુ કૂતરાની કાળજી લેતો, પરંતુ એને ખબર પડે કે કોઈ કૂતરું ખિસકોલીને ખાતું હતું તો એ કૂતરાનું જડબું પકડીને એને ફટકારતો. રામને વહાલી ખિસકોલી કોઈ ખાય તો એનું આવી જ બનતું. ગામમાં કોઈ વાહન આવે અને રસ્તો પૂછે તો રસ્તો બતાવવા તેની સાથે બાબુ ગાઉ બે ગાઉ સુધી જતો. કૂવા પર અન્ય સ્ત્રીઓને પાણી ભરી દેતો. આવાં અનેક પ્રસંગો પરથી લાગે કે બાબુ વીજળી કે પરોપકારી જીવ હતો.

ભારતમાં નાનપણથી જ બાળકમાં પરોપકાર અને એવાં જીવનમૂલ્યોના સંસ્કાર સિંચવામાં આવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

**૧.૦ કૃતિક્રમ** : ૧૬

**૨.૦ કૃતિ શીર્ષક** : તપસ્વી સારસ્વત

**૩.૦ રચયિતા** : ચંદ્રકાન્ત શેઠ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : ગદ્ય (રેખાચિત્ર)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રી વિશે ચંદ્રકાન્ત શેઠે સઘન વ્યક્તિચિત્ર આલેખ્યું છે. શાસ્ત્રીજીનું જીવન-કવન સમગ્ર રીતે અહીં આલેખાયું છે. એમની આંતરબાહ્ય છબી આ વ્યક્તિચિત્રમાં સુપેરે ઝિલાઈ છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

"કમ ખા, ગમ ખા' - એ એમનો (શાસ્ત્રીજીનો) જીવન સિદ્ધાંત છે." (પૃષ્ઠ નં.૧૨૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'ગમ ખાવો' એટલે કે સહનશીલતા કેળવવી - એ ભારતીયોની લાક્ષણિકતા છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

'ઓછામાં ઓછો પરિગ્રહ અને વધુમાં વધુ વિદ્યાસંગ્રહ એ એમનો (શાસ્ત્રીજીનો) આદર્શ છે.' (પૃષ્ઠ નં.૧૨૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ભારતીય સંસ્કૃતિ અનેક આદર્શોને પુરસ્કારનારી સંસ્કૃતિ છે. શાસ્ત્રીજીએ અપનાવેલો અપરિગ્રહ - ઓછામાં ઓછો પરિગ્રહ એ ભારતીય આદર્શોમાંનો એક છે. વિદ્યાસંગ્રહમાં માનનારા શાસ્ત્રીજી ખરા અર્થમાં જ્ઞાનના ઉપાસક છે, જ્ઞાનના પૂજારી છે. ભારતીય સંસ્કૃતિ જ્ઞાનના પાયા પર જ ટકેલી છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ, જ્ઞાનની ઉપાસના

### સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"દઢ આસન બાંધીને રસે✓ર શ્રીકૃષ્ણની અને રસરૂપા સરસ્વતીની સંનિષ્ઠાથી સેવા કરવી એમાં જ શાસ્ત્રીજી પોતાનું એકાન્ત અને ધ્યાન, જીવનનો સાત્ત્વિક આનંદ અને જીવનની સાચી સાર્થકતા અનુભવે છે. સારસ્વતયજ્ઞમાં હરકોઈને સહાયક અને માર્ગદર્શક થવું તેને તેઓ પોતાનો સ્વ-ધર્મ, પોતાનું કર્તવ્ય લેખે છે." (પૃષ્ઠ નં.૧૨૮)

### (બ) સંદર્ભનું અર્થઘટન

રસેશ્વર શ્રીકૃષ્ણની સેવા-ભક્તિમાં જ તથા રસરૂપ સરસ્વતી એટલે કે જ્ઞાનની ઉપાસના - સેવા કરવામાં જ જીવનની સાચી સાર્થકતા સમજનાર શાસ્ત્રીજી સાચા ભારતીય વૈષ્ણવ તથા જ્ઞાનોપાસક છે. તો સાથે સાથ સારસ્વતયજ્ઞમાં બીજાને મદદરૂપ થવું એને પોતાનું કર્તવ્ય ગણાવતા શાસ્ત્રીજીમાં પરોપકારની ભાવના પણ જોવા મળે છે. શાસ્ત્રીજીમાં જ્ઞાન, ભક્તિ અને કર્તવ્ય કે પરોપકાર જેવા ભારતીય સંસ્કૃતિના લક્ષણો ભારોભાર ભરેલા છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

જ્ઞાનની ઉપાસના, આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, જીવનમૂલ્યોનું અનુસરણ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : કે. કા. શાસ્ત્રીજીએ રસેશ્વર શ્રીકૃષ્ણ અને રસરૂપા સરસ્વતીની સંનિષ્ઠાથી સેવા કરી છે, તે સદ્રષ્ટાંત સિદ્ધ કરો.

### (બ) સંદર્ભનું અર્થઘટન

શાસ્ત્રીજીએ એમની ૨૧ વર્ષની ઉંમરે વલ્લભાચાર્યજીના ષોડશગ્રંથોનો અનુવાદ કર્યો. શ્રીમદ્દભાગવત જેવા ભક્તિપુરાણના દશમસ્કંધનું સંશોધન-સંપાદન કર્યું.

એમનો શૈક્ષણિક અભ્યાસ ફક્ત મેટ્રિક સુધીનો જ હતો પણ એમની આંતરસૂઝ, સાહિત્યપ્રીતિ અને સરસ્વતીની અખંડસાધનાને કારણે એમને પોતાનું જીવન અધ્યયન અને અધ્યાપન કાર્ય, સંશોધન - સંપાદન કાર્ય, કોશકાર્ય, અનુવાદ તથા વિવેચનકાર્યમાં વીતાવ્યું. શાસ્ત્રીજીએ ૨૨૨ જેટલા પુસ્તકો અને ૪૦૦ જેટલાં સંશોધન લેખો લખ્યાં છે. શાસ્ત્રીજીએ ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિની તથા રસેશ્વર શ્રીકૃષ્ણની બહુમૂલ્ય સેવા કરી છે. આ સેવામાં જ તેઓ જીવનની સાર્થકતા અનુભવે છે. કોઈપણ વ્યક્તિને સારસ્વતયજ્ઞમાં સહાય કરવી અને માર્ગદર્શન આપવું તેને તેઓ પોતાનો સ્વધર્મ અને પોતાનું કર્તવ્ય સમજે છે.

પ્રસ્તુત સંદર્ભમાં શાસ્ત્રીજીમાં રહેલી જ્ઞાનોપાસના, શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ તથા અન્યોને મદદરૂપ થવાની - પરોપકારની ભાવના જેવી લાક્ષણિકતાઓ જોવા મળે છે.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

જ્ઞાનની ઉપાસના, આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, જીવનમૂલ્યોનું અનુસરણ.

## સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

## (અ) સંદર્ભ

પ્રશ્ન : કે. કો. શાસ્ત્રીનો જીવનસિદ્ધાંત અને જીવન-આદર્શ શો છે?

## (બ) સંદર્ભનું અર્થઘટન

'કમ ખા, ગમ ખા' (ઓછુ ખાવું અને સહનશીલતા રાખવી) એ શાસ્ત્રીજીનો જીવનસિદ્ધાંત છે. જીવનમાં ઓછામાં ઓછો પરિગ્રહ અને વધુમાં વધુ વિદ્યાસંગ્રહ એ એમના જીવનનો આદર્શ છે.

સહનશીલતા ભારતીય મૂલ્યોમાંનું એક છે. ઓછો પરિગ્રહ અથવા અપરિગ્રહને ભારતીયો આદર્શ માને છે. તો વિદ્યાસંગ્રહમાં માનનારા શાસ્ત્રીજી જ્ઞાનની ઉપાસનાને મહત્ત્વ આપે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ, જ્ઞાનની ઉપાસના, આદર્શોનું મહત્ત્વ

## ૪.૮ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠયપુસ્તકના ગદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

સારણ ૪.૪ અને સારણી ૪.૫માં અનુક્રમે ગદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત સારણીઓમાં ઊભી હરોળમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ (ગદ્યક્રમ) દર્શાવવામાં આવ્યો છે. કૃતિક્રમ સામે જે તે કૃતિમાં સમાયેલી ચોક્કસ લાક્ષણિક્તાને તેને અનુરૂપ ખાનામાં ખરા (✓)ની નિશાની વડે દર્શાવેલ છે. અંતમાં પ્રત્યેક કૃતિમાં રહેલી લાક્ષણિક્તાની કુલ સંખ્યા  અને ગદ્યવિભાગની સમગ્ર કૃતિઓના સંદર્ભમાં પ્રત્યેક લાક્ષણિકતાની કુલ સંખ્યા રજૂ કરવામાં આવી છે.

સારણી ૪.૪માં ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં સમાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરવામાં આવી છે. ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કુલ આઠ (૮) લાક્ષણિક્તાઓ જોવા મળી. જેમાં જ્ઞાનની ઉપાસના, ચાર પુરુષાર્થ, માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, આદર્શોનું મહત્ત્વ, કેટલાક વિશિષ્ટ ખ્યાલો, આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, અવતાર કલ્પના અને જીવનમૂલ્યોનો સમાવેશ થયો હતો.

ગદ્યવિભાગની કૃતિઓ ૧, ૩, ૫, ૧૩ અને ૧૬ એમ કુલ પાંચ પાઠમાં જ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ જોવા મળી. આ કૃતિઓમાં એક કે તેથી વધુ લાક્ષણિક્તાઓ સમાયેલી હતી.

સારણી ૪.૫નું અવલોકન કરતા જણાય છે કે ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના સ્વાધ્યાયોમાં ભારતીય સંસ્કૃતિની કુલ સાત (૭) લાક્ષણિક્તાઓ રહેલી છે. આ લાક્ષણિક્તાઓમાં જ્ઞાનની ઉપાસના, ચાર પુરુષાર્થ, માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, આદર્શોનું મહત્ત્વ, આધ્યાત્મિકતા/ ભક્તિનો મહિમા, અવતાર કલ્પના અને જીવનમૂલ્યો હતી.

પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગની કૃતિઓ ૧, ૩, ૫, ૧૩ અને ૧૬નાં સ્વાધ્યાયોમાં જ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ જોવા મળી.

## ૪.૯ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ

ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓનું પ્રમાણ સારણી ૪.૬માં દર્શાવવામાં આવ્યું છે.

સારણી ૪.૬માં અભ્યાસમાં આવરવામાં આવેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ ઊભી હરોળમાં અને કૃતિક્રમ આડી હરોળમાં દર્શાવવામાં આવ્યા છે. આ સારણીમાં કૃતિક્રમ સામે જે તે કૃતિમાં જોવા મળેલી ભારતીય સંસ્કૃતિની ચોક્કસ લાક્ષણિક્તાનું પ્રમાણ તેને અનુરૂપ ખાનામાં (સંદર્ભોની) સંખ્યાના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. અંતમાં પ્રત્યેક લાક્ષણિક્તાની કુલ સંખ્યા દર્શાવાઈ છે.

સારણી ૪.૬માં ગદ્યવિભાગમાં દર્શાવવામાં આવેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓના પ્રમાણ પૈકી સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિક્તાઓ ચાર પુરુષાર્થ, માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ અને જીવનમૂલ્યોની લાક્ષણિક્તાઓ હતી. આ ત્રણેય લાક્ષણિક્તાઓનું પ્રમાણ પાંચ (૫) છે. આ સિવાયની લાક્ષણિક્તાઓનું પ્રમાણ ૧ થી ૨ હતું.

ચાર પુરુષાર્થ તથા માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ લાક્ષણિક્તાના સંદર્ભો કુલ એક-એક પાઠમાંથી તથા જીવનમૂલ્યોના સંદર્ભો કુલ બે (૨) પાઠોમાંથી મળ્યાં હતાં.

## ૪.૧૦ ધોરણ ૧૧ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

ધોરણ ૧૧ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ સારણી ૪.૭માં રજૂ કરવામાં આવી છે.

સારણી ૪.૭માં પ્રયોજકે ઊભી હરોળમાં અભ્યાસમાં આવરેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ દર્શાવ્યા છે. સારણીમાં કૃતિક્રમ સામે જે તે કૃતિમાં જોવા મળેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાને તેને અનુરૂપ ખાનામાં ખરા (✓)ની નિશાની વડે દર્શાવેલ છે. અંતમાં પ્રત્યેક કૃતિમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓની કુલ સંખ્યા અને સમગ્ર કૃતિઓના સંદર્ભમાં પ્રત્યેક લાક્ષણિક્તાની કુલ સંખ્યા દર્શાવવામાં આવી છે.

સારણી ૪.૭માં ધોરણ ૧૧ના ગુજરાતી વિષયના સમગ્ર પાઠ્યપુસ્તકમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ દર્શાવવામાં આવી છે. પાઠ્યપુસ્તકના પદ્ય તેમજ ગદ્યવિભાગ બંને મળીને કુલ અગીયાર (૧૧) લાક્ષણિક્તાઓ ધરાવે છે. આ લાક્ષણિક્તાઓમાં જ્ઞાનની ઉપાસના, ચાર પુરુષાર્થ, માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, સંયુક્ત કુટુંબપ્રથા, આદર્શોનું મહત્ત્વ, કેટલાક વિશિષ્ટ ખ્યાલો, મૂર્તિપૂજા, મૃત્યુ પ્રત્યેનો અભિગમ, આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, અવતાર કલ્પના અને જીવનમૂલ્યોનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત સારણીનું અવલોકન દર્શાવે છે કે પાઠ્યપુસ્તકને કુલ છવ્વીસ (૨૬) લાક્ષણિક્તાઓ વણસ્પર્શી રહી છે. આ લાક્ષણિક્તાઓ કર્મનો મહિમા, કર્મફલત્યાગ, ચારઆશ્રમ, નારીસ્વરૂપ, અહિંસા, આતિથ્ય ભાવના, માનવતા, વસુધૈવકુટુંમ્બકમ્, સોળ સંસ્કાર, બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા, લગ્નસંસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, પ્રતીક, ભારતીય કલાઓ, ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ; ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો; સામાજિક સમાનતા અને સમભાવ, સંયમ, ગુરુ-શિષ્ય સંબંધ, ચાર વર્ણ, ધ્યેયોની પરાકાષ્ઠા, તીર્થસ્થાનો, પરંપરાગતતા, વિશાળતા – ઉદારતા, તિતિક્ષાવૃત્તિ અને વિ✓બંધુત્વ છે.

## ૪.૧૧ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં કૃતિપૃથક્કરણપત્રોની રજૂઆત

ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગની કુલ એકવીસ (૨૧) કૃતિઓમાંથી  કુલ આઠ (૮) કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ જોવા મળી હતી, જેના કૃતિ પૃથક્કરણપત્રો નીચે મુજબ છે.

**૧.૦ કૃતિક્રમ** : ૧

**૨.૦ કૃતિ શીર્ષક** : વૈષ્ણ્વણજન

**૩.૦ રચયિતા** : નરસિંહ મહેતા

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : પદ્ય (પદ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ પદમાં ભક્તના લક્ષણો વર્ણવવામાં આવ્યા છે. વૈષ્ણવજન એટલે આમ તો વિષ્ણુનો ભક્ત પણ અહીં તો ભગવાનનો ભક્ત એવો વ્યાપક અર્થ કરવો જોઈએ. આ પદમાં વર્ણવેલ નિર્મળ, પારદર્શક ભક્ત મનુષ્ય જીવનનો આદર્શ હોઈ શકે. નરસિંહે અહીં આ દસ પંક્તિઓ દ્વારા મનુષ્યત્વના આદર્શ લક્ષણો સૂત્રાત્મક શૈલીમાં પ્રગટ કરી આપ્યાં છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"વૈષ્ણવજન તો તેને કહીએ....
..... કુળ એકોતેર તાર્યા રે.." (સમગ્ર કાવ્ય : પૃષ્ઠ નં.૨)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'વૈષ્ણવજન' પદમાં નરસિંહ મહેતાએ ભગવાનનો ભક્ત કેવો હોય તેના લક્ષણો દર્શાવ્યા છે. વૈષ્ણવજન એટલે કે પ્રભુભક્ત; અન્યની પીડાને જાણનારો, પારકાના દુઃખને દૂર કરીને પણ મનમાં એનું કશું જ અભિમાન ન રાખનારો, સમગ્ર મનુષ્યજાતને વંદન કરનાર અને કોઈની ય કદી ય નિંદા ન કરનાર, પરસ્ત્રી સામે કુદ્રષ્ટિ ન કરે, અસત્યનું ઉચ્ચારણ ન કરે કે પારકું ધન હાથમાં ન લે એવા દ્રઢ વૈરાગ્યવાળા, મોહમાયાથી પર વ્યક્તિ. આવી વ્યક્તિ મન-વચન અને કર્મમાં એક સરખી દ્રઢતા ધરાવે છે. આવો ભક્ત સ્વયંતીર્થ સ્વરૂપ છે. કામ-ક્રોધ જેવી વૃત્તિઓ પર કાબૂ મેળવનાર આવા ભક્તો વણલોભી અને કપટરહિત હોય છે. આવો નિર્મળ અને પારદર્શક ભક્ત આમઆદમીને રાહ ચિંધનારો બની રહે છે.

ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં તપાસતા આ કાવ્યમાં સાચા સંતની વ્યાખ્યા ઉદ્‌ઘાટિત થતી જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો - પ્રભુભક્તો

**સંદર્ભ-૨માં વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-માન નિર્મળ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે."
(પૃષ્ઠ નં.૨)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સાચો વૈષ્ણવજન દુનિયાની દરેક વ્યક્તિને વંદન કરે છે. અર્થાત સૌના પ્રત્યે આદરભાવ ધરાવે છે. એને કોઈની નિંદા કરવામાં રસ નથી. આથી એ કોઈની નિંદા કરતો નથી. એ પોતાના મન-વચન-કર્મને નિર્મળ રાખે છે. આવા વૈષ્ણવજનને જન્મ આપનારી માતા ધન્ય છે.

ભારતીય સંસ્કૃતિ નારીના દરેક સ્વરૂપને પૂજે છે. તે માતા હોય, બહેન હોય કે પત્ની હોય. પ્રસ્તુત પંક્તિમાં કવિએ વૈષ્ણવજનને જન્મ આપનારી માતાને મહાન ગણી છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

નારીસ્વરૂપ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

## સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : નરસિંહ મહેતાએ વર્ણવેલ વૈષ્ણવજનના લક્ષણો વર્ણવો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

અન્યની પીડાને જાણકાર, પારકાંના દુઃખ દૂર કરીને પણ મનમાં એનું કશું જ અભિમાન ન રાખનાર, સમગ્ર મનુષ્યજાતને વંદન કરનાર, કોઈની ય કદી નિંદા ન કરનાર, દરેકને સમાન નજરે જોનાર, કોઈપણ પ્રકારનો લોભ ન રાખનાર, પરસ્ત્રી સામે કુદ્રષ્ટિ ન કરનાર, અસત્યનું ઉચ્ચારણ ન કરનાર, પારકું ધન ન લેનાર, દ્રઢ વૈરાગ્યવાળા, મોહમાયાથી પર અને મન-વચન-કર્મમાં એક સરખી દ્રઢતા રાખનાર, કામ-ક્રોધ જેવી વૃત્તિઓ પર કાબૂ મેળવનાર, લોભ ન રાખનાર તથા છળકપટથી દૂર રહેનાર વ્યક્તિ વૈષ્ણવજન છે.

ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તપાસતા અહીં આપણને સાધુ-સંત કે પ્રભુભક્તની લાક્ષણિકતા વર્ણવાયેલી જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો - પ્રભુભક્તો

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કવિ વૈષ્ણવજનને સકળ તીર્થસ્વરૂપ શા માટે કહે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સંસારના સર્વ સુખોનો ત્યાગ કરી મોહમાયાથી પર એવી વ્યક્તિ કે જેણે કામ-ક્રોધ જેવી વૃત્તિઓને પણ કાબૂમાં કરી છે, એ જન સાચો વૈષ્ણવજન છે. આવી વ્યક્તિના દર્શન માત્રથી આપણાં અનેક સંતાપો દૂર થાય છે. તીર્થ કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય તે આવી વ્યક્તિના દર્શનથી પણ થઈ શકે છે. તેથી કવિએ વૈષ્ણવજનને સકળતીર્થ સ્વરૂપ કહ્યો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો - પ્રભુભક્તો

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : વૈષ્ણવજનના દર્શનને કવિ પવિત્ર શા માટે ગણે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મોહમાયાથી પર અને વૃત્તિઓ પર વિજય મેળવનાર વૈષ્ણવજનના દર્શનથી આપણી એકોતેર પેઢી તરી જાય છે. જેથી કવિ વૈષ્ણવજનના દર્શનને પવિત્ર ગણે છે.

અહીં ભારતીય સંસ્કૃતિની પવિત્ર સંતની લાક્ષણિકતા જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો - પ્રભુભક્તો

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

ટૂંકનોંધ : સમદ્રષ્ટિ અને તૃષ્ણાત્યાગી વૈષ્ણવજન

**(બ) સંદર્ભનું અર્થઘટન**

દુનિયાની સારી કે ખરાબ તમામ વ્યક્તિઓ સાચા વૈષ્ણવજનની દ્રષ્ટિએ સમાન છે. તે કોઈની નિંદા કરતો નથી તથા કોઈપણ જાતના ભેદભાવ વિના દરેકના દુઃખ-દર્દ દૂર કરે છે. આવા વૈષ્ણવજને પોતાના જીવનમાંથી તમામ ઈચ્છાઓનો ત્યાગ કર્યો હોય છે.

અહીં વૈષ્ણવજનની લાક્ષણિકતા ઉપસી આવે છે

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો- પ્રભુભક્તો

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

ટૂંકનોંધ : વૈષ્ણવજનની પવિત્રતા

**(બ) સંદર્ભનું અર્થઘટન**

વૈષ્ણવજનની પવિત્રતા તેના મન-વચન અને કર્મમાં હોય છે. મોહ-માયાથી પર તથા વૃત્તિઓથી ઉપર ઊઠી, વૈરાગ્યભાવ લાવી જીવનને નિર્મળ અને નિખાલસ બનાવનાર વ્યક્તિ - વૈષ્ણવજનનું જીવન પવિત્ર છે.

અહીં ભારતીય સંત-ભક્તના લક્ષણો દ્રષ્ટિગોચર થાય છે.

**સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો-પ્રભુભક્તો

**સંદર્ભ-૬ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કારણ આપો : વૈષ્ણવજનની જનેતાને ધન્ય છે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સાચો વૈષ્ણવજન સૌના પ્રત્યે આદરભાવ ધરાવે છે. એ કોઈની નિંદા કરતો નથી. એના મન-વાણી-કર્મમાં કોઈ ભિન્નતા હોતી નથી. આવા વૈષ્ણજનને જન્મ આપ્યો તેથી વૈષ્ણવજનની જનેતા ધન્ય છે.

ભારતીય સંસ્કૃતિ બહેન, માતા, પત્ની જેવાં સ્ત્રીના દરેક સ્વરૂપને પૂજે છે. પ્રસ્તુત સંદર્ભમાં કવિએ વૈષ્ણવજનને જન્મ આપનારી માતાને ધન્ય ગણી તેનો મહિમા વ્યક્ત કર્યો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

નારીસ્વરૂપ

**સંદર્ભ-૭ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કારણ આપો : વૈષ્ણવજન મોહમાયામાં ફસાતો નથી.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

વૈષ્ણવજનના અંતરમાં દઢ વૈરાગ્ય હોય છે અને એને રામનામની એવી લગની લાગી હોય છે કે સંસારના કોઈપણ ભૌતિક પદાર્થો એને લલચાવી શકતા નથી. આથી વૈષ્ણવજન મોહમાયામાં ફસાતો નથી.

આ સંદર્ભમાં ભારતીય સંત કે પ્રભુભક્તના લક્ષણો દષ્ટિગોચર થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો - પ્રભુભક્તો

**સંદર્ભ-૮ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પંક્તિ સમજાવો : સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સાચો વૈષ્ણવ દુનિયાની દરેક વ્યક્તિને વંદન કરે છે. એને કોઈની નિંદા કરવામાં રસ નથી. આથી એ કોઈની નિંદા કરતો નથી.

ભારતીય સંત કે પ્રભુભક્ત કેવો હોય તેના લક્ષણો આ પંક્તિઓમાં જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો- પ્રભુભક્તો

**સંદર્ભ-૯ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પંક્તિ સમજાવો : ભણે નરસૈયો : તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યાં રે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ પદમાં વૈષ્ણવજનનાં લક્ષણો દર્શાવીને અંતમાં કવિએ વૈષ્ણવજનનો મહિમા કરતાં જણાવે છે કે આવા ઉત્તમ વૈષ્ણવજનનાં જે દર્શન કરશે એના કુળની એકોતેર પેઢીનો ઉદ્ધાર થશે.

અહીં કવિએ ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં લક્ષણો ધરાવતા વૈષ્ણવજનનો મહિમા ગાયો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો - પ્રભુભક્તો

**૧.૦ કૃતિક્રમ** : ૨

**૨.૦ કૃતિ શીર્ષક** : ગોવિંદના ગુણ ગાશું

**૩.૦ રચયિતા** : મીરાંબાઈ

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : પદ્ય (પદ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

પ્રસ્તુત ભજનમાં મીરાંબાઈ ગોવિંદ (કૃષ્ણ)નાં નિત્ય ગુણગાન ગાવાની પોતાની લગની વ્યક્ત કરે છે. પોતે શ્રીકૃષ્ણનું ચરણામૃત લઈ ધન્ય થવા માગે છે. આ એનો નિત્યક્રમ છે. આમ કરવા જતાં રાણોજી નારાજ થાય અને પોતાને રાજ્યમાંથી કાઢી મૂકે એવો સંભવ રહે છે. એ ભલે થાય, પણ જો પ્રભુ નારાજ થાય તો તો મરવાનું જ થાય. મીરાં ગોવિંદના નામ સાથે રામનું નામ પણ લે છે. એને તો ગોવિંદ કે રામ એટલે નામભેદે કેવળ ઈશ્વર જ અભિપ્રેત છે. ઈશ્વરના નામનું જહાજ કરીને આ સંસારસાગરમાં તરી જવાશે એવી એની શ્રદ્ધા છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"પ્યારા ગોવિંદના ગુણ ગાશું, રાણાજી !...
..બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણકમળ પર વારી જાશું."

(સમગ્ર કાવ્ય)

### (બ) સંદર્ભનું અર્થઘટન

આ કાવ્ય ભક્તિકાવ્ય છે. શ્રીકૃષ્ણનાં ગુણગાન ગાવાં અને તેમનાં ચરણામૃતનું પાન કરવું એને જ મીરાંએ પોતાના જીવનનો નિત્યક્રમ બનાવ્યો છે. મીરાં કહે છે રાણાજી રૂઠશે તો અમને રાજમાંથી કાઢી મૂકશે પણ પ્રભુજી રૂઠે કે નારાજ થઈ જાય તો તો મરવાનો જ વારો આવે. રાણાજીએ મીરાંને ઝેરનો કટોરો મોકલ્યો પરંતુ શ્રીકૃષ્ણનું ચરણામૃત ગણીને મીરાં એ ઝેર પણ પીવા તૈયાર છે. મીરાં શ્રીકૃષ્ણના નામરટણથી આ સંસાર તરવા અને શ્રીકૃષ્ણના ગુણો તેમજ તેના ચરણકમળ પર ઓળઘોળ થઈ જવા માંગે છે.

આ સમગ્ર કાવ્યમાં મીરાંબાઈની શ્રીકૃષ્ણ પ્રત્યેની અનન્ય પ્રેમભક્તિ વ્યક્ત થઈ છે. અહીં શ્રીકૃષ્ણ પ્રત્યે અનન્ય પ્રેમસંબંધ વ્યકત કરતી મીરાંબાઈમાં આધ્યાત્મિક્તાના દર્શન થાય છે. આમ, આ કાવ્ય ભારતીય સંસ્કૃતિના આધ્યાત્મિકતાના તત્ત્વને ઉજાગર કરે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આધ્યાત્મિક્તા / ભક્તિનો મહિમા

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભ

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : મીરાં રાણાના જૂલમમાંથી કઈ રીતે પાર ઊતરવા માગે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

રાણાજી ગુસ્સે થઈ મીરાંને રાજમાંથી કાઢી મૂકશે તો પણ મીરાંને એની પરવા નથી, પણ એ પ્રભુજીને નારાજ કરવા નથી માગતી. રાણાજી મીરાંને ઝેર મોકલાવે છે તો એનાથીય મીરાં સહેજ પણ વિચલિત થતી નથી. મીરાં ઝેરને પણ શ્રીકૃષ્ણનું ચરણામૃત ગણીને પી જવા માગે છે. પ્રસ્તુત સંદર્ભમાં મીરાંની અનન્ય કૃષ્ણપ્રીતિમાં આધ્યાત્મિક્તા વ્યક્ત થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિકતા

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : મીરાંને કયો નિત્યનો નિયમ છે ?

**(૨) સંદર્ભનું અર્થઘટન**

મીરાંને ચરણામૃત પીવા રોજ સવારે ઊઠીને મંદિરે જવાનો નિયમ છે. અહીં દિવસની શરૂઆત શ્રીકૃષ્ણના ચરણામૃતપાનથી કરનારા મીરાંમાં આધ્યાત્મિકતાના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા

### સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : મીરાં વિષના પ્યાલાથી કેમ ડરતી નથી?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મીરાં વિષને  શ્રીકૃષ્ણનું ચરણામૃત ગણતી હોવાથી વિષનાં પ્યાલાથી ડરતી નથી. અહીં મીરાંની કૃષ્ણ પ્રત્યેની અડગ શ્રદ્ધા અને ભક્તિ દ્રષ્ટિગોચર થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : ટૂંકનોંધ લખો - મીરાંબાઈની પ્રેમલક્ષણા ભક્તિ

**(બ) સંદર્ભનું અર્થઘટન**

શ્રીકૃષ્ણનાં ગુણગાન ગાવાં અને તેમનાં ચરણામૃતનું પાન કરવું એને જ મીરાંએ પોતાના જીવનનો નિત્યક્રમ બનાવ્યો છે. કૃષ્ણભક્તિની આ લગનને કારણે મીરાંને રાણાજી તરફથી ઘણાં કષ્ટો સહન કરવાં પડયાં તેમ છતાં મીરાં પોતાની અનન્ય કૃષ્ણભક્તિને વળગી રહી. આમ, આ પદમાં આપણને મીરાંની પ્રેમલક્ષણાભક્તિના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિક્તા / ભક્તિનો મહિમા

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કારણ આપો : મીરાં દરરોજ મંદિર જવા માગે છે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મીરાંને રોજ મંદિરમાં જઈ શ્રીકૃષ્ણના ચરણામૃત પીવાનો નિત્યનિયમ છે, તેથી તે દરરોજ મંદિર જવા માગે છે.

પ્રસ્તુત પંક્તિઓમાં મીરાંની કૃષ્ણભક્તિ-આધ્યાત્મિકતા જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિક્તા / ભક્તિનો મહિમા

**સંદર્ભ-૬ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કારણ આપો : મીરાં સંસારસાગર તરી જશે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મીરાંને શ્રદ્ધા છે કે રામના નામનું જહાજ જ ભક્તને સંસારસાગર પાર કરાવશે, તેથી મીરાં સંસારસાગર તરી જશે.

પ્રસ્તુત પંક્તિમાં ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વનું લક્ષણ આધ્યાત્મિક્તા કે ભક્તિ જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિક્તા / ભક્તિનો મહિમા

**સંદર્ભ-૭ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

સમજાવો : રાણોજી રૂઠશે તો રાજ તજાવશે, પ્રભુજી રૂઠે રે મરી જાશું.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મીરાંની કૃષ્ણભક્તિ રાણાજીને પસંદ નહોતી. આથી મીરાં કહે છે કે કદાચ રાણાજી કોપાયમાન થઈને એને રાજ છોડવાનું કહેશે તો એની પોતાને પરવા નથી. રાણાજીના જુલમથી ડરીને એ શ્રીકૃષ્ણની ભક્તિ છોડી દે તો ક્યાંક પ્રભુજી નારાજ થઈ જાય. જો એવું બને તો મીરાં જીવી જ ન શકે, એનું મૃત્યુ જ થાય.

પ્રસ્તુત પંક્તિઓમાં મીરાંની કૃષ્ણભક્તિ કે આધ્યાત્મિક્તાના દર્શન થાય છે, જે ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વનું લક્ષણ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિક્તા / ભક્તિનો મહિમા

**સંદર્ભ-૮ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પંક્તિ સમજાવો : ચરણકમળ પર વારી જાશું.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મીરાં માટે શ્રીકૃષ્ણ જ જીવન છે. શ્રીકૃષ્ણનાં ગુણગાન ગાવાં એ એનો રોજનો નિયમ થઈ ગયો છે. મીરાંનું જીવન કૃષ્ણભક્તિમાં લીન થઈ ગયું છે. મીરાં શ્રીકૃષ્ણના ચરણકમળ પર ઓળઘોળ થઈ ગઈ છે.

આ પંક્તિઓ મીરાંની કૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિ વ્યક્ત કરે છે. ભારતીયતા આધ્યાત્મિકતા કે ભક્તિના મહત્ત્વને સ્વીકારે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા

**૧.૦ કૃતિક્રમ** : ૪

**૨.૦ કૃતિ શીર્ષક** : .... પણ કન્યા નળની વાટ જોય

**૩.૦ રચયિતા** : પ્રેમાનંદ

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : પદ્ય(આખ્યાન ખંડ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

પ્રસ્તુત ખંડમાં દમયંતીના સ્વયંવરનું વર્ણન છે. દેશ-દેશાવરના રાજવીઓ દમયંતીને વરવા આવ્યા છે. એમના સ્વાગત માટે સ્વયંવરના મંડપમાં જાતજાતના સાજ-શણગાર કરવામાં આવ્યાં છે. કયાંક નૃત્યગાન ચાલે છે તો કયાંક લગ્નોત્સુક વૃદ્ધ રાજાઓ પણ છે. દમયંતી તો કેવળ મનના માનેલા નળ રાજાની જ વાટ જુએ છે. પ્રેમાનંદે જુદા જુદા રાજવીઓની આવી ચેષ્ટાઓ અતિશયોક્તિથી રજૂ કરીને પોતાના જનસ્વભાવ નિરીક્ષણનો પરિચય કરાવ્યો છે. આખું શબ્દચિત્ર હાસ્યરસનો પણ સુખદ અનુભવ કરાવે છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરતાં સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

ભીડ ભરાઈ ગામ ભાગળથી, રંક જાય રાય આગળથી;
મળે શુકન સાંહામાં તેડે, શુકન વંદીને રથ ખેડે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

દમયંતીના સ્વયંવરમાં પહોંચવા માટે ગામની ભાગોળે લોકોની ભીડ જામી છે. રાજાની પહેલા રંક આગળ નીકળે છે અને સામા શુકન મળે એને લઈ આવે છે. શુકન કરાવ્યા પછી જ રાજાનો રથ આગળ ચાલે છે. ભારતીય પ્રજા કોઈપણ સારુ કાર્ય કરવા જતાં પહેલા શુકન અવશ્ય જુએ છે. આ સંદર્ભ ભારતીય પ્રજાનાં શુકન-અપશુકનના વિશિષ્ટ ખ્યાલ ધરાવતા માનસને છતું કરે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

વિશિષ્ટ ખ્યાલો

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા સંદર્ભની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : સમજાવો - મળે શુકન સાંહામાં તેડે, શુકન વંદીને રથ ખેડે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

વરરાજાએ હંમેશા શુકન જોઈને જ પરણવા નીકળવું એવો રિવાજ છે. એ માટે ઘણીવાર કોઈને આગળ મોકલીને સારાં શુકન સામે લાવીને તેને વંદીને પછી જ વરરાજા પરણવા નીકળે છે. આ રિવાજ પ્રમાણે દમયંતીને પરણવા નીકળેલા રાજાઓ ગરીબ વ્યક્તિને આગળ મોકલી સારા શુકન લઈને સામા બોલાવે છે, પછી જ રાજા પોતાનો રથ ચલાવે છે, જેથી દમયંતીને પરણવાની તેમની ઈચ્છા સફળ થાય.

અહીં કોઈપણ કાર્યની સફળતા માટે શુકન જોવા અનિવાર્ય છે. એવી ભારતીય પ્રણાલિ જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

વિશિષ્ટ ખ્યાલો

**૧.૦ કૃતિક્રમ** : ૫

**૨.૦ કૃતિ શીર્ષક** : સત્ય મોટું સહુ કો થકી

**૩.૦ રચયિતા** : શામળ

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : પદ્ય (પદ્યવાર્તા)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

કવિ શામળ રચિત પદ્યવાર્તાઓ 'વેતાળપચીસી'માંથી 'સત્ય મોટું સહુ કો થકી' એ દસમી પદ્યવાર્તા અહીં લેવામાં આવી છે. આ વાર્તામાં વિક્રમરાજાના ખભે બેઠેલું વેતાળનું શબ કલિયુગમાં તત્ક્ષણ ન્યાય કેવી રીતે મળે છે તે જણાવવા ચાર ચોરની વાર્તા કહે છે. આ વાર્તામાં શામળે સત્યથી મોટું બીજું કોઈ નથી એમ દર્શાવીને સત્ય અને સત્યાચરણની મહત્તા પર ભાર મૂક્યો છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"ઈ✓ર ત્રુઠા આપણે પૂરણ રૂડી પેર
ખાવું ખાઈ શુકન કરી, વળતા જઈઈં ઘેર." (પૃષ્ઠ-૧૬)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

(એક-એક હજાર સોનામહોરવાળી ચાર થેલીઓ જોઈને) ચાર ચોરે મનમાં વિચાર કર્યો કે ઈ✓ર આપણી પણ સારી રીતે પ્રસન્ન થયા. આપણે જમીને શુકન જોઈને ઘેર પાછા જઈએ. અહીં ચોરની શુકન જોઈને ઘેર પાછા જવાની વાતમાં ભારતીય સંસ્કૃતિના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

વિશિષ્ટ ખ્યાલો

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રકાશો પુણ્ય-પરાક્રમે આપ આપણો અંકોર
ચારે નર કીધા એકઠા, નેહ ન રાખી નૂન્ય (પૃષ્ઠ નં.૧૭)

### (બ) સંદર્ભનું અર્થઘટન

(મૃત્યુ પામેલા ચાર ચોરને જોઈને ચારે સુંદરીઓએ વિચાર્યું કે) આપણા પુણ્ય-પરાક્રમથી એમને જીવતા કરવાનો પ્રયત્ન કરીએ. ચારે ચોરને ભેગા કર્યા. કોઈ કચાશ ન રાખવી. જેનું પુણ્ય વધુ હશે તેનાથી એ જીવશે. પુણ્ય એટલે સત્કર્મ, જેના બળ થી અશકય કામો પણ પાર પાડી શકાય. સુંદરીઓની આ માન્યતા ભારતીય સંસ્કૃતિના પાપ-પુણ્યના ખ્યાલને સમર્થન આપે છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

વિશિષ્ટ ખ્યાલો

## સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

એક કહે 'મેં તો કર્યાં અડસઠ તીરથ ઘણાં વ્રત;
તે પુણ્ય સૂપ્યું તિહાં. તે વેલાઈ ત્રત
બીજી કહે : 'મેં તો જપ્યો જુગજીવનનો જાપ
જન્મ પરજંત જપ મેં કર્યો તે આપું આપોઆપ.'
ત્રીજી કહે : 'મેં પુણ્ય કર્યા, ધાર્યા સઘળા ધર્મ,
તેહ સમરપ્યું એહને 'કરું ન કૂડાં કર્મ.'
ચોથી કહે : 'હું જનમનું બોલી સાચાં બોલ
તેહ સત્ય સમરપીઈ તન મન ધનથી તોલ. (પૃષ્ઠ નં.૧૭-૧૮)

### (બ) સંદર્ભનું અર્થઘટન

ચાર સુંદરીઓમાંની એક સુંદરીએ મેં અડસઠ તીરથ અને ઘણાં વ્રત કર્યા છે, એમ કહી પોતાનું પુણ્ય સોંપ્યું. બીજી કહે, મેં આખી જિંદગી જગજીવનના નામના જાપ કર્યા છે. તેનું પુણ્ય હું આપું છું. ત્રીજી કહે મેં સઘળા ધર્મ પાળીને પુણ્ય કર્યા છે. એનું પુણ્ય સમર્પણ કરું છું. ચોથી કહે હું જન્મથી જ સાચુ બોલી છું. મારા સત્યવચનનું પુણ્ય સમર્પિત કરું છું.

ચાર સુંદરીઓએ પોતપોતાના પુણ્યો થકી ચાર ચોરને સજીવન કરવાની વાત પરથી ભારતીય પ્રજા પાપ-પુણ્ય જેવા ખ્યાલોમાં કેટલી શ્રદ્ધા ધરાવે છે, તેનો અંદાજ આવી શકે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

વિશિષ્ટ ખ્યાલો

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

'સાચા ઉપર પુણ્ય નહીં, જૂઠા સમું નહીં પાપ' (પૃષ્ઠ ૧૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સાચ સમાન કોઈ પુણ્ય નથી અને જૂઠ સમું કોઈ પાપ નથી. અહીં પણ ભારતીય પ્રજાના પાપ-પુણ્ય વિશેના વિશિષ્ટ ખ્યાલ દ્રષ્ટિગોચર થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

વિશિષ્ટ ખ્યાલો

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

'ભૂખ તજી નિંદ્રા તજી, તજ્યાં સુખ-સાગર ધામ,<br>
ત્યજ્યા મંદિર માળિયા, કરવાને પર-કામ.<br>
પુરાણ પરમારથ તણા પુણ્ય તણા એ પંથ.' (પૃષ્ઠ નં.૧૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

રાજાએ પરમાર્થના કામ કરવા માટે ભૂખ ત્યજી દીધી, નિંદ્રા છોડી દીધી. સુખસાગરના ધામ છોડી દીધા અને મંદિર મહોલાત પણ છોડી દીધા. પુરાણમાં કહ્યું છે કે પરમાર્થ એ પુણ્યનો પંથ છે.

પ્રસ્તુત પંક્તિઓમાં પરમાર્થનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં પરમાર્થ કે લોકસેવા મહત્ત્વનું મૂલ્ય ગણાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

જીવનમૂલ્યોનું અનુસરણ

**સંદર્ભ-૬ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

જાપ થવા તો સોહલા; સોહલા તીરથ, વ્રત, દાન;
સત્ય પાળવા તો દોહિલાં, મોટાં તેહનાં માન.
અર્ધ વસો અવની વિખે આવ્યો વિ✓ જ માહે,
સત્ય મોટું સહુ કો થકી, તોલ કર્યું મેં ત્યાહે,
સત્ય મોટું સોએ વસા, વેદ પુરાણે છાપ.
સત્ય બાંધ્યું જલ રહે; સત્યે દવાકર, ચંદ્ર;
સત્યે અન્ન પાકે અધિક; સત્યે વરસે ઈન્દ્ર (પૃષ્ઠ નં.૧૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

જાપ જપવા, તીર્થ, દાન, વ્રત કરવા સહેલા છે, પરંતુ સત્ય પાળવું કઠિન છે. એને જ વધારે માન મળે છે. સત્યથી મોટું કોઈ નથી. સત્ય સો ટકા મોટું છે, એમ વેદપુરાણમાં પણ કહ્યું છે. સત્યથી જળ બંધાયેલું રહે છે, સૂર્ય-ચંદ્ર ઊગે છે, અનાજ પાકે છે અને સત્યથી જ ઈન્દ્ર વરસાદ વરસાવે છે.

પ્રસ્તુત પંક્તિઓમાં સત્યનો ભારોભાર મહિમા કરવામાં આવ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં સત્યનો આદર્શ અપનાવનાર હરીશ્ચંદ્ર, ગાંધીજી વગેરેને લીધે સત્યને આ સંસ્કૃતિથી અલગ પાડી શકાય નહીં.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : યુવતીઓએ સમર્પિત કરેલાં પુણ્યોમાંથી કઈ યુવતીના પુણ્યને રાજા વિક્રમ સર્વશ્રેષ્ઠ ગણાવે છે ? શા માટે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

યુવતીઓએ સમર્પિત કરેલાં પુણ્યોમાંથી ચોથી યુવતીના પુણ્યને રાજા સર્વશ્રેષ્ઠ ગણાવે છે, કારણ કે નામજાપ, તીર્થ, વ્રત, દાન કરવાં સહેલાં છે પણ સત્ય પાળવું અઘરું છે. વળી સત્યથી મોટું કશું નથી અને અસત્ય જેવું કોઈ પાપ નથી.

પ્રસ્તુત સંદર્ભ સત્યના આદર્શનું મહત્ત્વ દર્શાવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આદર્શોનું મહત્ત્વ

**૧.૦ કૃતિક્રમ** : ૯

**૨.૦ કૃતિ શીર્ષક** : કસુંબીનો રંગ

**૩.૦ રચયિતા** : ઝવેરચંદ મેઘાણી

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : પદ્ય(ગીત)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ કાવ્યમાં 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ પામેલા ઝવેરચંદ મેઘાણીની રાષ્ટ્રીય અસ્મિતા અને પ્રેમશૌર્યના કસુંબલ રંગ જોવા મળે છે. આ કાવ્યમાં કવિને ઓજસના આ રંગ કોણે કોણે પાયા, કોણે કોણે એને પાનો પડાવ્યો અને કયાં કયાં એણે પ્રેમશૌર્યનો રંગ જોયો તેનું વિગતે બયાન કરવામાં આવ્યું છે. કવિએ પોતાના સ્વપ્નોમાં, પીડિતોની અશ્રુધારામાં, શહિદોના ઊનાં ઊનાં શ્વાસોમાં અને ધરતીનાં ભૂખ્યાં કંગાલોના ગાલોમાં કસુંબીનો રંગ જોયો છે. કવિએ 'કસુંબીનો રંગ' શબ્દો દ્વારા સ્વાર્પણ અને સમર્પણભાવ વ્યક્ત કર્યા છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"લાગ્યો કસુંબીનો રંગ રાજ, મને લાગ્યો...
... લેજો કસુંબીનો રંગ રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ."

(સમગ્ર કાવ્ય, પૃષ્ઠ નં.૩૦)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ઝવેરચંદ મેઘાણીનું આ પ્રેમશૌર્યનો કસુંબલ રંગ દાખવતું ગીત છે. આ રંગ વારસારૂપે માતાના ધાવણમાંથી પ્રાપ્ત થયો છે. મોટી બહેને હાલરડાં સંભળાવતી વખતે એમાં એના રંગ પૂર્યા છે. પહાડોમાં ભટકતાં ભટકતાં એ ખડકાળ પ્રદેશમાં પડતા પ્રકૃતિના પડઘાઓથી મન કસાયું છે. વીરોએ આપેલાં બલિદાનોએ સતત પાનો ચઢાવ્યો છે. સ્વાધીનતા માટે ચાલેલાં યુદ્ધો પણ હંમેશા પ્રોત્સાહન આપનારા બની રહ્યાં છે. કવિઓએ રચેલા સ્વપ્નોમાં, પીડિતોની અશ્રુધારાઓમાં, ટેકીલાઓનાં વચનોમાં આ ફનાગીરીનો રંગ દેખાય છે. જે દોરંગા (બેવડી નીતિઓવાળા) છે તેઓ તો જોઈને ડરી ગયા પણ ટેકીલાઓએ દઢ નિશ્ચય દ્વારા અચલતા દાખવી. સંવેદનાઓનો વ્યાપ 'સ્વ'થી પીડિત સુધી વિકસતો આ કાવ્યમાં આપણે જોઈ શકીએ છીએ. અહીં કસુંબલ રંગમાં સ્વાર્પણ અને સમર્પણનો ત્યાગભાવ રહેલો છે.

ભારતીયો જેને અપનાવીને પોતાની જાન પણ આપવા તૈયાર થઈ જાય છે એવા આદર્શો પ્રેમશૌર્ય અને સ્વાર્પણ તથા સમર્પણની ભાવનાઓ આ કાવ્યમાં ગૂંથાઈ છે. આ આદર્શોને લીધે જ ભારતીય સંસ્કૃતિ અનેક સંઘર્ષો વચ્ચે પણ અડીખમ ઊભી રહી શકી છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કસુંબીનો રંગ એટલે શું ? કસુંબીનો આ રંગ કવિને કયાં-કયાંથી લાગ્યો છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કસુંબીનો રંગ એટલે પ્રેમ અને શૂરવીરતાનો રંગ. કવિને કસુંબીનો રંગ માના ખોળા અને ધાવણમાંથી અને બહેનીના મધુર કંઠે ગવાતાં હાલરડાંમાંથી લાગ્યો છે. કવિને પર્વતમાંથી સંભળાતી ત્રાડોએ કસુંબીનો રંગ લગાડયો છે. દુનિયાના નવલોહિયા

યુવાનોનાં બલિદાનોએ અને સ્વતંત્રતા મેળવવા શહીદ થયેલાઓની કબરોએ કવિના હૈયામાં કસુંબીનો રંગ લગાં ભક્તોના તંબૂરાએ કસુંબીના રંગની મસ્તી ભરી દીધી તો મુક્તિ માટે પોતાનું લોહી રેડનારાઓએ પણ કવિને કસુંબીનો રંગ લગાડયો.

ભારતીય સંસ્કૃતિના પ્રેમ અને શૌર્યના આદર્શો અહીં જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ–૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : વીરોનાં બલિદાનોમાંથી અને સાગરપાર થયેલા ક્રાન્તિઓમાંથી કવિને શી પ્રેરણા મળી છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

વીરોનાં બલિદાનોમાંથી અને સાગરપાર થયેલ ક્રાંતિઓમાંથી કવિને દેશને ખાતર આઝાદીના સંગ્રામમાં ઝંપલાવવાની અને જરૂર પડે તો બલિદાન દેવાની પ્રેરણા મળી છે.

પ્રસ્તુત સંદર્ભમાં કવિએ શૌર્ય અને સમર્પણ જેવા ભારતીય આદર્શો વ્યક્ત કર્યા છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ–૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

ટૂંકનોંધ લખો : શહીદોના બલિદાનોમાંથી વીરોને મળતી પ્રેરણા

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિને ભારતદેશમાં ચાલતા આઝાદીના સંગ્રામમાં શૂરવીરતાથી સહભાગી થવાની અને જરૂર પડે બલિદાન દેવાની પ્રેરણા અનેક શહીદો દ્વારા મળી છે. દુનિયાના અનેક નવલોહિયા યુવાનો પોતાના દેશની મુક્તિ માટે લોહી રેડીને શહીદ થયા હતા. આવા વીરોની શહીદી અને તેમની સ્મૃતિમાં ચણાયેલી કબરોએ કવિને દેશની આઝાદીના સંગ્રામમાં બલિદાન દેવા ઉત્સાહનો પાનો ચડાવ્યો હતો. તેમજ વિ✓યુદ્ધ વખતે

સાગરપાર થયેલી સ્વતંત્રતાની ક્રાન્તિ, સમાજવાદી ક્રાન્તિ, આર્થિક ક્રાન્તિ માટે અનેક ક્રાન્તિકારીઓએ ઝુકાવ્યું હતું. તેમના ક્રાન્તિકારી વલણમાંથી પણ કવિને દેશને ખાતર આઝાદીના સંગ્રામમાં ઝંપલાવવાની પ્રેરણા મળી હતી.

આમ, આ સંદર્ભમાં શૌર્ય અને સ્વાર્પણ કે સમર્પણનો આદર્શ રહેલો છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

આદર્શોનું મહત્ત્વ

## સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

ટૂંકનોંધ લખો : સાગરપાર થયેલી ક્રાન્તિઓમાંથી વીરોમાં પ્રગટેલી પ્રેમશૌર્યની ભાવના

### (બ) સંદર્ભનું અર્થઘટન

સાગરપારના અનેક દેશોમાં આઝાદી મેળવવા માટે યુદ્ધો થયાં હતાં. વિ✓યુદ્ધોએ ક્રાન્તિકારીઓના હૈયામાં રાષ્ટ્રવાદી ક્રાન્તિ, સમાજવાદી ક્રાન્તિ અને આર્થિક ક્રાન્તિ જગાડી હતી. દેશપ્રેમ અને શૌર્યથી થનગનતા વીરોએ ક્રાન્તિમાં ઝંપલાવ્યું હતું. એવા શૂરવીરોની ગાથા સાંભળીને ભારત દેશના અનેક વીરોમાં દેશપ્રેમ અને શૌર્યની ભાવના જાગી.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

આદર્શોનું મહત્ત્વ

## સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

કારણ આપો : બહેનોના હાલરડાંમાથી કસુંબી રંગની પ્રેરણા મળી છે.

### (બ) સંદર્ભનું અર્થઘટન

બહેનો મધુર કંઠે પ્રેમ અને શૂરવીરતાના હાલરડાં ગાઈને ભાઈને સુવડાવતી હતી. આથી બહેનોના હાલરડાંમાંથી કસુંબી એટલે કે પ્રેમ અને શૌર્યના રંગની પ્રેરણા મળી છે.

પ્રેમ અને શૌર્ય ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો ગણાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ-૬ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કારણ આપો : ક્રાન્તિવીરોનાં રેડાયેલાં રક્તમાંથી કસુંબીનો રંગ પ્રગટે છે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ક્રાન્તિવીરોએ સ્વતંત્રતા મેળવવા માટે પોતાના લોહી રેડયાં હતાં. આથી એ ક્રાન્તિવીરોનાં રેડાયેલા રક્તમાંથી શૌર્ય અને પ્રેમનો તથા સમર્પણનો રંગ પ્રગટે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ-૭ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કારણ આપો : શહીદોના નિઃશ્વાસોમાંથી કસુંબીનો રંગ સળગી ઊઠયો છે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

દેશને ગુલામીમાંથી મુક્ત કરવા શહીદોએ પોતાનાં બલિદાન આપ્યાં હતાં. આથી શહીદોના નિઃશ્વાસોમાંથી કસુંબીનો રંગ સળગી ઊઠયો છે.

આ કસુંબીનો રંગ એટલે ભારતીય સંસ્કૃતિએ અપનાવેલા પ્રેમ અને શૌર્યના આદર્શો.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ-૮ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કાવ્યપંક્તિઓ સમજાવો :

વહાલી દિલદારાના પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ -રાજ.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિને પ્રિયાના પગની પાનીના મેંદી જેવા લાલ રંગમાં પ્રેમ અને શૂરવીરતાનો રંગ દેખાય છે. કવિ એ રંગ દર્શાવતી પાનીને ચૂંમી લે છે, કારણ કે કવિને એ પાનીએ પ્રેમ, શૌર્ય અને સમર્પણના રંગ ચડાવ્યાં છે.

ભારતીય આદર્શો – પ્રેમ, શૌર્ય, સમર્પણ  અહીં પણ વ્યક્ત થયાં છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ-૯ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કાવ્ય-પક્તિઓ સમજાવો.

દોરંગા દેખીને ડરિયાં : ટેકીલો હો !
લેજો કસુંબીનો રંગ – રાજ.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કાવ્યના અંતે કવિ કહે છે કે જેઓ દોરંગી, મનથી ઢીલાપોચા છે એવા લોકો કસુંબીનો રંગ પીવા આગળ નહીં આવે તેઓ ડરીને પીછેહઠ કરશે પણ ટેકીલો, અડગ મનના લોકો સહેજ પણ ગભરાયા વિના લડતમાં ઝુકાવી દેશે.

આ પંક્તિઓ દ્વારા કવિ પ્રેમ, શૌર્ય અને સમર્પણના આદર્શો અપનાવવા પ્રેરણા આપે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ-૧૦ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

આટલું કરો : આ જ કવિનું 'શિવાજીનું હાલરડું' કાવ્ય મેળવીને વાંચો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'શિવાજીનું હાલરડું' કાવ્ય ભારતીય સંસ્કૃતિના શૌર્ય અને સમર્પણ જેવા આદર્શોની ગાથા વર્ણવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્ત્વ

**૧.૦ કૃતિક્રમ** : ૧૦

**૨.૦ કૃતિ શીર્ષક** : આવો !

**૩.૦ રચયિતા** : મકરંદ દવે

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : પદ્ય (ભક્તિ ગીત)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ એક સુંદર પ્રાર્થનાગીત-ભક્તિગીત છે. અહીં ભક્તે વિશાળ ભાવનાથી મનુષ્યો વતી 'અમે' શબ્દ અને પ્રભુ માટે 'જીવણ' શબ્દ પ્રયોજ્યો છે. 'સૂકું રૂનું પૂમડું' શબ્દો દ્વારા ભક્તના જીવનની શુષ્કતા વ્યક્ત થઈ છે, જયારે પ્રભુ તો રસદાર રંગીલા અત્તર જેવા છે. 'રસદાર અત્તર' દ્વારા કવિએ ભાવની ભીનાશ અને સુગંધ બન્નેનો કવિએ સંકેત કર્યો છે. ભક્તના શુષ્ક જીવનને પ્રભુ રસસભર અને સુગંધમય ફોરેલું બનાવી દે એવો પ્રાર્થનાભાવ અહી છે. ભક્ત આ કાવ્યમાં પ્રભુનું નિરંતર સાન્નિધ્ય પણ ઝંખે છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતાં સંદર્ભો**

**સંદર્ભની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"અમે રે સૂકું રૂનું પૂમડું,
આવો, રે આવો હો જીવણ, આમના."

(સમગ્ર કાવ્ય) (પૃષ્ઠ નં.૩૨)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ કાવ્યમાં કવિએ ઈ✓રના સાન્નિધ્યની તીવ્ર ઝંખના વ્યક્ત કરી છે. આ ગીતમાં કવિએ 'સૂકું રૂનું પૂમડું', 'સૂના ઘરનું જાળિયું' અને 'ઊધઈખાધું ઈંધણ' એ શબ્દો ભક્તના જીવનની શુષ્કતા, શૂન્યતા અને જર્જરતા દર્શાવવા પ્રયોજ્યા છે. જયારે 'અત્તર રંગીલા રસદાર', 'તાતા તેજના અવતાર' અને 'ધગધગતી ધૂણી' શબ્દો ઈ✓ર માટે

પ્રયોજીને કવિએ ઈ✓રની ક્ષમતા સભરતાનો મહિમા ગાયો છે 'અમે' શબ્દ કવિએ તમામ ભક્તોના સંદર્ભમાં પ્રયોજ્યો છે. કવિએ આ ગીતમાં ત્રણ દષ્ટાંતો દ્વારા ભક્તિરસથી તરબોળ થઈ જઈ પ્રભુના મિલનની ઝંખનાને વ્યક્ત કરી છે.

જીવ અને શિવના મિલનની ઝંખના વ્યક્ત કરતા આ ગીતમાં આધ્યાત્મિક્તા છલકી આવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિક્તા / ભક્તિનો મહિમા

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : અગનના શણગાર આપવા કવિ ઈ✓રને શા માટે વિનંતી કરે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ઊધઈ ઈંધણને કોરીકોરી ખોખલું બનાવી નાખે એ જ રીતે ભક્તના જીવનને મોહમાયારૂપી ઊધઈએ કોરી નાખ્યું છે, પણ એ જીવનને જો અગ્નિનો સ્પર્શ મળે તો ફરી એ પ્રજ્વલિત બને અને પ્રભુમય બની જાય. આથી કવિ અગતના શણગાર આપવા ઈ✓રને વિનંતી કરે છે. અહીં કવિના ઈ✓ર પ્રત્યેના આધ્યાત્મિક ભાવના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિક્તા / ભક્તિનો મહિમા

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કારણ આપો – અગનના શણગાર આપવા ભક્ત પ્રભુને વીનવે છે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

અગન પાસે એવી શક્તિ છે કે અગ્નિનો જેને સ્પર્શ થાય એને એ અગ્નિમય કરી દે છે. પ્રભુની નિકટ જવા માટે ભક્તને પોતાના જીવનના તારેતારને પ્રજ્વલિત

કરવા અગ્નિના દેદીપ્યમાન શણગારની જરૂર પડશે. કવિની આ વિનંતીમાં આધ્યાત્મિક્તા દષ્ટિગોચર થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા

**૧.૦ કૃતિક્રમ** : ૧૩

**૨.૦ કૃતિ શીર્ષક** : આંખે કંકુના સૂરજ આથમ્યા

**૩.૦ રચયિતા** : રાવજી પટેલ

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : પદ્ય (ગીત)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

કવિ રાવજી પટેલ અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે ક્ષયરોગથી પીડાતા હતા. તેઓ જાણતા હતા કે આ રોગ તેને મૃત્યુ તરફ દોરી રહ્યો છે. તેથી આ કવિ જીવતા જ મૃત્યુનો અનુભવ કરે છે અને એની કલમે લગ્નગીતના ઢાળમાં મૃત્યુના આભાસનું એક વિલક્ષણ ગીત રચાય છે. કવિ જન્મની જેમ મૃત્યુને પણ ભારતીય પરંપરા પ્રમાણે મંગલકારી ગણે છે. ગીતનું શીર્ષક એ વાતની સાક્ષી પૂરે છે. કંકુ માંગલ્ય સૂચવે છે. ઉપરાંત લગ્નગીતોમાં સાંભળવા મળતા 'વે'લ', 'શગ', 'ઘોડો', 'ઝાંઝર' વગેરે શબદો મૃત્યુના સંદર્ભમાં પ્રયોજીને કવિએ મંગળકારી મૃત્યુને વેદના છતાં સજીવી હળવાશ સાથે સ્વીકારી લીધું છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતાં સંદર્ભો**

**સંદર્ભની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"મારી આંખે કંકુનાં સૂરજ આથમ્યા...
મને વાગે સજીવી હળવાશ !મારી આંખે" ...
સમગ્ર કાવ્ય (પૃષ્ઠ નં.૪૧)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિ કહે છે કે મારી આંખે કંકુના સૂરજ એટલે કે જીવનનું તે જ હવે અસ્ત

થવા માંડયું છે. મારી અંતિમ વિદાય માટેની વે'લ શણગારો. દીવાની જ્યોતને પ્રજ્વલિત કરો. હવે અંતિમ ✓ાસ અજવાળા પહેરીને અંતિમવિદાય માટે જાણે તૈયાર થઈને ઊભા છે.

પાનખર ઋતુમાં પાન પીળા થઈને ખરી પડે છે તેમ માણસ વૃદ્ધ થાય ત્યારે મૃત્યુ પામે. પરંતુ અહીં તો પાનખર ઋતુમાં લીલા ઘોડા જેવો યુવાન માણસ ડૂબવા માંડયો છે, એટલે કે મૃત્યુના દ્વારે જઈ રહ્યો છે. અલક-મલકના સુખ હજી ભોગવ્યાં નથી ત્યાં એ સુખ આથમવા માંડયા. એવા સમયે મેં યૌવન-સહજ ઘોડાની હણહણાટની સુવાસ સાંભળી.

મને આંગણામાં એક પડછાયો રોકે છે, પાણીના બે બોલ અને એના પગના ઝાંઝર મને રોકવા મથે છે ત્યારે મને જીવંત હળવાશની ઠેસ વાગે છે.

સમગ્ર કાવ્યમાં કવિએ જન્મની જેમ મૃત્યુને પણ આપણી ભારતીય પરંપરા મુજબ મંગલકારી ગણ્યું છે.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

મૃત્યુ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ સંદર્ભની વિશ્લેષણાત્મક રજૂઆત

## (અ) સંદર્ભ

પ્રશ્ન : 'અજવાળા પહેરીને ઊભા શ્વાસ' દ્વારા કવિએ મૃત્યુને મંગલમય શી રીતે દર્શાવ્યું છે ?

## (બ) સંદર્ભનું અર્થઘટન

છેલ્લા ✓ાસ ગણી રહેલા દેહમાંથી આત્મા હવે જ્યોતીર્મય દિવ્યલોક તરફ પ્રયાણ કરી રહ્યો છે. આ પ્રયાણ માટે ✓ાસ જાણે અજવાળા પહેરીને, તૈયાર થઈને ઊભા છે, એ 'અજવળા પહેરીને ઊભા ✓ાસ' શબ્દોમાં વ્યક્ત થયો છે. દિવ્યલોકમાં જવું એ મંગલકારી છે અને એ મૃત્યુ પછી જ શકય બને. આમ કવિએ મૃત્યુને ભારતીય સંસ્કૃતિ મુજબ મંગલકારી ગણ્યું છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

મૃત્યુ

**૧.૦ કૃતિ ક્રમ** : ૧૭

**૨.૦ કૃતિ શીર્ષક** : હજો હાથ કરતાલ

**૩.૦ રચયિતા** : રાજેન્દ્ર શુકલ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : પદ્ય (ગઝલ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

'હજો હાથ કરતાલ' ગઝલ ઈશ્કેહકીકી ગઝલ છે. એમાં કવિએ અધ્યાત્મનિરૂપણ કર્યું છે. આ ગઝલમાં કવિનો સર્વધર્મ પ્રત્યેનો આદર જોવા મળે છે. અહીં કવિએ જુદા જુદા સંતોના ત્યાગ- સમર્પણ અને ઈ✓ર પ્રત્યેની ભક્તિને તેમના પ્રદેશની ભાષાની લાક્ષણિક્તાથી બિરદાવી છે. આ ગઝલમાં દેશની વિવિધતામાં રહેલી સાંસ્કૃતિક એકતા અને આધ્યાત્મિક ભાવના પ્રગટ થઈ છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક,
તળેટી સમીપે હજી ક્યાંક થાનક." (પૃ.નં.પર)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

હાથમાં હંમેશાં કરતાલ હશે અને ચિત્ત જાગ્રત હશે તો હજી આજે પણ (ગિરનારની) તળેટી નજીક તમને ક્યાંક (નરસિંહનું) સ્થાન મળી જશે.

પ્રસ્તુત સંદર્ભમાં કવિએ 'કરતાલ' શબ્દ દ્વારા ભારતના પ્રસિદ્ધ ભક્ત-સંત-કવિ નરસિંહ મહેતાનો ઉલ્લેખ કર્યો છે, જેણે કૃષ્ણભક્તિમાં પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાંખ્યું.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

ૠષિઓ, સાધુ સંતો, ભક્તો

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"લઈ નાવ થાશે સમયનો હળાહળ,
ધર્યો હોઠ ત્યાં તો અમિયેલ પાનક." (પૃષ્ઠ નં.પર)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ પંક્તિઓમાં કવિ કહે છે કે તારું એટલે કે કૃષ્ણનું નામ લીધું અને (મીરાંની જેમ) જીવનમાં ઝેર મળ્યું એ ઝેરને હોઠે અડાડતા જ એ અમૃતપાન બની ગયું.

અહીં કવિએ 'હળાહળ' શબ્દ દ્વારા ભારતીય ભક્ત કવયિત્રી મીરાંબાઈનો સંદર્ભ ટાંકયો છે. મીરાંબાઈને કૃષ્ણ ભક્તિ કરતી અટકાવવા માટે રાણાએ હળાહળ - ઝેર આપ્યું તો કૃષ્ણના ચમત્કારથી ઝેર પણ અમૃત બની ગયું અને મીરાંબાઈ ઊગરી ગયા.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"સુખડ જેમ શબ્દો ઊતરતા રહે છે,
તિલક કોઈ આવીને કરશે અચાનક." (પૃષ્ઠ નં.પ૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિએ આ પંક્તિમાં પ્રસિદ્ધ ભારતીય સંત કવિ તુલસીદાસને યાદ કર્યા છે. સંત તુલસીદાસે રામભક્તિને લીધે ભારતીય સંસ્કૃતિનું મહાકાવ્ય ગણાતા 'રામચરિતમાનસ' ગ્રંથની રચના કરી. કવિ કહે છે કે તુલસીદાસ ચંદન ઘસતા એમ સુખડની જેમ શબ્દો લખાતા જશે તો અચાનક રામ આવીને તિલક કરશે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"અમે જાળવ્યું છે ઝીણેરા જતનથી,
મળ્યું તેવું સોંપીશું કોરું કથાનક." (પૃષ્ઠ નં.૫૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

અહી 'કોરું કથાનક' શબ્દ દ્વારા કબીરની શુદ્ધ ચાદરનો નિર્દેશ કવિએ કર્યો છે. સંત કબીર મનુષ્ય દેહને એક ચાદર માનતા. તેઓ કહેતા કે દેહરૂપી ચાદરને સત્કાર્યો દ્વારા શુદ્ધ રાખી અંતે મૃત્યુ દ્વારા પરમાત્માને ચરણે ધરી દેવાની છે. કવિએ સંત કબીરના આ વિચારોને આ પંક્તિમાં વાચા આપી છે.

**(ક) કૃતિના સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ઋષિઓ, સાધુ સંતો, ભક્તો

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"છે ચણ જેનું એનાં જ પંખી ચૂગે આ,
રખી હાથ હેઠો નિહાળે છે નાનક."(પૃષ્ઠ નં.૫૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ પંક્તિઓમાં સંત નાનકની વાત કરવામાં આવી છે. નાનકને તેના પિતાએ ખેતરમાં પક્ષીઓ અનાજ ચણી ન જાય એ માટે રક્ષણ માટે ઊભા રાખેલા. પરંતુ નાનકને પંખીઓમાં પરમાત્માનો વાસ દેખાતા તે પોતાના જ ખેતરમાં પક્ષીઓને ચણવા દે છે. આ જ વાત આ પંક્તિમાં રજૂ કરવામાં આવી છે. એ સાથે નાનકની ઉદારતા અને આધ્યાત્મિકતાના દર્શન પણ અહીં થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

ઋષિઓ, સાધુ સંતો, ભક્ત; આધ્યાત્મિક્તા, ઉદારતા

**સંદર્ભ-૬ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"નયનથી નીતરતી મહાભાબ મધુરા,
અહો ધૌત ધારા બહો ગૌડ ગાનક." (પૃષ્ઠ નં.૫૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

(ચૈતન્ય મહાપ્રભુ)ની આંખોમાંથી મહાભાવની મધુર શુભ્રધારા નીતરે છે. અહો, (આપણે) પણ ચૈતન્ય મહાપ્રભુનું ગાન વહાવીએ. બંગાળના સંત ચૈતન્ય મહાપ્રભુએ સમગ્ર દેશમાં ભક્તિધારા વહાવી હતી.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

ઋષિઓ, સાધુ સંતો, ભક્તો

**સંદર્ભ-૭ ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

'શબોરોજ એની મહેકનો મુસલસલ,
અજબ હાલ હો ને અનલહક હો આનક." (પૃષ્ઠ નં.૫૩)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મનસૂર નામના સૂફી સંતે અનલહમ - 'હું બ્રહ્મ છું' (अहं ब्रहास्मि)નું મહાવાક્ય શિષ્યોને આપ્યું હતું. એ મહાવાક્યની ધૂન મુખેથી સતત વહેતી રહે તો એના અર્થની મહેક ચારે બાજુ ફરી વળે અને સૌને 'પોતે દેહ નથી પણ બ્રહ્મ છે' એની પ્રતીતિ થાય. આ પંક્તિઓનાં સૂફી સંત મનસૂરના બોધને વણી લીધો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

ઋષિઓ, સાધુ સંતો, ભક્તો

**સંદર્ભ-૮ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"હજો હાથ કરતાલ ને.....
.... અનલહક હો આનક."
સમગ્ર કાવ્ય, (પૃષ્ઠ નં.૫૨ થી ૫૩)

### (બ) સંદર્ભનું અર્થઘટન

આ ગઝલમાં અધ્યાત્મનું નિરૂપણ થયું છે. ગઝલમાં વિવિધભાષી સંતો - નરસિંહ મહેતા, મીરાં, તુલસીદાસ, કબીર, નાનક, ચૈતન્ય મહાપ્રભુ અને સૂફી સંત મનસૂરની પ્રભુ પ્રત્યેની અડગ પ્રીતિ, ભક્તિની મસ્તી, ફકીરી, ઉદારતા, શુદ્ધ અને નિર્મળજીવન, મધુરાભક્તિ તથા જ્ઞાનબોધનો ઉલ્લેખ થયો છે. અહીં ભક્તિના વિભિન્ન માર્ગો અને સાધનોનો ઉલ્લેખ છે, પણ છેવટે તો બધા ધર્મોનું લક્ષ્ય અધ્યાત્મસિદ્ધિ જ છે. તદુપરાંત કવિએ નરસિંહની ગુજરાતી, મીરાંની રાજસ્થાની, નાનકની પંજાબી, ગૌડની બંગાળી અને અનલહકની ફારસી-અરબી ભાષાના શબ્દોનો પ્રયોગ કરીને સર્વધર્મ સમભાવ અને સાંસ્કૃતિક એકતાનો સંદેશ આપ્યો છે.

આ ગઝલ ભારતીય સંસ્કૃતિના અધ્યાત્મભાવ, સર્વધર્મ  સમભાવ એટલે કે બિનસાંપ્રદાયિક્તા તથા સાંસ્કૃતિક એકતા જેવી લાક્ષણિક્તાઓ સ્પષ્ટ કરે છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

આધ્યાત્મિકતા, બિનસાંપ્રદાયિક્તા

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : 'હજો હાથ કરતાલ' ગઝલમાં કવિએ કયા-કયા સંતોને યાદ કર્યા છે ?

### (બ) સંદર્ભનું અર્થઘટન

આ ગઝલમાં કવિએ નરસિંહ મહેતા, મીરાં, તુલસીદાસ, નાનક, કબીર, ચૈતન્ય મહાપ્રભુ અને સૂફી સંત મનસૂરને યાદ કર્યા છે

ઉપરોક્ત ભારતીય સંતોએ પોતાની ઈશ્વરભક્તિ અને સર્જનશક્તિ દ્વારા ભારતીય સંસ્કૃતીની અમૂલ્ય સેવા કરી છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : કરતાલ, હળાહળ, તિલક – આ પ્રતીકો દ્વારા કયા કયા ભક્તોની ઓળખાણ મળે છે તે સમજાવો.

### (બ) સંદર્ભનું અર્થઘટન

કરતાલ : નરસિંહ મહેતા હંમેશાં કરતાલ લઈને ભજન કરતા.

હળાહળ : મીરાંની કૃષ્ણભક્તિથી નારાજ રાણાએ મીરાંને હળાહળ (ઝેર) આપ્યું હતું.

તિલક : તુલસીદાસની પંક્તિ – 'તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર' એ પંક્તિમાંથી લીધેલું તિલકનું પ્રતીક તુલસીદાસની અનન્ય રામભક્તિનો નિર્દેશ કરે છે.

આમ, કરતાલ, હળાહળ અને તિલક – પ્રતીકો દ્વારા નરસિંહ, મીરાં અને સંત તુલસીદાસ જેવા મહાન ભક્તોની ઓળખાણ મળે છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

## સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન : આ ગઝલમાં રહેલ સર્વધર્મસમભાવનો સંદેશ સ્પષ્ટ કરો.

### (બ) સંદર્ભનું અર્થઘટન

કવિએ આ ગઝલમાં વિવિધભાષી સંતોની પ્રભુ પ્રત્યેની અડગ પ્રીતિ, ભક્તિની મસ્તી, ફકીરી, ઉદારતા, શુદ્ધ અને નિર્મળ જીવન, મધુરા ભક્તિ તથા જ્ઞાનબોધનો ઉલ્લેખ કર્યો છે. તદુપરાંત કવિએ નરસિંહની ગુજરાતી, મીરાંની રાજસ્થાની, નાનકની પંજાબી, ગૌડની બંગાળી અને અનલહકની ફારસી – અરબી ભાષાના શબ્દોનો પ્રયોગ કરી સર્વધર્મસમભાવ, સાંસ્કૃતિક એકતા અને અધ્યાત્મ ભાવનો સંદેશો આપ્યો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

બિનસાંપ્રદાયિક્તા, આધ્યાત્મિક્તા, સાંસ્કૃતિક એકતા.

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'છે ચણ જેનું એનાં જ પંખી ચૂગે આ' આવી ઉદાર ભાવના કયા સંતે બતાવી હતી ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'છે ચણ જેનું એનાં જ પંખી ચૂગે આ' આવી ઉદાર ભાવના પંજાબના સંત નાનકે બતાવી હતી.'

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(બ) સંદર્ભનું અર્થઘટન**

બંગાળના સંત ચૈતન્ય મહાપ્રભુએ સમગ્ર દેશમાં ભક્તિધારા વહેવડાવી હતી.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

**સંદર્ભ-૬ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'જ્યોં કી ત્યોં ધર દીની ચંદરિયાં'નો ભાવ કઈ પંક્તિમાં સમાયો છે ? એ પ્રતીક દ્વારા કયા ભક્તને કવિ યાદ કરે છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયાં'નો ભાવ - 'મળ્યું તેવું સોંપીશુ કોરું કથાનક' પંક્તિમાં સમાયો છે. આ પ્રતીક દ્વારા કવિ ભારતના મહાન સંત કબીરને યાદ કરે છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

## સંદર્ભ-૭ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

ટૂંકનોંધ લખો : સંત નાનકની ઉદારતાનો પ્રસંગ

### (બ) સંદર્ભનું અર્થઘટન

ખેતરનું અનાજ પંખીઓ ચણીને બગાડી ન નાખે એ માટે ખેતરનું રક્ષણ કરવું જરૂરી હતું. આથી નાનકના પિતાએ નાનકને ગોફણ લઈને ખેતરે જવા કહ્યું. નાનકે પિતાની આજ્ઞા પ્રમાણે ખેતરે જવા માંડયું, પરંતુ સંત નાનક સ્વભાવે ઉદાર અને દયાળુ હતા. પંખીઓ ખેતરમાં આવી અનાજ ચણે તો પણ તેઓ કયારેય ગોફણથી તેમના પર પથ્થર ફેંકી તેમને ઉડાડતા નહીં. તેઓ પંખીઓને કહેતા, રામ કી ચિડિયાં, રામ કા ખેત, ખા લો ચિડિયાં ભર ભર પેટ ! સંત નાનકની આ ઉદારતા અને ચણમાં તેમજ પંખીઓમાં પણ પરમાત્માનો વાસ છે એ તેમની ઉચ્ચ આધ્યાત્મિક સમજણનો નિર્દેશ કવિએ ગઝલમાં આ રીતે કર્યો છે.

અહીં સંત નાનકની ઉદારતા - જીવનમૂલ્ય અને આધ્યાત્મિકતા જોવા મળે છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો; આધ્યાતિમક્તા, ઉદારતા

## સંદર્ભ-૮ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

ટૂંકનોંધ લખો : નિર્મળ જીવન અને સંત કબીર

### (બ) સંદર્ભનું અર્થઘટન

સંત કબીરનું જીવન નિર્મળ અને શુદ્ધ હતું. કબીરના જીવનમાં હિન્દુ-મુસ્લિમ એવા કોઈ ભેદભાવ ન હતા. કબીરનું જીવન કામક્રોધ ઈત્યાદિ વિકારોથી રહિત અને સંપૂર્ણ ભક્તિમય હતું. કબીરે પોતાના દેહરૂપી ચાદરને એકપણ વિકારથી મલિન થવા દીધી નહોતી. આથી કબીરે તેના એક પદમાં કહ્યું છે કે, જ્યોં કી ત્યોં

ધર દીની ચદરિયાં' - હું જન્મ્યો ત્યારે મને પરમાત્માએ જે શુદ્ધ અને નિર્મળ દેહરૂપી ચાદર આપી હતી તેવી ને તેવી જ શુદ્ધ અને નિર્મળ દેહરૂપી ચાદર મારા મૃત્યુ પછી મેં પરમાત્માનાં ચરણે ધરી દીધી.

અહીં કબીરના એક સંતને છાજે એવા નિર્મળજીવનના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

**સંદર્ભ-૯ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કાવ્ય-પંક્તિઓ સમજાવો.

સુખડ જેમ શબ્દો ઊતરતા રહે છે,
તિલક કોઈ આવીને કરશે અચાનક.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સંત તુલસીદાસ 'રામચરિત માનસ' ગ્રંથ લખતા હતા ત્યારે રામની કૃપાથી તેમની કલમેથી સુખડની જેમ શબ્દો પોથીનાં પાના પર સહજ ઊતરતા હતા. તેમની રામભક્તિથી પ્રસન્ન થઈ સાક્ષાત્ રઘુવીરે આવીને તેમના કપાળ પર તિલક કર્યું હતું. સંત તુલસીદાસની રામભક્તિનો નિર્દેશ કરીને કવિ કહે છે કે તુલસીદાસની જેમ આપણી કલમેથી શબ્દો સુખડની જેમ પાના પર લખાતા જશે તો નક્કી કોઈ પ્રસન્ન થઈને અચાનક આપણા કપાળમાં તિલક કરશે.

આ પંક્તિઓમાં ભારતના મહાન સંત તુલસીદાસની વાત વણી લેવામાં આવી છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

**સંદર્ભ-૧૦ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કાવ્ય-પંક્તિઓ સમજાવો

શબોરોજ એની મહેકનો મુસલસલ,
અજબ હાલ હો ને અનલહક હો આનક.'

**(બ) સંદર્ભનું અર્થઘટન**

મનસૂર નામના સૂફીસંતે અનલહક - 'હું બ્રહ્મ છું' - (अहं ब्रह्मास्मि)નું મહાવાક્ય શિષ્યોને આપ્યું હતું અને એ મહાવાક્યની ધૂન મુખેથી સતત વહેતી રહે તો એના અર્થની મહેક ચારે બાજુ ફરી વળે અને સૌને 'પોતે દેહ નથી પણ બ્રહ્મ છે' એની પ્રતીતિ થાય. કવિએ આ શેરમાં સૂફી સંત મનસૂરને વણી લીધો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

**સંદર્ભ-૧૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

આટલું કરો : ભક્તિમાર્ગના સંતોના જીવન અને ઉપદેશને ટૂંકમાં વણી લેતો એક હસ્તલિખિત અંક તૈયાર કરો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ભારતીય સંતો એ ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. આવા સાધુ-સંતોએ પોતાના જીવન અને ઉપદેશ દ્વારા ભારતીય સંસ્કૃતિનું ખરા અર્થમાં સંરક્ષણ અને સંવર્ધન કર્યું છે.

**(ક) સંદર્ભમા આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો

**૧.૦ કૃતિક્રમ** : ૧૮

**૨.૦ કૃતિશીર્ષક** : ચિત્રવિલોપન

**૩.૦ રચયિતા** : નરસિંહરાવ દિવેટીયા

**૪.૦ સાહિત્ય સ્વરૂપ :** પદ (ખંડકાવ્ય)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ ખંડકાવ્ય છે. ૧૮૫૩ની ડિસેમ્બરે એક બોટ દુર્ઘટનામાં પંદરેક વ્યક્તિઓ ડૂબી ગઈ હતી, જેમાં એક સ્ત્રી અને એની બાળકી પણ હતી. નરસિંહરાવે આ કરૂણ ઘટના ઉપરથી આ ખંડકાવ્ય રચ્યું છે. સ્ત્રી પતિમિલનના સ્વપ્નમાં લીન હતી, પરંતુ તેનું સ્વપ્નું જ નહીં, મા-દીકરીનાં જીવન પણ પાણીમાં વિલોપ થઈ ગયાં. કવિએ આ ખંડકાવ્યમાં પ્રકૃતિ અને વાત્સલ્યભાવનું એક નમણું ચિત્ર કેવી રીતે વિલોપન પામ્યું એનું હૃદયસ્પર્શી વર્ણન કર્યું છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"સન્ધ્યા રમાડે ધરીને ઉછંગે...
.... સિન્ધુએ ગાન ગાયા."
(પૃષ્ઠ નં.૫૬ થી ૫૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સંધ્યા પોતાના ખોળામાં શુક્રતારાકણીને કેવી આનંદથી રમાડે છે. સાવિત્રી નામની નાવ સમુદ્રમાં વહી રહી છે અને તરંગો ઊછળી રહ્યાં છે. નાવમાં એક યુવાન સ્ત્રી તેની બાળકીને છાતીએ વળગાડીને બેઠી છે. તેના પ્રેમ અને વાત્સલ્યની અમૂલધારા ઝરી રહી છે. સ્ત્રીએ ખલાસીને કહ્યું, નાવને વેગથી પણ સાવચેતીથી હંકારજે. મારી આ બાળકી મોંઘામૂલી છે. મારી આ લાડકી એક મહિના પહેલાં જ આ જગતમાં આવી છે. તોય જાણે કેટલાય દિવસોથી મારા હૈયામાં વસી ગઈ હોય એમ મને ભાસે છે.

સ્ત્રી બાળકીને કહે છે સમુદ્ર તટે પર્વત પર પેલો ઊંચો કિલ્લો દેખાય છે. ત્યાં તારા પિતા આનંદથી તારી રાહ જોતા ઊભા છે. થોડી જ વારમાં આપણે સૌ ભેગાં થશું. તને પહેલીવાર જોઈને તારા પિતા કેટલાંય ચુંબનો કરશે.

અમારા બન્નેના હૃદયની સુંદર મધુર પ્રેમસાંકળ મજબૂત કરનારી તું અમારી કિંમતી સુવર્ણ કડી છો. અહા ! મારું મીઠું બુલબુલ, કેવો મીઠો કલરવ કરે છે. મારી લાડકી ! તારું આ અમૃત પીને પણ અમારું મન ધરાતું નથી. તારા પિતાને તારો રૂડો કલરવ સંભળાવજે. આ મૃત્યુલોકમાં સ્વર્ગની દીસે બે ક્ષણ ઝળકાવજે. આકાશમાં જો શુક્રકણી કેવી શોભે છે ! હા ! પણ મારી લાડકી તું તો એથીય વધારે મને ગમે છે. ભૂતકાળ અને ભવિષ્યને ભુલાવીને અત્યારે સુખના હિંડોળામાં ઝૂલતી હું મારી દીકરી સાથે આનંદના સાગરમાં ગરકાવ થઈ ગઈ છું.

અચાનક જ નાવડું ડુબવા માંડે છે ત્યારે પણ બાળકીને છાતીએ વળ ગાડીને રાખતી યુવતીનો માતૃપ્રેમ તેને બચાવવા પોકાર કરે છે.

આમ કાવ્યના આરંભમાં બાળકી પ્રત્યે હેત વરસાવતી માનું વાત્સલ્યપૂર્ણ ચિત્ર મન હરી લે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

નારીસ્વરૂપ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'ચિત્ર વિલોપન' કાવ્યની કઈ પંક્તિઓમાં ઉત્કટપણે માતૃપ્રેમ પ્રકટ થાય છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'ચિત્રવિલોપન' કાવ્યની આ પંક્તિઓમાં ઉત્કટપણે માતૃપ્રેમ પ્રકટ થાય છે :

યુવતી તે વિશે બેઠી બાળકી છાતીએ ધરી,
પ્રેમ વાત્સલ્યના પાના અમોલા શા વહ્યા ઝરી.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

## સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન - ટૂંકનોંધ : યુવતીનો માતૃપ્રેમ

### (બ) સંદર્ભનું અર્થઘટન

આ કાવ્યમાં યુવતીના માતૃપ્રેમની જાણે સરવાણી વહેતી દેખાય છે. યુવતી તેની બાળકીને છાતીએ વળગાડીને બેઠી છે ત્યારે માના હૈયામાંથી જાણે મમતા અને વાત્સલ્યના ઝરણાં વહે છે. પોતાની મોંઘેરી લાડલી ગભરાઈ ન જાય એ માટે ખલાસીને સાચવીને નાવ હંકારવાનું કહે છે. તે લાડલીને 'મોંઘી', 'લાડલી', 'મીઠું બુલબુલ' અને 'મીઠડી' કહીને તેના પર હેત વરસાવે છે. માને તેની લાડલી તેના દામ્પત્યપ્રેમની સાંકળને દઢ રાખનારી સુવર્ણકડી લાગે છે. તેની મીઠડી તેના પિતાને મીઠા કૂજનથી ખુશ કરી દેશે. યુવતીને તેની લાડલી શુક્રકણી કરતાં પણ વધારે રુચિર લાગે છે.

આમ, આ કાવ્યમાં માની વાણી અને વર્તનમાં તેની દીકરી પ્રત્યેનું હેત હિલોળા લેતું દેખાય છે, યુવતીનો માતૃપ્રેમ છલકાય છે. કવિએ ભારતીય સંસ્કૃતિની માતા આ કાવ્યમાં પ્રતિબિંબિત કરી છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

નારીસ્વરૂપ

## સંદર્ભ-૩ ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

પ્રશ્ન - કાવ્ય-પંક્તિઓ સમજાવો.

પ્રેમવાત્સલ્યના પાના અમોલા શા વહ્યા ઝરી.

### (બ) સંદર્ભનું અર્થઘટન

આ પંક્તિમાં માતાનો વાત્સલ્યપ્રેમ દર્શાવાયો છે. દરિયામાં નાવડું હાલકડોલક થાય છે. નાવડાંમાં બેઠેલી માતાને એની એક માસની દીકરીની ચિંતા થાય છે. એવે

વખતે માના હૈયામાં એની દીકરી માટે અણમોલ વાત્સલ્યની ધારા વહી રહી છે.

આ કાવ્યની નાયિકા ભારતીય સંસ્કૃતિની માતા કેવી હોય તેનું ઉદાહરણ પૂરું પાડે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : કાવ્ય-પંક્તિઓ સમજાવો.

તાતને તુજ કૂજનો
એ રૂડાં તું સંભળાવજે
મર્ત્યલોકે સ્વર્ગની,
કંઈ દીપ્તિ ક્ષણ ઝળકાવજે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ પંક્તિઓમાં મા દીકરીને કહે છે, તું તારા મીઠાં કૂજનો તારા પિતાને સંભળાવજે અને એવું તેજ ઝળકાવજે જેથી તારા પિતાને મૃત્યુલોકમાં સ્વર્ગના સુખનો આનંદ મળે. પતિપત્નીના જીવનમાં સંતાનનું સુખ સ્વર્ગના સુખ જેવું છે એ ભાવ કવિએ આ પંક્તિઓમાં યુવતીના માતૃપ્રેમ દ્વારા વ્યક્ત કર્યો છે.

કાવ્યનાયિકા ભારતીય માતાનું પ્રતિનિધિત્વ કરે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

## ૪.૧૨ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠયપુસ્તકના પદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

ધોરણ ૧૨ના ગુજરાતી પાઠયપુસ્તકના પદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ અનુક્રમે સારણી ૪.૮ અને સારણી ૪.૯માં રજૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત સારણીઓમાં ઊભી હરોળમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ (કાવ્યક્રમ) દર્શાવવામાં આવ્યો છે. સારણીઓમાં કૃતિક્રમ સામે જે તે કૃતિમાં પ્રતિબિંબિત થયેલી ભારતીય સંસ્કૃતિની ચોક્કસ લાક્ષણિક્તાને તેના અનુરૂપ ખાનામાં ખરા (✓)ની નિશાની વડે દર્શાવેલ છે. સારણીના અંતમાં પ્રત્યેક કૃતિમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓની કુલ સંખ્યા અને સમગ્ર કૃતિઓના સંદર્ભમાં પ્રત્યેક લાક્ષણિક્તાની કુલ સંખ્યા રજૂ કરવામાં આવી છે.

સારણી ૪.૮માં ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકની પદ્યવિભાગની કૃતિઓમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરવામાં આવી છે. પદ્યવિભાગમાં કુલ નવ (૯) લાક્ષણિક્તાઓ સમાયેલી હતી. આ લાક્ષણિક્તાઓમા નારીસ્વરૂપ, આદર્શોનું મહત્ત્વ, બિનસાંપ્રદાયિક્તા / સાંસ્કૃતિક એક્તા, કેટલાક વિશિષ્ટ ખ્યાલો, મૃત્યુ પ્રત્યેનો અભિગમ, ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો; આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, વિશાળતા-ઉદારતા અને જીવનમૂલ્યોનો સમાવેશ થાય છે.

પદ્યવિભાગની ૨૧ કૃતિઓ પૈકી કૃતિક્રમ ૧, ૨, ૪, ૫, ૯, ૧૦, ૧૩, ૧૭ અને ૧૮ એમ કુલ નવ (૯) કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિની એક કે તેથી વધુ લાક્ષણિક્તાઓ જોવા મળી હતી. આ સિવાયની કૃતિઓમાં અભ્યાસ પૈકીની કોઈ લાક્ષણિક્તા જોવા મળી નહોતી .

સારણી ૪.૯માં ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરવામાં આવી છે. પદ્યવિભાગના સ્વાધ્યાયોમાં કુલ આઠ (૮) લાક્ષણિક્તાઓ જોવા મળી, જેમાં નારીસ્વરૂપ, આદર્શોનું મહત્ત્વ, બિનસાંપ્રદાયિક્તા/સાંસ્કૃતિક એકતા, કેટલાક વિશિષ્ટ ખ્યાલો, મૃત્યુ પ્રત્યેનો અભિગમ, ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો, આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા અને વિશાળતા - ઉદારતા હતી.

પદ્યવિભાગની કુલ એકવીસ (૨૧) કૃતિઓમાંથી નવ (૯) કૃતિઓ - ૧, ૨, ૪, ૫, ૯, ૧૦, ૧૩, ૧૭ અને ૧૮ માં જ ભારતીય સંસ્કૃતિની એક કે તેથી વધુ લાક્ષણિકતાઓ સમાયેલી હતી. આ સિવાયની કૃતિઓમાં અભ્યાસ પૈકીની કોઈ લાક્ષણિક્તા જણાઈ નથી.

## ૪.૧૩ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓનું પ્રમાણ

સારણી ૪.૧૦માં ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં પ્રતિબિંબિત થયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓનું પ્રમાણ રજૂ કરવામાં આવ્યું છે.

સારણી ૪.૧૦માં ઊભી હરોળમાં અભ્યાસમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ (કાવ્યક્રમ) દર્શાવવામાં આવ્યો છે. રજૂ કરેલી સારણીમાં કૃતિક્રમ સામે જે તે કૃતિમાં જોવા મળેલી ભારતીય સંસ્કૃતિની ચોક્કસ લાક્ષણિક્તાનું પ્રમાણ તેને અનુરૂપ ખાનામાં (સંદર્ભોની) સંખ્યાના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. અંતમાં પ્રત્યેક લાક્ષણિક્તાની કુલ સંખ્યા દર્શાવવામાં આવી છે.

સારણી ૪.૧૦નું અવલોકન દર્શાવે છે કે ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્ય પુસ્તકના પદ્યવિભાગમાં સૌથી વધુ પ્રમાણ ધરાવતી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો હતી. આ લાક્ષણિક્તાનું પ્રમાણ આઠ (૮) હતું. આ લાક્ષણિક્તા બે કાવ્યોમાં જોવા મળી.

## ૪.૧૪ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના કૃતિપૃથક્કરણપત્રોની રજૂઆત

પાઠ્યપુસ્તકમાંથી કૃતિપૃથક્કરણપત્રો દ્વારા અભ્યાસ વિષયક માહિતી એકત્ર કરવામાં આવી હતી. ગદ્યવિભાગની કુલ ઓગણીસ (૧૯) કૃતિઓ પૈકી આઠ (૮) કૃતિઓમાંથી માહિતી મળી હતી. જેના કૃતિપૃથક્કરણપત્રો અહીં રજૂ કરવામાં આવ્યાં છે.

**૧.૦ કૃતિક્રમ** : ૪

**૨.૦ કૃતિશીર્ષક** : માનચતુર અને ધર્મલક્ષ્મી

**૩.૦ રચયિતા** : ગોવર્ધનરામ ત્રિપાઠી

**૪.૦ સાહિત્યસ્વરૂપ** : ગદ્ય (નવલકથાખંડ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

ચાર ભાગમાં લખાયેલી 'સરસ્વતીચંદ્ર' નવલકથાના બીજા ભાગ 'ગુણસુંદરીની કુટુંબજાળ'માંથી આ ખંડ લેવામાં આવ્યો છે. આ ખંડના પૂર્વ ભાગમાં સુવાવડમાંથી હજી હમણાં પસાર થયેલી ગુણસુંદરીની વાસ્તવિક દશાનું ચિત્ર છે. સાસુ ધર્મલક્ષ્મી તો દેવસેવામાં રત છે અને સુંદર સુવાવડીની ચીવટથી કાળજી લે છે. આ બધો તાલ માનચતુર જોયા કરે છે. ધર્મલક્ષ્મી ઘરને બદલે દેવસેવામાં વિશેષ ધ્યાન રાખે છે તેથી માનચતુર અકળાઈને બધા દેવોને પાણી પીવાની ગોળીમાં પધરાવી દે છે. ધર્મલક્ષ્મી તો દેવ ગુમ થયા તેથી બેબાકળાં બની જાય છે. તેને કર્તવ્ય અંગેનો પાઠ ભણાવ્યા પછી માનચતુર ઘરના દેવોની બરોબર કાળજી લેવાની તાકીદ કરી ધર્મલક્ષ્મીને પાલખાના દેવ પાછા આપે છે. અહીં સંયુક્ત કુટુંબના મોવડી તરીકેનું માનચતુરનું કર્તવ્યપાલન ધ્યાનમાં લેવા જેવું છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"દેવસેવાના પુણ્ય હશે તો આ છોકરાં પણ સારાં ઊઠશે. કંઈ તો વિચાર કરો. દુઃખબા ! ચંચળ ! ચંડીવહુ ! આ તમારા પાપને લીધે મારે આ વચન સાંભળવાં પડયાં !"

### (બ) સંદર્ભનું અર્થઘટન

પ્રસ્તુત સંદર્ભમાં ધર્મલક્ષ્મી પાપ અને પુણ્ય જેવા ખ્યાલો ધરાવે છે, તે બતાવે છે. ભારતીય સંસ્કૃતિમાં આવા વિશિષ્ટ ખ્યાલો સમાયેલા છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

વિશિષ્ટ ખ્યાલો

### સંદર્ભ-૨ ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"લોક એવું કહેતા કે "આવા માનચતુરનો મિજાજ ધર્મલક્ષ્મી જ જાળવે - બીજી હોય તો એના ઘરમાં પળવાર પણ ટકવા ન પામે." ધર્મિષ્ઠ છતાં ધર્માંધ ન બની, દુર્વાસા જેવા પતિના ઘરમાં વૃદ્ધાવસ્થા પર્યંત રહી શકી, અગ્નિ જેવા પતિની પ્રીતિ મેળવી છેવટ સુધી સાચવી શકી અને તેના ઉપર પોતે પ્રીતિ રાખી શકી, અને વળી તે સર્વ સાથે પોતાના ધર્મસંસ્કાર છેવટ સુધી જાળવી રહી; આ સર્વ અદ્‌ભૂત પરિણામ ધર્મલક્ષ્મીની શુદ્ધ વત્સલતા, પૃથ્વી જેવી ક્ષમા, વિષ્ણુ જેવી શાન્તિ, સૂક્ષ્મ બુદ્ધિ અને ઊંચી કુલીનતા : તે સર્વનું દુર્લભ ફળ હતું. એ સર્વ ગુણોનો આ પ્રસંગે આર્વિભાવ થતો વિદ્યાચતુરે આજ પ્રથમ જ જોયો અને એ જોતાંજોતાં આ ગુણવાળી માતાથી પોતાનો જન્મ છે એ વિચારથી એનું હૃદય ગર્વ વડે ફૂલાવા લાગ્યું." (પૃષ્ઠ નં.૧૦૭)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ સંદર્ભમાંથી ધર્મલક્ષ્મીના પાત્રનો પરિચય મળે છે. આદર્શ ભારતીય નારી મા, બહેન, પત્ની જેવી કોઈપણ ભૂમિકાને પોતાના આગવા સંસ્કારોથી સુપેરે બજાવે છે. ધર્મલક્ષ્મી પણ આવીનારીઓનું પ્રતિનિધિત્વ કરતું પાત્ર છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા રજૂ કરતાં સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : ધર્મલક્ષ્મીનો પાત્ર પરિચય આપો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ધર્મલક્ષ્મી અત્યંત ધર્મિષ્ઠ છે પણ ધર્માંધ નથી. ગામની અને જ્ઞાતિની સ્ત્રીઓને લોકોચારના કોઈ પ્રશ્નો હોય તો તે ધર્મલક્ષ્મી પાસે આવે છે. શાસ્ત્રીય જ્ઞાનના આધારે તેના વિવિધ ઉપાયો બતાવવાથી તેની નાતમાં પ્રતિષ્ઠા છે. પતિનો સ્વભાવ આકરો હોવાથી ધર્મલક્ષ્મી 'સમય વર્તે સાવધાન', થવાનું શીખી ગયાં હતાં. લોકો એવું કહેતા કે "આવા માનચતુરનો મિજાજ ધર્મલક્ષ્મી જ જાળવે – બીજી હોય તો એના ઘરમાં પળવાર પણ ટકવા ન પામે." તે અગ્નિ જેવા પતિની પ્રીતિ મેળવી છેવટ સુધી સાચવી શકી. તેણે ધર્મસંસ્કાર પણ જાળવી રાખ્યા.

આ સર્વ અદ્ભૂત પરિણામ ધર્મલક્ષ્મીની શુદ્ધ વત્સલતા, પૃથ્વી જેવી ક્ષમા, વિષ્ણુ જેવી શાન્તિ, સૂક્ષ્મ બુદ્ધિ અને ઊંચી કુલીનતા; તે સર્વનું દુર્લભ ફળ હતું.

ધર્મલક્ષ્મીના પાત્રમાં આદર્શ ભારતીય નારીના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

નારીસ્વરૂપ

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કારણ આપો : ધર્મલક્ષ્મી જેવી ગુણવાળી પોતાની માતા છે એવા વિચારથી વિદ્યાચતુરનું હૃદય ગર્વથી ફૂલાવા લાગ્યું.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પિતા માનચતુરનો અતિશય ઉગ્ર સ્વભાવ વેઠીને ધર્મલક્ષ્મી દુર્વાસા જેવા પતિનાં પ્રીતિપાત્ર બન્યાં હતાં. પતિની પ્રીતિ અને ધર્મના સંસ્કાર છેવટ સુધી સાચવી શકનાર ધર્મલક્ષ્મી એક ગુણિયલ સ્ત્રી હતી. માતા ધર્મલક્ષ્મીના શુદ્ધ વાત્સલ્ય, પૃથ્વી જેવી ક્ષમાભાવના, વિષ્ણુ જેવી શાન્તિ, સૂક્ષ્મ બુદ્ધિ અને શાલીનતા જેવા ગુણોનું દર્શન પહેલીવાર વિદ્યાચતુરને થયું. આથી ધર્મલક્ષ્મી જેવી ગુણવાળી પોતાની માતા છે. એવા વિચારથી વિદ્યાચતુરનું હૃદય ગર્વથી ફૂલાવા લાગ્યું.

પોતાની દરેક ભૂમિકા આદર્શ રીતે ભજવતી ધર્મલક્ષ્મી ભારતીય નારી કેવી હોય તેનો દાખલો બેસાડે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

આટલું કરો : નારીનો મહિમા દર્શાવતાં પાંચ સુવાક્યો મેળવી નોંધપોથીમાં નોંધો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નારીનો મહિમા એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. ભારતીય સંસ્કૃતિ નારીના દરેક સ્વરૂપને પૂજનીય માને છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

**૧.૦ કૃતિક્રમ** : ૫

**૨.૦ કૃતિ શીર્ષક** : પાણીની દીવાલ

**૩.૦ રચયિતા** : ધ્રુવ ભટ્ટ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : ગદ્ય (નવલકથાખંડ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

'સમુદ્રાન્તિકે' નવલકથાનો આ અંશ છે. તેમાં સંવાદો અને કથાની સાથે સાથે રસપ્રદ વર્ણનો પણ છે. અહીં સમુદ્રમાં ઊઠતા તોફાનનું તાદશ વર્ણન છે. પહેલા સુસ્થિર અને પ્રશાંત લાગતો સમુદ્ર ધીરેધીરે કેવું રૌદ્ર રૂપ ધારણ કરે છે એ અહીં લેખકે સવિગત દર્શાવ્યું છે. આવા સમયે પણ નાયિકા અવલ માણસાઈ છોડતી નથી અને એક વીંછીને પણ દયાભાવથી જીવતો જવા દે છે. અવલના આ અભિગમથી સામુદાયિક જીવન અને પર્યાવરણની સમતુલાનું પણ એક જુદું મૂલ્ય ઊભું થાય છે. લેખક સામુદાયિક અને સુમેળમય જીવનનો સુસ્પષ્ટ ખ્યાલ એ દ્વારા રચી આપે છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"બાળકો પેટ ભરીને ખાધા પછી ઊંઘમાં પડવા લાગ્યાં. હું હાથ ધોવા બાથરૂમ તરફ ગયો. અંદર જતાં ટોર્ચ સળગાવી ત્યાં જ હું ચીસ પાડતાં રહી ગયો અને તરત બહાર આવ્યો. સામેની દીવાલ પર મોટો લીલો વીંછી ચોંટી રહ્યો છે. બારણું ખુલ્લું મૂકીને હું પાછો પગથિયા પાસે ગયો, મારો બૂટ હાથમાં લઈને ધીમે પગલે બાથરૂમ તરફ ચાલ્યો.

"એવું ન કરશો" અડધી ઊભી થઈ જતાં અવલ બોલી. તેને ખ્યાલ આવી ગયો કે હું નિર્મમ હત્યાના ઈરાદે જઉં છું.

"પણ અંદર..." મેં આંગળી વાળીને આંકડાની નિશાની કરી.

"એ જે હોય તે. અત્યારે આપણે આશરે છે. એના ઘરમાં પાણી ભરાણાં હશે."

"કોના ઘરમાં ?" સૂવા માંડેલાં બાળકોમાંથી એકે પૂછયું.

"જીવડાંના ઘરમાં, તું હવે સૂઈ જા." અવલે કહ્યું.

સરવણ ખૂણામાં બેઠો હતો. તેણે કહ્યું "તમતમારે ચિંતા નો કરતા. બારે ભેગાં થાય ત્યારે તયેં જુદું અને અટાણે જુદું. ઈ જીવેય હમજે કે બધાંની દશા એક થઈ છે."

વગડે વસતા ખેડૂતો, ઘાસ-માટીમાં રમતાં તેમનાં બાળકો, ઘટાટોપ જંગલોમાં વસતા આરણ્યકો અને આ વિશાળ ધરા પર એકાંત ખૂણા શોધીને રહેતા વૈરાગીઓ- આવા કેટકેટલા ઝેરી જીવો સાથે સહજીવન ગાળે છે. તે છતાં આવા જીવોએ તેમને નુકસાન કર્યું હોય તેવા દાખલા કેટલા ઓછા સાંપડે છે ?

ધરતી પર જન્મ આપતાં પહેલાં સર્જનહારે જાણે કહીને મોકલ્યા હોય 'જાવ મારાં વહાલાં, જાવ તમારા જીવંત સંસારથી પૃથ્વીને સજીવન કરો. મુક્ત, આનંદી અને નિર્ભય થઈને ઈચ્છો ત્યાં વિચરો. બીજાના કામમાં દખલ નહીં કરો ત્યાં સુધી આ પૃથ્વી તમને જીવવા જેવી લાગશે.'

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ સંદર્ભમાં નાયિકા અવલના દયાભાવ તથા સામુદાયિક જીવનનું મૂલ્ય જોવા મળે છે. નાયિકા લેખકને ઘરની દીવાલ પર ચોંટી ગયેલ વીંછીને મારતા અટકાવે છે તેમાં તેનો જીવ પ્રત્યેનો દયાભાવ જોવા મળે છે એ સાથે આ સંદર્ભમાં ખેડૂતો, બાળકો, વૈરાગીઓ વગેરે ઝેરી જીવો સાથે સહજીવન ગાળવાની વાતમાં સામુદાયિક જીવનની ભાવના જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

જીવનમૂલ્યોનું અનસરણ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : સર્જનહારે આપણને શું કહીને ધરતી પર જન્મ આપ્યો હશે ?

**(બ) સર્જનનું અર્થઘટન**

સર્જનહારે આપણને આમ કહીને ધરતી પર જન્મ આપ્યો હશે કે 'જાવ મારા વહાલાં, જાવ તમારા જીવંત સંચારથી પૃથ્વીને સજીવન કરો. મુક્ત આનંદી અને નિર્ભય થઈને ઈચ્છો ત્યાં વિચરો, બીજાના કામમાં દખલ નહીં કરો ત્યાં સુધી આ પૃથ્વી તમને જીવવા જેવી લાગશે.'

પ્રસ્તુત સંદર્ભમાં માનવીને જીવ-જંતુ વગેરે સૌ સાથે સમૂહભાવનાથી જીવન જીવવાથી વાતને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિ આવા મૂલ્યોને કારણે જ મહાન છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

જીવનમૂલ્યોનું અનુસરણ

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

સમજાવો : બીજાના કામમાં દખલ નહીં કરો ત્યાં સુધી આ પૃથ્વી તમને જીવવા જેવી લાગશે.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સર્જનહારે સૌને ધરતી પર જન્મ આપીને એમ કહીને મોકલ્યા છે કે બીજાના કામમાં દખલ નહીં કરો ત્યાં સુધી આ પૃથ્વી જીવવા જેવી લાગશે. પૃથ્વી પર વસતા તમામ જીવો, પછી એ ઝેરી જીવો હોય કે માનવ હોય, પ્રકૃતિ અને માનવ એકબીજા સાથે સુમેળ રાખીને સહજીવન જીવશે તો તમને પૃથ્વી પર જીવવાનો સાચો આનંદ મળશે.

પ્રસ્તુત સંદર્ભમાં લેખકે ભારતીય સંસ્કૃતિનું મૂલ્ય ગણાતા સહજીવન-સામુદાયિક જીવનની ભાવનાને પ્રાધાન્ય આપ્યું છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યોનું અનુસરણ

**૧.૦ કૃતિક્રમ** : ૧૧

**૨.૦ કૃતિ શીર્ષક** : મારું બાળપણનું વન

**૩.૦ રચયિતા** : સુરેશ જોશી

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : ગદ્ય (નિબંધ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

'મારું બાળપણનું વન' નિબંધમાં લેખકનાં 'બાળપણનાં વન્યજીવનનાં સંસ્મરણો નર્યા વિસ્મયથી ઝિલાયાં છે. કેરી તોડીને ખાવાનો આનંદ, સોનું શોધવાની મજા, પરીકથામાં સાંભળેલી અદ્‌ભૂત સૃષ્ટિને શોધવા વનમાં નીકળી પડવું અને વૃક્ષના પડછંદી પડછાયાને જોઈ રાક્ષસકથામાં સાંભળેલ 'માણસ ગંધાય માણસ ખાઉં' રાક્ષસ અને ડાકણની કલ્પનાથી છળી મરવું જેવા અનેક પ્રસંગો લેખકે સંભાર્યા છે. બાળપણના સંભારણાની સાથે લેખકે રાજકુંવર – રાજકુંવરીની એક કાલ્પનિક કથા જોડી છે. આ નિબંધમાં લેખકે શૈશવનું તાદશ ચિત્ર ખડું કરીને એમની વર્ણનશક્તિ અને કલ્પનાશક્તિનો પરિચય કરાવ્યો છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા રજૂ કરતાં સંદર્ભો

## સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"મારા ગામમાં રાજાનો કિલ્લો હતો, વન હતું, વનમાં વાઘ હતાં, રીંછ હતાં. એક નદી વહેતી હતી. એનું નામ ઝાંખરી, સંસ્કૃત નામોનો ઝંકાર એમાં નથી. ઝાંખરામાં થઈને રસ્તો કરી વહેતી વહેતી આવતી માટે ઝાંખરી... દુંદાળા ગણપતિ આનન્દ ચૌદશના દિવસે એમાં ડૂબકી મારીને અલોપ થઈ જતા ને દશેરાનાં દિવસે માતાની જવારાની સોનાની સળીઓ એના પાણીમાં તરી રહેતી."

### (બ) સંદર્ભનું અર્થઘટન

વિવિધ ધર્મના વિવિધ તહેવારો એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. પ્રસ્તુત પરિચ્છેદમાં આનન્દ ચૌદશ અને દશેરા બે તહેવારોનો ઉલ્લેખ છે, જે આપણી સંસ્કૃતિનો એક ભાગ છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ

**૧.૦ કૃતિક્રમ** : ૧૩

**૨.૦ કૃતિ શીર્ષક** : ભેડાઘાટ : માર્બલ રોકસ અને ધૂંઆધાર

**૩.૦ રચયિતા** : અમૃતલાલ વેગડ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : ગદ્ય (નિબંધ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

'ભેડાઘાટ : માર્બલ રોક્સ અને ધૂંઆધાર' પ્રવાસનિબંધમાં લેખકે નર્મદા નદી સાથે સંકળાયેલી ભેડાઘાટ પાસેની નયનરમ્ય પ્રકૃતિનું શ્વેતશુભ્ર રૂપ વર્ણવ્યું છે. પ્રકૃતિનું આ ચળકતું રૂપ માર્બલ રોકસમાં દેખાય છે. જયારે પ્રકૃતિનું બીજું અત્યંત શ્યામ ઘેરું રૌદ્ર રૂપ ધૂઆંધારમાં જોવા મળે છે. લેખકે આ નિબંધમાં પ્રકૃતિના સૌમ્ય અને રૌદ્ર બન્ને રૂપોનું અદ્‌ભૂત દર્શન કરાવ્યું છે. પ્રકૃતિનું આટલું સુંદરરૂપ જોઈને લેખક નાનું પંખી બનીને નર્મદાના અંતઃપુરમાં રમમાણ થવા માગે છે. પ્રકૃતિ કેવી અદ્‌ભૂત રીતે પર્યાવરણ સમતુલા જાળવે છે એ પણ આ નિબંધ દ્વારા જાણવા મળે છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ ની વિશ્લેષણાત્મક રજૂઆત

#### (અ) સંદર્ભ

"બહેનો નર્મદાષ્ટક ગાઈ રહી છે. મંજુલ - મધુર નારીકંઠના બધા ઉતારચઢાવ સાથે એમના સ્વરો ચોમેર રેલાઈ રહ્યા છે." (પૃષ્ઠ નં.૧૬૪)

#### (બ) સંદર્ભનુ અર્થઘટન

ભારતીય સંસ્કૃતિમાં નદીઓનો વિશેષ મહિમા છે. નદીઓને માતાનું સ્થાન અપાયું છે. પ્રસ્તુત સંદર્ભમાં નર્મદાષ્ટક ગાવાનો ઉલ્લેખ દ્વારા બહેનો નર્મદાને માતા ગણી તેના ગુણગાન ગાય છે, એ ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવે છે.

#### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ

### સંદર્ભ-૨ ની વિશ્લેષણાત્મક રજૂઆત

#### (અ) સંદર્ભ

"નર્મદા જેવી નદી હોય, પાસે ઊંચી ટેકરી હોય અને એ ટેકરી ઉપર મંદિર ન બન્યું હોય એવું તો બને જ નહિ. આના ઉપર એક હજાર વર્ષ જૂનું ચોસઠ જોગણીઓનું મંદિર છે. મંદિરને ફરતે ગોળાકાર પરસાળમાં ૮૦ જેટલી જોગણીઓની કળાત્મક પરંતુ ખંડિત મૂર્તિઓ છે. આ મૂર્તિઓના લાલિત્યભર્યા શિલ્પથી મુગ્ધ થયા વિના કોઈથી પણ ન રહેવાય. ઉપર જવા માટે સરસ સોપાન-પથ છે. અમારા દળના કેટલાકં સદસ્યો આ કળાતીર્થ જોઈ આવ્યા." (પૃષ્ઠ નં.૧૬૫)

## (બ) સંદર્ભનું અર્થઘટન

આદિકાળથી ભારતીય સંસ્કૃતિ કલાપૂજક રહી છે. પ્રસ્તુત ગદ્યાંશમાં લેખકે ચોસઠ જોગણીઓની સુંદર શિલ્પાકૃતિઓને કારણે 'કળાતીર્થ' શબ્દ પ્રયોજયો છે. એ બાબત જ ભારતીયોની કલાપ્રિયતાનું દર્શન કરાવે છે.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

ભારતીય કલાઓ

## સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત

## (અ) સંદર્ભ

"નર્મદાના પ્રચંડ પ્રવાહને પોતાના સુદઢ બાહુઓમાં ઝીલી લેવા સંગેમરમરના ખડકો તૈયાર ઊભા છે. જળધારાઓનુ પડવું, અફળાવું અને પછડાટ ખાવી – પાણી જાણે મલ્લયુદ્ધ કરી રહ્યું છે ! વળી ગડગડાટ અને ધમાકા ! ખીણમાં ભૂસકો મારતું પાણી જાણે મૃત્યુના મોંમા ઓરાતું ન હોય ! પરંતુ બીજી જ પળે એ ઊભરે, ઊછળે ને દેમાર કરતું  સિંહછટાએ આગળ વધે. આ જોઈને થાય કે મૃત્યુ એટલે નવજન્મનું પ્રવેશદ્વાર ! મૃત્યુ એટલે જીવને લગાવેલી છલાંગ ! સીધી છલાંગ !

## (બ) સંદર્ભનું અર્થઘટન

ભારતીય પ્રજાને મૃત્યુનો ડર નથી, પણ એ તો મૃત્યુને પણ પરમ સખા માને છે. ભારતીય સંસ્કૃતિની મૃત્યુ વિશેની આ ફિલોસોફી પ્રસ્તુત ગદ્યાંશમાં વણાયેલા લેખકના વિચારોમાં પણ વ્યક્ત થઈ છે.

## (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

મૃત્યુનો મહિમા

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા

## સંદર્ભ-૧ ની વિશ્લેષણાત્મક રજૂઆત

## (અ) સંદર્ભ

ટૂંકનોંધ : ચોસઠ જોગણીનું મંદિર

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નર્મદા નદી પાસેથી ટેકરી પર એક હજાર વર્ષ જૂનું ચોસઠ જોગણીનું મંદિર છે. મંદિરને ફરતી ગોળાકાર પરસાળમાં ૮૦ જેટલી જોગણીઓની કળાત્મક પરંતુ ખંડિત મૂર્તિઓ છે. ઉપર જવા માટે સરસ પગથિયાંનો રસ્તો છે.

પ્રસ્તુત ગદ્યાંશમાં ભારતીય શિલ્પકળાના સુંદર નમૂનાઓની વાત કરવામાં આવી છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ભારતીય કલાઓ

**સંદર્ભ-૨ ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન - ધોધ જોઈને લેખક કેવા-કેવા વિચારોએ ચડી જાય છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ધોધ જોઈને લેખકને થાય છે કે ખીણમાં ભૂસકો મારતું પાણી જાણે મૃત્યુના મોંમા ઓરાતું ન હોય ! પરંતુ બીજી જ પળે એ ઊભરે, ઊછળે ને દેમાર કરતું સિંહછટાએ આગળ વધે. આ જોઈને લેખક વિચારે છે કે મૃત્યુ એટલે નવજીવનનું પ્રવેશદ્વાર ! મૃત્યુ એટલે જીવને લગાવેલી છલાંગ ! સીધી છલાંગ !

પ્રસ્તુત સંદર્ભમાં મૃત્યુ વિશેની ભારતીય ફિલોસોફી પ્રમાણેના લેખકના વિચારો વ્યકત થયા છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

મૃત્યુનો મહિમા

**૧.૦ કૃતિક્રમ** : ૧૪

**૨.૦ કૃતિ શીર્ષક** : ઝાકળ જેવા અણદીઠ

**૩.૦ રચયિતા** : સ્વામી આનંદ

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ :** ગદ્ય (ચરિત્ર નિબંધ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

લેખકે આ ચરિત્રનિબંધમાં નંદુલાલ મહેતાનું ચરિત્ર આલેખ્યું છે. સંસારી હોવા છતાં નંદુલાલ સાધુપુરુષ કહી શકાય એવું અનાસક્ત જીવન જીવ્યા. મુંબઈની મિલોનો સુવ્યવસ્થિત વ્યવહાર તેમને આભારી હતો. પત્નીનું અકાળે અવસાન થતા તેમણે ફરી લગ્ન કરવાને બદલે પોતાનું શેષ જીવન સેવામાં વિતાવવાનું પસંદ કર્યું. નંદુલાલનું જીવન સૌને માટે પ્રેરણાદાયી છે.

**૬.૦ કૃતિમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"એમના (નંદુલાલ મહેતાનો) પિતા તરણાથીયે નમ્ર અને તરૂવર જેવા સહિષ્ણુ વૈષ્ણવ; અને માતા સાક્ષાત અંબા સમાં ભદ્રિક ગૃહલક્ષ્મી હતાં. ટૂંકપગારની રેલવે નોકરી ઉપરાંત પાઈનીય આડી-તેડી કરવામાં પાપ માનનાર પતિનો ઘરસંસાર ઊજળો ઊજળો કરીને એમણે ચલાવ્યો; અને નવ દીકરા-દીકરીઓને અપાર સંસ્કારિતા સીંચીને ઉછેર્યાં." (પૃષ્ઠ નં.૧૭૦)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પ્રસ્તુત ગદ્યાંશમાં એક પૈસાનો પણ વ્યર્થ ખર્ચ કરવામાં પાપ માનવાની વાતમાં ભારતીયોની પાપ-પુણ્યનો ખ્યાલ દ્રષ્ટિગોચર થાય છે. આ ઉપરાંત ભારતીય સ્ત્રી તરીકે નંદુલાલની માતાનું પત્ની તથા માતા તરીકેનું સ્વરૂપ ઊપસી આવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

વિશિષ્ટ ખ્યાલો, નારીસ્વરૂપ

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"સતાવન વરસના એમના એકાંકી જીવનની બધી બચત એમણે વસિયત કરીને સખાવતમાં આપી. હાજતવાળાં થોડાંક નિકટનાં સગાંને જૂજ રકમો બક્ષિસ

આપવા ઉપરાંતની પોતાની તમામ, આશરે દોઢ લાખ જેટલી મિલકત એમણે મોટાભાગે ન્યાતજાત કે કોમના કશા ભેદ વિના ગરીબો તથા દુઃખિયારાનાં લાભાર્થે જુદા-જુદા સખાવતી કામોમાં આપી. એટલું જ નહીં પણ એમણે સખાવતોના અમલ અંગે આજના કાળમાં વિરલ એવી શરત મૂકીને દાનીઓને સારું એમણે ઊંચો દાખલો બેસાડયો." (પૃષ્ઠ નં.૧૭૨)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પ્રસ્તુત પરિચ્છેદ ભારતીયોની દાન કરવાની ભાવનાને ઉજાગર કરે છે. દીનદુઃખિયાંને મદદ કરવી એ ભારતીયોના લોહીમાં વણાયેલા સંસ્કાર છે, જે અહીં જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

આદર્શોનું મહત્વ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : લેખકે નંદુલાલને 'ઝાકળ જેવા અણદીઠ' કહ્યા છે, - આ તુલનાની યથાર્થતા આ પાઠના આધારે સાબિત કરો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નંદુલાલ મજૂરો અને સરકારને નિઃસ્વાર્થભાવે મદદરૂપ થતા હતા. ગૃહિણી વિનાના તેઓ ગૃહિણીને શરમાવે તેવું સુઘડ, સ્વચ્છ, સુવ્યવસ્થિત ઘર રાખતા. પોતાની બચત પણ ગરીબો અને દીનદુઃખિયાને મદદરૂપ થાય એ માટે દાનમાં આપી દીધી. આમ, તેઓ ઝાકળની જેમ અણદીઠ રહીને સંસ્કારની સુગંધ ફેલાવી ધરતીને સમૃદ્ધ કરી ગયા.

દીનદુઃખિયાની તન-મન-ધનથી સેવા કરવી એ આદર્શ ભારતીયોમાં આદિકાળ થી જોવા મળે છે. અહીં પણ નંદુલાલના ચરિત્રમાં આ આદર્શ દ્રષ્ટિગોચર થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આદર્શોનું મહત્ત્વ

**સંદર્ભ-રની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

ટૂંકનોંધ : નંદુલાલભાઈની સખાવતો

**(બ) સંદર્ભનું અર્થઘટન**

નંદુલાલભાઈએ ૫૭ વરસના એમના એકાંકી જીવન દરમિયાન એકઠી કરેલી રકમમાંથી થોડા નિકટના સગાંને બક્ષીસરૂપે આપી અને આશરે દોઢ લાખ જેટલી મિલકત વસિયત કરીને સખાવતમાં આપી દીધી હતી. તેમણે મિલકત ન્યાતજાત કે કોમના કશા ભેદભાવ વિના ગરીબો તથા દુખિયારાના લાભાર્થે વાપરવાના હેતુથી જુદી જુદી સખાવતી કામોમાં આપી હતી.

આમ, આ સંદર્ભમાં ભારતીયોમાં રહેલી નિઃસ્વાર્થપણે દાન કરવાની ભાવના નજરે ચડે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

આદર્શોનું મહત્ત્વ

**૧.૦ કૃતિક્રમ** : ૧૬

**૨.૦ કૃતિ શીર્ષક** : મોહન અને મહાદેવ

**૩.૦ રચયિતા** : નારાયણ દેસાઈ

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : ગદ્ય (ચરિત્રખંડ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

લેખક નારાયણ દેસાઈએ 'મારું જીવન એ જ મારી વાણી' નામે ચાર ભાગના વિશાળ પટ પર ગાંધીચરિત્ર લખ્યું છે. તેમાંથી આ અંશ લેવામાં આવ્યો છે. પોતાના પિતા મહાદેવ દેસાઈ અને ગાંધીજી વચ્ચે કેવો ઘનિષ્ઠ સંબંધ હતો એ એમણે નાનપણથી ખૂબ જ નજીકથી જોયો છે. ગાંધીજી કહેતા કે, મહાદેવ વિના એમનાં માત્ર અડધાં જ

કામ થાય છે. બન્ને વચ્ચે મતભેદ પણ થતા પણ એમાં સમજણ વધારે અને વિરોધ ઓછો રહેતો. ગાંધીજીને મહાદેવભાઈ 'આકરા મુકાદમ' ગણતા તો મહાદેવને ગાંધીજી પોતાના પુત્ર, મંત્રી અને આશક ગણતા. લેખક બન્નેને રામ-લક્ષ્મણ સાથે સરખાવે છે. બન્ને વચ્ચેના સંબંધની વિશેષતા લેખકે બરાબર પકડી છે. બન્ને એકબીજાને સમર્પિત અને પૂરક હતા. આ ખંડમાં બન્ને ચરિત્રોની માધુરી માણવા મળે છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"ગાંધીજીની સાથે સહવાસમાં મહાદેવભાઈનાં જીવનમૂલ્યો ઘડાયાં. ગામડામાં ઊછરેલા અને શહેરમાં ભણેલા એવા મહાદેવભાઈમાં સ્વાભાવિક વિનય, વિવેક, જિજ્ઞાસા જેવા ગુણો હતા. આ ગુણોને કેળવતા મહાદેવભાઈએ ગાંધીજીના સહવાસમાં તેને દેશભક્તિ, જ્ઞાનપિપાસા અને આત્મસમર્પણના મૂલ્યો રૂપે ખીલવ્યા. તેથી મહાદેવભાઈને મન ગાંધીજીથી વિખૂટું પડેલું જીવન એ જીવન જ ન રહ્યું. એ મૂલ્યોને લીધે જ તેમણે છ છ વાર કારાવાસ ભોગવ્યો અને સાતમી વાર બંદી તરીકે તેઓ ચિરનિદ્રામાં પોઢયા . ગાંધીજીના સહવાસને લીધે મહાદેવભાઈનું વ્યક્તિત્વ વિકસિત થયું. જે વ્યક્તિત્વ બહુ બહુ તો એમને કોઈ સારા સાહિત્યકાર, ભાષાન્તરકાર કે વકીલ બનાવી શકયું હોત, તે ગાંધીજીના સહવાસમાં તેમણે શ્રીમદ્ ભગવદ્ગીતાના એક ઉત્તમ ભાષ્યકાર, 'સત્યના પ્રયોગો'ના ભાષાન્તરકાર (જે ભાષાન્તરમાંથી આખી દુનિયાની અનેક ભાષાઓમાં ગાંધીજીની આત્મકથા પહોંચી) અને દેશની મુક્તિ સારુ ઝૂઝનારા લાખોના વકીલ બનાવી શકયું." (પૃષ્ઠ નં.૧૮૫)

### (બ) સંદર્ભનું અર્થઘટન

પ્રસ્તુત ગદ્યાંશમાં મહાદેવભાઈનાં જીવનમૂલ્યો-વિનય, વિવેક, જિજ્ઞાસા, દેશભક્તિ, જ્ઞાનપિપાસા અને આત્મસમર્પણના મૂલ્યોની વાત કરવામાં આવી છે. ભારતીય સંસ્કૃતિ આવાં અનેક જીવનમૂલ્યોને લીધે જ સમૃદ્ધ છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

જીવનમૂલ્યો

### સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

"મહાદેવભાઈની જન્મજાત બાળતુલ્ય સરળતા અને કવિતુલ્ય સંવેદનશીલતા ઉપર ગાંધીજીની જાગ્રત નિગરાણીએ સંયમનો અંકુશ મૂકયો અને એમની લાગણીઓને પ્રગલ્લભતા આપી. એ સરળતામાંથી સત્યનિષ્ઠા અને એ સંવેદનશીલતમાંથી પ્રેમનાં તત્ત્વોને ગાંધીજીની ભઠ્ઠીમાં સત્યાગ્રહનું સ્વરૂપ લાધ્યું." (પૃષ્ઠ નં.૧૮૫)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ભારતીય સંસ્કૃતિમાં જીવનમૂલ્યોનું આગવું મહત્ત્વ છે. પ્રસ્તુત સંદર્ભમાં પણ ગાંધીજીને લીધે મહાદેવભાઈમાં ખીલેલા સંયમ, સત્યનિષ્ઠા, પ્રેમ જેવાં જીવનમૂલ્યોની વાત વણાયેલી છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

જીવનમૂલ્યો

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"જે ભક્તિ મહાદેવભાઈને ગોધરાના કુંભાર બાપજીને ત્યાં ભજનકીર્તન કરવાને અર્જુનભગતની વાણીનું સંપાદન કરીને પ્રકાશન સુધી લઈ જતી તે ભક્તિ ગંગાસાગર આગળની ભાગીરથીની જેમ દરિદ્રનારાયણની સેવા અને સમગ્ર રાષ્ટ્રની મુક્તિમાં જ પોતાની ચરિતાર્થતાનો અનુભવ કરાવતી થઈ ગઈ." (પૃષ્ઠ નં.૧૮૫)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પ્રસ્તુત સંદર્ભમાં ભારતીય સંસ્કૃતિમા રહેલા દરિદ્રનારાયણની સેવા તેમજ રાષ્ટ્રની મુક્તિના જીવનમૂલ્યો સમાયેલા છે. આ મૂલ્યો મહાદેવભાઈએ આત્મસાત કર્યા હતા.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

જીવનમૂલ્યો

**સંદર્ભ-૪ ની વિશ્લેષણાત્મક રજૂઆત**

"ગાંધીજી પોતાની જાત વણકર અને ખેડૂત તરીકે ઓળખાવે છે. એમના મંત્રીએ પણ આ બધા ધંધામાં પાવરધા થવાનું હોય છે. લોકોના કેવળ પ્રથમ સેવક હોવાનો ગાંધીજીનો દાવો છે. એટલે પોતાના મંત્રીને વિશે તે દાસાનુદાસ હોય એવી તેઓ અપેક્ષા રાખે છે. માત્ર તેજસ્વી બુદ્ધિની કિંમત તેની નજરમાં બહુ ઓછી છે. ઋજુતા, સત્યપરાયણતા તથા પવિત્રતા માટે ધગશ તથા જે આદર્શોની પોતે ઉપાસના કરે છે તેને પહોંચવા માટે તાલાવેલી અને મંથન એ એમને મન સર્વસ્વ છે. તેમના હાથ નીચેનું કોઈપણ કામ એ જીવનની સાધના અને તપશ્ચર્યારૂપ છે." (પૃષ્ઠ નં.૧૮૭)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

ગાંધીજી ઋજુતા, સત્યપરાયણ, પવિત્રતા માટેની ધગશ જેવા જીવનમૂલ્યો ધરાવતા તેમજ પોતે અપનાવેલા આદર્શોની ઉપાસના સુધી પહોંચવા માટેની તાલાવેલી ધરાવનાર વ્યક્તિને જ પોતાના મંત્રી તરીકે યોગ્ય છે એવું માનતા. એક ભારતીય જ જીવનમૂલ્યોને મહત્ત્વ આપતાં ઉદાત્ત વિચારો ધરાવી શકે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્યો

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"ગાંધીજી બહુ આકરા મુકાદમ છે. મા પ્રમદિતવ્યમ્ 'પ્રમાદ કર મા' એ એમનો મુદ્રાલેખ છે....." (પૃષ્ઠ નં.૧૮૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

અહીં ગાંધીજી દ્વારા અપનાવાયેલ ગીતાસંદેશનો સાર 'પ્રમાદ ન કર' જીવનમૂલ્ય જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

જીવનમૂલ્ય

**સંદર્ભ-૬ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"વિનોબાજીએ મોહન – મહાદેવની આ જોડી વિશે કહ્યું હતું : "લક્ષ્મણ વિના રામનું કામ થાત જ નહીં, એ સમજીને જ રામ લક્ષ્મણને પોતાની સાથે લઈ ગયા હતા. તુલસીદાસે લખ્યું છે કે : 'રામના યશના ઝંડા સારુ લક્ષ્મણ દંડ સમાન બન્યા.' મહાદેવભાઈની એવી યોગ્યતા હતી એમ કહી શકાય." (પૃષ્ઠ નં.૧૮૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ સંદર્ભમાં રામાયણના મુખ્યપાત્રો રામ અને લક્ષ્મણ વચ્ચેના સંબંધ સાથે ગાંધીજી અને મહાદેવભાઈના સંબંધની સરખામણી કરવામાં આવી છે. રામાયણ એ ભારતીય સંસ્કૃતિનું અજોડ મહાકાવ્ય છે. સાહિત્યકલામાં વિશ્વના શ્રેષ્ઠ મહાકાવ્યોમાં રામાયણની ગણના થાય છે, એ જ એનું મહત્ત્વ દર્શાવે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

ભારતીય કલા

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

**સંદર્ભની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'ગાંધીજી બહુ આકરા મુકાદમ હતા.' એ શબ્દો દ્વારા ગાંધીજીની મહાનતા શી રીતે છતી થાય છે ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'પ્રમાદ કર મા' એ ગાંધીજીના જીવનનો મુદ્રાલેખ હતો. પોતે જે કામ જે સમયે કરવાનું હોય ત્યારે તેઓ આકરા મુકાદમની જેમ મંત્રી પાસેથી કામ લેતાં.

પ્રસ્તુત સંદર્ભ ગાંધીજીએ ભગવદ્‌ગીતામાં આપેલ સંદેશ 'સ્વાધ્યાયમાં પ્રમાદ કર મા' ને આત્મસાત કર્યો હતો. તેની સાક્ષી પૂરે છે.

**(ક) સંદર્ભનું અર્થઘટન**

જીવનમૂલ્ય

**૧.૦ કૃતિક્રમ** : ૧૮

**૨.૦ કૃતિશીર્ષક** : લોકશાહી અને ધર્મસહિષ્ણુતા

**૩.૦ રચયિતા** : યશવંત શુક્લ

**૪.૦ સાહિત્ય સ્વરૂપ** : ગદ્ય (ચિંતનાત્મક નિબંધ)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

પ્રસ્તુત નિબંધમાં લોકશાહી અને ધાર્મિક સહિષ્ણુતા વચ્ચેનો સંબંધ વિશે લેખકે ચિંતન રજૂ કર્યું છે. જો બધાએ સાથે રહેવાનું હોય, સહઅસ્તિત્વનો આદર્શ સિદ્ધ કરવાનો હોય તો પરમસહિષ્ણુતા (બીજાનો મત સહન કરવાની શક્તિ) અનિવાર્ય છે. ભારત જેવા વિવિધ ધર્મોવાળા દેશમાં તો ધર્મસહિષ્ણુતાનો વિશેષ ખપ પડે તેમ છે. પોતાના ધર્મને મોટો અને અન્યના ધર્મને નાનો માનવો એ તો એક પ્રકારની ક્ષુદ્રતા છે એમ લેખક જણાવે છે. લોકશાહી અને આ સર્વધર્મ સહિષ્ણુતા પરસ્પર અનિવાર્ય રીતે જોડાયેલા છે. એના વિના લોકશાહી ટકી શકે જ નહીં. આ લોકશાહીનું મૂળભૂત તત્ત્વ છે એમ લેખક ભારપૂર્વક જણાવે છે.

**૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"મજહબ નહીં સિખાતા આપસ મેં બૈર રખના."

(પૃષ્ઠ નં.૧૯૭)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

કવિ ઈકબાલ રચિત આ પંક્તિમાં સર્વ ધર્મો પ્રત્યેનો સમભાવ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. ભારતીયો સર્વધર્મો પ્રત્યે માન ભાવ ધરાવે છે. આખા જગતનાં દેશોમાં ભારત જ એક એવો દેશ છે કે જેણે બિનસાંપ્રદાયિકતા સ્વીકારી હોય.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

બિનસાંપ્રદાયિકતા

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"દુનિયાએ પરખેલા બધા જ સંતોનું સર્વસમાન લક્ષણ અસીમ પ્રેમ, અસીમ ધૈર્ય, અસીમ તિતિક્ષા અને અસીમ સહિષ્ણુતા છે. ભેદોથી ઊર્ધ્વ જઈને તત્ત્વની ભૂમિકાએ એક થવાનું શિક્ષણ તેમણે માનવજાતને આપ્યું છે. બુદ્ધ અને મહાવીર, ઈસુ ખ્રિસ્ત અને મહંમદ પેગંબર, કબીર અને નાનક, તુકારામ અને નામદેવ અને આધુનિક સંતો રામકૃષ્ણ પરમહંસ અને મહાત્મા ગાંધી જનહ્યદયોને ધર્મતત્ત્વ તરફ વાળીને પ્રેમ અને સહિષ્ણુતાના પાઠ પોતાના ધર્મજીવન દ્વારા આપી રહ્યા છે. સંતો સહિષ્ણુતા શીખવે છે, સંતો ભીતરી એકતા પ્રબોધે છે." (પૃષ્ઠ નં.૧૯૭-૧૯૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

પ્રસ્તુત સંદર્ભમાં સંતોના લક્ષણો તથા ભારતીય સંતો તથા તેના દ્વારા શીખવવામાં આવતી સહિષ્ણુતાની વાત કરવામાં આવી છે. ભારતીય સંતો એ આપણી સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે. પ્રેમ, સહિષ્ણુતા જેવા જીવનમૂલ્યો પણ ભારતીયતાની ઓળખ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો, જીવનમૂલ્યો

**સંદર્ભ-૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

"ભારતનું શાસન ધર્મનિરપેક્ષ છે તેનો અર્થ ધર્મ પરત્વે એ ઉદાસીન છે તેવો નથી. એટલે જ ભારતીય બંધારણે પોતાના પ્રતિજ્ઞારૂપ આમુખમાં પ્રત્યેક નાગરિકને ઉપાસનાનું સ્વાતંત્ર્ય બક્ષ્યું છે. આમ, ધર્મનિરપેક્ષતાની આધારશિલા ધર્મસહિષ્ણુતા જ છે. 'માનો પરમાત્મા એક કેવલ' એમ લલકારનારા સમર્થ

ધર્મચિંતક સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ 'સર્વધર્મસમભાવ' એ શબ્દપ્રયોગ વહેતો કર્યો હતો. એમાં સહિષ્ણુતા અંતર્ગત હતી. પણ કાકાસાહેબ કાલેલકરને એ શબ્દ ઓછો પડયો અને સહિષ્ણુતાનાં સક્રિય સ્વરૂપ પ્રગટાવવા 'સર્વધર્મમમભાવ' એ શબ્દ પ્રયોજ્યો. જેનામાં સાચી ધર્મશ્રદ્ધા છે તે બધા ધર્મોને પોતાના ગણીને ચાલે.'' (પૃષ્ઠ નં.૧૯૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ સંદર્ભમાં ભારતીય બંધારણે અપનાવેલી બિનસાંપ્રદાયિક્તા સ્પષ્ટ રીતે જોવા મળે છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

બિનસાંપ્રદાયિકતા

**સંદર્ભ-૪ ની વિશ્લેષણાત્મક રજૂઆત**

''જેમ બુદ્ધિ જીવનનું ચાલક અને નિયામક બળ છે તેમ શ્રદ્ધા પણ માનવ વ્યક્તિત્વને સુગઠિત કરનારું અને આકાર આપનારું બળ છે. પણ જેમ બુદ્ધિએ મતાન્તર ક્ષમા દ્વારા બીજાની બુદ્ધિનો આદર કરવો ઘટે તેમ શ્રદ્ધાએ પણ બીજાની શ્રદ્ધાનો આદર કરવો ઘટે. એ જ ધર્મસહિષ્ણુતા અથવા ધર્મજીવનની લોકશાહી છે અને લોકશાહીમાં માનવધર્મ અનુસ્યૂત છે.'' (પૃષ્ઠ નં.૧૯૮)

**(બ) સંદર્ભનું અર્થઘટન**

આ પરિચ્છેદમાં લેખકે રજૂ કરેલી બિનસાંપ્રદાયિક્તા અને લોકશાહીના સંબંધ વિશેની ફિલોસોફીમાં ભારતીય સંસ્કૃતિના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

બિનસાંપ્રદાયિક્તા

**૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા રજૂ કરતા સંદર્ભો**

**સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : સંતનું સર્વમાન્ય લક્ષણ કયું ?

**(બ) સંદર્ભનું અર્થઘટન**

સંતનું સર્વમાન્ય લક્ષણ અસીમ પ્રેમ, અસીમ ધૈર્ય, અસીમ તિતિક્ષા અને અસીમ સહિષ્ણુતા છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

સાધુ-સંતો

**સંદર્ભ-૨ ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : 'સર્વધર્મસમભાવ' અને 'સર્વધર્મમમભાવ' નો અર્થ સ્પષ્ટ કરો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

'સર્વધર્મસમભાવ' એટલે દરેક ધર્મ પ્રત્યે સમાન આદરભાવ રાખવો અને 'સર્વધર્મમમભાવ' એટલે દરેક ધર્મને પોતાના સમજવા.

અહીં ભારતીય સંસ્કૃતિએ અપનાવેલી બિનસાંપ્રદાયિક્તાના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

બિનસાંપ્રદાયિકતા

**૧.૦ કૃતિક્રમ** : ૧૯

**૨.૦ કૃતિશીર્ષક** : બે મા

**૩.૦ રચયિતા** : અહેમદ નદિમ કાસમી

**૪.૦ સાહિત્ય-સ્વરૂપ** : ગદ્ય (વાર્તા)

**૫.૦ કૃતિનો કેન્દ્રવર્તી વિચાર**

આ વાર્તામાં માતૃત્વની હોડ છે. સાચી માતા માત્ર પોતાના બાળકને જ નહીં, પણ અન્યના બાળકને પણ પોતાનું જ ગણે. અહીં સ્ત્રી ઉપર માતાનો, સ્ત્રીત્વ ઉપર માતૃત્વનો વિજય બતાવવામાં આવ્યો છે. 'મા તે મા' કહેવત અહીં સાર્થક થતી લાગે છે.

## ૬.૦ કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ ની વિશ્લેષણાત્મક રજૂઆત

### (અ) સંદર્ભ

"મહોલ્લાના લોકોને એવો.... બન્ને બાળકો પણ ખિલખિલાટ હસતાં હતાં."

સમગ્ર પાઠ - (પૃષ્ઠ નં.૨૦૧ થી ૨૦૪)

### (બ) સંદર્ભનું અર્થઘટન

આ કૃતિમાં રાજાસાહેબ અને ખ્વાજાસાહેબનાં પાસે પાસે રહેતાં બે ખાનદાનો વચ્ચેની કથા છે. બન્નેની પત્નીઓ વચ્ચે સતત ઝઘડો ચાલતો. કયારેક બન્ને કુટુંબો ઘરોબો પણ દર્શાવતા. ક્ષણવાર પહેલા ઝઘડેલાં આ ખાનદાનો આમ હળીમળી જતાં એ જોઈ પાડોશીઓને પણ આશ્ચર્ય થતું. દંડો ફેંકાયાની એક ઘટનામાંથી બન્ને બેગમોએ એકબીજાના દીકરાઓ મરે એવી ભયાનક કામનાઓ પણ પ્રગટ કરી હતી. એવામાં એક દિવસ બેગમ રાજાનો દીકરો બેગમખ્વાજાની દીકરાની જાંઘમાં પેન્સિલ ઘોંચી દે છે. આ ઘા બેગમરાજા જોઈ સહી શકતી નથી. એ પોતાના દીકરાને બેસુમાર મારે છે. એને ડામ આપવા પોતાના ઘરમાંથી સળગતું લાકડું લાવે છે ત્યારે બેગમખ્વાજા એના હાથમાંથી એ લાકડું છીનવી લે છે. બેગમરાજા બેગમખ્વાજાના દીકરાને છાતીએ વળગાડી રડવા લાગે છે બન્ને સ્ત્રીની ભીતરમાં છલકાતાં માતૃપ્રેમથી વાર્તાનો સુખદ અંત આવે છે.

આ વાર્તામાં લેખકે સ્ત્રીત્વ ઉપર માતૃત્વનો વિજય બતાવ્યો છે. નારીના વિવિધ સ્વરૂપોમાં માતા તરીકેનું સ્વરૂપ સૌથી પવિત્ર છે. અહીં નારીસ્વરૂપનો મહિમા ગાવામાં આવ્યો છે.

### (ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

નારીસ્વરૂપ

## ૭.૦ કૃતિના સ્વાધ્યાયમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

### સંદર્ભ-૧ની વિશ્લેષણાત્મક રજૂઆત

**(અ) સંદર્ભ**

પ્રશ્ન : દરરોજ ઝઘડતી બન્ને બેગમોના હૃદયમાં તો એકબીજાના કુટુંબ માટે પ્રેમનાં ઝરણાં વહેતાં હતાં, એ વાત સાબિત કરતો પ્રસંગ લખો.

**(બ) સંદર્ભનુ અર્થઘટન**

એકવાર બેગમરાજાના દીકરાએ બેગમખ્વાજાના દીકરાની જાંઘમાં પેન્સિલ ખોસી દીધી. એની જાંઘમાં ચીરા પડયા. બેગમખ્વાજાને બેગમરાજાને એના દીકરાએ કેવું પરાક્રમ કર્યું છે તે દેખાડયું. બેગમરાજા છોકરાની જાંઘમાં પડેલું ચકામું જોઈ ડઘાઈ ગઈ. એણે તરત જ બેગમખ્વાજાના દીકરાને પ્રેમથી ઊંચકી લીધો અને હેત કરવા લાગી. એને આશીર્વાદ આપ્યા. એ પછી બેગમરાજાએ ઘરમાંથી સળગતું ઊંબાડિયું લાવીને દીકરા કેસરને ફટકારી દીધો. ત્યારે બેગમખ્વાજાએ આટલી નાની ભૂલે આમ સળગતાં ઊંબાડિયાથી ડામ દેવાય, એમ કહીને બેગમરાજાને વઢવા લાગી.

આ પ્રસંગમાંથી માત્ર પોતાના બાળક માટે જ નહીં પણ બીજાના બાળક પ્રત્યે પણ મમતા વહાવનારી માતાના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

**સંદર્ભ-૨ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

કારણ આપો : બેગમરાજાએ પોતાના દીકરાની પીઠ પર જ ઊંબાડિયું ફટકાર્યું.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

બેગમરાજાના દીકરાએ બેગમખ્વાજાના દીકરાની જાંઘમાં પેન્સિલ ખોસી દીધી તેથી લાલ ચકામું થઈ ગયું. એ જોઈને બેગમરાજા ડઘાઈ ગઈ. પોતાના દીકરાને ખો ભૂલાવવા માટે બેગમરાજાએ પોતાના દીકરાની પીઠ પર ઊંબાડિયું ફટકાર્યું.

આ સંદર્ભમાં બીજાના બાળક પ્રત્યે પણ મમતા દાખવનારી તથા પોતાના બાળકને જરૂર પડયે શિક્ષા દ્વારા પણ સંસ્કાર સિંચનારી નારીના માતૃસ્વરૂપના દર્શન થાય છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

**સંદર્ભ ૩ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

આટલું કરો : ર. વ. દેસાઈની 'ખરી મા' અને ઈશ્વર પેટલીકરની 'લોહીની સગાઈ' વાર્તાઓ વાચો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

બન્ને વાર્તાઓમાં માતાનો અનન્ય મહિમા વર્ણવાયો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

**સંદર્ભ-૪ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

આટલું કરો : માતાનો મહિમા ગાતાં ત્રણ કાવ્યો તમારી નોંધપોથીમાં ઉતારો.

**(બ) સંદર્ભનું અર્થઘટન**

માતાનો મહિમા વ્યક્ત કરતાં કાવ્યો ભારતીય સંસ્કૃતિમાં જ સંભવી શકે, કારણ કે અહીં માતાનું સ્થાન સવિશેષ છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા**

નારીસ્વરૂપ

**સંદર્ભ-૫ની વિશ્લેષણાત્મક રજૂઆત**

**(અ) સંદર્ભ**

આટલું કરો : દીપક મહેતા સંપાદિત 'માતૃવંદના'નાં પુસ્તકો મેળવીને વાંચો.

**(બ) સંદર્ભનું અર્થઘટન :**

આ પુસ્તકમાં ભારતીય માતાઓનો મહિમા વર્ણવવામાં આવ્યો છે.

**(ક) સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા**

નારીસ્વરૂપ

## ૪.૧૫ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ

ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગ અને તેના સ્વાધ્યાયોમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ અનુક્રમે સારણી ૪.૧૧ અને સારણી ૪.૧૨માં રજૂ કરવામાં આવી છે.

પ્રસ્તુત સારણીઓમાં ઊભી હરોળમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ (ગદ્યક્રમ) દર્શાવ્યો છે. સારણીઓમાં કૃતિક્રમ સામે જે તે કૃતિમાં પ્રતિબિંબિત થયેલી ભારતીય સંસ્કૃતિની ચોક્કસ લાક્ષણિકતાને તેને અનુરૂપ ખાનામાં ખરાની (✓)ની નિશાની વડે દર્શાવેલ છે. અંતમાં પ્રત્યેક કૃતિમાં આવરાયેલી લાક્ષણિક્તાની કુલ સંખ્યા અને સમગ્ર કૃતિઓના સંદર્ભમાં પ્રત્યેક લાક્ષણિક્તાની કુલ સંખ્યા દર્શાવવામાં આવી છે.

સારણી-૪.૧૧માં ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તા દર્શાવવામાં આવી છે. ગદ્યવિભાગમાં કુલ દશ (૧૦) લાક્ષણિકતાઓ જોવા મળી, જેમાં માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, નારીસ્વરૂપ, આદર્શોનું મહત્ત્વ, બિનસાંપ્રદાયિક્તા / સાંસ્કૃતિક એકતા, કેટલાક વિશિષ્ટ ખ્યાલો, મૃત્યુ પ્રત્યેનો અભિગમ, ભારતીય કલાઓ, ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ; ઋષિઓ, સાધુ-સંતો ભક્તો અને જીવનમૂલ્યોની લાક્ષણિકતાઓ રહેલી હતી.

ગદ્યવિભાગની કુલ ઓગણીસ (૧૯) કૃતિઓ પૈકી આઠ (૮) કૃતિઓમાં એક કે તેથી વધુ લાક્ષણિકતાઓ જોવા મળી. કૃતિક્રમ ૪, ૫, ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯ સિવાયની કૃતિમાં અભ્યાસની લાક્ષણિક્તાઓ નહોતી.

ધોરણ-૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના સ્વાધ્યાયમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ રજૂ કરતી સારણી ૪.૧૨નું અવલોકન દર્શાવે છે કે સ્વાધ્યાયોમાં કુલ છ(૬) લાક્ષણિક્તાઓ રહેલી છે. આ લાક્ષણિક્તાઓ નારીસ્વરૂપ, આદર્શોનું મહત્ત્વ, બિનસાંપ્રદાયિક્તા / સાંસ્કૃતિક એકતા, મૃત્યુ પ્રત્યેનો અભિગમ, ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ અને જીવનમૂલ્યો હતી.

પાઠ્યપુસ્તકની કુલ ઓગણીસ (૧૯) કૃતિઓ પૈકી કૃતિક્રમ ૪, ૫, ૧૩, ૧૪, ૧૬, ૧૮ અને ૧૯ એમ સાત (૭) કૃતિઓના સ્વાધ્યાયમાં એક કે તેથી વધુ લાક્ષણિક્તા હતી. આ સિવાયની કૃતિમાં અભ્યાસ પૈકીની કોઈ લાક્ષણિક્તા જોવા મળી નહોતી.

## ૪.૧૬ ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ

સારણી ૪.૧૩માં ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં સમાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિક્તાઓનું પ્રમાણ રજૂ કરવામાં આવ્યું છે.

આ સારણીમાં ઊભી હરોળમાં અભ્યાસની લાક્ષણિકતાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ (ગદ્યક્રમ) દર્શાવવામાં આવ્યો છે. સારણીમાં કૃતિક્રમ સામે જે તે કૃતિમાં જોવા મળેલી ભારતીય સંસ્કૃતિની ચોક્કસ લાક્ષણિક્તાનું પ્રમાણ તેને અનુરૂપ ખાનામાં (સંદર્ભોની) સંખ્યાના સ્વરૂપમાં દર્શાવ્યું છે. અંતમાં પ્રત્યેક લાક્ષણિકતાની કુલ સંખ્યા દર્શાવવામાં આવી છે.

સારણી ૪.૧૩નું અવલોકન કરતા જણાય છે કે ગદ્યવિભાગમાં સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિક્તા જીવનમૂલ્યો છે. આ લાક્ષણિકતાનું પ્રમાણ સાત (૭) છે. આ લાક્ષણિકતા કુલ ત્રણ (૩) કૃતિઓમાં જોવા મળી.

## ૪.૧૭ ધોરણ ૧૨ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

સારણી ૪.૧૪માં ધોરણ ૧૨ના ગુજરાતીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરવામાં આવી છે.

આ સારણીમાં પ્રયોજકે ઊભી હરોળમાં અભ્યાસ પૈકીની લાક્ષણિક્તાઓ અને આડી હરોળમાં કૃતિક્રમ (પદ્યક્રમ તેમજ ગદ્યક્રમ) દર્શાવ્યા છે. સારણીમાં કૃતિક્રમ સામે જે તે કૃતિમાં જોવા મળેલી લાક્ષણિક્તાને તેના અનુરૂપ ખાનામાં ખરા(✓)ની નિશાની દ્વારા દર્શાવેલ છે. અંતમાં પ્રત્યેક કૃતિમાં રહેલી લાક્ષણિક્તાઓની કુલ સંખ્યા અને સમગ્ર કૃતિઓના સંદર્ભમાં પ્રત્યેક લાક્ષણિકતાની કુલ સંખ્યા રજૂ કરી છે.

સારણી ૪.૧૪નું અવલોકન દર્શાવે છે કે ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્ય પુસ્તકનું સમગ્ર પાઠ્યપુસ્તક ભારતીય સંસ્કૃતિ બાર (૧૨) લાક્ષણિક્તાઓ ધરાવે છે. પાઠ્યપુસ્તકના ગદ્ય અને પદ્ય બંને વિભાગ મળીને જોવા મળતી લાક્ષણિકતાઓમાં માનવેત્તર સૃષ્ટિ/ પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, નારીસ્વરૂપ, આદર્શોનું મહત્ત્વ, બિનસાંપ્રદાયિક્તા / સાંસ્કૃતિક એકતા, કેટલાક વિશિષ્ટ ખ્યાલો, મૃત્યુ પ્રત્યેનો અભિગમ, ભારતીય કલાઓ, ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ; ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો, આધ્યાત્મિક્તા/ભક્તિનો મહિમા, વિશાળતા - ઉદારતા અને જીવનમૂલ્યો હતી.

ઉપરોક્ત સારણીમાંથી કહી શકાય કે પાઠ્યપુસ્તકને કુલ પચ્ચીસ (૨૫) લાક્ષણિકતાઓ વણસ્પર્શી રહી છે. આ લાક્ષણિક્તાઓ જ્ઞાનની ઉપાસના, કર્મનો મહિમા, કર્મફલત્યાગ, ચાર પુરુષાર્થ, ચાર આશ્રમ, અહિંસા, આતિથ્યય ભાવના, માનવત્તા, સંયુક્ત કુટુંબપ્રથા, વસુધૈવકુટુંબકમ્, સોળ સંસ્કાર, મૂર્તિપૂજા, લગ્નસંસ્થા, જ્ઞાતિવ્યવસ્થા, પ્રતીક, સામાજિક સમાનતા અને સમભાવ, સંયમ, ગુરુ-શિષ્ય સંબંધ, ચાર વર્ણ, ધ્યેયોની પરાકાષ્ઠા, તીર્થસ્થાનો, પરંપરાગતતા તિતિક્ષાવૃત્તિ, વિ✓બંધુત્વ અને અવતાર કલ્પના છે.

# પ્રકરણ–૫
# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભલામણો

# પ્રકરણ-૫
# સારાંશ, તારણો, શૈક્ષણિક ફલિતાર્થો અને ભલામણો

## ૫.૧ પ્રાસ્તાવિક

પ્રસ્તુત પ્રકરણમાં પ્રયોજકે સમગ્ર અભ્યાસનો સાર રજૂ કરેલ છે. ત્યારબાદ અભ્યાસને અંતે પ્રાપ્ત થયેલ તારણો રજૂ કર્યા છે. પ્રકરણના અંતે શૈક્ષણિક ફલિતાર્થો અને ભાવિ સંશોધકો માટે સંશોધન અંગેની ભલામણો રજૂ કરવામા આવી છે.

## ૫.૨ અભ્યાસનો સાર

પ્રસ્તુત અભ્યાસ ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ ચકાસવા હાથ ધરેલ હતો. આ અભ્યાસમાં સમગ્ર વ્યાપવિ✓ને જ એટલે કે પાઠ્યપુસ્તકોના પદ્યવિભાગો, ગદ્યવિભાગો અને તેના સ્વાધ્યાયોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં. પાઠ્યપુસ્તકમાંથી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તારવવા માટે ઉપકરણ તરીકે કૃતિપૃથક્કરણપત્રની રચના કરવામા આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરી પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી શાબ્દિક તેમજ સંખ્યાત્મક સ્વરૂપમાં માહિતી મેળવવામાં આવી હતી. આ અંગે તજ્જ્ઞીય અભિપ્રાય મેળવવામાં આવ્યો હતો. અર્થઘટનને અંતે હેતુઓને અનુરૂપ તારણો તારવવામાં આવ્યાં હતાં.

## ૫.૩ અભ્યાસના તારણો

સંશોધનમાં દર્શાવેલ હેતુઓ કેટલે અંશે સિદ્ધ થયા છે તે અંગેની રજૂઆત અભ્યાસ દ્વારા ભારતીય સંસ્કૃતિની જે લાક્ષણિકતાઓ પ્રાપ્ત થઈ તે સારણીઓમાં દર્શાવેલ છે. તેના પરથી પ્રસ્તુત અભ્યાસને અંતે નીચેના તારણો ફલિત થાય છે.

૫.૩.૦ પ્રસ્તુત અભ્યાસ પરથી ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ ૧૧ના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની જે લાક્ષણિકતાઓ જોવા મળી તે આ પ્રમાણે છે. (૧) ચાર પુરુષાર્થ, (૨) સંયુક્ત કુટુંબપ્રથા, (૩) આદર્શોનું મહત્ત્વ, (૪) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૫) મૂર્તિપૂજા, (૬) મૃત્યુ પ્રત્યેનો

અભિગમ, (૭) આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, (૮) અવતાર કલ્પના અને (૯) જીવનમૂલ્યો.

૫.૩.૧ ધોરણ ૧૧ના પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની આઠ (૮) લાક્ષણિકતાઓ જોવા મળી, જે આ મુજબ છે. (૧) ચાર પુરુષાર્થ, (૨) સંયુકત કુટુંબપ્રથા, (૩) આદર્શોનું મહત્ત્વ, (૪) મૂર્તિપૂજા, (૫) મૃત્યુ પ્રત્યેનો અભિગમ, (૬) આધ્યાત્મિકતા /ભક્તિનો મહિમા, (૭) અવતાર – કલ્પના અને (૮) જીવનમૂલ્યો.

૫.૩.૨ ધોરણ ૧૧ના પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં જોવા મળેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ પૈકી સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતા જીવનમૂલ્યો હતી, જેનું પ્રમાણ ૪ જોવા મળ્યું.

૫.૩.૩ આ અભ્યાસનું એક તારણ એ છે કે ધોરણ ૧૧ના પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની કુલ આઠ (૮) લાક્ષણિકતાઓ રહેલી છે. (૧) જ્ઞાનની ઉપાસના, (૨) ચાર પુરુષાર્થ, (૩) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, (૪) આદર્શોનું મહત્ત્વ, (૫) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૬) આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, (૭) અવતાર કલ્પના અને (૮) જીવનમૂલ્યો.

૫.૩.૪ અભ્યાસના તારણ અનુસાર ધોરણ ૧૧ના પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની સાત (૭) લાક્ષણિકતાઓ જોવા મળી. આ લાક્ષણિકતાઓ (૧) જ્ઞાનની ઉપાસના, (૨) ચાર પુરુષાર્થ, (૩) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, (૪) આદર્શોનું મહત્ત્વ, (૫) આધ્યાત્મિક્તા / ભક્તિનો મહિમા, (૬) અવતાર કલ્પના અને (૭) જીવનમૂલ્યો હતી.

૫.૩.૫ ધોરણ ૧૧ના પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓમાંથી સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતાઓ (૧) ચાર પુરૂષાર્થ, (૨) માનવેત્તર સૃષ્ટિ /

પર્યાવરણ સાથે પ્રેમસંબંધ અને (૩) જીવનમૂલ્યો હતી. આ ત્રણે લાક્ષણિકતાઓનું પ્રમાણ પાંચ (૫) હતું.

૫.૩.૬ પ્રસ્તુત અભ્યાસના તારણ પ્રમાણે ધોરણ ૧૧ના સમગ્ર ગુજરાતી પાઠ્યપુસ્તક (પદ્યવિભાગ તેમજ ગદ્યવિભાગ)માં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓની સંખ્યા ૧૧ હતી. આ લાક્ષણિકતાઓમાં (૧) જ્ઞાનની ઉપાસના, (૨) ચાર પુરુષાર્થ, (૩) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, (૪) સંયુક્ત કુટુંબપ્રથા, (૫) આદર્શોનું મહત્ત્વ, (૬) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૭) મૂર્તિપૂજા, (૮) મૃત્યુ પ્રત્યેનો અભિગમ, (૯) આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, (૧૦) અવતાર કલ્પના અને (૧૧) જીવનમૂલ્યોનો સમાવેશ થયો હતો.

૫.૩.૭ અભ્યાસને અંતે એ તારણ મળે છે કે ધોરણ ૧૧ના પાઠ્યપુસ્તકને વણસ્પર્શી રહી જતી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ કુલ ૨૬ છે. (૧) કર્મનો મહિમા, (૨) કર્મફલત્યાગ, (૩) ચાર આશ્રમ, (૪) નારી સ્વરૂપ, (૫) અહિંસા, (૬) આતિથ્ય ભાવના, (૭) માનવતા, (૮) વસુધૈવકુટુંબકમ્, (૯) સોળ સંસ્કાર, (૧૦) બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા, (૧૧) લગ્નસંસ્થા, (૧૨) જ્ઞાતિવ્યવસ્થા (૧૩) પ્રતીક, (૧૪) ભારતીય કલાઓ, (૧૫) ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ, (૧૬) ઋષિઓ, સાધુ-સંતો, ભકતો, (૧૭) સામાજિક સમાનતા અને સમભાવ, (૧૮) સંયમ, (૧૯) ગુરૂશિષ્ય સંબંધ, (૨૦ ચાર વર્ણ, (૨૧) ધ્યેયોની પરાકાષ્ઠા, (૨૨) તીર્થસ્થાનો, (૨૩) પરંપરાગતતા, (૨૪) વિશાળતા - ઉદારતા, (૨૫) તિતિક્ષાવૃત્તિ અને (૨૬) વિ✓બંધુત્વ.

૫.૩.૮ પ્રસ્તુત અભ્યાસ પરથી ધોરણ ૧૨ના ગુજરાતી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાંથી ભારતીય સંસ્કૃતિની નવ (૯) લાક્ષણિકતાઓ તારવવામાં આવી. આ લાક્ષણિકતાઓ (૧) નારીસ્વરૂપ, (૨) આદર્શોનું મહત્વ, (૩) બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા,

(૪) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૫) મૃત્યુ પ્રત્યેનો અભિગમ, (૬) ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો, (૭) આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, (૮) વિશાળતા - ઉદારતા અને (૯) જીવનમૂલ્યો હતી.

૫.૩.૯ અભ્યાસના એક તારણ મુજબ ધોરણ ૧૨ના પાઠ્યપુસ્તકના પદ્યવિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની આઠ (૮) લાક્ષણિકતાઓ જોવા મળી, જે આ મુજબ છે. (૧) નારીસ્વરૂપ, (૨) આદર્શોનુ મહત્વ, (૩) બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા, (૪) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૫) મૃત્યુ પ્રત્યેનો અભિગમ, (૬) ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો, (૭) આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા અને (૮) વિશાળતા-ઉદારતા હતી.

૫.૩.૧૦ ધોરણ ૧૨ના પાઠ્યપુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ પૈકી સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતા ઋષિઓ, સાધુ-સંતો અને ભક્તો હતી. આ લાક્ષણિકતાનું પ્રમાણ આઠ (૮) હતું.

૫.૩.૧૧ ધોરણ ૧૨ના પાઠ્યપુસ્તકનાં ગદ્યવિભાગમાં ભારતીય સંસ્કૃતિની દશ (૧૦) લાક્ષણિકતાઓ તારવવામાં આવી. (૧) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, (૨) નારીસ્વરૂપ, (૩) આદર્શોનું મહત્ત્વ, (૪) બિનસાંપ્રદાયિક્તા / સાંસ્કૃતિક એકતા, (૫) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૬) મૃત્યુ પ્રત્યેનો અભિગમ, (૭) ભારતીય કલા, (૮) ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ, (૯) ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો અને (૧૦) જીવનમૂલ્યો.

૫.૩.૧૨ આ અભ્યાસના અંતે ધોરણ ૧૨ના પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગના સ્વાધ્યાયમાંથી છ (૬) લાક્ષણિકતાઓ તારવવામાં આવી, જે આ પ્રમાણે હતી. (૧) નારી સ્વરૂપ, (૨) આદર્શોનું મહત્ત્વ, (૩) બિનસાંપ્રદાયિક્તા / સાંસ્કૃતિક એકતા, (૪) મૃત્યુ પ્રત્યેનો અભિગમ, (૫) ભારતીય તહેવારો, ઉત્સવો અને મેળાવડાઓ અને (૬) જીવનમૂલ્યો.

૫.૩.૧૩ ધોરણ ૧૨ના પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં જોવા મળેલી લાક્ષણિકતાઓ પૈકી સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતા જીવનમૂલ્યો હતી, જેનું પ્રમાણ સાત (૭) હતું.

૫.૩.૧૪ અભ્યાસમાં નક્કી કરેલી લાક્ષણિકતાઓ પૈકી ધોરણ ૧૨ના સમગ્ર પાઠ્યપુસ્તક (પદ્ય તેમજ ગદ્યવિભાગ)માં બાર (૧૨) લાક્ષણિકતાઓ જોવા મળી. (૧) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ, (૨) નારીસ્વરૂપ, (૩) આદર્શોનું મહત્ત્વ, (૪) બિનસાંપ્રદાયિક્તા / સાંસ્કૃતિક એક્તા, (૫) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૬) મૃત્યુ પ્રત્યેનો અભિગમ, (૭) ભારતીય કલાઓ, (૮) ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ, (૯) ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો, (૧૦) આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, (૧૧) વિશાળતા - ઉદારતા અને (૧૨) જીવનમૂલ્યો.

૫.૩.૧૫ અભ્યાસમાં સમાવાયેલી ૩૭ લાક્ષણિકતાઓ પૈકી ધોરણ ૧૨ના સમગ્ર પાઠ્યપુસ્તકને કુલ પચ્ચીસ (૨૫) લાક્ષણિકતાઓ વણસ્પર્શી રહી. જેમાં (૧) જ્ઞાનની ઉપાસના, (૨) કર્મનો મહિમા, (૩) કર્મફલત્યાગ, (૪) ચાર પુરુષાર્થ, (૫) ચાર આશ્રમ, (૬) અહિંસા, (૭) આતિથ્ય ભાવના, (૮) માનવતા, (૯) સંયુક્ત કુટુંબપ્રથા, (૧૦) વસુધૈવકુટુંબકમ્, (૧૧) સોળ સંસ્કાર, (૧૨) મૂર્તિપૂજા, (૧૩) લગ્નસંસ્થા, (૧૪) જ્ઞાતિ વ્યવસ્થા, (૧૫) પ્રતીક, (૧૬) સામાજિક સમાનતા અને સમભાવ, (૧૭) સંયમ, (૧૮) ગુરુ-શિષ્ય સંબંધ, (૧૯) ચાર વર્ણ, (૨૦) ધ્યેયોની પરાકાષ્ઠા, (૨૧) તીર્થસ્થાનો, (૨૨) પરંપરાગતતા (૨૩) તિતિક્ષાવૃત્તિ, (૨૪) વિ✓બંધુત્વ અને (૨૫) અવતાર કલ્પના હતી.

૫.૩.૧૬ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠ્યપુસ્તક અને ધોરણ ૧૨ના પાઠ્ય પુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કુલ ૬ લાક્ષણિકતાઓ સમાન હતી. જે (૧) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ (૨) આદર્શોનું મહત્ત્વ, (૩) કેટલાક વિશિષ્ટ ખ્યાલો, (૪) મૃત્યુ પ્રત્યેનો

અભિગમ, (૫) આધ્યાત્મિકતા / ભક્તિનો મહિમા, (૬) જીવનમૂલ્યો હતી.

૫.૩.૧૭ ધોરણ ૧૧ના ગુજરાતી પાઠયપુસ્તક અને ધોરણ ૧૨ના ગુજરાતી પાઠયપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની અસમાન લાક્ષણિકતાઓમાં (૧) જ્ઞાનની ઉપાસના, (૨) કર્મનો મહિમા, (૩) કર્મફલત્યાગ, (૪) ચાર પુરુષાર્થ, (૫) ચાર આશ્રમ, (૬) નારી સ્વરૂપ, (૭) અહિંસા, (૮) આતિથ્ય ભાવના, (૯) માનવતા, (૧૦) સંયુક્ત કુટુંબપ્રથા, (૧૧) વસુધૈવકુટુંબકમ, (૧૨) સોળ સંસ્કાર, (૧૩) બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા, (૧૪) મૂર્તિપૂજા, (૧૫) લગ્નસંસ્થા, (૧૬) જ્ઞાતિ વ્યવસ્થા, (૧૭) પ્રતીક, (૧૮) ભારતીય કલાઓ, (૧૯) ભારતીય તહેવારો, ઉત્સવ, મેળાવડાઓ, (૨૦) ઋષિઓ, સાધુ-સંતો, ભક્તો (૨૧) સામાજિક સમાનતા અને સમભાવ, (૨૨) સંયમ, (૨૩) ગુરુ શિષ્ય સંબંધ, (૨૪) ચારવર્ણ, (૨૫) ધ્યેયોની પારાકાષ્ઠા, (૨૬) તીર્થસ્થાનો, (૨૭) પરંપરાગતતા, (૨૮) વિશાળતા-ઉદારતા, (૨૯) તિતિક્ષાવૃત્તિ, (૩૦) વિ✓બંધુત્વ અને (૩૧) અવતારકલ્પના હતી.

## ૫.૪ શૈક્ષણિક ફલિતાર્થો

પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસના હેતુઓના આધારે તારવેલા તારણો પરથી મળતાં શૈક્ષણિક ફલિતાર્થોની નોંધ કરી હતી, જે નીચે મુજબ છે.

૫.૪.૦ પાઠયપુસ્તક મંડળે ગુજરાતી પાઠયપુસ્તકના નિર્માણમાં પ્રત્યેક કૃતિ (પદ્ય તથા ગદ્ય)ના પરિચયમાં તે કૃતિમાં ભારતીય સંસ્કૃતિની કઈ કઈ લાક્ષણિકતાઓ, કયા સંદર્ભમાં અને કેવી રીતે વણાયેલી છે તે બાબતો દર્શાવવી જોઈએ.

૫.૪.૧ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ ૧૧ અને ૧૨ના ગુજરાતીનું અધ્યાપનકાર્ય કરતા શિક્ષકોને ખાસ જણાવવું જોઈએ કે તેઓ કૃતિના અધ્યાપનકાર્ય દરમિયાન કૃતિમાં ભારતીય સંસ્કૃતિની કઈ

લાક્ષણિકતાઓ, કેવી રીતે આવરાયેલી છે તે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરે.

૫.૪.૨ પાઠ્યપુસ્તક મંડળે ગુજરાતી પાઠ્યપુસ્તકોના નિર્માણ વખતે પ્રત્યેક કૃતિના સ્વાધ્યાયના પ્રશ્નોમાં કૃતિમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતા વણાયેલી છે ? કઈ રીતે વણાયેલી છે ? તેવો એક પ્રશ્ન મૂકવો જોઈએ.

૫.૪.૩ ભારતીય સંસ્કૃતિની જે લાક્ષણિકતાઓ ધોરણ ૧૧ તેમજ ધોરણ ૧૨ના પાઠ્યપુસ્તકોમાં આવરાયેલી નથી તે લાક્ષણિકતાઓને અનુરૂપ કૃતિઓ (પદ્ય, ગદ્ય) પાઠ્યપુસ્તકમાં મુકાય તેવી તકેદારી પાઠ્યપુસ્તક મંડળે પાઠ્યપુસ્તકના નિર્માણ વખતે રાખવી જોઈએ.

## ૫.૫ ભાવિ સંશોધનો અંગેની ભલામણો

પ્રસ્તુત અભ્યાસના અંતમાં પ્રયોજકે પ્રસ્તુત ક્ષેત્રમાં પ્રસ્તુત વિષયવસ્તુના સંદર્ભમાં થઈ શકે એવા સંશોધનો અંગે ભલામણો કરી છે.

૫.૫.૦ માધ્યમિક શાળાના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં સમાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ વિશે અભ્યાસ કરી શકાય.

૫.૫.૧ માધ્યમિક શાળા તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના અન્ય ભાષાઓના પાઠ્યપુસ્તકોનો ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં અભ્યાસ હાથ ધરી શકાય.

૫.૫.૨ માધ્યમિક શાળાના ધોરણ ૮, ૯ અને ૧૦ના કોઈ એક ભાષાના પાઠ્યપુસ્તકો વચ્ચે ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં તુલનાત્મક સંશોધન થઈ શકે.

૫.૫.૩ કોઈ એક સાહિત્યકારની કૃતિમાં વ્યક્ત થયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ વિશે અભ્યાસ કરી શકાય.

૫.૫.૪ કોઈ એક સાહિત્યકારની એકથી વધારે કૃતિઓ વચ્ચે અથવા બે સાહિત્યકારોની કૃતિઓ વચ્ચે ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

# સંદર્ભસૂચિ

# સંદર્ભ સૂચિ

अग्रवाल, एस. (२०००). **भारतीय शिक्षा युगे युगे**

ઉચાટ, ડી. એ. (૧૯૯૭). **સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારું આધારો.** રાજકોટ : પારસ પ્રકાશન.

......, (૧૯૯૮). **સંશોધનના પ્રારંભે.** રાજકોટ : અક્ષરભવન, પંચવટી સોસાયટી,

......, (૨૦૦૦). **સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ.** રાજકોટ : ૩, ટાગોરનગર, અમીનમાર્ગ.

......, (૨૦૦૬). **ગુણાત્મક સંશોધન.** રાજકોટ : ૩, ટાગોરનગર, અમીનમાર્ગ.

ઉચાટ ડી.એ. અને અન્યો. (સં.) (૧૯૯૮). **સંશોધનનું સંદોહન.** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

......, (૧૯૯૮). **સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?** રાજકોટ : નિજ્જિન સાયકો સેન્ટર.

......, (૨૦૦૬). **શૈક્ષણિક સંશોધનોના સારાંશ (૧૯૭૮-૨૦૦૬).** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

જાદવ, એસ. (૨૦૦૯). ભારતીયતા. રાજકોટ : ભરાડ ફાઉન્ડેશન.

જાની, બી. (૧૯૯૮). **ગુજરાતી નિબંધમાં રાષ્ટ્રભાવના અને સંસ્કૃતિની ઝલક,** (લેખ). 'શબ્દસૃષ્ટિ' સ્વાતંત્ર્ય સુવર્ણજયંતી વિશેષાંક, વર્ષ-૧૫.

જોષી, એચ. ઓ. (૧૯૮૫). **સંશોધન અહેવાલની લેખનભૂલો.** રાજકોટ : આશુતોષ પ્રકાશન.

......, (૨૦૦૬). **કેળવણીના સામાજિક પાયા.** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઠાકર, એમ. જે. અને મૈયાણી જે. પી. (૨૦૦૦). **શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓ.** અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

दवे, एस. (१९९६). **चिरन्तन भारतीय संस्कृति**

દેસાઈ, એચ. જી. અને દેસાઈ, કૃ. જી. (૧૯૭૯). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

નવજીવન પ્રકાશન, (૧૯૪૯). **સાર્થ ગુજરાતી જોડણીકોશ**

પટેલ, બી. (સં.) (૧૯૮૨). **જીવનનું કાવ્ય.** કાકાસાહેબ કાલેલકરના ઉત્તમ નિબંધો.

પટેલ, એલ.એન. (સં.) (૧૯૯૯). **સંશોધન : સારસંચય.** 'ઓસા' ડૉ. દાઉદભાઈ ઘાંચી શૈક્ષણિક સંશોધનકેન્દ્ર અને શિક્ષણ અનુસ્નાતક, બી. ડી. શાહ, કૉલેજ ઓફ એજ્યુકેશન, (સી.ટી.ઈ.) મોડાસા.

પરમાર, ટી. (૧૯૮૨). **ભારતીય સંસ્કૃતિની ઝલક.**

ભગવતસિંહજી (૧૯૪૮). **ભગવદ્ગોમંડલ ભાગ-૭**

ભાલ, જે. ડી. અને મોદી, ડી. (૧૯૯૫). **સંશોધન માધુકરી.** ભાવનગર : ભાવનગર યુનિવર્સિટી.

ભાવે, એસ. એસ. (૨૦૦૦). **ભારતીય સંસ્કૃતિ સાને ગુરુજી.** અનુવાદ

મહર્ષિ, અરવિંદ (૧૯૭૨). **ભારતીય સંસ્કૃતિના પાયા.**

मिश्र, (१९५२). **भारतीय संस्कृति.**

મોલિયા, એમ. એસ. (૨૦૦૫). **શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો.** રાજકોટ : અર્થ ગ્રાફિકસ.

મોદી, ડી. જે. અને અન્યો (૧૯૯૧). **સંશોધનની માધુકરી.** ભાવનગર : ભાવનગર યુનિવર્સિટી.

વેદ, એન. (૧૯૯૬). **ભારતીય સાહિત્યની વિભાવના.** લેખ 'સ્વાધ્યાય' અંક ૩-૪.

व्यास, के. 'नीलकंठ' (१९९९). **भारतीय संस्कृति और पर्यावरण संरक्षण**

શાસ્ત્રી, કે. કા. (૧૯૮૧). **બૃહદ્ ગુજરાતીકોશ ભાગ-૨.**

સાધુ, વિવેકપ્રિયદાસ (૨૦૦૩). **આપણો સાંસ્કૃતિક વારસો.** ભાગ-૧

સાને, ગુરુજી (૨૦૦૦). **ભારતીય સંસ્કૃતિ.**

સ્વામી સચ્ચિદાનંદ, **ભારતીય એટલે શું ?** (ઓડિયો કેસેટ).

## સંશોધન અહેવાલ

અગ્રાવત, કે. બી. (૨૦૦૦). **'હિતોપદેશની વાર્તાઓમાં આવરાયેલા મૂલ્યો'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

કનેરિયા, એન. એમ.(૨૦૦૦). **'ભર્તૃહરિકૃત નીતિશતકમાં વ્યક્ત થતાં મૂલ્યોનો અભ્યાસ'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ખાણિયા, કે. ડી.(૧૯૯૯). **'પંચતંત્રની વાર્તાઓમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો.'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ચાવડા, આર. કે.(૧૯૯૫). **'ગિજુભાઈ બધેકા રચિત બાળવાર્તાઓમાં નિષ્પન્ન થતાં ગુણ'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

ચૌધરી, કે. એ.(૨૦૦૬). **'ધોરણ સાતના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં મૂલ્યનિર્દેશ અને તેમની કૃતિઓના અધ્યાપન માટે મૂલ્ય સ્પષ્ટીકરણ કાર્યક્રમની અસરકારકતા'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

જાદવ, એસ. કે.(૨૦૦૪). **'ભારતીયતા : ગુજરાતી નવલકથાના સંદર્ભમાં'** પીએચ.ડી. મહાશોધ નિબંધ, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

જોષી, ડી. એચ.(૨૦૦૨). **'માધ્યમિક શાળાના ગુજરાતીના પાઠ્યપુસ્તકોમાં નિર્દેશ અને તેની કૃત્તિઓના અધ્યાપન માટે મૂલ્યપરખ મોડેલની અસરકારકતા'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

તડવી, આર. પી.(૨૦૦૪). **'માધ્યમિક શાળાના અભ્યાસક્રમના સંસ્કૃતના સુભાષિતોના મૂલ્યોની ઓળખ અને વર્ગીકરણ'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

તલાપાત્ર, એલ. એસ.(૧૯૯૫). **'કબીરની સાખીઓમાં પ્રતિબિંબિત થતા મૂલ્યોનો અભ્યાસ'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્રભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

પરમાર, ડી. એન.(૨૦૦૬). **'કાકાસાહેબ કાલેલકરના નિબંધો : ભારતીયતાના સંદર્ભે'**, એમ.ફિલ. (અપ્રકાશિત), ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

પરમાર, ડી. એન.(૨૦૦૭). **'ધોરણ દસના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ'**, એમ.એડ્. (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

પટેલ, બી. આર.(૧૯૮૬-૮૭). **'ધોરણ ૧૨ના ગુજરાતીના પાઠ્યપુસ્તકનો વિવેચનાત્મક અભ્યાસ'**, પી. કે. ફણસે વિદ્યાલય, આકરૂન્દ, તા.બાયડ, વી. ડી. શાહ કોલેજ ઓફ એજયુકેશન, એમ.એડ્. અપ્રકાશિત શોધનિબંધ.

Raval, H. H. (1985). **'A study of Educational Idals as Depicated in Buddhistic Philosophy'**, in M. b. Buch, Third Survey of Research in Education, New Delhi : NCERT.

રાવલ, એચ. આર.(૧૯૭૯). **'ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને ગુજરાત રાજયની માધ્યમિક શાળાઓના ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકોમા તેના થયેલા ઉપયોજન'**, એમ.એડ્. (અપ્રકાશિત) શોધનિબંધ, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

સોલંકી, ટી. એમ.(૧૯૯૫). **'દર્શકની નવલકથાઓમાં શિક્ષણદર્શન.'**, એમ.એડ્. શોધનિબંધ (અપ્રકાશિત), શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

# પરિશિષ્ટ

# પરિશિષ્ટ–૧
## કૃતિપૃથક્કરણપત્ર

૧. કૃતિક્રમ

૨. કૃતિ શીર્ષક

૩. રચયિતા

૪. સાહિત્ય સ્વરૂપ

૫. કૃતિનો કેન્દ્રવર્તી વિચાર

૬. કૃતિમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો

અ. સંદર્ભ

બ. સંદર્ભનું અર્થઘટન

ક. સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા

૭. કૃતિના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ રજૂ કરતા સંદર્ભો.

અ. સંદર્ભ

બ. સંદર્ભનું અર્થઘટન

ક. સંદર્ભમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા